ઈસીકંગે શીયાંડ.

૨૬૪

ઉપર

શીખાઉનો બગીચો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કીમત

પારસેજ સુધાં રૂ. [illegible]

[illegible] પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ. [illegible]

અમદાવાદ

[illegible]

❀ હદીકએ શીઆહ ❀

(શીઆહનો બગીચો.)

❀ દીબાચો ❀

બિસમિલ્લાહિર રહમાનિર રહીમ

અલહમ્દો લિલ્લાહિલ્લઝી હદાના લેહાઝા,
તમામ તારીફ ખુદા માટે છે તે એવો કે તેણે હીદાયત કરી અમોને આ (અહલેબૈતની મ-
વમાકુન્ના લેનહતદેય લવલા અન્હદાન-
હબ્બત)ની અને નહતા અમો કે હીદાયત પામતે અગર ન હતે એ કે હીદાયત કરે અમોને
લ્લાહ, લકદ જાઅત રોસોલો રબ્બેના
અલ્લાહ; ખરેખર આવ્યા રસુલો અમારા ખુદાના
બિલહક્કે.
હકની સાથે.

વસ્સલાતો વસ્સલામો અલા રસુલેહી
અને સલવાત અને સલામ હોજો ઉપર તેના રસુલની
વ હબીબેહી મોહમ્મદિન વ આલેહી વ ઇ-
અને તેના હબીબની કે તે મોહમ્મદ સ.અ છે અને તેઓની આલ ઉપર અને એ
તરતેહિત્તય્યેબીનત્તાહેરીનલમઅસુમીનલ
પાકપાકીઝા છે તેઓની ઉપર તે એવી ઇતરત કે મઅસુમ
મઝલૂમીન અજમઈન અબદલ આબેદીન
મઝલુમ છે તે તમામ ઉપર હમેશા પરંપરા
એલા યવમિદ્દીન ❀
ક્યામત.. દીવસ સુધી.

તમામ બીરાદરાને ઇમાનીની ખીદમતમાં ખાકસાર ઉમેદવારે રહમતે ગરફાર **"હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ"** અરજ કરે છે કે ખુદાના ફઝલો કરમથી અને અહલેબયતે અતહાર અલયહેમુસ્સલામના સદકાથી આ ચઉદ પંદર વરસમાં આ નાચીઝના હાથે સરવે નાની મોટી કીતાબો અને કુરઆને શરીફની મોટી તફસીર અને રાહેનજાત ૧૩ વરસની ૧૩ કીતાબ અને નુરેઇમાન ૧૧ વરસની ૧૧ કીતાબ મળી કુલ ૮૪ કીતાબો લખાઇને પ્રગટ થઇ, અને આપણા લોકો માટે જે જે કીતાબની જરૂરત જોઇ તે તે લખી. અને અલ્હમદો લીલ્લાહ તમામ કીતાબો ઉપયોગી અને ફાયદા કારક હીદાયત કરનાર થઇ પડી,

પણ આપણે શીઆહ મઝહબનો દાવો કરીએ છીએ, પણ શીઆહ મઝહબ કયારથી છે અને શીઆહ મઝહબ વીશે બીજાઓ કહે છે કે શીઆહ મઝહબ રસુલેખુદા સ૦ના ઝમાનામાં ન હતો. બલકે હ૦ અલીના વખતમાં એક યહુદીએ કાઢેલો છે વી૦

અને હકીકતમાં શીઆહ મઝહબ અસલથીજ છે, તો તેની ખાતરી અને સાબેતીની કોઇ કીતાબ બાહેર પડીનથી તેથી આકીતાબલખી **"હદીકએશીઆહ"** (શીઆહનો બાગ) નામ રાખ્યું. આમાં સાબીત કરી આપ્યુંછે કે શીઆહ મઝહબ અસલથીજ છે અને તમામ ઇસલામી હઝરતે રસુલેખુદા સ૦ના ઝમાનામાં શીઆહ કહેવાતા હતા, અને અહલેબએતના અને ખાસ કરીને હ૦અલી અ૦ના એવાએવાફઝાએલ લખ્યાછે, કે જે વાંચવાથી દીલ નૂરાની થઇ જાય, અને હ૦અલી અ૦ની ખીલાફત, બની ઉમય્યહ બની અબ્બાસીયોમાંના ખલીફાઓનો હાલ જાહેલીયતનો ઝમાનો, હઝરતે રસુલેખુદા સ૦ના બાપ દાદાઓનું ઇમાન, અને કુફરના વખતમાં ઇમાન સાંચવવું વીગેરે એવી બાબતો લખી છે કે આ કીતાબ પહેલેથી છેલ્લે સુધી વાંચે તો ઇસલામનુ મુળ, શીઆહ કોણ, અને શું, અને હઝરતનાં વખતમાં તથા તેઓ પછી ઇસલામમાં શું શું થયું તે ટુંક ટુંક સરવે બાબતોથી વાકેફ થઇ જાય, અને પોતાનો શીઆહ મઝહબ હક હોવાની દલીલો અને તેના હકીકતથી માહીતગાર થાય, છેવટે દુન્યાંના તમામ મઝહબોનો અકલી દલીલોથી બરાબર રદ કરીને એવી ખુબીથી શીઆહ ઇસના અશરી મઝહબ સાબીત કર્યો છે કે દરેક ઇનસાફી વાંચીને કબુલ કર્યા વીના રહેશે નહીં અને હઠ ધરમીની દવા હ૦ લુકમાન પાસે પણ ન હતી, જાણે દરયાને કુંજામાં ભરી આપ્યો હોય એવી ઘણી ઘણી બાબતોનો સમાવેશ કર્

વામાં આવ્યો છે આ બાબતથી ઘણા લોકો ના વાકેફ છે. અને જરા કોઇ પુછે કે શીઆહ મઝહબ આગળ કયાં હતો? તો સામુ મોઢું જોયા શીવાય બીજો કાંઇ જવાબ ઘણા જણ આપી શકતા નથી, પણ આ કીતાબથી હ૦ સારી રીતે માહીતગાર થશે, અને અહલેબએતની મોહબ્બતમાં એટલો તો વધારો થશે કે હ૦ નજાતને કાબીલ થશે.

આ કીતાબની કીંમત તો મ્હારે તેની બારો ભાર સાચાં મોતી રાખવા હતા, એટલી નહીં તો પચીસ હજાર રૂપીયા, તે પણ ન આપે તો દસ હજાર રૂપીયા, છેવટે હજારથી ઓછી કીંમત રાખવી ન હતી પણ એવા શોખીનો કયાં? હા શોખીનો છે પણ આવા કામમાં આપવાના નહીં, તો એની સાધારણ કીંમત રૂ૧ા રાખી ને ખરી કીંમત હ૦ તેના ખરા માલીકો પાસેથી લેવાનું મુલતવી રાખ્યું છે.

ખુદાના લાખો કરોડો શુકર કે દીન ઇસલામની કીતાબો લખવાની તાકત હીમ્મત અને ફુરસત અને તનદુરસતી આપે છે, એટલુંજ નહીં પણ કોઇકોઇ હસદખોરો અને ઝાલીમો કે જેઓ શીઆહઇસનાઅશરીનો દાવોકરેછે તેઓ એટલીનો ઇજા અને રંજ પહોંચાડે છે કે દીલ બળીને રાખ થઇ જાય છે પણ કહેવત છે કે "**દુશમન ગર કવીસ્ત નીગેહબાન કવીતર અસ્ત**" એટલે દુશમન અગર જબરો છે તો રક્ષણ કરનાર બહુજ જબરો અને શકતીમાન છે.

ખાસ દીન ઇસલામની ચડતી માટે મારાથી જે જે ઉપાયો થઇ શકયા તે ઘણે ભાગે હું કરી ચુકયો છું, છેલ્લે હીદાયતફંડ પણ કાઢયું, અલહમદો લીલ્લાહ હાલ ૪ મોલવી પગારદાર હીદાયત માટે રાખ્યાછે, જેનો માસીક ખરચ રૂ૭૫ નો છે, અને એ સરવે આધાર બીરાદરો મરજી મુજબ રકમ મોકલે તેના ઉપર છે, કાંઇ મોટી રકમ કે તેની ઉપજ કે ચાલુ દર મહીને આપવા કોઇપણ બધાએલ નથી, હજી પણ દીનને ફેલાવાના કેટલાક સાધન ધ્યાનમાં છે પણ હસદખોર અને ઝાલીમ હદથી વધારે નડે છે હ૦ કયામતમાં ખુદાએ કહહારના દરબારમાં જ્યારે ઇનસાફ માટે હાજર કરશે ત્યારે ખબર પડી આવશે.

આ નાચીજે અસલથીજ એવો રીવાજ રાખ્યો છે કે જે કાંઇ સખાણ કરવું તે પોતાના મઝહબની સાબેતી, એઅતેકાદ, અહકામ, અરકાન મસાએલ, અહલેબએતના ફઝાએલ, મોજીઆ વી૦ વી૦ લખવા, પણ તકરાર અને ઝગડાની બાબતો તેમજ કોઇનું ખરી રાતે દીલ દુખાય એવા

લખાણ કરવા નહીં, અને તેથીજ ખુદાની મહેરબાનીથી અને અહલેબએત અ૦ના તુફેલથી પોતાનો ખરો મતલબ પાર પાડી શકીએ છીએ, અને એ તો દરેક મઝહબ ફેલાવનારની ફરજ છે કે પોતાના મઝહબને ફેલાવાની કોશીશ કરે અને અકલી તથા નકલી પોતાની તથા આગલાની દલીલો રજુ કરે, તો એજ અમારા નીયમને અનુસરીને અમોએ આકીતાબ પણ લખીછે.

માહે રમઝાન સન ૧૩૨૩ માં લખવી શુરૂ કરી તે સન ૧૩૨૪ રબીઉલઆખરની આખરીમાં ખતમ થઇ.

છેવટે આજેજી સાથે અરજ કે અગર કોઇ જગ્યોએ ભુલ ચુક થઇ હોય તો સુધારીને સવાબ હાંસીલ કરશો. અને આ ખાકસારને દોઆએ ખૈરથી યાદ કરશો, અને ખાસ કરીને હયાતી બાદ મગફેરતની દોઆ કરી એક ફાતેહાના હદીયાથી શાદ ફરમાવશો.

હદીકએ શીઆંહ.

મુકદ્દમો શીઆંહ મઝહબ વીશે કેટલોક ખુલાસો.

બિસમિલ્લા હિર રહેમાનિર રહીમ.

શીઆંહ મઝહબ અસલથીજ છે, પણ કહેનારા કહે છે અને લખનારા લખે છે કે શીઆંહ મઝહબ હ૦ રસુલે ખુદા સ૦ના ઝમાનામાં નહતો, બલકે પાછળથી નીકળ્યો છે, કેટલાક કહે છે કે એક યહુદીએ કાઢયો છે, તો એ વીશે હક વાત અને ખરી હકીકત શું છે તે સાબીત કરવા આપણી શીઆહ મઝહબની તથા સુન્નત જમાઅતની કીતાબોથી લખવામાં આવે છે.

રીસાલએ તસવીરે ગાલેબમગલુબમાં લખે છે કે સુન્નત જમાઅતના એક આલીમ જનાબ "શાહ અબ્દુલ અઝીઝ§" સાહેબે "શીઆહ મઝહબ"ના રદમાં એક કીતાબ લખી તેનું નામ "તોહફએ ઇસ્નાઅશરી"* રાખ્યું, અને તેના રદમાં શીઆંહ મઝહબના આલીમોએ કેટલીએક મ્હોટી કીતાબો અને રીસાલા લખ્યા.

મજકુર શાહ સાહેબે એ તોહફાના પહેલા બાબમાં લખ્યું છે તેનો જરૂરત જેટલો ખુલાસો એ કે શીઆહ મઝહબનો બાની અબદુલ્લા ઇબ્ને સબા યહુદી યમની સનઆની છે, તે મુસલમાનો સાથે દુશમની રાખતો હતો તેથી ઇસલામની જડ ઉખેડવા માટે પોતાને ઇસલામી બનાવ્યો, અને

---

§ એ સાહેબનું ટુંક નામ "શાહ સાહેબ" લખવામાં આવે છે.

* એ કીતાબનું ટુંક નામ "તોહફા" લખવામાં આવે છે.

ફરેબ કરીને ઘણી જમાઅતને દીનથી ફેરવી નાંખી, તે એવી રીતે કે ત્રીજા ખલીફા સાહેબની બાદ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલેબ અ૦ ખલીફા થયા ત્યારે તે પોતાની મોટી જમાઅતનને લઇને હઝરત અલીના મોહીબ્બો અને મુખલીસોમાં ગણવા લાગ્યો, અને પોતાનું લકબ **"શીઅએ અલી"** (અલીના શીઆહ) રાખ્યું, અને પોતે જાતે યહુદી અને મક્કર તથા ફરેબમાં પ્રવીણ તેથી ઇસલામીયોને ફરેબ આપવો શુરૂ કર્યો, કે પહેલે તો નોબુવ્વતના ખાનદાન સાથે ખાલીસ મોહબ્બત રાખવાનો દાવો જાહેર કરી લોકોને એ વાતમાં ચુસ્ત કરવા શુરૂ કર્યા, અને એ લોકોને એવું બતાવ્યું કે હઝરત અલી અ૦ પયગમ્બરની બાદ તમામ કરતા અફઝલ અને હઝરતે પયગમ્બરથી સર્વેથી વધારે નજીક છે, અને તેઓ એ હઝરતના વસી દામાદ (જમાઇ) અને બીરાદર છે, અને એ જનાબની શાનમાં ફઝાએલની જે આયતો વારીદ થઈ છે અને જે હદીસો તેઓના મનાકીબમાં મરવી છે તેની સાથે કેટલીક પોતે બનાવેલી બાબતો મેળવીને ફેલાવી દીધી.

પછી જ્યારે તેણે જોયું કે તેના ચેલકાઓના દીલમાં ઠસી ગયું કે હઝરત અલી અ૦ તમામ અસહાબો કરતા અફઝલ છે અને બહુજ મજબુતી સાથે આ વાત તેઓમાં પૈવસ્ત થઇ ગઇ તો જે લોકો પોતાના ખાસ અને માનવંતા હતા તેઓને બીજો ભેદ તાલીમ કર્યો કે હઝરત અલી પયગમ્બરના વસી હતા, અને પયગમ્બરે તેઓને ચોખ્ખી નસ સાથે પોતાના ખલીફા નીમ્યા, અને તેઓની ખીલાફત કુરઆનની આયત (ઇન્નમા વલીય્યોકો મુલ્લાહો વરસુલોહુ)થી સાબીત છે, પણ બીજા અસહાબોએ મકર અને ગલબો કરીને તેઓનો હક બરબાદ કર્યો અને હઝરતે રસુલે ખુદા સ૦ ની વસીયત ઉપર અમલ કર્યો નહીં ઇત્યાદી.

હાસલકલામ શીઆહ અને સુન્ની વચે જે જે મતભેદ છે તેમાંની કેટલીક બાબતો શાહ સાહેબે લખીને જાહેર કર્યું છે કે એ તમામ બાબતો અબદુલ્લા ઇબ્ને સબાએ શીખવાડી, એટલે સુધી કે કેટલાંકની પાસે હઝરત અલી અ૦ ના એવા એવા ફઝાએલ બયાન કર્યા કે તે થકી તેઓને એવું ઠસાવ્યું કે હઝરત અલી ખુદા છે, તો એવા મક્કર અને ફરેબ રચી ઇસલામીયોમાં ફીતનાનું બી રોપીને તેઓમાં તફરકો નાંખ્યો તેથી ઇસલામીયોના ચાર ફીરકા થયા.

૧—લો ફીરકો "શીઅએઉલા" અને "શીઅએ મુખ્લેસીન" (ખા-

લીસ શીઆહ)નો છે* અને તેઓ સુન્નત જમાઅતમાંના આગલા લોક છે, તેઓ હઝરત અલીની પૈરવી કરે છે અને અસહાબો વી૦ના હકની માઅરેફત ધરાવે છે વી૦

૨—જો ફીરકો "શીઅએ તફઝીલીયાહ" છે, તેઓ જનાબે અલીયે મુરતઝાને તમામ અસહાબો ઉપર ફઝીલત આપે છે, અને આ ફીરકો પહેલા ફીરકામાંથી છે કે તેઓએ અબ્દુલ્લા મલઉનના વસવસાથી થોડી બાબત કબુલ કરીને આ મુજબ થોડું વધી ગયા વી૦

૩—જો ફીરકો "શીઅએ સબ્બીયહ" છે કે તેઓ અસહાબોને ઝાલીમ અને ગાસીબ કહે છે વી૦ વી૦ અને આ ટોળું તે મલઉન અબ્દુલ્લાના ફરેબમાં વચલે દરજ્જે આવેલું છે.

૪—થો ફીરકો "શીઅએ ગુલ્લાત" છે, અને આ લોક તે મલઉનના ફરેબમાં પુરેપુરા આવી ગયા કે તેઓને બતાવ્યું કે અલી મુરદાને જીવતાં કરે છે ગેબની ખબર આપે છે વી૦ વી૦ બાબતોથી સાબીત છે કે તેજ ખુદા છે, એમ ઠસાવી આપ્યું વી૦

આ દરેક ટોળા વીશે શાહ સાહેબે કેટલુંક વિવેચન કરેલ છે, પણ જરૂરત ન હોવથી અમો લખતા નથી, તેમાં કાંઇ બીજી બાબત નથી પહેલા ફીરકાના સારી રીતે વખાણ કર્યા છે, બીજા ફીરકાની થોડી મઝીમ્મત કરી છે, ત્રીજા ફીરકાની તેથી થોડી વધારે મઝીમ્મત લખીને વચલા દરજાના શીઆહ ઠેરાવ્યા છે, અને ચોથા ફીરકાને બહુજ ધીક્કારીને સખત મઝીમ્મત કરી છે.

મજકુર બાબતોનો જવાબ તસવીરે ગાલેબ મગલુબમાં લંબાણુથી આપ્યો છે, તેમાંથી જરૂરત જેટલી બાના અમો લખીએ છીએ, પહેલે જાણવું કે અબ્દુલ્લા ઇબ્ને સબાને શીઆહ પણ ધીક્કારેછે જેમકે મજકુર રીસાલામાં તેને મલઉન કરીને લખેલ છે, અને અબ્દુલ્લાહે આ પ્રમાણે ફીરકા કરી નાંખ્યા તે બાબત ગલત છે, અને તેની એવી તાકત નહતી કે ઇસલામીયોમાં એવો મ્હા મ્હોટો ફસાદ બરપા કરી શકે.

---

* શાહ સાહેબનું લખવું એમ છે કે અસલ તો તમામ "શીઆહ"જ હતાજ, પણ અબ્દુલ્લાહ સબાએ ફીતનો નાખીને આપસમાં તફરકો નંખાવ્યો તેથી ચાર ટોળાં થયાં, અને હાલ જેને સુન્નત જમાઅત કહે છે તે ખાલીસ શીઆહ છે પણ એ ટોળાએ પોતાનું નામ સુન્નત જમાઅત શામાટે રાખ્યું તે વિશે શાહસાહેબે લખેલું કારણ આગળ આવે છે.

૧—અબ્દુલ્લાહ ઇબ્ને સબા વિશે શાહ સાહેબ લખે છે કે તેણે લોકોને અહલેબૈત અ૦ ની મોહબ્બતનો શોખ અપાવ્યો, તો જો આ બાબત ખરીજ હોય તો તેમાં તેણે શું ખરાબ કર્યું ? અગર આવું કામ કર્યું હોય તો ઠપકાને પાત્ર નહીં પણ શાબાશીને લાયક ગણાય, અને જો એ વાત હકીકતમાં ખરી હોય તો એમ સાબીત થાય છે કે નબી સાહેબની વફાત પછી ચોવીસ પચીસ વરસમાં લોકોના દીલમાંથી અહલેબૈતની મોહબ્બત ચાલી ગઇ હશે તેથી તેઓને શોખ અપાવીને ખાનદાને રીસાલતની મોહબ્બતમાં તેણે મજબુત કર્યા હશે, અને અગર એમ કહે કે એ લોકોના દીલમાં અહલેબૈતની મોહબ્બત હતીજ તો વીચારો કે જ્યારે મોહબ્બત હતી ત્યારે તેણે મોહબ્બતનો શોખ અપાવ્યો અને મજબુત કર્યા એ વાત ખરી ઠેહરતી નથી, કેમકે જે ચીજ હોય તેને શું બતાવે ? બલકે લોકો એક યહુદીની વાત કેમ માનતે ? બલકે કહે તે તું જે બાબત કહે છે તે અમારા દીલમાં ભરેલી છે, એ ઉપરાંત કોઇ નવીન બાબત હોય તો બતાવ, અને અહલેબૈતની મોહબ્બત દીલમાં નાંખવાથી ગુમરાહી ફેલાવી કહેવું તે ઘણીજ મોહટી ભુલ છે. અહલેબૈતની મોહબ્બત તો ખુદાએજ સર્વે ઉપર વાજીબ કરી છે જેમકે ખુદાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે **"કુલ્લા અસ્અલોકુમ અલયહે અજરન"** (તે છેલ્લે સુધી) તો તેની રૂએ તમામ મુસલમાનો ઉપર અહલેબયતની મોહબ્બત વાજીબ થઇ ગઇ, (વધુ ખુલાસો એ આયતની તફસીરમાં જુઓ) આ એ મોહબ્બત છે કે તે વીનાં કોઈ મુસલમાનનો કોઇ પણ નેક અમલ ઈબાદત હોય કે ખૈરાત હોય કબુલ નહીં થાય, જેમકે મશહુર છે કે—**"બેહુબ્બે અહલેબૈત ઈબાદત હરામ હે.** અને આ બાબતમાં ઇસલામીઓ એકમત છે.

૨—પછી શાહ સાહેબ લખે છે કે જ્યારે એક જમાઅત અબ્દુલ્લાહના એ ફરેબમાં આવી ત્યારે તેણે તેઓને એ વાત ઠસાવી કે હઝરતે રસુલે ખુદા સ૦ ની બાદ જનાબે અલીયે મુરતુઝા તમામ કરતાં અફ્ઝલ અને રસુલે ખુદાથી સર્વે કરતાં વધારે નજીક છે.

તો આ અગર આમજ હોય તો અબ્દુલ્લાહે કઇ વાત ખોટી કહી? સુન્ની અને શીઆહ બન્ને ફીરકાને ત્યાં સુર્યની જેમ રોશન છે કે હઝરત અલી અ૦ રસુલે ખુદા સ૦ પછી સર્વે કરતાં અફઝલ છે, આમાં અબ્દુલ્લાહે શું ખરાબ વાત ઠસાવી ? અગર આ વાત પણ સાચી હોય તો એમ સાબીત થાય છે કે તે વખતના લોકો એટલું પણ જાણતા નહતા, અને જ્યારે આ બાબતની એ લોકોને તાલીમ આપી તો આમાં પણ

અબદુલ્લાનો કશો કસુર નથી બલકે જે જાહેર અને ખરી તથા હક વાત હતી તે કહી, અને તેમાં તેણે શું ખોટી બાબત કહી કે ઠપકાને પાત્ર ગણાયો, સુન્ની ઇસલામીયોનો મોટો ભાગ અને શીઆહનો તમામ ભાગ એકમત છે કે જનાબે અમીર અ૦ ને હઝરતે રસુલે ખુદા સ૦ સાથે જે ખાસ અને નજીકપણું હતું તે કોઇને માટે નહતું, મુબાહલાની આયત જુવો કે ખુદાએ તેઓને **નફ્સે રસુલ** (રસુલે ખુદાના નફ્સ) કહ્યા, અને તેનો કોણ ઇનકાર કરી શકે છે? અને ઈનસાનના વજુદમાં નફ્સ કરતાં વધારે શ્રેષ્ટ બીજી કોઇ ચીજ નથી, તો ખુદાએ જેને નફ્સે નબીનો ખીતાબ આપ્યો હોય તે કરતાં કોણ અફઝલ થઇ શકે છે ?

શેખ અત્તાર જેઓને સુન્નત જમાતવાળા અવલીયાએ કીબાર (મ્હોટા અવલીયા) અબરાર (નેક) અને અખયાર જાણે છે તેઓ ફરમાવે છે કે—

ખુદા નફ્સે પયગમબર ખાન્દા અસ્ત*
દીગરરા ફઝીલત કોજા માંદા અસ્ત*

એટલે (હ૦ અલીને) ખુદાએ નબીનો નફ્સ કહેલ છે, તો બીજા માટે ફઝીલત કયાં રહી છે?

૩—તે પછી શાહ સાહેબ લખે છે કે અને એમ પણ બતાવ્યું કે હઝરત અલી અ૦ રસુલે ખુદા સ૦ ના વસી દામાદ (જમાઇ) અને બીરાદર છે, તો આમાં કઇ વાત નવાઈની અને પોતા તરફથી ઘડીને કહી ? શું આ વાત શીખવાડવાની અને બતલાવવાની હતી ? દામાદ અને બીરાદર હતા એ વાત તો મદીનાના યહુદી અને નસારા પણ જાણતા હતા, તો જો અબદુલ્લાહ આ બાબતનો સબક આપતે તો લોકો કહેતે ઓમલઊન તુ અમોને આ શું તાલીમ આપે છો કે અલી નબીના ભાઇ અને દામાદ છે, આ વાત તો અમો બલકે જંગલવાશી અરબો પણ જાણે છે, સુન્નત જમાતની કીતાબ "મનાકેબે મુરતઝવી"માં લખે છે કે **સેહાહે સીત્તા અન મોવદ્દતમાં** છે કે રસુલે ખુદાએ ફરમાવ્યું કે આસમાન અને જમીન પૈદા કરવાની બેહજાર વરસ પહેલાં **બેહીશ્તના** દરવાજા ઉપર લખવામાં આવ્યું **"લાએલાહા ઇલલ્લાહ મોહંમ્મદુર રસુલુલ્લાહ અલીય્યુન અખુ રસુલુલ્લાહ"** એટલે કોઇ માઅબુદ નથી પણ અલ્લાહ, અને મોહમ્મદસ૦ તેનો રસુલ છે, અને અલી તેના રસુલનો ભાઇ છે.

૪—અને શાહ સાહેબ એમ પણ લખે છે કે જનાબે અલીયે મુરતુઝાની શાનમાં ફઝાએલની જે આયતો વારીદ થઇ છે અને જે હદીસો

તેઓના મનાકેબમાં ભરવી છે તેની સાથે કેટલીક પોતે બનાવેલી બાબતો મેળવીને ફેલાવી, તો જનાબ શાહ સાહેબે પહેલે એ વાતનો તો ઇકરાર કર્યો કે હ૦ અલી અ૦ ના ફઝાએલમાં ખુદાએ આયતો નાઝીલ કરી છે, અને હઝરતે રસુલે ખુદા સ૦ તેઓના મનાકેબમાં હદીસો ફરમાવી છે, તો સુન્ની અને શીઆહ બન્નેનો એ ઉપર તો એકમત થયો તેમાં કશો શક રહયો નહીં, હવે રહી એ વાત કે અબદુલ્લા સબાએ પોતા તરફથી ઘડીને વધારો કર્યો તો એ કઇ કઇ બાબત પોતા તરફથી ઘડી અને શો વધારો કર્યો તે કાંઇ પણ શાહ સાહેબે લખ્યું નથી, હા માઆવીયાહ અને અબ્બાસીયાહ હાકીમ હતા અને તેઓ પાસેનાણાનું જોર ઘણું હતું તેથી સેંકડો હદીસો અહલેબૈતના દુશમનોની શાનમાં ઘડાવીને મશહુર કરી છે, અને એની સાબીતી પણ મવજુદ છે, અને એ બનવાજોગ છે અક્કલ પણ કબુલ કરે છે કેમકે પીતળને સોનું બતાવા ગીલીટની જરૂર છે અને ગીલીટ લગાડે છે, પણ સોનાને ગીલીટ હોયજ નહીં કેમકે ખરૂં અને ચોખું સોનું હોયતેમાં કોઇ જાતની ખામી ન હોય છતાં કોઇ કહે કે તેના ઉપર ગીલીટ ચડાવી છે તેને કોઇ કબુલ કરેજ નહીં, હઝરત અલી અ૦ ના ફઝાએલ અને મનાકેબ એટલા છે કે કોઇને બયાન કરવાની કે લખવાની શકતી નથી તો પછી પોતા તરફથી કઇ ચીજનો વધારો કરી શકે !

અસલ તમામ અને પુરી થવા પછી વધારો હોય, હઝરત અલીઅ૦ વિશે શાએરે કહ્યું છે કે—

અલીકે રૂતબએ અઅ્લાકો કોઇ કયા જાને*
ખુદાકે બાઅદ રીસાલત મઆબ સમઝે હુંય*

હઝરત અલીના ફઝાએલમાં ઘણી કીતાબો લખાએલી છે, પણ છેવટે તમામ જણ થાકી ગયા અને આ શીવાય બીજુ કહી શકયા નહીં કે—

અવસાફે અલી બગુફતગુ મુમકીન નીસ્ત*
ગુંજાઇશે બહર દર સબુ મુમકીન નીસ્ત*

એટલે હઝરત અલીના અવસાફ કહેવાની તાકત નથી, અને દરીયાને માટલીમાં ભરવો બનવા જોગ નથી.

સુન્નત જમાતના આલીમ અખતબે ખ્વારઝેમીએ મોઅતબર સનદોથી લખ્યું છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે અગર તમામ દુન્યાના બાગના કલમ બનાવવામાં આવે, અને તમામ દરીયાની રોશનાઇ બનાવે, અને તમામ જીન્નાત હીસાબ કરનાર હોય, અને તમામ ઇનસાન લખવાવાળા

હોય તોપણુ અલ્લી ઇબ્ને અબીતાલેબના તમામ ફઝાએલ પુરા કરી શકે નહીં, બીચારા અબદુલ્લાહ ઇબ્ને સબાની શું મજાલ કે કુરઆને શરીફમાંથી હઝરત અલી અ૦ ના ફઝાએલની આયતો ચુંટીને પુરેપુરી બયાન કરે, મોટા મોટા હાફીઝો તફસીર કરનારાઓ અને હદીસો બયાન કરનારાઓએ હઝરત અલીના ફઝાએલ બયાન કરવાથી લાચારી જાહેર કરી છે અને કરે છે, ધારો છે કે જે મુકદમામાં સાચી વાત ન હોય ત્યારે તેની સાબીતી માટે ખોટી વાતો ઘડવી પડે છે, પણુ જ્યારે સાચા અને ખરા પુરાવા બે-શુમાર હોય ત્યારે ખોટાનો શી જરૂરત પડે ? અબદુલ્લાહ બીન સબા હ૦ અલીની ફઝીલતની તમામ આયતો અને હદીસો ભેગી કરીને બયાન કરી શકતે તો તે શીવાય બીજી બાબતોનો વધારો કરવાની જરૂરત પડતે, પણુ એ મરદુદને અસલી અને હકીકી બાબતો બયાન કરવાની પણુ શકતી નહતી તો પોતા તરફથી ચડાવો કરવાનો વખત કયાંથી આવે ?

સુન્નત જમાતના મ્હોટા મ્હોટા મશહુર આલીમો જેમકે દયલમીએ કીતાબુલ "ફીરદૌસ"માં, સઈયદ અલી હમદાનીએ "મોઅદ્દતુલકુરબા"માં અને હાજી અબ્દુલ વહહાબ બીન મોહમ્મદ બીન રફીઉદ્દીન અહમદે પોતાની તફસીરમાં લખ્યું છે કે હજુ હઝરતે આદમ અ૦ પૈદા થયાજ નહતા તેની પહેલે ખુદાએ તઆલાએ તમામ મલાએકાઓથી પોતાની રબુબીયત હઝરત મોહમ્મદ સ૦ ની નોબુવ્વત, અને હઝરત અલી અ૦ ની ઈમારત (વીલાયત હુકુમત,) નો વાયદો લીધો છે, તો જેની ઇમારતનો વાયદો હઝરતે આદમ અ૦ ની પહેલેથીજ લેવાગો હોય તેની તમામ સહીહ ફઝીલતો કોણુ બયાન કરી શકે ?

નુકતો—શીઆહ અને સુન્નીઓના જબરદસ્ત અને મશહુર આલીમોના ઇકરારથી જ્યારે એ વાત સાબીત છે કે ખુદાએ હઝરત અલી અ૦ ની ઇમારતનો ફીરીશ્તાઓથી વાયદો લીધો તો બેશક ફીરીશ્તાઓના **અમીર** થયા, અને ફીરીશ્તાઓ વિશે તમામ ઇસલામીયોનો એકમત છે કે તેઓ તમામ નાપાકીયોથી પાક અને માઅસુમ છે તો જરૂર છે કે તેઓનો **અમીર** પણુ તેઓના મુકાબલામાં તેઓ કરતાં વધારે પાક અને માઅસુમ હોય, સુબહાનલ્લાહ આ કેવી વાત છે સોનાના પાણીથી રૂપાની તખ્તી ઉપર લખી રાખવી જોઇએ, તો જેને અસલથીજ એ મરતબો અને માન મળેલ હોય કે ફીરીશ્તાઓનો અમીર હોય તે દુન્યામાં પણુ અમીરજ હોય, તે રસુલે ખુદા પછી બીજાનો તાબેદાર થઇ શકે નહીં, ભલા માઅસુમ અને

પાક પાકીઝા હોય તેનો બીજોકોઇ જે માઅસુમ ન હોય બલકે બુતપરસ્તી કર્યા પછી ઇમાન લાવેલ હોય તે અમીર થઇ શકે ખરો ? ના એમ બનવા જોગ નથીજ, દુન્યામાં પણ કહેવત છે કે જેણે ફુલ વેચ્યાં હોય તે ધુળ વેચી ન શકે, અને જેણે બાદશાહત કરી હોય તે ગુલામી કે તાબેદારી કરી ન શકે, આતો દુન્યાદારીની વાત છે, પણ જે હકીકી બાદશાહ હોય જેને ખુદાએ બાદશાહ મુકરરર કરેલ હોય તે રૈયતમાંના કોઇનો પણ તાબેદાર બની શકેજ નહીં.

હાસલ કલામ તસવીરે ગાલેબ મગલુબવાળા લખે છે કે મુનાઝેરાનો કાયદો છે કે જે બાબત સાબીત કે રદ કરવી હોય તે આગલાની કીતાબોના હવાલાથી લખવી જોઇએ, તો જનાબે શાહ સાહેબે અબદુલ્લા ઇબ્ને સબાની જે બાબતો લખી તે વીશે શીઆહની કોઇ પણ કીતાબનો હવાલો આપ્યો નથી.

હવે જાણવું કે અગર અબદુલ્લાહ સબાએ ઇસલામીયોમાં તફરકો નાંખીને ચાર ટોળાં કરાવ્યાં હોય તો શાહ સાહેબના લખવા પ્રમાણે સર્વેથી ખરાબ ધીક્કારવા જેવું ૪ થું ટોળું છે કે જેને ગુલ્લાત કહે છે, કે જેઓ હઝરત અલીને ખુદા કહે છે, તો એવો એઅતેકાદ રાખનારને શીઆહ પણ ધીક્કારે છે, અને તેઓને કાફર તથા નજીસ જાણે છે, તો સુન્ની અને શીઆહમાં ચોથા ટોળા વિશે તકરાર રહયો નહીં.

એક એ વાત પણ ધ્યાનમાં રહે કે હાલ જે લખવામાં અને બોલવામાં **શીઆહ**નો શબ્દ આવે છે તેથી શાહ સાહેબે લખેલ ત્રીજું ટોળું છે જેને તેઓએ વચલા દરજાના શીઆહ ઠરાવેલ છે મતલબ એ કે જયાં શીઆહ લખવામાં આવે ત્યાં એજ ટોળું સમજવું, અને બીજું ટોળું છે તે સુન્નીઓમાં ગણાય છે, હવે હાલ જાહેરમાં ઇસલામમાં બે ટોળાં સુન્ની અને શીઆહ (બાર ઇમામને માનનાર) ગણાય છે, બાકી એ બન્ને ટોળામાં કેટલાંક કેટલાંક ટોળાં છે તેથી કાંઇ બહસ નથી.

શાહ સાહેબે લખ્યું કે હઝરતે રસુલે ખુદા સ૦ ની વફાત પછી હઝરત અલી અ૦ ની ખીલાફતના વખતમાં અબદુલ્લા ઇબ્ને સબાના ફરેબથી ઇસલામીયોમાં ચાર ફીરકા થયા; જેમકે ઉપર તે ચારે ફીરકાનાં નામ લખ્યાં છે, અને તે દરેક ફીરકાને **શીઆહ** તો કહેલ છે, જેમકે ૧–શીઅએ મુખલેસીન. ૨–શીઅએ તફઝીલીયાહ. ૩–શીઅએ સબ્બીયહ, ૪–શીઅએ ગુલ્લાત. અને સુન્નત જમાતને "શીઅએ મુખલેસીન" ગણ્યા છે, હવે એ જાણવું

જોઇએ કે એ નામ મવકુફ કરીને સુન્નત જમાત નામ શામાટે રાખ્યું, તે વીશે સુન્નત જમાતના આલીમ એજ જનાબ શાહ સાહેબ લખે છે તેની અસલ ઈબારત આ છે "**બાયદ દાનીસ્તકે શીઅએ ઊલા ફીરકએ સુન્નીયહ વ તફઝીલીયહ અંદ, દર ઝમાને સાબેક બ–શીઆહ મોલક્કબ બુદંદ, વચું ગુલ્લાત વરવાફેઝ વઝયદીયા વઇસમાઇલીયહ બઇં લકબ ખુદરા મુલક્કબ કરદંદ, વમસદરે કબાએહ વશોરૂર એઅતેકાદી વઅમલી ગરદીદંદ ખવફન અંન ઇલ્તેબાસીલહક બિલબાતેલ, ફીરકએ સુન્નીયહ વ તફઝીલીયહ ઇં લકબરા બખુદ નપસંદીદંદ વ ખુદરા બા–અહલેસુન્નત વ જમાઅંત મુલક્કબ કરદંદ.** આનો મતલબ–જાણવું જોઇએ કે સુન્ની અને તફઝીલીયાહ ફીરકા પહેલા શીઆહ છે, પહેલા ઝમાનામાં તેઓનું લકબ **શીઆહ** હતું, અને જ્યારે ગુલ્લાત અને રાફઝી અને ઝયદીયો અને ઇસમાઇલીઓએ પોતાનું એ (શીઆહ) લકબ રાખ્યું, અને ખરાબ અને બદ કૃત્યનો એઅતેકાદ કર્યો અને કરવા લાગ્યા, તો હક બાતીલ સાથે મળી જાય એ બીકથી સુન્ની (જેઓને પહેલા નંબરના શીઆહ ગણ્યા છે) અને તફઝીલીયાહ (જેઓને બીજા નંબરના શીઆહ ઠેરાવ્યા છે) એ "શીઆહ" લકબ પોતા માટે પસંદ કર્યું નહીં, અને સુન્નત અને જમાઅત પોતાનું લકબ મુકરરર કર્યું.

શાહસાહેબની મજકુર ઈબારતથી કેટલીક બાબતો નીકળે છે.

૧—સરવેથી પહેલે એકજ મઝહબ હતો, અને સરવેને શીઆહ કહેતા હતા.

૨—સુન્નત જમાઅત નામ પછી રાખ્યું.

૩—શીઆહની ફઝીલતની તમામ હદીસો ખરી છે, કેમકે અસલ **શીઆહજ હતા કાંઇ સુન્ની નહતા.**

કોઇની બીકથી પોતાનું નામ બદલી નાખવું તે મુનાસીબ નથી, અગર ઝયદીયાકે બીજા કોઇ પોતાના સુન્નત જમાત નામ રાખતે તો વળી તે પણ બદલી નાંખવું પડતે, હાંસલકલામ શાહ સહેબ સુન્નત જમાત નામ રાખવાનું એ કારણ લખે છે, અને તેથી સાબીત થયું કે ઇસમાઈલી ટોળું નીકળ્યા પછી સુન્નત જમાત નામ રાખ્યું અને તેની પહેલે **શીઆહ** નામ હતું અને ઇસમાઇલી ફીરકો ઇમામે જાઅફરે સાદેક અ૦ ની બાદ નીકળ્યો છે, તો હઝરત અલી અ૦ ની શહાદત પછી આશરે એકસોને આઠ વરસ પછી સુન્નત જમાઅત નામ રાખવામાં આવ્યું.

અને શીઆહ લોકોનું માનવું એ છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ની વફાત થતાંજ ઇસલામીયોમાં ગડબડ થઇ ગઈ કે કેટલાકોએ ભેગા થઇને મશવેરો કરી પોતાની મરજી મુજબ હઝરત અબુબકરને ખલીફા મુકરરર કર્યો, અને એ મશવેરામાં હઝરત અલી અ૦ વી૦ નહતા તો તેજ વખતથી ઇસલામીયોમાં બે ફીરકા થયા, એક ફીરકો હઝરતે અલી અ૦ ને રસુલે ખુદા સ૦ ની બાદ તરતજ વસી ખલીફા અને ઇમામ કહેનારો જેઓ **શીઆહ ઇમામીયહ** અને **ઈસનાઅશરી**ના નામે મશહુર છે, અને તેઓને સુન્નત જમાઅતવાળા રાફઝી પણ કહે છે.

ફસલ ૧ લી.

"શીઆહ"ના અર્થ વિગેરે.

શીઆહનો અર્થ લોગત (કોષ) તથા કુરઆનમાં પૈરવી કરનારના છે, તેમજ ટોળાના પણ લખે છે, અને કેટલીક સુન્ની આલીમે લખેલી લોગાતમાં લખે છે કે હાલ જે લોકો **અલી** અને **ફાતેમાહ** અ૦ની ઔલાદ સાથે મોહબ્બત રાખે છે તેને શીઆહ કહેછે, તો આપણે **શીઆહ** છીએ તેથી મતલબ અહલેબૈતે અતહાર અ૦ની પૈરવી કરનારનો છે, અને અહલેબૈતની પૈરવી કરનાર અને તેઓના ટોળામાં રહેનારનેજ માટે **નજાત** છે, તે **શીઆહ** અને સુન્નીઓની કિતાબોથી સાબીત છે, બલકે અહલેબૈતની મોહબ્બત વીના કોઇ અમલ મકબુલ નથી એ પણ જાહેર અને રવશન છે.

કુરઆને શરીફમાં સુરએ **"કસસ"**માં ખુદાએ હઝરતે મુસા અ૦ નો અહવાલ બયાન કર્યો છે તેમાં ફરમાવ્યું કે હઝરતે મુસા અ૦ એક જગ્યોએ ગયા, તો જોયું કે બે જણ આપસમાં લડતા હતા તેમાં એક તેઓના શીઆહમાંથી હતો તેણે હઝરતે મુસા અ૦ પાસે ફરીયાદ કરી વી૦ તો આ આયતથી સાબીત થયું કે શીઆહ શબ્દ ઘણો સારો અને પૈરવી કરનાર તેઓના ટોળામાંથી અને મોહબ્બત રાખનાર માટે છે, આ આયતની તફસીરમાં લખે છે કે હઝરતે ઈમામે જાઅફરે સાદીક અ૦ અબુબસીરને ફરમાવ્યું કે તમોને **નામ** મુબારક થાય ! તેઓએ પુછ્યું એ કીયું નામ છે?!!! જવાબ આપ્યો એ મુબારક નામ **શીઆહ** છે, શું તેં સાંભળ્યું નથી ? કે

ખુદાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે "ફ્રસ્તગાસ્રૂહુ લ્લઝી મિન શીઅતેહી" (તે છેલ્લે સુધી) એટલે (હ૦ મુસા અ૦ પાસે) ફરયાદ કરી તેઓના શીઆહએ (ઇત્યાદી;) અને એજ પ્રમાણે ઈમામે મોહમ્મદ બાકેર અ૦ પોતાના દોસ્તોને ફરમાવ્યું કે તમોને મુબારક થાય ! તો તેઓએ પુછયું શું?!!! ફરમાવ્યું **શીઆંહ**, કોઇએ અરજ કરી કે **શીઆંહ** નામ હોવાથી લોકો અમોને ટપકો આપે છે, આપે ફરમાવ્યું શું તેં ખુદાએ તઆલાનો કોલ સાંભળ્યો નથી? એમ કહી હઝરત ઇબ્રાહીમ અ૦ **શીઆહ** હતા એ આયત સંભળાવી વી૦ ઇન્શાઅલ્લાહ તે આગળ આવશે, તો સાબીત થયું કે જે લોકો કહે છે કે હઝરતે રસુલે ખુદાના વખતમાં **શીઆહ** નામ હતું તે ખોટું છે, અને આતો હજુ એકાદ બે બાબત છે. પણ વધારે બાબતો હવે આવે છે તે વાંચવાથી વધારે યકીન થશે.

✱ ફસલ બીજી. ✱

હ૦ અલી અ૦ ની મોહબ્બત રાખવાનો અને તેઓની વિલાદત કબુલ કરવાનો હ૦ આદમ અ૦ પૈદા થવાની પહેલેજ અરવાહોથી ઇકરાર લેવો.

હયાતુલ કોલુબ વી૦ માં છે કે—હઝરતે ઇમામે જાઅફરે સાદેકઅ૦થી મનકુલ છે કે હઝરતે રસુલે ખુદા સ૦ને લોકોએ પુછયું કે આપ તમામ પયગમ્બરો કરતાં શાકારણથી અફઝલ અને બરતર છો ? એ છતાં કે આપ તો તમામની પાછળ થયા છો, આપે ફરમાવ્યું એટલા માટે કે જેઓએ પોતાના પરવરદીગારનો ઇકરાર કર્યો તેઓમાંનો હું પહેલો છું, તેમજ જ્યારે પરવરદીગારે પયગમ્બરોથી અહદ અને મીસાક લીધો અને તેઓને પોતે પરવરદીગાર હોવાના ગવાહ કર્યા અને કહ્યું "**અલસ્તો બેરબ્બેકુમ?**" એટલે શું હું તમારો પરવરદીગાર નથી ? તે વખતે સર્વેથી પહેલે જવાબ આપ્યો તે હું છું, કે ખુદાના એ સવાલના જવાબમાં સર્વેએ "**હા**" કહી

એ સર્વેમાં પહેલે મેં "હા કહી, તો એ કારણથી મને સર્વે ઉપર ફઝીલત છે.

બીજી હદીસમાં એ હઝરતથી મનકુલ છે કે જ્યારે હકતઆલાએ અ-રવાહોને પૈદા કદી ત્યારે સર્વેને પોતાની રૂબરૂ રાખીને ખીતાબ કર્યો કે ત-મારો પરવરદીગાર કોણ છે ? તો સર્વેથી પહેલે જવાબ આપ્યો તે હઝરતે રસુલે ખુદા સ૦ જનાબે અમીરૂલ મોઅમેનીન અને તેઓના અગીયાર ફર-ઝંદ (જેઓ ઇમામ છે) હતા, એ સર્વે બુઝુરગોએ કહ્યું તું અમારો **પરવ-રદીગાર** છો, પછી ખુદાએ તેઓ ઉપર ઇલમ અને દીનને ખુલ્લું કર્યું, પછી ફીરીશ્તાઓને ફરમાવ્યું કે આ અમારા ઇલ્મ અને દીનના ખઝાનેદાર અને તમામ મખલુક ઉપર અમારા અમીન છે, માટે તમો મારા ઇલ્મ તે-ઓને પુછીને વાકેફ થાઓ. તે પછી આદમ અ૦ ની ઔલાદને ખીતાબ કર્યો અને કહ્યું ખુદાની પરવરદીગારીનો અને આ સાહેબોની મોહબ્બત વીલાયત અને ફરમાંબરદારી (એટલે તેઓના શીઆ થવાનો) ઇકરાર કર્યો? સર્વેએ અરજ કરી અએ પરવરદીગાર અમોએ ઇકરાર કર્યો, તે વખતે ફી-રીશ્તાઓએ કહ્યું અમો આ વાતના ગવાહ છીએ કેમકે આઇંદા એમ ન કહે કે અમો ગાફીલ હતા, પછી હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફર-માવ્યું કે ખુદાની કસમ પયગમબરોને અમારી વીલાયતની તાકીદ કરી અને **અલસ્તને** દીવસે તેઓથી મીસાક લીધો.

ઇમામે રઝા અ૦થી મનકુલ છે કે ખુદાવંદે કરીમે અમો અહલેબૈતની **વીલાયત ઇમામત** અને **મોહબ્બત** સાતે આસમાનવાળાઓને કબુલ ક-રવાનું કહ્યું, તો સર્વેથી પહેલે સાતમા આસમાન વાળાઓએ કબુલ કરી, તેથી ખુદાએ તેને **અર્શ** થકી ઝીનત આપી, પછી પહેલા આસમાનવાળાઓ-એ કબુલ કરી તેથી તેને સીતારા થકી ઝીનત આપી; પછી ઝમીનવાળાઓને કબુલ કરવા હુકમ કર્યો, તો પહેલે **મક્કએ મોઅઝ્ઝમાએ** કબુલ કરી, તેથી તેને **કાબ્બા** થકી ઝીનત આપી, તે પછી મદીનએ મુનવ્વરાએ કબુલ કરી, તેથી તેને હઝરતે મોહમ્મદ મુસ્તફા સ૦ થકી ઝીનત આપી, પછી પહા-ડોને કબુલ કરવાનો હુકમ કર્યો, તો પહેલે ત્રણ પહાડોએ કબુલ કરી; ૧–અકીકનો પહાડ, ૨—ફીરોઝાનો પહાડ, ૩—યાકુતનો પહાડ, અને તેથીજ એ પહાડોમાં એ જવાહેર બનાવ્યા, તે પછી જે પહાડોએ કબુલ કરી તેમાં સોનું રૂપુ વી૦ ધાતુ બનાવી, અને જેણે કબુલ કરી નહીં તેમાં કાંઇ ભારે ચીજ બનાવી નહીં, પછી પાણીને કબુલ કરવાનો હુકમ થયો તો જે પાણી

એ કબુલ કરી તે મીઠું થયું અને જેણે કબુલ કરી નહીં તે ખારૂં અને કડવું થયું, પછી પંખીઓને કબુલ કરવાનો હુકમ થયો તો જેણે કબુલ કર્યું તે વાચાવાળું અને ખુશ આવાજવાળું થયું, અને જેણે કબુલ કરી નહીં તે મુંગું અને ખરાબ આવાજવાળું થયું વી૰ વી૰

એ બાબત શીઆહની કીતાબની હતી, પણ સુન્નત જમાતની કીતાબોમાં પણ એ બાબત છે જેમકે દયલમીએ કીતાબે ફીરદૌસમાં, સય્યદઅલી હમદાનીએ મોઆદ્દતુલ કુર્બા અને રવઝતુલ ફીરદૌસમાં, અને હાજી અબ્દુલ્વહાબ બીન મોહમ્મદ બીન રફીઊદ્દીન અહમદે પોતાની તફસીરમાં લખ્યું છે કે ખુદાએ કરીમે તમામ મલાએકાઓથી પોતાની **રબુબીય્યતનો** અને મોહમ્મદ સ૰ ની **નોબુવ્વતનો,** અને હઝરત અલી અ૰ ની **ઇમારતનો** એ વખતે વાયદો લીધો કે જે વખતે હજુ હઝરતે આદમ અ૰ પૈદા થયા નહતા,

એ સીવાય મીસાકને દીવસે અરવાહોથી હ૰ અલી અ૰ ની ઇમારતનો મીસાક લીધો તે બાબત પણ તેઓની કીતાબોમાં મવજુદ છે. તો આ ઉપરથી સાબીત થયું કે હઝરત અલી અ૰ ની મોહબ્બત રાખવાનો અને તેઓની પૈરવી કરવાનો એટલે તેઓના શીઆહ થવાનો સર્વે પાસેથી પહેલેથીજ ખુદાએ ઇકરાર લીધો છે.

કુરઆને શરીફમાં સુરએ "ઝુખરોફ"ની ૪૫ મી આયતમાં ખુદાએ પોતાના હબીબ હ૰ રસુલે ખુદા સ૰ ને ફરમાવ્યું છે કે **"વસ્અલમન્અર્સલ્ના મિન્કબ્લેક મિન્રોસોલેના"** એટલે અએ મ્હારા હબીબ ત્હારી પહેલાં જે પયગમ્બરોને મોકલ્યા છે તેઓને પુછ, તો એ આયતની તફસીરમાં શીઆહઓની તફસીરોમાં લખે છે કે કોઇએ ઇમામે મોહમ્મદે બાકેર અ૰ ને પુછયું કે હ૰ રસુલ ખુદા સ૰ અને હઝરતે ઇસા અ૰ની વચે પાંચકે છસો વરસનો આંતરો હતો છતાં આ પ્રમાણે હુકમ થયો કે આપની પહેલાના પયગમ્બરોને પુછ તે શું ? અને કેવી રીતે ?

આ સાંભળીને હઝરતે ઇમામે મોહમ્મદ બાકેર અ૰ સુરએ બની ઇસરાઇલની પહેલી આયત પડયા જેમાં હઝરતે રસુલેખુદાને મેઅરાજ બોલાવ્યા તેનો ઝીકર છે, પછી આપે ફરમાવ્યું ખુદાએ હ૰ રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૰ ને મેઅરાજની રાતરે બયતુલ્મુકદ્દસમાં બોલાવ્યા, અને ત્યાં પેહલા અને પાછલા સર્વે પયગમ્બરોને ભેગા કર્યા, પછી જીબ્રઇલને હુકમ

આપ્યો કે અઝાન કહે અને હઝરતે રસુલે ખુદાને હુકમ થવાથી તમામની આગળ ઉભા રહી એ સરવે નબીયોને નમાઝ પડાવી. પછી ખુદાએ ફરમાવ્યું કે આ સર્વે બનીયોને પુછ ઇત્યાદી. શું પુછ્યું તે નીચે મુજબ.

સોઅલબીકે તે સુન્નત જમાતમાંના સુન્નત જમાતની તફસીરના કર્તા છે તેઓએ લખ્યું છે કે અબ્દુલ્લા ઇબ્ને અબ્બાસ અને અબદુલ્લા બીન મસઉદથી રીવાયત છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે મેઅરાજની રાતરે મને આસમાન ઉપર લઇ ગયા અને તમામ નબીયોને ભેગા કર્યા અને હું તેઓની પાસે બેઠો હતો તે વખતે એક ફીરીસ્તો આવ્યો અને તેણે કહ્યું અએ મોહમ્મદ ખુદા ફરમાવે છે કે આ નબીયોને પુછો કે તેઓને શામાટે મોકલ્યા હતા? હઝરત ફરમાવે છે મેં તેઓને પુછ્યું કે તમોને શામાટે ખુદાએ મોકલ્યા હતા ? તે વખતે સરવેએ કહ્યું કે તમારી અને અલીની દોસ્તી માટે.

સુન્નત જમાતની કીતાબ "હુલ્યતુલઅવલીયા"માં તેઓના ઇમામ હાફીઝ અબુનઇમે અબુહોરેરાથી, અને અબ્દુલબીરરે "ઇસ્તીઆબ"માં પોતાની સનદોથી રીવાયત કરી છે કે મેઅરાજની રાતરે ખુદાએ તમામ એક લાખ અને ચોવીસ હજાર નબીયોને આસમાનમાં ભેગા કર્યા, પછી હ૦ રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ ને વહય કરી કે અએ મોહમ્મદ આ સર્વે નબીયોને પુછ કે તમોને શામાટે પયગમ્બર કરીને મોકલ્યા ?

એ સર્વેએ જવાબ આપ્યો કે ખુદાની વહદાનીયતની શહાદત માટે અને તમારી નબુવ્વત અને અલી ઇબ્ને અલીતાલેબની ઇમામતના ઈકરાર માટે,

અને ખ્વારઝેમીએ ઇબ્ને મસઉદથી રીવાયત કરી છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે મારી પાસે ફીરીસ્તે આવીને કહ્યું કે ખુદા ફરમાવેછે આ નબીયો કે જેઓને તારી પહેલે મોકલવામાં આવ્યા હતાતેઓને પુછ કે તમોને શામાટે મોકલવામાં આવ્યા હતા ? તો તેઓને પુછવાથી દરેકે કહ્યું કે યા મોહમ્મદ તમારી વીલાયત અને અલીની વીલાયત માટે.

તો શીઆહ અને સુન્નીની કીતાબોથી સાબીત થયું કે હ૦ અલીની મોહબ્બતનો હુકમ તમામ પયગમબરોને થયો છે.

ફસલ ૩ જી.

શીઆહની ફઝીલત.

જાણવું જોઇએ કે હઝરત અલી અ૦ ના શીઆહની ફઝીલતની આયતો તેમજ હદીસો ઘણીજ વારીદ થઇ છે, અને શીઆહના એટલા તો ફઝાએલ છે કે જેની હદ નથી, એથી વધારે શું જોઇએ ? કે હઝરતે **ઇબ્રાહીમ ખલીલુલ્લાહ** જેવા પયગમ્બરે ખુદાવંદે કરીમના દરબારમાં દોઆ કરી કે ખુદાવંદા મને હ૦ અલી અ૦ ના શીઆહમાં ગણ. અને ખુદાએ તેઓ માટે ફરમાવ્યું છે કે ઇબરાહીમ તે (અલી)ના શીઆહમાંથી છે, જેમકે કુરઆને શરીફમાં સુરએ "સૌફફાત"માં ફરમાવે છે કે **"વઇન્ન મિન શીઅતેહી લ ઇબ્રાહીમ"** એટલે તહકીકકે તે (અલી)ના શીઆહમાંથી અલબત્તા ઇબરાહીમ છે.

તફસીરે મનહજુસ્સાદેકીનમાં હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે હઝરતે ઇબરાહીમ એક વખતે અંધારી રાતરે ગયા અને પરવરદીગારની દરગાહમાં અરજ કરી **"યારબ્બે બનયતો લકબયતન વસબઇન મસજેદન"** એટલે અએ પરવરદીગારા મેં તારા માટે મક્કામાં ઘર બનાવ્યું અને સીત્તેર **મસજીદો** બનાવી !! તે વખતે જવાબ મળ્યો કે **લકલ્અજરો ઇન્દી.** એટલે આ સવાબના કામનો નેક બદલો અમારે સીર છે, આ જવાબ સાંભળીને હઝરતે ઇબરાહીમે જમણી અને ડાબી બાજુએ નજર કરી તો કોઇ જોવામાં આવ્યું નહીં, વળી એજ મુજબ દરગાહે ઇલાહીમાં મુનાજાત કરી, તે વખતે પણ એજ મુજબ જવાબ આવ્યો.

આ વખતે હઝરતે ઇબરાહીમે અરજ કરી કે ખુદાવંદા તેં આ કામનો જે અજર મુકરરર કર્યો છે તેથી કાંઇ વધારે આપીશ નહીં ? આ વખતે અવાજ આવ્યો કે અએ ઇબરાહીમ શું તમોએ **અલીના** કોઈ શીઆહ ભુખ્યાને ખાણું ખવરાવ્યું છે ? શું અલીના કોઇ શીઆહ નવસ્ત્રાને વસ્ત્ર પહેરાવ્યાં છે ? કે તેના સબબથી અજરમાં વધારો કરવાનું ચાહો છો?

આ સાંભળીને હઝરતે ઇબરાહીમઅ૦ અરજ કરી અલીકે જેનો આવો મરતબો છે તેઓ પૈદા થયા છે? કે હવે થશે? જવાબ મળ્યો કે હજુ તેઓને દુન્યામાં મોકલ્યા નથી હવે પછી થોડી મુદ્દતમાં પૈદા થનાર છે, પણ

આ વખતે અલીને જોવા ચાહો છો? અરજ કરી કે અએ પરવરદીગાર અલબત્તા ચાહું છું કે તારા આ ખાસ બંદાને જોઉં, તે વખતે તરત હઝરતે ઈમરાહીમ અ૦ ની સામેથી પરદા ઉપડી ગયા અને અરશના પરદા દેખાવા લાગ્યા, (જેમકે એ વિશે ખુદાએ કુરઆનમાં ખબર આપી છે) પછી અર્શની નીચે નુરતું એક કંદીલ જોયું તેથી પુછયું આ નુરાની કંદીલ કેવું છે ? જવાબ મળ્યો, "હઝાફીહે રૂહો હબીબી મોહંમ્મદ" એટલે આ કંદીલમાં મારા હબીબે ખાસ મોહમ્મદ મુસ્તફા સ૦ ની પાક અને તય્યબ રૂહ છે, પછી અરજ કરી એ કંદીલની બાજુમાં બીજી કંદીલ કેવી છે ? જવાબ મળ્યો કે એજ મારા હબીબના વસી અને જાનશીન અલી ઇબ્ને અબીતાલેબ અ૦ ની તેમાં રૂહ છે કે જેને જોવાને તમો આતુર હતા, પછી પુછયું કે તેની પાસે બીજી કંદીલમાં શું છે? જવાબ મળ્યો કે તેમાં એજ મારા હબીબની દીકરી અને તેજ મારા વસીની બીબી જનાબે ફાતેમાહ અ૦ ની રૂહ છે, પછી પુછયું આ બન્ને કંદીલો જે એક જગ્યોએ છે તેમાં શું છે? આવાજ આવ્યો કે એ બન્નેમાં એજ મારા હબીબના નવાસા અને તેજ અલી અને ફાતેમાહના ફરઝંદ હુસન અને હુસયન ની રૂહ છે, વળી પુછયું કે તેની બાજુમાં એક પછી એક એવી નવ કંદીલ કેવી છે ? ગૈબના પરદામાંથી અવાજ આવ્યો કે તેજ હુસયનની આલાદમાંથી નવ બુઝુરગવારોની અરવાહો છે, તે પછી પુછયું એ કંદીલોની પાછળ એટલી કંદીલો છે કે જેની હદ નથી તેની ગણત્રી તારા શીવાય કોઇ જાણી શકતું નથી તે શું છે ? તે વખતે ખુદાએ તઆલા તરફથી જવાબ મળ્યો કે "ફીહા અરવાહો એબાદેય સ્સાલેહીન મિન શીઅતે અલીય્યીન" અમારા નેક અમલ બંદાઓ જેઓ અલીઇબ્ને અબીતાલેબ અ૦ ના ખાસ શીઆહ છે તેઓની અરવાહો એ કંદીલોમાં છે.

આ સાંભળીને હઝરતે ઇબરાહીમ અ૦ અરજ કરી કે "યારબ્બીજ અલની મિન્શીઅતે અલીય્યીન" એટલે અએ મારા પરવરદીગાર મને અલી અ૦ના શીઆહમાં ગણ, તો એવી બાબત તરફ હકતઆલાએ કુરઆને શરીફમાં ઇશારો કર્યો છે જેમકે ઉપર એ વિશેની આયત આવી ગઇ કે તહકીક હ૦ ઇબ્રાહીમ અલી અ૦ ના શીઆહમાંથી છે.

સુન્ની અને શીઆહ બન્નેની કીતાબોમાં ઘણી હદીસોમાં વારીદ થયું છે કે અગર તમામ ઇનસાન હ૦ અલી અ૦ ની મોહબ્બત કબુલ કરતે તો ખુદાવંદે રહીમ જહન્નમને પૈદાજ ન કરતે.

ઇબ્ને બાબ વયહે હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ થી અને તે જનાબે પોતાના બાપદાદાઓથી રીવાયત કરી છે કે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે મારી અને મારા અહલેબૈતની મોહબ્બત સાત જગ્યોએ કામ આવશે, અને તે એવી સાત જગ્યો છે કે તેની ઘણી સખત બ્હીક અને ધાસ્તી છે, ૧—મરતી વખતે. ૨—કબરમાં. ૩—કબરમાંથી બાહેર નીકળતી વખતે. ૪—ડાબા અને જમણા હાથમાં અઅમાલનામાં આપવામાં આવશે તે વખતે. ૫—હીસાબ લેશે તે વખતે. ૬—અમલ તોળવામાં આવશે તે વખતે. ૭—પુલ સેરાતથી પાર થતી વખતે,

સુન્નત જમાતની દુર રૂલ મનસુર વી૦ માં છે કે જાબીર બીન અબદુલ્લાહથી રીવાયત છે કે અમો હ૦ રસુલે ખુદા સ૦ની ખીદમતમાં બેઠા હતા, ત્યાં જનાબે અમીર અલયહીસ્સલામ આવ્યા, હઝરતે ફરમાવ્યું કે એની જાતની કસમ છે કે જેની કુદરતના કબજામાં મારી જાન છે આ અને તેના શીઆહ કયામતના દીવસે મ્હોટા દરજામાં પહોંચવાવાળા છે, આ મુજબ ફરમાવ્યું તેજ વખતે આયત નાઝીલ થઈ જેનો મતલબ એ છે કે જે લોક ઇમાન લાવ્યા છે અને તેઓએ નેક અમલ કરેલ છે તેજ લોક તમામ ખલકતથી સારા છે.

મજકુર આયત નાઝીલ થઇ તેની તફસીરમાં શીઆહના આલીમો લખે છે કે ઇબ્ને અબ્બાસે કહ્યું આ આયત હ૦ અલી અ૦ અને તેઓના અહલેબૈતની શાનમાં નાઝીલ થઇ છે કે જ્યારે આ આયત નાઝીલ થઇ ત્યારે હઝરતે રસુલે ખુદા સ૦ જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ તરફ ધ્યાન કરીને ફરમાવ્યું કે યા અલી તે લોક તમો અને તમારા શીઆહ છે, તમો અને તમારા શીઆહ કયામતના દીવસે કે જે દીવસે સખત બીક લાગતી હશે ખુદાથી રાઝી અને ખુશનુદ હશો, અને હકતઆલા તમારાથી રાજી અને ખુશનુદ હશે.

હારીસે હમદાની કહે છે કે એક દીવસ હું હઝરત અલી અ૦ ની ખીદમતમાં હાજર થયો, આપે પુછ્યું તને અહીંયાં કઇ ચીજ લાવી? મેં અરજ કરી આપની મોહબ્બત! આપે ફરમાવ્યું અએ હારીસ તુ મને દોસ્ત રાખે છે? મેં કહ્યું યા અમીરૂલ મોઅમેનીન હા કસમછે ખુદાની આપને બહુજ દોસ્ત રાખું છું, આપે ફરમાવ્યું જે વખતે તારી જાન છાતીમાં પહોંચશે ત્યારે તુ મને જોઈશ અને એ વખતે તુ મને જોઇશ કે હું હવઝે કવસર ઉપરથી દુશમનોને હાંકી મુકુ છું અને દુર કરૂં છું ત્યારે તુ મને જોઇને બહુજ ખુશ થઇશ,

તેમજ જ્યારે તુ જોઇશ કે હું હઝરતે રસુલે ખુદા સ૦ ની આગળ હાથમાં હમ્દનો અલમ લઇને પુલ સેરાત ઉપરથી જાઊં છું ત્યારે ઘણો રાજી થઇશ.

સુન્નત જમાઅતની કિતાબો અને તફસીરોમાં છે કે જ્યારે એ આયત નાઝીલ થઇ કે જેનો ખુલાસો એ છે કે ખુદા ફરમાવે છે કે જે લોક ઇમાન લાવ્યા અને તેઓએ નેક અમલ કર્યા તેજ લોક તમામ ખલકતથી બેહતર છે, તો હ૦ રસુલે ખુદા સ૦ જનાબે અલી અ૦ ને ફરમાવ્યું કે તે લોક તમોં અને તમારા શીઆહ છો, કયામતના દીવસ ખુશ અને ખુશનુદ કરવામાં આવશે, અને સુન્નત જમાઅતની કિતાબો જેમકે મનાકેબ દુરરૂલ મનસુર વી૦ માં છે કે જનાબે અમીર અ૦ થી મરવી છે કે આપે કહ્યું મને હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે યા અલી શું તેં ખુદાએ તઆલાના ફરમાનને સાંભળ્યું નથી ? કે તેણે ફરમાવ્યું છે કે તહકીક જે લોક ઇમાન લાવ્યા અને સારાં કામ કર્યાં છે તેઓ તમામ ખલકતથી બેહતર છે, અને એ લોક તમો અને તમારા શીઆહ છે, મારી અને તમારી વાયદાની જગ્યો હવઝે કવસર છે, અને કયામતના દીવસે જ્યારે તમામ લોક હાજર થશે ત્યારે તમોને સફેત મોઢા અને નુરાની હાથ પગવાળા કહી પોકરવામાં આવશે.

કીતાબ બસાએરૂદ્દરજાતના આધારે ફઝાએલે મુરતઝવીમાં લખ્યું છે કે હ૦ ઇમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે યા અલી જ્યારે અરવાહો હતી તે આલમમાં ખુદાએ મને મારી તમામ ઉમ્મત બતાવી ત્યારે મેં તમામ નાના મ્હોટાને જોયા, અને તારી અને તારા શીઆહની તરફથી હું નીકળ્યો તો તમો તમામ માટે મેં ઇસ્તીગફાર કરી, જનાબે અમીર અ૦ અરજ કરી યા હઝરત આ કરતાં પણ વધારે મારા શીઆહની ફઝીલત બયાન કરો, આપે ફરમાવ્યું કે યા અલી તુ અને તારા શીઆહ કબરોમાથી બાહેર આવશો ત્યારે પુનમના ચંદ્ર જેવા ચેહેરા ચમકતા હશે અને તમામ જાતનો ગમ અને દુઃખ દુર થશે, અને અરશના છાયાની નીચે હશો, અને તમામ જણ ડરતા હશે અને તમો સર્વે બેબાક હશો, તમામ જણ ગમગીન હશે અને તમો ખુશ અને મસરૂર હશો અને તમારા માટે નેઅમતોના ખ્વાન આવશે, અને તમામ જણ હીસાબ દેવામાં મશગુલ હશે.

અનસથી રીવાયત છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે કયામતને દીવસે ખુદાએ તઆલા એક જમાઅતને ઊઠાડશે તેઓનાં મોઢાં નુરાની

હશે, અને નુરની કુરસી ઉપર બેઠા હશે, નુરના જામા પહેર્યા હશે, અને પૈગમ્બરોની જેમ અરશના છાયામાં હશે એ છતાં કે તેઓ પયગમ્બર નહીં હોય, એમ ફરમાવીને હઝરતે જનાબે અલી અ૦ ના માથા મુબારક ઉપર હાથ રાખીને ફરમાવ્યું કે તે આ અને તેના શીઆહ હશે.

સુન્નત જમાઅતની કીતાબો જેમકે મનાકેબ શરહે નબુવ્વત વી૦ માં છે કે જાબીર ઇબ્ને અબ્દુલ્લાહથી રીવાયત છે કે હઝરતે રસુલે ખુદા સ૦ જનાબે અલી અ૦ ને ફરમાવ્યું કે યા અલી તમો કાલે કયામતમાં તમામ ખલકતથી મારી પાસે વધારે નજીક હશો, અને હવઝે કવસર ઉપર મારા ખલીફા હશો, અને તમારા શીઆહ નુરના મીમબરો ઉપર હશે, અને તેઓનાં મોઢાં સફેત હશે. અને તેઓ મારી અતરાફ હશે, હું તેઓની શફાઅત કરીશ તેઓ જન્નતમાં મારા પાડોશી હશે,

જવાહેરૂલ અખબારને આધારે બહુરૂલગુમ્માની ત્રીજી જીલદમાં લખે છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે મારી ઉમ્મતમાંથી કયામતને દીવસે સીત્તેર હજાર જણ બેહીસાબ જન્નતમાં દાખલ થશે, એટલે તેઓ પાસેથી કાંઈ હીસાબ લેવામાં નહીં આવે, તે પછી જનાબે અમીર અ૦ તરફ જોઇને ફરમાવ્યું કે યા અલી જેઓ બેહીસાબ સીત્તેર હજાર બેહીસ્તમાં જશે તેઓ તમારા મોહીબ અને શીઆહ હશે અને તમો તેના ઇમામ હશો.

સુન્નત જમાઅતની કીતાબ નામે મોવદ્દતુલકુરબામાં લખે છે કે હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવ્યું કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કયામતના દીવસે મારા અને મારી અહલેબૈતના એ શીઆહ છે કે જેઓ અમારી મોહબ્બતમાં ખાલીસ હશે અને મરવાના વખત સુધી સાબીત કદમ રહયા હશે તેઓમાં અર્શે અઅઝમે ઇલાહીની અતરાફ મીમબરો રાખવામાં આવશે, અને ખુદા તેઓને કહેશે કે અએ મારા બંદાઓ જલદી કરો કે હું તમારા ઉપર મારી કરામત વીખેરૂં કેમકે દુન્યામાં આલેનબીની મોહબ્બત અને વીલાયત રાખવાના સબબથી તમોને ઘણી મેહનત અને ઝહમત પહોંચી છે.

સુન્નત જમાઅતની સવાએક નામની કીતાબમાં છે કે હ૦ રસુલે ખુદાએ ફરમાવ્યું કે અમારા શીઆહ કયામતના દીવસે પોતાની કબરોમાંથી પોતાના ગુનાહોની સાથે બાહેર આવશે અને મહશરમાં તેઓના મોઢાં પુનમના ચંદ્ર જેવા ચમકતા હશે.

વારીદ છે કે આલેમોહમ્મદની મોહબ્બતમાં જેઓ ખાલીસ શીઆહ

છે તેઓ મહશર તેમજ જન્નતમાં ખુદાના હુકમથી પણ નુરના મીમ્બ- રો ઉપર તાજ જડાઉ કપડાં પહેરેલા બેસશે, અને તેઓનાં મોઢાં તેમજ હાથ અને પગ નુરથી સફેત ચમકતા હશે. અને તેઓ ઉપર અર્શે ઈલાહી- નો છાંયો હશે, અને પાછલા તમામ જણ હીસાબ દેવામાં મશગુલ હશે, અને લોકો ગુમાન કરશે કે આ લોકો નબાયો છો કે તેઓના વસીયો છો!! કે રાહેખુદામાં જહાદ કરનારા શહીદો છો!!! તે વખતે આવાજ આવશે કે આ લોક રાહેખુદામાં અહલેબૈતની મોહબ્બત થકી જહાદ કરનારા ખાલીસ અને ખાસ શીઆહ છે, તેઓએ દુન્યામાં દુશમનોના હાથથી મુસીબત અને સખતી ભોગવી છે અને તેઓ ઉપર ઝાલીમોએ ઝુલમ કરેલ છે, તેઓ માટે અલ્લાહુ તરફથી બેશુમાર કરામત મળશે, (ખુશાનસીબ શીઆહના).

"મોવદ્દતુલ કુરબા" સુન્નત જમાઅતની કીતાબમાં લખે છે કે હઝરતે અમીર અ○ નકલ કરી કે હઝરતે રસુલે ખુદા સ○ ફરમાવ્યું કે અએ અલી ખુદાએ મને એક ઝાડથી પૈદા કર્યો અને તુ તેમાંથી પૈદા થયો, હું એ ઝાડનું મળ છું, અને યાઅલી તું તેનું થડ છે, અને હસન તથા હુસયન તેની ડાળો છે, અને આપણા અહલેબૈતના દોસ્તો અને મુખલીસો એ ઝાડ- નાં પાંદ છે, તો ઉમ્મતમાંથી જે કોઇ એ ઝાડની ડાળોને અને પાંદને પકડશે તેને ખુદા જન્નતમાં દાખીલ કરશે.

બહુરૂલ ગુમ્માની પહેલી જીલદમાં છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે યા અલી તમારા શીઆહ કયામતને દીવસે નજાત પામનાર છે, અને જેણે તમારા શીઆહમાંથી એકનું પણ અપમાન કર્યું તો જાણે તેણે ત- મારૂં અપમાન કર્યું, અને જેણે તમારૂં અપમાન કર્યું તેણે મ્હારૂં અપ- માન કર્યું અને જેણે મારૂં અપમાન કરયું તેને ખુદા જહન્નમમાં નાંખશે અને તેઓ હમેશાં બળ્યા કરશે, અને તેનો શું બુરો અંજામ છો

યા અલી જે મલાએકાઓએ અર્ષ ઉપાડયો છે તેઓ અને જેઓ અર્ષની અતરાફ છે તેઓ સર્વે ખુદાની તસબીહ કરે છે અને જે લોકો આપણા અહલેબૈતની મોહબત અને વીલાયત ઉપર ઇમાન લાવ્યા છે તેઓ માટે મગફેરત ચાહે છે.

એજ કિતાબમાં લખે છે કે કિતાબે "કાફી"માં અબુબસીરથી મનકુલ છે કે તે કહે છે એક દીવસ હું હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ○ નો ખીદમતમાં હાજર થયો, અને હું એટલો બુઢો અને મોટી ઉમ્મરનો થયો હતો કે મારો માસ અને હાડકાં ગળી ગયાં હતાં અને મોતની અણીએ

આવી પહોંચ્યો હતો, નાઉમેદીની હાલતમેં કહ્યું જોઊં કયામતમાં મારો શો હાલ થશે?

આ સાંભળીને હઝરતે ફરમાવ્યું કે અએ અબુબસીર અજબ છે કે તુ આવા શબ્દો નાઉમ્મેદીના કહે છે!! શુ તું જાણુતો નથી? હકસુબ્હાનહુ વતઆલા તમારામાંના જવાનો ઉપર બખશીશ કરશે, અને બુઢાઓથી હયા અને શરમ કરશે.

મેં અરજ કરી અએ રસુલના ફરઝંદ આપ ઉપર કુરબાન થાઉં ફરમાવો કે હકતઆલા કેવી રીતે અમારા જવાનો ઉપર બક્ષીસ કરશે અને બુઢાઓથી હયા કરશે? આપે ફરમાવ્યું કે હકતઆલા એ વાતથી બુઝુરગ છે કે જવાનોને અઝાબ કરે અને બુઢાઓથી હીસાબ લીયે, એટલે જવાનો ઉપર એ બખશીસ કરશે કે તેઓને ગુનાહોના સબબથી અઝાબ નહીં કરે અને બુઢાઓ પાસેથી હીસાબ નહીં લીએ. પછી ફરમાવ્યું અએ અબુબસીર હવે તુ ખુશી થયો ? મેં અરજ કરી મારા માબાપ આપ ઉપર ફીદા થાય કાંઇ હજુ પણ ફરમાવો, વળી આપે ફરમાવ્યું અએ અબુ મોહમ્મદ ખરેખર હકસુબહાનહુ તઆલા અને ફીરીશ્તા અમારા શીઆહના ગુનાહ એવી રીતે દુર કરે છે કે જેવી રીતે પાનખર રૂતુંની હવા ઝાડના પાંદને ખેરવી નાંખે છે, અને અએ અબુબસીર ખુદાએ એ વિશે કુરઆનમાં પણ ફરમાવ્યું છે કે **વલમલાએકતો યોસબ્બેહુંન બેહંમ્દે રબ્બેક વયસ્તગ્ફેરૂન લેમન ફિલઅર્ઝે** એટલે ફીરીશ્તાઓ ખુદાની તસબીહ કરે છે, અને જમીન વાળાઓ માટે ઇસતીગફાર કરે છે એટલે બખશીશની દોઆ માગે છે, અને ખુદાની કસમ જમીનવાળાથી અમારા શીઆજ મુરાદ છે.

એજ કિતાબમાં છે કે ઉમર ઇબ્ને યઝીદથી મનકુલ છે તે કહે છે કે મેં હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ની ખીદમતમાં અરજ કરી કે આપ ઉપર ફીદા થાઊં ઘણા જણા રીવાયત કરે છે કે આપે ફરમાવ્યું છે અમારા શીઆહથી ખરાબ કૃત્ય થયાં હશે તોપણ તેઓ તમામ બેહીસ્તમાં દાખલ થશે તે બરાબર છે ?

આપે ફરમાવ્યું હા અલબત્તા આ રીવાયત સહીહ છે, ખુદાની કસમ અમારા તમામ શીઆહ જન્નતમાં દાખલ થશે, મેં અરજ કરી યા રસુલુલ્લાહના ફરઝંદ ઘણા શીઆહઓથી કબીરા ગુનાહ થાય છે તોપણ જન્નતમાં જશે? ફરમાવ્યું હા! એ છતાં કયામતના દીવસે તમામ શીઆહ બેહીસ્તમાં દાખલ થશે.

એજ કીતાબની બીજી જીલદમાં લખે છે કે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે ખુદા અમારા શીઆહ ઉપર રહમ કરે કે તેઓ અમારી દોસ્તીના સબબથી દીનના દુશ્મનોના હાથથી ઇજા ઉપાડે છે, અને અમોને એ અમારા શીઆહથી કાંઈ રંજ પહોંચતો નથી અમારા શીઆહ અમારાથી છે, તહકીકકે અમારા શીઆહની અસલ એ માટીથી છે કે જે માટી અમારી ખીલકતથી વધી હતી, અને તેઓની માટીનો ખમીર અમારી વીલાયતના નુરથી થયો છે, અમારા શીઆહ અમારાથી અને અમો તેઓથી રાજી અને ખુશનુદ છીએ, અમારી મુસીબત તેઓને ગમગીન કરેછે અને અમારો રંજ તેઓને રોવરાવે છે અમારા શીઆહ જ્યારે અમોને ગમીમાં જુવે છે ત્યારે ગમગીન થાય છે, અને જ્યારે ખુશીમાં જુવે છે ત્યારે ખુશી થાય છે. અને જ્યારે અમારા શીઆહને કોઇ દુઃખ આપે છે ત્યારે અમોને પણ રંજ થાય છે, અને હરહાલમાં અમો તેઓના અહવાલથી વાકીફ છીએ, તેઓ અમારી સાથે છે, તેઓ અમારાથી અને અમો તેઓથી જુદા થઇશું નહીં, કેમકે ગુલામ છેવટે પોતાના આકા પાસેંજ જાય છે, અને અમારા શીઆહ અમારા દુશ્મનોથી કીનારો પકડે છે અને અમારા દોસ્તોની તાઅરીફ કરે છે, ખુદાવંદા અમારા એ શીઆહને જીવતા રાખ જેઓ અમારાથી ઇલાકો રાખે છે અને તેઓ અમારા તરફ ખેંચાય છે, તો જે મોઅમેનીન અમારી મુસીબતોને યાદ કરીને રોવે અથવા રોવરાવે તો ખુદાને શરમ આવે છે કે જહન્નમના અઝાબ થકી અઝાબ કરે.

એજ કીતાબમાં લખે છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે કયામતના દીવસે કાંઇ અમારા શીઆહનો હીસાબ લેવાનું ખુદા તરફથી અમોને સોંપવામાં આવશે, તો હીસાબ વખતે જોશુ કે મોઅમીને ખુદાનો કોઇ ગુનાહ કર્યો હશે અને તેનો હક તેના ઉપર હશે તો અમો ખુદાએ તઆલાની દરગાહમાં તેના માટે દોઆ કરીશું કે તેને માફ કરે, અને ખુદાવંદે કરીમ અમારી અરજ કબુલ ફરમાવશે અને તે ગુનેહગાર મોઅમીનને બખશી આપશે અને અગર કોઈ મોઅમેનીન ઉપર ખુદાના બંદાનો હક હશે તો એ સર્વેથી બખશાવી લેશું અને એ સર્વેને રાજી કરીશું અને અગર કોઈ શીઆહથી અમારી તકસીર થઇ હશે તો અમોને છાજતું નથી કે તેનો બદલો લઇએ.

સુન્નત જમાઅતની કીતાબ "મનાકેબે સહાબા"માં લખે છે કે જનાબે ઊમ્મેસલેમાથી રીવાયત છે કે એક વખત જનાબે ફાતેમા અ૦ હઝરત

અલી અ૦ ની સાથે હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં આવ્યા, તે વખતે હઝરતે તેઓ તરફ માથું ઉંચુ કરીને ફરમાવ્યું કે યા અલી ખુશી થા કે તું અને તારા શીઆહ જન્નતમાં હશે.

ગ્રંથનુલહુયાતમાં જનાબે મોહમ્મદ બાકેર મજલીસી અઅલલ્લાહો મકામોહુએ કીતાબ "બસાએરદરજાત" ને આધારે લખ્યું છે કે હઝરતે ઈમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે હઝરતે રસુલેખુદાસ૦ ફરમાવ્યું કે યા અલી મારી ઉમ્મતની તમામ અરવાહોને આલમે અરવાહમાં મને બતાવી, તેઓમાંના નાના મોટા સર્વેને જોવા, અને તમો તથા તમારા શીઆહ તરફથી નીકળ્યો અને તમો માટે ઇસ્તીગફાર કરી, હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવ્યું યાઅલી તુ અને તારા શીઆહ કબરમાંથી બાહેર નીકળશો તે વખતે તમારાં મોઢાં પુનમના ચંદ્ર જેવાં રોશન હશે, અને તમામ સખતીયો અને ગમીયો તમારાથી દુર થઈ જશે, અને અર્શના છાયામાં હશો, લોકો ડરતા હશે અને તમો નહીં ડરો, લોકો ગમગીન હશે અને તમો ખુશીમાં હશો, અને તમારા માટે અલ્લાહ તરફથી નેઅમતોના ખ્વાન આવશે, અને લોકો હીસાબ દેવામાં મશગુલ હશે.

સુન્નત જમાઅતની મનાકીબે મુરતઝવીમાં લખે છે કે બહરૂલ મઆરેફ અને બહરૂલ મનાકેબ અને મનાકેબે ખતીજમાં છે કે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે ખુદાએ તઆલાએ હ૦ અલીના મોઢાના નુરથી સીત્તેર હજાર ફીરીશ્તા પૈદા કર્યા છે કે તેઓ કયામત સુધી હ૦ અલી અને તેઓના મોહીબ્બો માટે ઇસ્તીગફાર ચાહે છે.

એજ કીતાબમાં લખે છે કે જાબીરથી મરવી છે કે હ૦ રસુલે ખુદાએ ફરમાવ્યું કે એ ખુદાની કસમ કે જેણે મને હક પયગમ્બર કરીને મોકલ્યો ફીરીશ્તાઓ અલી માટે ઇસ્તીગફાર કરે છે, અને માબાપ અવલાદ ઉપર મેહરબાન હોય છે તે કરતાં તેના અને તેના શીઆહ ઉપર વધારે મેહરબાન છે.

બહરૂલ મસાએબમાં લખે છે કે સુન્નત જમાતની કીતાબ તારીખે બગદાદીમાં જ૦ આએશાથી મનકુલ છે કે એક દીવસ હઝરતે રસુલે ખુદાએ અલી ઇબ્ને અબીતાલેબને ફરમાવ્યું કે યાઅલી તમોને બશારત થાય કે તમારા શીઆહને મરતી વખતે હસરત નહીં થાય, અને કબરમાં વહશત (ડર) નહીં થાય, અને તેઓ કયામતને દીવસે બેહીશ્તમાં દાખલ થશે.

ફસલ ૪ થી.

હઝરત અલી અ૦ ના ફઝાએલ અહલેબૈત અ૦ ની મોહબ્બત વીગેરે.

સુન્નત જમાતના આલીમ જનાબ મે.હમ્મદ સાલેહ હુસેની તીરમીઝી કશફીએ **"મનાકીબે મુરતઝવી"** નામની કીતાબ લખી છે તેના દીબાચામાં કેટલીક બાબતો લખીને લખે છે કે જ્યારે આ કીતાબ લખવા માટે આગળની અને પાછળની ઘણી કીતાબો ભેગી કરી અને હઝરત અલીના ફઝાએલ ચુંટીને લખવા શુરૂ કર્યા ત્યાં મારો સગો ભાઇ મીર મોહમ્મદ મોઅમીન કે જે મારી સાથે ઘણી મોહબ્બત રાખે છે તેણે કહ્યું અએ બીરાદર આ કામ ઘણુંજ સારૂ અને મ્હોટી નેકબખતીનું છે, પણ ઝાલીમોની જુલ્મી જીભથી અમાન નહીં મળે, એટલે તને સુન્નત જમાઅત ન કહેતા રાફઝીની તોહમત નાંખશે અને કહેશે કે આતો રાફઝી થઇ ગયો છે, આ સાંભળીને મેં કહ્યું અએ બીરાદર તારૂં કહેવું હક અને ખરૂં છે પણ તેં સાંભળ્યું નથી ? **"અલઅઅમાલો બિન્નીયાત"** એટલે દરેક અઅમાલ તેની નીય્યત ઉપર આધાર રાખે છે, હ૦ અલીના ફઝાએલ લખવાથી મારો હેતુ ત્રણ ખલીફાઓની મઝીમ્મત કરવાનો નથી જેમકે શીઆહના બાઅઝેનો એવો હેતુ હોય છે, હુંતો ચારે ખલીફાની તારીફ કરૂં છું, તે છતાં કોઇ એઅતેરાઝ કરે કે તમારી નીય્યત ભલે સારી હોય પણ તમો શીઆહઓની શબાહત થાએ તો તેઓ જેવા ગણાઓ, તો તેનો જવાબ સાફ છે કે હું કાંઇ ત્રણ ખલીફાઓની મઝીમ્મત કરતો નથી કે તેથી તેઓ જેવો કોઇ ગણે, હા હ૦ અલીની તારીફ કરવાથી તેઓ જેવો ગણે તો જુદી વાત છે, સુન્નત જમાઅતવાળા અલીની મોહબ્બત રાખનારને કાંઇ **રાફઝી** કહેતા નથી, ખલીફાઓનો સાથે અદાવત રાખનારને રાફઝી કહે છે, જેમકે એવીશે ચોખવટ થઇ છે અને **તશરીહ** કીતાબવાળાએ એ બાબતની ચોખવટ કરી છે કે "જે કોઇ કહે કે અલીની દોસ્તીથી રાફઝી થાય છે તો તે કહેનાર ખારજી અને કાફર છે, કેમકે ખુદા રસુલ અને અસહાબો અને તમામ મોઅમેનીન અલીને દોસ્ત રાખતા હતા એટલે અલીની મોહબ્બત રાખતા હતા, અને હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ પોતાના અસહાબો અને

ઉમ્મતને અમીરૂલ મોઅમેનીન અ૦ ની મોહબ્બતની રગબત આપવા ઘણી વખત આની જેમ ફરમાંવ્યું છે કે **"મન્અહૂબ્બન અલીય્યન દખલ-લજન્નત બેગયરે હેસાબ"** એટલે જે કોઇ અલીની સાથે મોહબ્બત રાખશે તેને હીસાબ વીના જન્નતમાં દાખલ કરશે, અને **રાહતુલકોલુબ** (સુન્નત જમાતની કીતાબ)માં લખે છે કે જે મુરીદ પોતાના પીરના ફર-માનનો એક શબ્દ લખે તો તેનો સવાબ હજાર વરસની બંદગી અને ઇબા-દતથી વધારે છે, અને મરવા પછી તેની જગ્યો અઅલા ઇલ્લીયીનમાં હશે, તો આ ઉપરથી અટકળ થઈ શકે છે કે આતો એક પીર વીશે આ પ્રમાણે છે તો જેઓ તમામ પીરોના પીર એટલે **હ૦ અલી** અ૦ ના ફઝાએલ લખે તેના માટે કેટલો અને કેવો સવાબ હોવો જોઇએ ? જેમકે કીતાબે મનાકેબ (સુન્નતજમાતની કીતાબ)માં અબુલ મોઅય્યદે લખ્યું છે કે રીવા-યત કરી છે કે રસુલ સ૦ ફરમાવ્યું કે તહકીક ખુદાએ તઆલાએ મારા ભાઇ અલી ઇબ્ને અબીતાલેબને એટલીતો ફઝીલત અતા ફરમાવીછે કે તેની ગણત્રી થઇ શકે નહીં, તો જે કોઇ સીદક દીલથી તેની એક ફઝીલતનો ઝીકર કરે તો હકતઆલા તેના થાએલા અને હવે પછી થનાર ગુનાહ માફ કરી આપે, અને તેની ફઝીલતોમાંથી એક ફઝીલત લખે તો એ લખાણ-માંથી એક શબ્દ પણ બાકી રહે ત્યાં સુધી તેના માટે મલાએકા ઇસ્તીગ-ફાર કરે છે, અને જે કોઈ એક ફઝીલત તેની ફઝીલતોમાંથી સાંભળે તો તેણે કાન થકી કરેલા ગુનાહને ખુદા માફ કરી આપે, અને જે કોઇ તેની ફઝીલતોમાંથી એક ફઝીલત આંખોથી જુવે તો આંખો થકી થાએલા ગુનાહ માફ કરી આપે. અને એજ કીતાબમાં અબદુલ્લા ઇબ્ને અબ્બાસથી અને મોવદ્દતુલ કુરબામાં મીર સય્યદઅલી હમદાનીએ હ૦ ઉમર ઇબ્નેખત્તાબ રઝે-યલ્લાઃથી મરવી છે કે હઝરતે રસુલ સ૦ ફરમાવ્યું કે તહકીક તમામ ઝાડ-ની કલમ થાય અને મ્હાસાગરની દવાત (ખડીઓ) થાય, અને જીન્નાત હી-સાબ કરવા લાગે, અને ઇનસાન લખવા લાગે તોપણ મુરતઝા અલીના ફઝાએલનો હીસાબ કરી શકે નહીં. **બયત—**

કીતાબે ફઝલેતોરા આબે બહર કાફી નીસ્ત*
કે તરકોની સરે અંગુશ્ત વસફહા બેશુમાર*

એટલે હ૦ અલીને શાએર કહે છે કે તમારી ફઝીલતની કીતાબ એ-ટલી તો મોટી છે કે તેનાં પાનાં ફેરવવા માટે દરીયાના પાણીમાં આંગળીના ટેરવાને ભીનો કરી કરીને પાનાં ફેરવે તો દરયાનું પાણી ખલાસ થઈ જાય

પણ એ પાનાં પુરાં ફેરવાઈ શકાય નહીં. તો આ પુંજી વીનાના અશકતને એ વલીયે ખુદાના મનાકેબ લખવાની કયાંથી મજાલ હોય ? પણ ઉમ્મેદ છે કે સુન્નત જમાઅતના આલીમોના ઢગલામાંથી ઢુંઢી વીણનાર થાશે, અને કોઇ જાહીલ અને ગુમરાહ આ મનાકેબ ભેગી કરીને લખનારને રાફ્ઝી કહે તો અફ્સોસ છે કે આગળના રાવીયો અને લખનારાઓને શું કહેશે ? એવી મલામતને ખુદા માટે મોટો દરજો છે, મલામત એના માટે છાજે છે કે જે શરાનો વિરૂધ કામ કરે છે.

હાંસલકલામ દીબાચાના ૨૭ પેજ લખ્યા છે જેમાં ઘણે ભાગે હઝરતે અલી અ૦ ની તરીફની બાબતો અને તેથી વીરૂદ્ધ થનારની મઝીમ્મત વી૦ લખી છે. છેવટે એ કીતાબનું સાંકળીયું લખ્યું છે, અને તેના બાર બાબ કર્યા છે, અને લખે છે કે હજાર કીતાબ અને દરેક કીતાબના હજાર બાબ લખું તોપણ લખાય નહીં પણ તબર્રૂક તરીકે ફકત બાર બાબ કર્યા છે કે પહેલો કલેમએ મોઅઝ્ઝમા **"લાએલાહ ઇલ્લલ્લાહ"** કે જે દીન ઇસલામની બીના છે તેના **બાર હરફ** છે, બીજો કલેમએ મુકર્રમહ **"મોહંમ્મદુન રસુલુલ્લાહ"** કે તે ઇમાનનું મુળ છે તેના પણ બાર હરફ છે, ત્રીજો કલેમો **"અમીરૂલ મોઅમેનીન"** કે ખાસ એ જનાબનું ખીતાબછે તેના પણ બાર હરફ છે, એ મુજબ કેટલીક બાર ચીજ લખી છે કે તેનો હીસાબ બાર છે, જેમકે વરસના મહીના બાર છે વી૦ વી૦

તો જે કીતાબમાં આ ઠેકાણે **"મનાકેબે મુરતઝવી"** લખીએ ત્યાં આ મજકુર કીતાબ સુન્નત જમાઅતની સમજવી.

મજકુર કીતાબમાં લખે છે કે હઝરત અલીએ ફરમાવ્યું કે કુરઆન નાઝીલ થયુ તેમાં ચાર ભાગછે. ચોથો એક ભાગમાં અમો અહલેબૈત અ૦ ની તાઅરીફ છે, એક ભાગમાં અમારા દુશમનોની મઝીમ્મત છે, એક ભાગમાં કીસ્સા અને દાખલા છે. એક ભાગમાં શરીઅતના અહકામ અને ફરઝો હુકમ અને મનાઇ છે,

એજ કીતાબમાં લખેછે કે કુરઆનમાં **'ઇન્નમા વલીયોકો મુલ્લાહ'** (તે છેલ્લે સુધી) આયત છે અને તેનો તરજુમો એ છે કે ખુદા ફરમાવે છે કે તમારા ઉપર હાકીમ કોઇ નથી પણ ખુદા અને તેનો રસુલ અને એ મોઅમેનો કે જેઓ નમાઝને કાયમ કરે છે અને રૂકુઅમાં હોય તે વખતે સદકો અને ઝકાત આપે છે, તો કુરઆનની તમામ તફસીર લખનારાઓ એ વીશે એકમત છે કે આ આયત હ૦ અલીઅ૦ની શાનમાં નાઝીલ થઇછે,

અને નાઝીલ થવાનું કારણ એ છે કે એક વખત એક ફકીર હ૦ રસુલે ખુદા સ૦ની મસજીદમાં આવ્યો અને કાંઇ માગ્યું પણ કોઇએ તેને કાંઇ આપ્યું નહીં તેથી તેણે આસમાન તરફ હાથ ઊંચા કરીને કહ્યું કે અએ ખુદાવંદા તુ ગવાહ રેહજે કે હું તારા રસુલની મસજીદમાં આવ્યો અને સવાલ કર્યો પણ કોઇએ કાંઈ આપ્યું નહીં તેથી હવે હું નાઉમ્મેદ પાછો ફરૂ છું, અને આ વખતે હ૦ રસુલેખુદાસ૦ ની બાજુમા હ૦ અલી અ૦ નમાઝમાં રૂકુઅમાં ગયા હતા તે વખતે પોતાની ટચલી આંગળીએ ફકીર તરફ ઇશારો કર્યો, તેથી ફકીરે આવીને એ આંગળીમાં વીંટી હતી તે કાઢી લીધી, અને તેજ વખતે હ૦ રસુલે ખુદા સ૦ ઉપર વહયનો અ-સર થયો અને જીબરઇલ અમીન એ "ઇન્નમા વલીય્યોકો મુલ્લાહ" આ-યત છેલ્લે સુધી લાવ્યા, અને હીસ્સાન બીન સાબીત અનસારીકે રસુલે ખુદાનો મદ્દાહ હતો તેણે એ વીશે શેઅર (કાવ્ય) કહયા, તેમાંની એક બૈત આ છે—

ફઅન્ત લ્લઝી અઅંતૈત્ત વકુન્ત રાકેઅંન*

ફદયક નફ્સલ્કૌમ યા ખયરો હાકેઈન*

એટલે તુ એ છો કે રૂકુઅની હાલતમાં સખાવત કરી, તો અએ તમામ રૂકુઅ કરનારાઓમાં શ્રેષ્ટ રૂકુઅ કરનારા તારા ઉપર તમામ કોમની જાન ફીદા થાય.

અને શેખ શહીદની આમાલીમાં લખેલું છે કે એ વીટીનું વજન ચાર મીસકાલ અને તેની અંદરના નગીનાનું વજન પાંચ મીસકાલ હતું. અને તે નગીનો રાતા યાકુતનો હતો, અને તેની કીંમત શામના મુલકના ખેરાજ જેટલી હતી, અને શામના મુલકની ખેરાજ ત્રણસો ઊંટનો ભાર રૂપુ અને ચાર ઊંટનો ભાર સોનું હતી, એ વીટી તવકબીન હરરાનની હતી, હઝરત અમીરૂલ મોઅમેનીને તેને કતલ કર્યો હતો, અને તેની વીટી હ૦ રસુલે ખુદા સ૦ની ખીદમતમાં લાવ્યા, હઝરતે એ વીટી તેઓને બક્ષી આપી.

એ વીટી વીશે નાસેર ખુસરૂએ કહ્યું છે કે—**બયત.**

આંચે અલી દાદ દર રૂકુઅ ફુઝૂનસ્ત*

ઝાંચે હમા ઊમ્ર દાદ હાતેમ તાઇ*

એટલે હાતીમ તાઇએ પોતાની આખી ઉમ્મરમાં જેટલી સખાવત કરી એ તમામ કરતાં આ એક વીટીનીકીંમત વધારે હતી, ઉપરાંત હકીમ સનાઇ, મવલવી રૂમ વી૦ સાહેબોએ એ વીટી આપવા વીશેના હઝરત અલી અ૦ ની તાઅરીફમાં ઘણા શેઅર કહેલા છે

મજકુર કીતાબમાં હઝરત અલી અ૦ ની શાનમાં વારીદ થએલી કેટ-તીએક આયતો લખી છે, અને એ આયતોની તફસીર અને કેટલીક તાવીલ અમોએ કુરઆને શરીફની ગુજરાતી તફસીર **"અનવારૂલ બયાન"**માં લખી છે તેથી અહીંયાં વધારે લખતા નથી.

એજ મનાકેબે મુરતઝવીમાં લખે છે કે સેહાહે સીત્તા, અને સવાએકે મોહરકા, અને મસાબીહ, અને મસનદે અહમદ હંબલ, અને મીશકાત, (આ તમામ સુન્નત જમાઅતની છે) માં લખ્યું છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે તહકીકકે અલી મારાથી છે અને હું અલીથી છું, અને મારી પાછળ અલી તમામ મોઅમેનીન અને મોઅમેનાતનો હાકીમ અને વલી છે, મારા દીનને નહીં પહોંચાડે પણ અલી.

એજ કીતાબમાં છે કે ઉમ્મતોમાં ત્રણ સીદ્દીક છે—હબીબે નજ્જાર. ૨—હીઝકીલ. ૩—અલી ઇબ્ને અબીતાલેબ, અને અલી તમામ સીદ્દીકો કરતાં અફઝલ છે, એજ કીતાબમાં સહીહ મુસલીમ અને બુખારી અને મીશકાત વી૦ ને આધારે લખે છે કે રસુલે ખુદાએ ફરમાવ્યું કે અએ અલી હ૦ મુસાને હારૂન હતા તેમજ તમો મને પણ છો, પણ ફરક એટલો છે કે મારી પછી પૈગમ્બર નથી, એટલે મુસા અ૦ ના ઝમાનામાં તેઓના ભાઇ હારૂનનો મરતબો તમામ કરતાં વધારે હતો અને હ૦ મુસા અ૦ નાં તેઓ નાએબ હતા તે પ્રમાણે તમો છો, ફરક એકે હારૂન નબી હતા તમો ઇમામ થશો કેમકે મારી બાદ પયગમબરી નથી, મતલબ એ કે અગર પયગમબરી હોત તો મારી પાછળ તમેજ પયગમબર થાત.

એજ કિતાબમાં લખે છે કે સહીહ તીરમેઝી વિગેરેમાં છે કે હઝરતે રસુલેખુદાએ અસહાબોમાંના બબે જણને આપસમાં ભાઇ ઠરાવ્યા, અને અલીને કોઇના ભાઇ મુકરરર કર્યા નહીં, તેથી તેઓએ હઝરતની પાસે આવીને અરજ કરી યા રસુલલ્લાહ અસહાબોની દરમિયાન બીરાદરી મુકરરર કરી, તો મારા માટે કોણ બીરાદર છે? આપે ફરમાવ્યું **"યા અલી અન્ત અખી ફિદુન્યા વલઆખેરહ"** એટલે યા અલી તમો દીન અને દુન્યામાં મારા ભાઈ છો. "મસનદે ઇબ્ને હમબલ"માં છે કે હઝરતે ફરમાવ્યું કે અએ અલી તમોને મેં મારા માટે રાખ્યા, તો જાણો કે તમો મારા બીરા-દર (ભાઇ) છો અને હું તમારો બીરાદર છું, હવે પછી તને કોઇ બોલાવે તો કેહવું કે હું ખુદાનો બંદો અને તેના રસુલનો ભાઇ છું અને તારા શીવાય જે કોઇ મારી સાથે ભાઇપણાનો હક બતાવે તે કઝ્ઝાબ (જુઠો) છે.

અને એ, ખુદાની કસમ કે જેણે મને હકની સાથે ખલકત ઉપર મોકલ્યો છે તેને મેં મારા માટેજ ભાઈ મુકરરર કર્યો છે, અને મુસાને જેમ હારૂન હતા તેમ તુ મને છો, પણ એટલું છે કે મારી પાછળ પયગમબરી બીજાને નથી અને તું મારો વારીસ છો.

હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે જેણે અલીને ઇજા આપી તેનો હશર ખુદાએ તઆલા યહુદી અને નસારા સાથે કરશે, હઝરતે રસુલેખુદાએ ફરમાવ્યું કે મારા ભાઇ મુસાએ જે પ્રમાણે કહ્યું તેજ પ્રમાણે હું પણ કહું છું કે ખુદાવંદા મારી અહલેબૈતમાંથી મારા માટે અલીને મારો વઝીર મુકરરર કર કે તે મારો બીરાદર છે, તેના થકી મારી પીઠ મજબુત કર, અને તેને મારા કામમાં શરીક કર.

અબુલહુમરાઅથી મરવીછે કે હ૦ રસુલેખુદાસ૦ ફરમાવ્યું કે મેઅરાજની રાતરે મને આસમાન ઉપર લઈ ગયા ત્યાં મેં જોયું કે અર્શ ઉપર લખેલું હતું કે **"લાઇલાહ ઇલ્લલ્લાહ, મોહમ્મદુર રસુલુલ્લાહ, અય્યદતોહુ બે અલીય્યીન"** અટલે બીજો કોઇ માઅબુદ નથી પણ ખુદા અને મોહમ્મદ સ૦ ખુદાનો રસુલ છે, તેની મદદ અલી થકી કરી.

હ૦ રસુલે ફરમાવ્યું કે અલીની મીસાલ લોકોમાં એવી છે કે જેમ કુરઆનમાં "કુલહોવલ્લાહ" છે, એટલે કુરઆને શરીફના ૧૧૪ સુરામાં જેવો મરતબો "સુરએ તવહીદ"નો છે એવો મરતબો તમામ લોકોમાં અલીનો છે, કેમકે ઇખ્લાસનો સુરો ખુદાની એકાઇ ઉપર દલાલત કરે છે અને તે માલીકની સીફત જાહેર કરે છે. તેમજ અલી અ૦ તમામ ઇનસાનમાં એવો કમાલ રાખે છે કે તેમાં એક્કા છે વી૦

અરબઇન અને મોવદ્દતુલ કુરબાને આધારે એજ મનાકેબે મુરતઝવી સુન્નત જમાતની કીતાબમાં લખે છે કે અબદુલ્લાહ ઇબ્ને અબ્બાસથી મરવી છે કે રસુલે ખુદાએ ફરમાવ્યું કે અલીયે મુરતઝાની દોસ્તી ગુનાહોને એવી રીતે ખાઈ જાય છે અને નાબુદ કરી નાંખે છે. કે જેવી રીતે આગ લાકડાને બાળીને નાબુદ કરી નાંખે છે, તફસીરે સોઅલબીમાં અબદુલ્લાહ ઇબ્ને મસઉદથી મરવી છે કે એક શખસે હ૦ રસુલે ખુદાસ૦ ને પુછયું કે અલીના હકમાં શું ફરમાવો છો? આપે જવાબ આપ્યો કે હીકમતના દસ ભાગ કરવામાં આવ્યા તેમાં નવ ભાગ અલીને આપ્યા અને એક ભાગ તમામ જહાનને,

સહીહતીરમીઝી હુલયતુલ અવલીયા મુસતદરકે હાકીમ સવાએકે મોહરકા વી૦ સુન્નત જમાઅતની કિતાબોમાં લખે છે કે અમીરૂલ મોઅમેનીન

અ૦ થી મરવી છે કે હઝરતે રસુલે ફરમાવ્યું કે **"અનામદીનતુલ ઇલ્મ, વ અલીયુન્બ.બોહા, ફમનઅરાદલ્ઇલ્મ, ફલ્યાઅતીલ્બાબ"** એટલે હું ઇલ્મનું શેહર છું, અને અલી તે શેહરનો દરવાજો છે, તો જે કોઇ ઇલ્મ મેળવવાનો ઇરાદો કરે તેને જોઇએકે શેહરના દરવાજામાંથી આવે, મતલબ એકે ખુદાએ ફરમાવ્યું છે કે **"વઅાતુલ્બોયુત મીન્અબ્વાબેહા"** એટલે ઘરોમાં તેના દરવાજાઓમાંથી આવો, ખુલાસો એ કે જેમ જ્યાં સુધી દરવાઓમાંથી દાખલ ન થાય ત્યાં સુધી ગામમાં દાખલ થવાતું નથી તેમજ જ્યાં સુધી અલીની પાસે ન જાય ત્યાંસુધી રસુલ સુધી પહોંચી શકાતું નથી.

* બીજી જગ્યોએ લખ્યું છે કે હઝરતે રસુલે ફરમાવ્યું કે હું હીકમતની સરા (ઘર) છું અને અલી તેનો દરવાજો છે, મતલબ એ કે જેને હીકમત મેળવવી હોય તે ઘરના દરવાજામાં થઇને જાય, અને જો દરવાજાને મુકીને તે ઘરમાં બીજે રસ્તેથી દાખલ થાય તેના ઉપર કુરઆને શરીફની આ આયત લાગુ પડે છે, જેમકે ખુદાએ ફરમાવ્યું છેકે **"વસ્સારેકો વસ્સારેકતો, ફકૂતઉ અયદેયહોમા"** એટલે ચોર મરદો અને ચોર સ્ત્રીઓના હાથ કાપી નાંખો, તો અહીં મતલબ એ થશે કે જેઓ હઝરત અલી અ૦ ને મુકીને હ૦ રસુલથી ઉમ્મેદ રાખે છે તેઓના ઉમ્મેદના હાથને કાપી નાખો, એટલે તેની ઉમ્મેદ કદી પુરી નહીં થાય, અને ઇનસાનને ખરી અને જરૂરી બલકે હકીકી ઉમ્મેદ તો આખેરતમાં **નજાત** પામવાની છે, તો જેણે અલી અ૦ ની મોહબ્બત તરક કરી તે કદી **નજાત** નહીં પામે નહીં પામે નહીં પામે.

હ૦ રસુલેખુદાસ૦ ફરમાવ્યું કે **"હકકો અલીયીન હાઝેહીલ ઉમ્મહ, કહકકી લ્વાલેદે અલાવલદેહ"** એટલે આ ઉમ્મત ઉપર અલીનો એટલો હક છે કે જેટલો હક અવલાદ ઉપર બાપનો છે, તો જાહેરમાં બચ્ચાઓની જીંદગી બાપ થકી છે તેમ બાતીનમાં આ ઉમ્મતની જીંદગી હ૦ અલીઅ૦ થકી છે, અને તેથી મતલબ **ઈલ્મનો** છે, કેમકે દરેક નેકબખ્તી અને ભલાઇ છે તે હ૦ અલી અ૦ ની તાબેદારી અને પૈરવી કરવામાં છે તો તેઓએ જે જે માઅરેફતની બાબતો વી૦ બયાન ફરમાવી છે તેને દીલોજાનથી માનીને અમલ કરે તેજ હમેશાં કાયમ અને દાયમની જન્નત પામશે, અને એમ કરવાથી તે બન્ને જહાનમાં જીવતોજ છે, કેમકે કહે છે કે **"અલ્મોઅમનો હય્યુન ફીદારૈન"** એટલે મોઅમીન છે તે બન્ને જહાનમાં હયાત છે.

હ૦ રસુલેખુદાસ૦ ફરમાવ્યું આ ઉમ્મતમાં સર્વેથી વધારે આલીમ અલી છે. અને આપે ફરમાવ્યું આ ઉમ્મતમાં સર્વેતી વધારે આદીલ અલી છે. અને આપે ફરમાવ્યું કે જેણે અલી સાથે મોહબ્બત રાખી તેણે મારી સાથે મોહબ્બત રાખી જેણે અલી સાથે દુશમની રાખી તેણે મારી સાથે દુશમની રાખી, અને જેણે અલીને ઈજા પહોંચાડી તેણે મને ઇજા પહોંચાડી અને જેણે મને ઇજા પહોચાડી તેણે ખુદાએ અઝઝોજલને ઈજા પહોંચાડી.

શરહુન્નબીમાં અબુલ હમરાઅથી મરવી છે કે હ૦ રસુલે ફરમાવ્યું કે યા અલી ખાસ તમોને ત્રણ એવી ફઝીલત આપવામાં આવી છે કે એવી ફઝીલત ખલાયકમાંથી કોઇને પણ આપવામાં આવી નથી, એટલુજ નહીં પણ એ ફઝીલત મને પણ મળી નથી, ૧—એ કે મારા જેવો સાસરો તમોને મળ્યો. ૨—એ કે ફાતેમા અ૦ જેવી બીબી તમોને મળી, ૩—એ કે હસન અને હુસયન જેવા ફરઝંદ તમોને મળ્યા, હા એટલું છે કે તમો એટલે અલી ફાતેમા હસન અને હુસયન મારાથી છે અને હું તમારાથી છું.

એજ મનાકીબે મુરતઝવીમાં જાવાહેરૂલ અખબાર અને હીદાયતુસ્સોઅદાને આધારે લખે છે કે જાબીરથી મરવી છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે જે કોઇ એ વાતને દોસ્ત રાખે કે ઇસરાફીલને તેના રોઅબમાં, મીકાઇલને તેના મરતબામાં, જીબરઇલને તેની બુઝુરગીમાં; આદમ અ૦ ને તેઓના ઇસલામની દુરસ્તીમા, નુહ અ૦ ને ખુદાથી ડરવામાં; ઇબરાહીમ અ૦ ને તેઓની ખુલત (દોસ્તી)માં, યાઅકુબ અ૦ ને તેઓની ગમીમાં, યુસુફ અ૦ ને તેઓની ખુબસુરતીમાં; મુસા અ૦ ને તેઓના મુનાજાતમાં; અય્યુબ અ૦ ને તેઓના સબરમાં; યહુયા અ૦ ને તેઓની પરહેઝગારીમાં; યુનુસ અ૦ ને તેઓના તકવામાં, ઇસા અ૦ ને તેઓની ઇબાદતમાં, અને મોહંમ્મદ સ૦ ને તેઓની બુઝુરગી હસબ અને ખુલ્કમાં જુવે તો તે અલી અ૦ ને જુવે, કેમકે અલીમાં પયગમ્બરોની ૯૦ ખસલતો છે, કે ખુદાએ તમામ ખસલત અલી અ૦ માં ભેગી કરી છે, અને તેઓ સીવાય બીજામાં નથી, મતલબ એ કે ઉપર મહા મ્હોટા માનવંત ફીરીશ્તાઓ અને અંબીયાઓની જે જે સીફાતો બયાન થઇ તે તમામ સીફાતો હઝરતે અલીયે મુરતઝામાં છે,

હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે મુનાફેક છે તે અલીને દોસ્ત રાખતો નથી, અને મોઅમીન છે તે અલીને દુશમન રાખતો નથી. હઝરતે

રસુલે ફરમાવ્યું જે કોઇઅલીને બદ બોલે તે મને બદબોલ્યો, આપે ફરમાવ્યું કે અલીની તરફ નજર કરવી ઇબાદત છે, અને અલીનો ઝીકર ઇબાદત છે.

હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે હકતઆલાએ બેહીશ્તના દરવાજા ઉપર રાતા યાકુતનો હલકો બનાવ્યો છે અને સોનાના તખતા ઉપર ચોડયોછે, જ્યારે એ દરવાજા ઉપર એ હલકો પછાડે છે ત્યારે તેમાંથી **"યાઅલી— યાઅલી"** ની અવાજ આવે છે.

હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે મને હકતઆલાએ ફરમાવ્યું કે જેણે મુરતઝાનો હક ઓળખ્યો તે પાક અને ખુશ થયો, અને જેણે તેના હકનો ઇનકાર કર્યો તે મલઉન અને નુકશાન પામનાર થયો, હું મારી ઇજ્જતની કસમ ખાઉં છું કે જે કોઈ અગર અલીનો ગુનાહ કરશે તેને જહન્નમમાં દાખીલ કરીશ અગરચે મારી ઇતાઅત કરશે; અને જે કોઇ તેની ફરમાંબરદારી કરશે તેને બેહીસ્તમાં દાખલ કરીશ. અગરચે મારી નાફર-માની કરી હશે.

એજ મનાકેબે મુરતઝવીમાં ફીરદૌસુલ અખબાર વી૦ને આધારે લખે છે કે જાબીર અનસારીની રીવાયતથી લખેલું છે કે હઝરતે રસુલે ફરમાવ્યું કે હકતઆલાની પાસેથી મારી પાસે જીબરઇલ આવ્યા અને એક લીલું પાંદ લાવ્યા તેમાં સફેત અક્ષરોથી લખેલું હતું કે તહકીક મેં મારી ખલકત ઉ-પર અલીની દોસ્તી ફરઝ કરી- માટે આ હદીસ તેઓને પહોંચાડી આપ, હઝરતે ફરમાવ્યું યા અલી કોઇને જાયઝ નથી કે જનાબતની હાલતમાં આ મસજીદમાં દાખલ થાય પણ તને રજા છે.

હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે **"અલીયુન ખયરૂલ બશર બ-અદી, મન્અબા ફકદકફર"** એટલે મારી બાદ તમામ લોકોમાં બેહતરમાં બેહતર અલી છે, અને જે કોઇ ઇનકાર કરે તે કાફર છે.

હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે અલી તૌબાનો દરવાજો છે, જે કોઇ એ દરવાજામાંથી આવે તે મોઅમીન છે, અને જે કોઇ એ દરવાજાથી દુર થાય તે કાફર છે. હઝરતે ફરમાવ્યું ધડ ઉપર જેવું માથું છે તેમ અલી મને માથાની સમાન છે. હઝરતે ફરમાવ્યું કે ખુદાએ પયગમબરોની નસલને તેઓથી જારી કરી, અને મારી નસલ અલી અ૦ થી જારી કરી.

હઝરતે રસુલે ફરમાવ્યું કે ખુદાએ તઆલા અલીને પૈદા ન કરતે તો ફાતેમા અ૦ નો હમસર કોઈ થાત નહીં. એટલે અલી અ૦ શીવાય એવું કોઈ લાયક નહતું કે ફાતેમાહ અ૦ ની શાદી તેની સાથે થઇ શકે.

ફીરદૌસુલ અખબાર અને મોવદ્દતને આધારે લખે છે કે હઝરતે રસુલે ખુદાસ૦ ફરમાવ્યું કે દરેક પયગમબરને વસી અને વારીસ છે, તો તહકીક અલી મારો વસી અને વારીસ છે.

સવાએકે મોહરકા અને ફસલુલ ખેતાબ વી૦ને આધારે લખે છે કે હ૦ અબુબકરે સીદીકથી મરવી છે કે રસુલે કહ્યું કે સેરાત ઊપરથી કોઇ પણ પસાર થશે નહીં પણ એ કે જેને અલી પરવાનો આપશે તેજ પસાર થઈ શકશે.

હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે અલીની મોહબ્બત એવી નેકી છે કે તેને કોઇ બદી નુકશાન પહોંચાડી શકતી નથી, અને અલીની દુશમની એવો ગુનાહ છે કે તેને કોઇ નેકી ફાયદો પહોંચાડી શકતી નથી.

સુન્નત જમાતની એજ કીતાબ મનાકેબે મુરતઝવીમાં ફીરદૌસુલ અખબારને આધારે લખે છે કે અબાલયલા ગફ્ફારીથી મરવી છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે ઘણી જલદીમાં મારી પાછળ ફીતનો થાશે, તો જ્યારે એ ફીતનો થાય ત્યારે તેમોને લાઝીમ છે કે તમો અલીઅ૦ની પૈરવી કરજો અને તેને મુકશો નહીં કેમકે ખરેખર તેજ હક અને બાતીલને જુદું પાડનાર છે.

હુલયતુલ અવલીયાને આધારે લખે છે કે અબીઝર ગફ્ફારીથી મરવીછે કે હઝરતે રસુલે ફરમાવ્યું કે અલી મારા ઇલમનો દરવાજો છે અને જે ચીજ ખલકતને પહોંચાડવાની ખુદાએ મને સોંપી છે તે ચીજને મારી ઉમ્મત પાસે બયાન કરનાર અલી છે, એટલે મારી પાછળ અહકામે ઇલાહીથી આ ઊમ્મતને માહીતગાર કરનાર અલી છે, અને અલીની દોસ્તી ઇમાન છે, તેની દુશમની નીફાક (મુનાફેક પણું) છે, તેની તરફ નજર કરવી મેહરબાની છે અને તેની દોસ્તી ઇબાદત છે.

"**અયનુલ હયાત**" માં જનાબ મુલ્લા મોહમ્મદ બાકેર મજલીસી અઅલલ્લાહો મકામોહુ લખે છે કે અબુ હમઝા સીમાલીએ હઝરતે ઇમામે મોહમ્મદ બાકેર અ૦થી રીવાયત કરી છે કે હઝરતે રસુલેખુદાએ ફરમાવ્યું કે યા અલી તારી મોહબ્બત જેના દીલમાં હશે તે એક કદમ અગર પુલસેરાત ઉપરથી લપશશે તો તેનો બીજો કદમ સાબીત રહેશે અને તારી મોહબ્બતના સબબથી ખુદા તેને બેહીશ્તમાં દાખીલ કરશે.

સલમાન રહમતુલ્લાહે રીવાયત કરી છે કે એક દીવસ મસજીદમાં હઝરતે રસુલે ખુદાસ૦ની ખીદમતમાં બેઠા હતા ત્યાં હઝરતે અમીરૂલ મોઅ-

મેનીન અ૦ આવ્યા હઝરતે રસુલે ખુદા સ૦ના હાથ મુબારકમાં કાંકરા હતા તે જનાબે અલીયે મુરતઝાના હાથમાં આપ્યા તે વખતે તે કાંકરા બોલવા લાગ્યા અને કહયું **"લાએલાહ ઈલ્લલ્લાહ મોહંમદુર રસુલુલ્લાહ"** અને કહયું પરવર દીગારથી અને મોહમ્મદસ૦ની પયગમબરીથી અને અલી ઇબ્ને અલી તાબેઅ૦ની વીલાયતથી રાજી થયા, પછી હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે જે ખુદા રસુલ અને અલીઅ૦ની વીલાયતથી રાજી હોય તેનું દીલ અઝાબના ખૌફથી નીર્ભય છે.

સુન્નત જમાતની મનાકેબે મુરતઝવીમાં લખે છે કે બીજા ખલીફા પાસે બેશખસ આવ્યા અને કનીઝને તલાક આપવા વીશેનો મસલો પુછયો તે વખતે તે મકાનમાં બીજું કોઇ હતું તેને તેઓએ એ મસઅલો પુછયો તેણે ઇશારાથી જવાબ આપ્યો, પુછનારે કહયું તમોને મસલો પુછયો તેનો જવાબ બીજાને પુછીને કેમ આપ્યો? અને તે શખસે તો ફકત આંગળીના ઇશારાથીજ જવાબ આપ્યો, ખલીફા સાહેબે કહ્યું તું ઓળખે છે કે એ કોણ છે? જાણુકે આ રસુલે ખુદાસ૦ના ભાઇ છે, હું ગવાહી આપુછું કે મેં હઝરતે રસુલે ખુદાસ૦ પાસે સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું કે અગર આસમાન અને જમીન વાળાઓ તમામના **ઇમાનને** એક ત્રાજવામાં રાખે અને અલીના ઇમાનને સામેના ત્રાજવામાં રાખે તો તમામના ઇમાન કરતા અલી ઇબ્ને અબી તાલેબનું ઇમાન વધી જાય.

એજ કીતાબમાં લખે છે કે "શરફુન્નબી" નામની કીતાબમાં છે કે એક વખત હ૦ રસુલે ખુદાસ૦ મીમબર ઉપર ગયા ખુદાની હમ્દ અને તાઅરીફ પછી કેટલીક વાતો કહીને ફરમાવ્યું અલી ઇબ્ને અબી તાલેબ અમીરૂલ મોઅમેનીન કયાં છે? એ વખને હ૦ અલી જલદીથી આવ્યા અને કહયું યા રસુલલ્લાહ હું આવ્યો. આપે ફરમાવ્યું મારી પાસે આવો હ૦ અલી પાસે ગયા, હઝરતે પોતાની છાતી સાથે લગાડી કપાળ ઉપર બોસો આપીને રડવા લાગ્યા એટલે સુધી કે બન્ને આંખોમાંથી આંસુ છાતી ઉપર જારી થયા, પછી લાંબા સાદે ફરમાવ્યું અએ મુસલમાનો આ-અલી ઇબ્ને અબી તાલેબ છે આ મોહાજીર અને અનસારનો પેશવા મુક્તદા છે આ મારો ભાઇ છે, આ મારા કાકાનો દીકરો અને મારો દામાદછે, આ મારૂં ખુન ગોશ્ત અને વાળ છે, આ જન્નતના જવાનોના સરદાર મારા બન્ને નવાસાનો બાપ છે, આએ છે કે મારા ગમને દુર કરે છે આ શેર અને ખુદાના દુશમનો ઉપર ખુદાની શમશેર છે, જે કોઇ આને દુશમન રાખે તેના ઉપર ખુદાની લાઅનત અને લાઅત કરવા વાળાઓની લાઅનત હોજો, આના દુશમનોથી ખુદા

બેઝાર છે, તેમજ હું પણ બેઝારછું અને જે કોઇ ખુદા અને મારાથી બેઝાર થવા ચાહે તે આનાથી દુશમની કરે, અને હાજરીનને કહું છું કે આ બાબત જેઓ હાજર નથી તેઓને પહોંચાડજો.

એજ કીતાબમાં લખે છે કે મનાકેબે ઇબ્ને મરદવીયામાં અબુઝરે ગફફારીથી મરવી છે કે તેઓ કહે છે કે અમો એક વખત હઝરતે રસુલે ખુદાસ૦ને પુછ્યું કે તમોને અસહાબોમાં સર્વેથી વધારે દોસ્ત કોણ છે? કે અગર એવો વખત આવે તો તેની પૈરવી કરીએ અને કોઇ હાદેસો થાયતો તેનાથી જુદા ન પડીએ? આપે ફરમાવ્યું આ અલીછે કે તે ઇતાઅત અને ઇસલામમાં તમારામાં મુકદ્દમ છે.

એજ કીતાબમાં છે કે એક વખત હઝરતે રસુલેખુદાસ૦ ફરમાવ્યું કે જે કોઇ એ વાતને દોસ્ત રાખે કે મારી જીંદગી જેવી જીંદગી કરે મારા મરવા જેમ મરે અને ખુદાએ મને બેહીસ્તનો વાયદો આપ્યો છે તેમાં આવે તો અલી ઇબ્ને અબીતાલેબ અને તેની પાક અવલાદને દોસ્ત રાખે કે તેઓ પછી આયએ હેદા અને કુફરના અંધકારમાં ચીરાગ છે, અને ખરેખર તેઓ તમોને હકરસ્તાથી કદી ગુમરાહી તરફ નહીં દોરે,

એજ કીતાબમાં લખે છે કે હઝરતે રસુલે ખુદાસ૦ ફરમાવ્યું કે ખુદાએ મારી સાથે અહદ કર્યો છે કે મારી અહલેબૈતની મોહબ્બત વીના કોઇના ઇમાનને કબુલ નહીં કરે.

એજ કીતાબમાં લખે છે કે હ૦ રસુલે ખુદાએ ફરમાવ્યું કે યા અલી કોઇ બંદો ખુદાની એટલી મુદ્દત ઇબાદત કરે કે જેટલી મુદ્દત હઝરતે નુહ અ૦ પોતાની કોમમાં રહ્યા, અને ઓહોદના પહાડ જેટલું તે બંદા પાસે સોનું હોય તે રાહે ખુદામાં વાપરે, અને એક હઝાર હજ ચાલીને કરે, પછી મકકામાં સફા અને મરવા વચે મઝલુમ કતલ થાય, પણ જો તે બંદાને તારી મોહબ્બત ન હોય તો તે બેહીસ્તની ખુશબો નહીં સુંઘે અને બેહીસ્તમાં પણ દાખીલ નહીં થાય.

એજ કીતાબમાં છે કે હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ થી મરવી છે કે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે એ અલી મેં મારા નામ સાથે તારૂં નામ ચાર જગ્યોએ જોયું, અને એ જોઇને હું ખુશી થયો.

૧—જ્યારે મેઅરાજની રાતરે બૈતુલમુકદ્દસ પહોંચ્યો ત્યારે બૈતુલમુકદ્દસના પત્થર ઉપર લખેલું જોયું કે "બીજો કોઇ ખુદા નથી પણ તેજ ખુદા છે, અને મોહમ્મદ સ૦ મ્હારો મોકલેલો રસુલ છે, અને તેની મદદ અને યારી કરી તેના વઝીર થકી," મેં જીબરઇલને પુછ્યું તે મ્હારો વઝીર

કોણ છે? તો કહ્યું "અલીઇબ્ને અબીતાલેબ," ૨—પછી સીદરતુલ્મુન્તહા પહોંચ્યો તો તેના ઉપર લખેલું જોયું કે "તહકીકકે હુંજ અલ્લાહ છું, કોઇ માઅબુદ નથી પણ હુંજ કે એકતા છું, અને મોહમ્મદ મ્હારી ખલખતમાં મ્હારો પસંદ કરેલો છે, અને તેના વઝીર થકી તેની મદદ અને કુમક કરી," તે વખતે મેં જીબ્રઇલને પુછયું કે તે મ્હારો વઝીર કોણ છે? તો કહ્યું "અલી ઇબ્ને અબીતાલેબ" ૩—પછી સીદરતુલ્મુન્તહાથી આગળ વધ્યો અને પરવરદીગારે આલમના અર્ષ પાસે ગયો તો તે અર્ષના પાયા ઉપર લખેલું જોયું કે "તહકીક કે હુંજ અલ્લાહ છું નથી કોઈ ઇબાદતને લાયક પણ હુંજ, અને મ્હારા પૈદા કરેલાઓમાં મોહમ્મદ મ્હારો હબીબ છે, તેને કુવ્વત અને મદદ આપી તેના વઝીર થકી," ૪—પછી બેહીશ્ત પાસે ગયો તો તેના દરવાજા ઉપર લખેલું હતું કે "મ્હારા સીવાય બીજો કોઇ ખુદા નથી અને મોહમ્મદ મ્હારો દોસ્ત છે, અને તેના વઝીર થકી તેને કુવ્વત અને યારી આપી"

કીતાબ ઝયનુલફ્તાને આધારે ફ્ઝાએલે મુરતઝવીમાં લખે છે કે મય-મુન બીન મેહરાનથી મરવી છે તે કહે છે કે એક વખત હું જનાબે અબ્દુ-લ્લા બીન અબ્બાસની સાથે ખાનએ કાઅબાનો તવાફ કરતો હતો ત્યાં જોયું કે એક જવાન ખાનએ કાઅબાના પરદાનો છેડો પકડીને કહે છે કે અએ ખુદાવંદા હું ત્હારા તરફ અલી ઇબ્ને અબીતાલેબથી અને તેણે ઇસ-લામમાં જે ખરાબી કરી તેથી હું બેઝારછું, આ સાંભળીને ઇબ્ને અબ્બાસે કહ્યું કે તેને મ્હારી પાસે બોલાવો હું તેને બોલાવીને લઇ ગયો તે ઇબ્ને અબ્બાસની જમણી બાજુએ બેઠો, ઇબ્ને અબ્બાસે પુછયું તુ કોણ છે? અને ત્હારૂ શું નામ છે? તેણે કહ્યું હું ઝમ્આબીને ખારેજા ખારજી છું ઇબ્ને અબ્બાસે કહ્યું અએ ઝમઆ અલીએ ઇસલામમાં શું ખરાબી કરી? તેણે કહ્યું જમલ અને સીફ્ફીનની લડાઇમાં તેણે મુસલમાનોને કતલ કર્યા, ઇબ્ને અબ્બા-સે કહ્યું અએ શખસ તુ બહુજ નાદાન અને ભોઠ છે જેણે મોહમ્મદ સ૦ની ઊમ્મત સામે લડાઇ કરી તેની સામે અલીએ તલવાર ખેંચી (અને આ વીશે બીજી જગ્યોએ પણ ખુલાસો છે કે હઝરત અલીએ એ લોકોને કતલ કર્યા કે જેઓએ ખુદાની નાફરમાની કરી અને ઝમાનાના ઇમામ અલી અ૦ સાથે લડવા આવ્યા તોતે સામે વાળાનું લડવું હરામ હતુ અને હ૦ અલીનું લડવું હલાલ અને ખુદાના હુકમથી હતુ) પછી ઇબ્ને અબ્બાસે કહ્યું કે હ૦ અલી માટે ચાર ખસલત અને ચાર ફ્ઝીલત એવી છે કે તે તમામ આલમના લોકો ઉપર વેહેચવામાં આવેતો સરવે માટે બસ થાય

તેણે કહયું એ કઈ ફઝીલત છે? તે બયાન કરો કે એ સાંભળીને મ્હારા બદ એતેકાદથી તૌબા કરૂં.

ઇબ્ને અબ્બાસે કહ્યું, ૧—લી ફઝીલત એ છે કે તેઓ પહેલેથીજ ઇસલામમાંજ છે, અને કોઇ વખત બુતની પુજા કરી નથી, અને કદી શરાબ પીધી નથી. ૨–એ કે જયારે હઝરતે રસુલે ખુદા સ૦ પાસે જીબરઇલ વહય લઇને આવતા હતા ત્યારે તેઓની પાંખની અવાજની કોઇને ખબર પડતી નહતી, પણ અલીને એની ખબર થતી હતી, ૩–એ કે જયારે ખુદાવંદે આલમે જનાબે ફાતેમાની અલી સાથે શાદી કરી આપવાનો ઇરાદો કર્યો ત્યારે હુરલઇનને હુકમ કર્યો કે તમામ હુરાઓ શણગાર કરીને એકઠી થાઓ, અને તુબાને હુકમ કર્યો કે મોતી અને યાકુત નીસાર કર, તેથી એટલા જવાહેર નીસાર કર્યાં કે ઢગલા થઈ ગયા, અને એ જવાહેરાતને સર્વે હુરાઓએ લુટયા, અને તે પછી આપસમાં એક બીજીને હદીયો મોકલે છે, અને કહેછે કે આ અલી અને ફાતેમાહનો હદીયો છે, ૪–એકે જયારે હ૦ રસુલે ખુદાએ મક્કા ફતેહ કર્યું ત્યારે હ૦ અલીને પોતાના ખભા ઉપર ચડાવીને બુત તોડાવ્યાં.

અવા ફઝાએલ સાંભળીને ઝમઆએ પોતાના ખરાબ એતેકાદથી તૌબા કરી, એન હ૦ અલી અ૦ નો મોહીબ થઇ ગયો.

મસાબી હુલ્કોલુબને આધારે એજ કિતાબમાં લખ્યું છે કે વાકેદીથી નકલ છે કે એક દીવસ હારૂન રશીદની પાસે ગયો અને મોહમ્મદ યુસુફ અને ઇસહાક પણ ત્યાં હતા, તેં વખતે હારૂને શાફેઇને પુછ્યું કે તને જનાબે અમીરની ફઝીલતની કેટલીક હદીસો યાદ છે? તેણે કહ્યું પાંચસો, યુસુફને પુછ્યું કે તને કેટલી યાદ છે ? તેણે કહ્યું એક હઝાર અથવા કાંઇ વધારે, ઇસહાકને પુછ્યું તને કેટલી યાદ છે? તેણે કહ્યું હ૦ અલીના ફઝાએલની એટલી હદીસો મને યાદ છે કે અગર ખૌફ અને બ્હીક નહતે તો તેની ગણત્રી કહેતે, હારૂને કહ્યું તું કાંઇ ખૌફ ન કર અને કહે, ઇસહાકે કહ્યું (૧૫૦૦૦) પંદર હજાર હદીસો મુસનદ અને (૧૫૦૦૦) પંદર હજાર હદીસો મુરસલ યાદ છે.

આ સાંભળીને હારૂને કહ્યું કે તમોને એ ફઝીલત બયાન કરૂં છું કે જે મેં મારી નજરે જોઈ છે અને તે તમોને યાદ છે તે કરતાં બેહતર છે, સર્વેએ કહ્યું આપ ફરમાવો તે કઈ ફઝીલત છે ? તેણે કહ્યું શામના ગવરનરે મને લખ્યું કે અહીંયા એક શખસ એવો છે કે તે ખુતબો પડે છે

અને જનાબે અમીરને બદ બોલે છે અને ગાળો આપે છે, અને ન છાજતા શબ્દો બકે છે, તેથી મેં તે મલઉનને શામથી બોલાવ્યો, અને પુછ્યું કે ઓ મલઉન તું જનાબે અમીરને શામાટે ગાળો આપે છે? તેણે કહ્યું અલીએ મ્હારા બાપદાદાને કતલ કર્યા છે તેથી, મેં કહ્યું અલીએ જેને કતલ કર્યા તે ખુદા અને તેના રસુલના હુકમથી કતલ કર્યા, તેણે કહ્યું હા એમજ છે પણ હું તો અલીનો દુશમન છું, આ સાંભળીને મેં જલ્લાદને બોલાવીને હુકમ કર્યો કે આને એક સો તાઝીયાના માર, તાઝીયાના મરાવીને એક ઘરમાં પુરીને તાળું દીધું, રાતના વખતે વિચાર થયો કે આને કેવી હાલત કરીને કતલ કરૂં ? એને આગમાં બાળી નાંખું? કે પાણીમાં બોળી નાંખું? કે તલવારથી કટકા કરાવું ? એવા એવા વિચારમાં ઊંઘ આવી ગઇ, સ્વપ્નામાં જોયું કે આસમાનના દરવાજા ખુલી ગયા, અને હઝરતે રસુલે ખુદા પાંચ હુલ્લા પેહરીને નીચે ઉતર્યા, હઝરતના હાથમાં પાણીથી લબરેઝ એક પ્યાલો હતો, અને તે વખતે મારે ત્યાં પચાસ હજાર માણસ હતા, હઝરતે રસુલે ખુદાએ એ સરવેને ફરમાવ્યું કે તમારામાં જે કોઈ અલીનો શીઆહ હોય તે જુદો થઈ જાય, આ સાંભળીને એ પચાસ હજાર જણમાંથી ચાળીસ જણ ઉભા થયા, હઝરતે એ ચાળીસે જણને પાણી પીવરાવ્યું, પછી ફરમાવ્યું તે શામીને લાવો, તેને લાવ્યા અને જનાબે અમીર અ૦ની નજર તેના ઉપર પડી તો કહયું એ મલઉન મને શામાટે બુરૂં કહે છે ? એમ ફરમાવીને કહયું ખુદાવંદા આને મસ્ખ કરી દે, તેજ વખતે તેની સુરત કુતરા જેવી થઇ ગઇ, પછી આપે ફરમાવ્યું આ કુતરાને આ ઘરમાં બંદ કરી દીઓ, આ સ્વપ્નું જોઈને મારી આંખ ઉઘડી ગઇ અને ચોંકી પડયો, તરત મેં કહયું તે શામીને લાવો, તેને લાવ્યા તો મેં જોયું કે તે કુતરો થઈ ગીએલો હતો તેથી પાછો તેજ ઘરમાં પુરી દીધો, આ મુજબ વાત કરીને હારૂને અમો સરવેની રૂબરૂ તેને મંગાવ્યો, તો જોયું કે તે કુતરાની શીકલ બની ગયો હતો પણ તેના કાન ઇન્સાન જેવા હતા, તે કુતરાને કહયું કેમ? તેં ખુદાના અઝાબને જોયો ? આ સાંભળીને તેણે માથું નીચે નમાવી દીધું અને આંખોમાંથી આંસુ જારી થયાં.

તે વખતે શાફેઇએ કહયું કે આને અહીંયાથી જલદી લઇ જાઓ કેમકે આ મસ્ખ છે તેથી અઝાબથી નીર્ભય રહેવું જોઇએ નહીં, પછી તેને તે ઘરમા લઈ ગયા ત્યાં તરત તે ઘર ઉપર વીજળી પડી અને તે કુતરો અને બીજા તેમાં હતા તે સરવેને બાળી નાંખ્યા.

મનાકીબે મુરતઝવીમાં લખે છે કે ઝયદ બીન અસલમથી મરવી છે કે હ૦ રસુલે ખુદાએ ફરમાવ્યું કે યાઅલી તારો ખુશાહાલ ખુશાહાલ હારા જેવું કોણ છે? કે ફીરીશ્તા હારી મુલાકાતની ઉમ્મેદ રાખે છે અને બેહીસ્ત ખાસ હારાજ માટે છે, જ્યારે કયામત કાયમ થશે ત્યારે મ્હારા માટે નુર-નો એક મીમબર રાખવામાં આવશે, અને નુરનો એક મીમબર હ૦ ઇબ્રાહીમ અ૦ માટે રાખશે, અને નુરનો એક મીમબર હારા માટે રાખશે, પછી આપણે મીમબરો ઉપર બેસીશું અને તે વખતે મુનાદી નીદા કરશે કે ખુશાહાલ ખુશાહાલ એ વસીનો કે તે હબીબ અને ખલીલની વચ્ચે બેઠો છે, પછી બેહીશ્ત અને દોઝખની ચાવીઓ લાવશે, અને એ ચાવીયો હું તને આપીશ.

બહરૂલ મસાએબમાં લખે છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે હ૦ અલીની મોહબ્બત વીના કોઇ વાજીબ ઇબાદત ખુદા કબુલ કરતો નથી.

અએ લોકો જાણો કે જે અલીનો દોસ્ત છે તે મ્હારો દોસ્ત છે, અને જે અલીની સાથે બુગ્ઝ રાખે તે મારી સાથે બુગ્ઝ રાખે છે, અને જે તેનો વલી છે તે મ્હારો વલી છે, અને જે તેનો દુશ્મન છે તે મ્હારો દુશમન છે, તેનો કૌલ મ્હારો કૌલ છે, અને તેનો હુકમ તે મ્હારો હુકમ છે.

હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે અલીઇબ્ને અબીતાલેબની દોસ્તી ખુદાની દોસ્તીછે અને અલીઇબ્ને અબીતાલેબની મોહબ્બત ખુદાની ઇબાદત છે અને અલીના દરેક હુકમની તાબેદારી દરેક બંદા ઉપર ખુદા તરફથી ફરઝછે, અને તેઓના દોસ્ત અલીના દોસ્ત છે, અને તેઓના દુશમન અલીના દુશમન છે, અને તેઓની સાથે લડાઇ કરવી તે ખુદા સાથે લડાઇ કરવા સમાન છે, અને તેઓની સાથે સુલેહ કરવી ખુદા સાથે સુલેહ કરવા સમાન છે.

અયનુલ હયાતમાં લખે છે કે ઇબ્ને બાબ વયહે ઘણી સનદોથી હઝરતે ઇમામે રઝા અ૦ થી રીવાયત કરી છે અને તેઓએ પોતાના બાપદાદાઓથી અને તેઓએ હ૦ રસુલે ખુદાથી અને તેઓએ જીબરઇલથી અને તેઓએ મીકાઇલથી અને તેઓએ ઇસરાફીલથી અને તેઓએ લવહથી અને તેણે કલમથી અને તેણે ખુદાવંદે આલમથી કે ખુદાએ ફરમાવ્યું કે અલી મ્હારો કીલ્લો અને મજબુત ભીંત છે, તો જે કોઇ એ કીલ્લામાં દાખલ થાય તે અઝાબથી નીર્ભય છે.

સુન્નત જમાતની કિતાબ મોવદ્દતુલ કુરબામાં જનાબ અલ્લામા સઇયદ અલી હમદાની શાફેઇએ લખ્યું છે કે મેઅરાજની બાબતમાં છે કે હઝરતે

રસૂલેખુદાસ૦ અરષની નીચે નુરના ઊંટની એક કતાર જોઇ કે એક બીજાની પાછળ પાસે પાસે ઊંટ બાંધેલાં હતાં અને તે દરેક ઊંટ ઉપર બબ્બે પેટી હતી અને તેને તાળાં લગાડેલાં હતાં, જીબરઇલને પુછયું કે આ ઊંટ કેટલી મુદતથી અને કયાંથી આવે છે અને કયાં જાય છે? અને આ પેટીઓમાં શું છે? જીબરઇલે કહયું એ પેટીમાં શું છે તેનો મને ખબર નથી, પણ એટલું જાણું કે મારી પૈદાઇશની કેટલાંક હજાર વરસ પહેલાંથી આ કતાર એજ પ્રમાણે હમેશાં જાય છે, હઝરતે પુછયું તમારી ઉમ્મર કેટલી છે ? અરજ કરી કે તેની પણ ખબર નથી પણ એટલું જાણું છું કે એક સીતારો એવો છે કે ત્રીસ હજાર વરસે એક વખત નીકળે છે અને તે સીતારાને ત્રીસ હજાર વખત જોયો છે, પછી ખુદાની રજાથી એ ઊંટો ઉપરની કેટલીક પેટીઓ ઉઘાડીને જોઇ. તો દરેક પેટીમાં કીતાબો હતી, અને તે કિતાબોમાં હઝરતે રસુલેખુદા અને જનાબે અલીયે મુરતઝાના ફઝાએલ લખેલા હતા.

એજ કિતાબમાં છે કે અનસબીન માલીકે રીવાયત કરી છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે તહકીક ખુદાએ મને તમામ નબીયોમાં માનવંત કરીને ઇખ્તીયાર કર્યો, અને મ્હારા માટે અલીઇબ્ને અબીતાલેબને મ્હારો વસી અને ખલીફો કરવા પસંદ કર્યો, અને જેવી રીતે હારૂન થકી હઝરતે મુસાની બાઝુને કુવ્વત આપી તેવીજ રીતે અલી થકી મ્હારી બાજુને મજબુત કરી અને કુવ્વત આપી, અલી મ્હારો વઝીર અને ખલીફો છે, અને અગર મ્હારી પાછળ કોઇ નબી થનાર હતે તો અલી નબી થતે.

સવાનેહે ઊમરી હઝરત અલી અ૦ તાલીફ કરેલી સુન્નત જમાતની મોલવી જનાબ ઓબીદુલ્લાહ સાહેબ "બિસમિલ" અમ્રતસરવાળા, લાહોરમાં છપાએલી તેને આધારે હદીસો રીવાયતો લખવામાં આવે છે. હઝરત અલી અ૦ ના નામોમાંથી એક નામ હયદર પણ છે, અને એ નામ શા ઉપરથી રાખ્યું તે વિશે કેટલીક બાબત લખી છે, તેમાંથી એક આ પણ લખી છે કે જનાબે અમીર અ૦ હજુ દુધ પીતા હતા અને આપની વાલેદા (માતુશ્રી) કાંઇ કામ માટે ઘરની બાહેર ગયાં હતાં, તેઓનું ઘર મક્કામાં એક પહાડની બાજુમાં હતું, હઝરત અલી ઘરમાં એકલા હતા, પહાડ ઉપરથી એક સાંપ હઝરત અલી અ૦ પાસે આવ્યો અને એ જનાબને કરડવા ચાહયું ત્યાં હઝરતે હાથ લંબાવીને એવા જોરથી પકડયો કે મરી ગયો, ત્યાં આપની વાલેદા આવ્યાં અને હાથમાં સાંપ જોઇને કહયું કે અએ મારા શેર

ખુદા તને જીવતો રાખે, અને તે દીવસથી આપનું નામ **હયદર** મશહુર થયું, અને શીઆહની કીતાબોમાં લખ્યું છે કે હઝરત અલીએ તે સાંપના બન્ને હોઠ પકડીને ચીરી નાંખ્યો હતો વી૦

હઝરત અલી અ૦ નું નામ રાખવા વિશે કેટલીક બાબત લખી છે તેમાં આ પણ લખી છે કે આપની વાલેદા અને વાલીદ વચ્ચે મતભેદ થયો છેવટે બન્ને જણ ફેસલા માટે ખાનએ કાઅબામાં ગયા, અને આપની વાલેદાએ આસમાન તરફ હાથ ઉપાડી કહ્યું અએ પરવરદીગાર આના નામ વીશે તારી શું મરજી છે? ત્યાં ગૈબથી આવાજ આવ્યો કે આનું નામ **અલી** છે, જે નામ ખુદાના પાક અસમાએ હુસ્નાથી નીકળેલ છે.

હઝરતના અલકાબમાંથી એક લકબ **અમીરૂલ મોઅમેનીન** પણછે. તે વિશે પણ ઘણી બાબતો લખી છે, તેમાંથી એક આ પણ છે કે હોઝેફા બીન યમાનીથી રીવાયત છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવતા હતા કે અગર લોકોને ખબર હતે કે અલીનું નામ **અમીરૂલ મોઅમેનીન** કયારથી થયું છે તો હરગીઝ તેઓના ફઝાએલથી ઇન્કાર ન કરતે, હ૦ આદમ અ૦ રૂહ અને અંગની વચ્ચે હતા તે વખતે પરવરદીગારે અરવાહોને ખીતાબ કર્યો કે હું તમારો ખુદા છું, **અને મોહમ્મદ સ૦** તમારો નબી છે, **અને અલી** અ૦ તમારો અમીર છે.

એજ કીતાબમાં લખે છે કે મોઆવીયા બીન સોઅલબતુલલયસી બયાન કરે છે કે જ્યારે અબુઝર ગફ્ફારી રઝેયલ્લાહો અનહો સખત બીમાર થયા અને મરવાની નજીક પહોંચ્યા તો હઝરત અલી અ૦ ને વસીયત કરી, તે વખતે લોકોએ કહ્યું અગર તમો પોતાની વસીયત અમીરૂલ મોઅમેનીન ઉમર બીન ખત્તાબને બયાન કરતે તો તમારા માટે બેહતર થતે, અબુઝરે કહયું મેં મ્હારી વસીયત સાચા અમીરૂલ મોઅમેનીનને બયાન કરી છે. અને શીઆ મઝહબની કીતાબોમાં લખ્યું છે કે હઝરત અલી અ૦ માટેજ અમીરૂલ મોઅમેનીન ખાસ લકબ છે, તેઓ સીવાય બીજા માટે જાએઝ નથી કે એ લકબ રાખે.

એજ કીતાબમાં છે કે અબુસઇદે ખુદરીએ સલમાન રઝેયલ્લાહથી રીવાયત કરી છે કે મેં હઝરતે રસુલે ખુદા સ૦ ને અરજ કરી કે દરેક **નબી** માટે **વસી** હોય છે, આપનો વસી કોણ છે? આપે ફરમાવ્યું કે તને ખબર છે કે **મુસાનો** વસી કોણ હતો ? મેં અરજ કરી **યુશોઅબીનનુન**, હઝરતે ફરમાવ્યું શામાટે એ વસી થયા ? મેં અરજ કરી હ૦ મુસા અ૦ની

ઉમ્મતમાં જનાબે યુશાઅ સર્વે કરતાં વધારે ઇલમ ધરાવતા હતા, તે વખતે આપે ફરમાવ્યું કે મારો વસી અને મારા ભેદને જાણનારો અને મારી પાછળના સર્વે લોકો કરતાં બેહતર, અને મારા વાયદા પુરા કરનાર, અને મારા કરજને અદા કરનાર **અલી ઇબ્ને અબીતાલેબ** છે.

એજ કીતાબમાં છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે મેં મેઅરાજની રાત્રે **જન્નત**ના દરવાજા ઉપર સોનેરી અક્ષરે લખેલું જોયું કે (તેના ઉપર જે લખેલું હતું તેનો તરજુમો) નથી કોઇ ખુદા પણ એકજ, મોહમ્મદ સ૦ ખુદાના હબીબ છે, અલી ખુદાના વલી છે, ફાતેમા ખુદાની કનીઝ છે, હસન અને હુસયન ખુદાના પસંદ કરેલા છે, આ (બુઝરગવારો)ના દુશમનો ઉપર ખુદાની લાઅનત છે.

એજ કીતાબમાં લખે છે કે હઝરત અલીનું લકબ **"કસીમુન્નારે વલજન્નાહ"** છે, એટલે જન્નત અને જહન્નમને વેંહેંચવાવાળા છે, હોઝયફા રઝેયલ્લાહ અન્હો કહે છે કે જનાબે પયગમબરે ખુદા સ૦ ફરમાવતા હતા કે અએ અલી તમો જન્નત અને જહન્નમને વેંહેંચવા વાળા છો, અને તમો જન્નતનો દરવાજો ખખડાવશો અને તેમાં પોતાના દોસ્તોને હીસાબ દીધા વીના દાખલ કરશો,

એજ કીતાબમાં છે કે બુરીદતુલ અસ્લમીથી રીવાયત છે કે જનાબે રસુલેખુદાસ૦ ફરમાવતા હતા કે દરેક નબીનો **વસી** અને વારીસ હોય છે, મારો વસી અને વારીસ અલી છે

એજ કીતાબમાં છે કે અબુસઇદે ખુદરી રઝેયલ્લાહો તઆલાથી રીવાયત છે કે જનાબે રસુલે ખુદાએ ફરમાવ્યું છે કે **"અનાવઅલીય્યુન મિન્નુરિન્વાહેદ"** (એટલે હું અને અલી એક નુરથી છીએ) અને હઝરતે આદમ અ૦ પૈદા થવાની ચાર હજાર વરસ પહેલાં હું તથા અલી એક નુર હતા, જ્યારે અલ્લાહ તઆલાએ ખલકતને પૈદા કરી તો એ "નુર" હ૦ આદમ અ૦ ની પીઠમાં રાખ્યું, તે પછી એ નુર હમેશાં એકજ જગ્યોએ રહેતું આવ્યું, એટલે સુધી કે "અબ્દુલ મુત્તલીબ" ની પીઠમાં એ નુરના બે ભાગ થઇ ગયા, તો જાણો કે મારામાં **"નોબુવ્વત"** છે, અને "અલી" માં **"ખીલાફત"** છે.

એજ કીતાબમાં છે કે ઇબ્ને અબ્બાસથી રીવાયત છે કે તહકીક હઝરતે પયંગમ્બરે ખુદા સ૦ ફરમાવ્યું કે અલી તૌબાનો દરવાજો છે, જે શખસ એમાં દાખલ થયો તે મોઅમીન છે, અને તે શખસ તેનાથી નીકળી ગયો તે કાફર છે.

મુત્તલીબ બીન અબદુલ્લા બીન હતબે પોતાના બાપથી રીવાયત કરી છે કે જનાબે પયગમ્બરે ખુદા સ૦ ફરમાવતા હતા કે હું તમોને આ ઉમ્મતના ઝુલકરનૈનની મોહબ્બતની વસીયત કરૂં છું કે તે મારો ભાઇ અને મારા કાકાનો દીકરો અલી ઇબ્ને અબીતાલેબ છે, તહકીક તેની સાથે મોઅમીન હશે તેજ મોહબ્બત રાખશે, અને જે મુનાફીક હશે તે દુશમની રાખશે, જેણે એની સાથે મોહબ્બત કરી તેણે મારી સાથે મોહબ્બત કરી, અને જેણે તેની સાથે દુશમની કરી તેણે મારી સાથે દુશમની કરી.

ઇબ્ને અબ્બાસ કહે છે કે ખુદાની કીતાબમાં હઝરત અલીની શાનમાં જેટલી આયતો નાઝીલ થઇ છે તેટલી કોઇની પણ શાનમાં નાઝીલ થઇ નથી.

ઇમામ અબુઇસહાક સોઅલબી પોતાની તફસીરમાં નકલ કરી છે કે સુફયાનબીન અયનીય્યાને કોઇએ "સઅલસાએલુન" આયત વીશે પુછ્યું કે એ આયત કેના હકમાં નાઝીલ થઇ છે? તેણે કહયું તેં મને એવો મસઅલો પુછ્યો કે તારી પહેલે કોઇએ પુછ્યો નથી. (એમ કહીને તમામ વાત કહી)§

અબુસઇદે ખુદરીથી રીવાયત છે કે તહકીક ગદીરે ખુમને દીવસે હ૦ રસુલે ખુદા સ૦ લોકોને ઝાડની નીચે ઝાડુ આપવાનો હુકમ આપ્યો, ત્યાંથી ઝાડુ થકી કાંટાને વાળી નાંખ્યા. પછી હઝરત અલી અ૦ ને બોલાવીને બન્ને બાઝુ પકડીને ઉંચા કર્યા એટલે સુધી કે લોકોએ હઝરતની બગલની સફેતી જોઇ, પછી આપે ફરમાવ્યું કે જેનો હું "મૌલા" છું, તેનો અલી "મૌલા" તે પછી હજુ લોક વીખેરાઇ ગયા નહતા એટલામાં આ આયત નાઝીલ થઇ ("અલ વયઅકમલ્તો લકુમ" છેલ્લે સુધી*)

અબુહોરેરાથી રીવાયત છે કે હઝરતે રસુલેખુદાસ૦ ઝીલહજ મહીનાની ૧૮ મી તારીખે ગદીરે ખુમ ઉપર અલીનો હાથ પકડીને ફરમાવ્યું કે શું હું તમામ મોઅમેનીનની જાનથી **અવલા** (શ્રેષ્ટ) નથી ? લોકોએ અરજ કરી કે બેશક યા રસુલલ્લાહ આપ અમારી જાનથી અવલા છો, પછી આપે ફરમાવ્યું જેનો હું મૌલા છું તેનો અલી મૌલા છે, અને હ૦ ઉમર બીન ખત્તાબે કહયું અએ અલીઇબ્ને અબીતાલેબ તમોને મુબારક થાય કે તમો મારા અને દરેક મોઅમેનીનના મૌલા થયા, તે પછી ખુદાએ એ આયત નાઝીલ કરી (અલયવમ અકમ લ્તોલકુમ.)

---

§ * એ બન્ને બબતો ગદીરે ખુમના અહવાલમાં ખુલાસાથી લખી છે તેથી અહીં લખતા નથી.

ઇબ્ને અબ્બાસથી રીવાયત છે, તેઓ કહે છે અમો કુરેશમાંના જુવાનીયા મક્કામાં એક ટોળા સાથે બેઠા હતા, ત્યાં એક તારો તુટયો, તે વખતે હઝરતે ફરમાવ્યું કે આ તારો જેના ઘરમાં પડશે તે શખ્સ મારી પછી મારો વસી છે, આ સાંભળીને લોક ઉઠીને જોવા લાગ્યા તો જોયું કે તે તારો જનાબે અમીર અ૦ ના ઘરમાં પડયો, તે વખતે કેટલાંકે હઝરતને કહયું (મઆઝલ્લાહ) આપ અલીના સબબથી ભુલાવો ખાઓ છો, તે વખતે આ આયત નાઝીલ થઇ ("વન્નજમે એઝા હવા" તે છેલ્લે સુધી*)

એજ કીતાબમાં છે કે કુરઆનમાં **"હોવલ્લઝી અય્યદક બે નસરેહી વબિલ મોઅમેનીન"** છે (જેના અર્થ તે ખુદા એ છે કે તેણે તારી મદદ કરી પોતાની મદદથી અને મોઅમેનીનથી)તે વીશે દુર્રૂલ મનસુર વો૦ તફસીરમાં લખે છે કે અબુ હુરેરાથી મનકુલ છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે અર્શ ઊપર લખેલું છે કે "ખુદા સીવાય બીજો કોઇ માઅબુદ નથી અને તે એકલોજછે, તેનો કોઇ શરીક નથી, મોહમ્મદસ૦ મારો બંદો અને મારો રસુલ છે, એ અલીઇબ્ને અલીતાલેબ થકી તેની મદદ કરી.

"અયનુલહયાત"માં જનાબ મુલ્લા મોહમ્મદ બાકેર મજલીસી અઅલલ્લાહો મકામોહુ લખે છે કે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે આપે ફરમાવ્યું અમો અહલેબૈતની મોહબ્બત અમારા દોસ્તોના ગુનાહોને એવી રીતે પાડી નાંખે છે કે જેવી રીતે સખત હવા ઝાડના પાંદને પાડી નાખે છે.

હઝરતે ઇમામે રઝા અ૦ થી મનકુલ છે કે હઝરતે રસુલે ખુદાસ૦ ફરમાવ્યું કે ચાર શખસ એવો છે કે તેઓના ગુનાહ જમીનવાળાઓ જેટલા હશે તોપણ કયામતને દીવસે તેઓની શફાઅત કરીશ, ૧—એ કે જેણે મારી અહલેબૈતની મદદ કરી હશે. ૨—એ કે જેણે મારી અહલેબૈતની હાજત એવે વખતે પુરી કરી હશે કે જે વખતે તે હયરાન અને મુઝતર હોય. ૩—એ કે જેણે જીભ તેમજ દીલથી મારી અહલેબયત સાથે મોહબ્બત રાખી હશે. ૪—એ કે જેણે મારી અહલેબૈતને થતા નુકશાનને હાથઓ અટકાવેલ હશે.

એજ જનાબથી મનકુલ છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે જે કોઈ મારી અહલેબયત સાથે મોહબ્બત રાખશે તેને કયામતમાં ખુદાએ તઆલા નીર્ભયપણા સાથે ઉઠાડશે.

---

* તફસીર અને ખુલાસો તફસીરમાં જુઓ.

મોઅતબર સનદોના આધારે હઝરતે ઇમામે રઝા અ૦ થી મનકુલ છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે યા અલી જે કોઇ તમોને દોસ્ત રાખશે તે કયામતના દીવસે પયગમબરોની સાથે તેઓના દરજામાં હશે, અને જે કોઇ તમારો દુશમન મરી જાય તે જુવે તો યહુદી થઇને મરે જુવે તો નસરાની થઇને મરે, એટલે તેનો હાલ યહુદી અને નસારાની જેવો થવાનો, અને આપે ફરમાવ્યું કયામતમાં સર્વેથી પહેલે જે સવાલ થશે તે અમો અહલેબૈતની મોહબ્બતનો સવાલ થશે, એટલે અહલે બૈત અલયહે મુસ્સલામની મોહબ્બત દીલમાં હતી કે નહતી ? તે વીશે પુછા થશે.

મોઅતબર સનદના આધારે હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ થી મનકુલ છે કે આપે ફરમાવ્યું ખુદાની કસમ આસમાનમાં મલાએકાઓની સીત્તેર સફ છે કે અગર તમામ જમીનવાળા ભેગા થાય અને તેઓને ગણે તો એક સફને પણ ગણી શકે નહીં, તો એ ફીરાશ્તા અમારી વીલાયત થકી ખુદાની ઇબાદત કરે છે.

શેખ તુસી અલયહીર રહમાએ જ઼સીમ (કે તેઓ હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ ના અસહાબોમાંથી હતા) થી રીવાયત કરી છે કે એક રાત્રે અમીરૂલ મોઅમેનીન અ૦ ની ખીદમતમાં હતો, આપે ફરમાવ્યું કે જે બંદાના દીલને ખુદાએ ઇમાનની સાથે ઇમતેહાન કર્યું હોય તે જુવે ત્યારે તેના દીલમાં અમો અહલેબૈતની મોહબ્બત હોય છે, અને જે બંદા ઉપર ખુદાએ ગઝબ કર્યો છે, તે પોતાના દીલને જુવે તો તેમાં અમારી દુશમની જોશે, અને અમો અમારા દોસ્તોની મોહબ્બતના સબબથી ખુશ થઇએ છીએ અને પોતાના દુશમનોની દુશમનીને જાણીએ છીએ અમારો દોસ્ત જ્યારે સવાર કરે ત્યારે ખુદાની રહમતનો ઉમ્મેદવાર રહે છે, અને અમારો દુશમન સવાર કરે ત્યારે જહન્નમના કીનારા ઉપર ઉભો હોય છે કે મરે કે તરત જહન્નમમાં દાખલ થાય, ખરેખર અમારા દોસ્તો માટે રહમતના દરવાજા ખુલ્લા છે, ગવારા થાઓ તેઓને ખુદાની રહમતો, અને વાય છે અમારા દુશમનોના હાલ ઉપર, અને જે કોઇ અમારા દુશમનને દોસ્ત રાખે તે અમારો દોસ્ત નથી, અમારી દોસ્તી અને અમારા દુશમનની દોસ્તી મળી બન્ને દોસ્તી એક દીલમાં ભેગી થઇ શકતી નથી, અને જે કોઇ અમોને દોસ્ત રાખે તેને જોઇએ કે અમારા માટે ખાલીસ અને ચોખી દોસ્તી કરે, જેમકે સોનાને ભેગથી ચોખું કરે છે, અમો નજીબ અને ખુદાના બરગુઝીદા

(પસંદ કરેલા માનવંતા) છીએ, અમારા ફરઝંદો પયગમબરોના ફરઝંદો છે, અને હું વસીયોમાંનો વસી છું, હું હઝરતે રસુલે ખુદાનો મદદગાર છું, અને જેઓ મારી સાથે લડાઇ કરે છે તેઓ શયતાનનું લશકર છે, તો જે ચાહે કે તેના દીલમાં મારી મોહબ્બત કેવી છે તે વિશે આગાહ થાય તો તે પોતાના દીલનું ઇમતેહાન કરે, જો પોતાના દીલમાં અમારા દુશમનોની મોહબ્બત જુવે તો જાણે કે ખુદા અને જીબરઈલ અને મીકાઈલ તેના દુશમન છે, અને ખુદા કાફેરનો દુશમન છે, એટલે તે શખસના દીલમાં મારી મોહબ્બત નહીં પણ દુશમની છે એમ સમજે.

અમીરુલ મોઅમેનીન અ૦ જદલીને ફરમાવ્યું કે હું તને એવા હસના (નેકી)ની ખબર આપું ? કે જેની પાસે હોય તેને કયામતના દીવસે કાંઈ પણ બીક નહીં હોય, અને એ ગુનાહની ખબર આપું? કે જેની પાસે હોય તેને આગની રૂબરૂ ફેંકી આપવામાં આવશે. તેણે અરજ કરી હા ફરમાવો, આપે ફરમાવ્યું કે તે "હસના" અમારી મોહબ્બત છે, અને તે ગુનાહ અમારી દુશમની છે.

ફસલ પ મી.

હઝરતે મોહમ્મદે મુસ્તફા સ૦ અને જનાબે અલીયે મુરતઝા અ૦ નું નુર પૈદા થવાની કૈફીયત અને મુદ્દત વીગેરે.

સુન્ની અને શીઆહની કેતાબોથી બરાબર સાબીતછે કે હઝરતે રસુલેખુદા સ૦ અને જનાબે અલીયે મુરતઝા એક નુરથી પૈદા થયા છે, જેમકે સુન્નત જમાઅતના આલીમ ઇમામ અહમદ હમ્બલે ફઝાએલમા લખ્યુંછે કે મારી પાસે અબદુર રઝ્ઝાકે હદીસ કહી, અને તેણે એઅમીરથી સાંભળી અને તેણે ઝોહરીથી, અને તેણે ખાલીદબીન મઅદાનથી અને તેણે ઝાદાનથી, અને તેણે સલમાને ફારસી રઝેયલ્લાહથી, કે તેઓએ કહ્યું હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે હું અને અલી ઇબ્ને અબીતાલેબ આદમ અ૦ ની પૈદાઇશની ચાર હજાર વરસ પહેલે અલ્લાહ તઆલાની રૂબરૂ આલમે નુરમા હતા, પછી જ્યારે હઝરતે આદમ અ૦ પૈદા થયા ત્યારે તે નુરના બે ભાગ થયા એક ભાગ હું

છું અને એક ભાગ અલી છે, અને બીજી રીવાયતમાં છે આપે ફરમાવ્યું કે હું અને અલી એક નુરથી પૈદા થયા છીએ, અને બીજી રીવાયતમાં છે કે જનાબે અમીર અ૦ થી મરવી છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે ૯૦ આદમ અ૦ બેહજાર વરસ પહેલે હું તથા અલી એક નુરથી પૈદા થયા, જ્યારે આદમ અ૦ પૈદા થયા ત્યારે એ નુર તેઓના સુલ્બમાં ગયું, પછી એ નુર પાક રહમોમાં આવતું ગયું, એટલે સુધી કે છેલ્લે અબ્દુલ મુત્તલીબની સુલ્બમાં પહોંચ્યું, તે પછી એ નુરના બે કટકા થયા, મારૂં નુર અબ્દુલ્લાહની અને અલીનું નુર અબુતાલેબની સુલ્બમાં ગયું પછી ખુદાએ મને નેબુવ્વતની સાથે અને અલીને શુજાઅત ઇલ્મ અને ફસાહતની સાથે ઇન્તેખાબ કરી પોતાના મુબારક નામોમાંથી અમારા માટે બે નામ કાઢ્યા, પોતાના મહમુદ નામથી મારૂં મોહમ્મદ નામ રાખ્યું અને પોતાના અઅલા નામમાંથી તેનું અલી નામ રાખ્યું અને ઇબ્ને મસઊદથી નુરની રીવાયત છે તેમાં એ શબ્દો પણ છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું મને નબી કર્યો અને અલીને વસી. અને નુરની રીવાયત દયલમીથી છે તેમાં એ શબ્દો પણ છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે મારામાં નેબુવ્વત છે, અને અલીમાં ખીલાફત.

અબુલફતહ મોહમ્મદ બીન અલીબીન ઇબ્રાહીમ નતરીએ કીતાબ ખસાએસુલ અલવીયાહમાં સલમાને ફારસી રઝીયલ્લાહો અન્હોથી રીવાયત કરી છે કે મેં એ હઝરત સ૦ ને ફરમાવતા સાંભળ્યું છે કે હઝરતે આદમની ચઊદ હજાર વરસ પહેલે હું અને અલી અર્શના જમણી તરફ એક નુરથી પૈદા થયા છીએ, અમો ખુદાની તસબીહ અને તકદીસ કરતા હતા, જ્યારે ખુદાએ આદમ અ૦ ને પૈદા કર્યા તો અમોને પાક પીઠોથી એઓના પાક રહમોમાં મોકલતો ગયો, એટલે સુધી કે અમો અબ્દુલ મુત્તલીબની સુલ્બ સુધી પહોંચ્યા, પછી અમારા બે હીસ્સા કર્યા, એક હીસ્સો અબ્દુલ્લાહની સુલ્બમાં અને એક હીસ્સો અબુતાલેબની સુલ્બમાં મોકલ્યો, એક હીસ્સાથી મને અને બીજા હીસ્સાથી અલીને બનાવ્યા, અને અમારા માટે પોતાના અસમાએ હુસ્નામાંથી નામો કાઢ્યા, જેમકે અલ્લાહ (નું નામ) મહમુદ છે, હું (મારૂં નામ) મોહમ્મદ છું, અલ્લાહતઆલા (નું નામ) અઅલા છે, મારા ભાઇ (નું નામ) અલી છે, અલ્લાહ તઆલા (નું નામ) ફાતેર છે, મારી દીકરી (નું નામ) ફાતેમાહ છે. અલ્લાહ (નું નામ) મોહસીન છે, મારા બન્ને ફરઝંદો (નું નામ) હસન અને હુસૈન છે,

પછી મારૂં નામ પયગમબરીમાં, અને અલીનું નામ ખીલાફત અને શુજાઅ-તમાં દરજ કર્યું, હું ખુદાએ તઆલાનો રસુલ છું, અને અલી અ૦ અલ્લા-હ તઆલાની તલવાર છે.

સુન્નત જમાતના પીરાનેપીર જનાબ શેખ અબ્દુલકાદેર જીલાનીસાહેબે અબુહોરેરા સુધી સનદ પહોંચાડીને એક હદીસ લખી છે કે અબુહોરેરાએ હઝરતે રસુલેખુદાસ૦ ને ફરમાવતાં સાંભળ્યું કે જ્યારે હકતઆલાએ હઝરતે આદમ અ૦ ને પૈદા કર્યા અને તેઓના અંગમાં પોતાની રૂહ ફુંકી તો જ-નાબે આદમે અર્શની જમણી બાજુએ જોયું કે પાંચ પાક તનના નુર રૂકુઅ અને સીજદા કરી રહયા છે, આદમે અરજ કરી અએ મારા પરવરદીગાર શું તેં મારી પહેલે માટીથી કોઇને પૈદા કરેલ છે? ખુદાવંદે ક-રીમે જવાબ આપ્યો કે નહીં, તે વખતે આદમે પુછ્યુ તો આ કોણ બુઝ-રગો છો? કે જેઓને મારી શીકલ અને સુરતમાં જોઉં છું. ખુદાએ ફરમાં-વ્યું આ તારી ઓલાદમાં થનારા પાંચ તન છે, પણ તમોને પૈદા કર્યા તેથી તેઓને બનાવ્યા નથી, અને તેઓને મેં મારા નામોમાંથી પાંચ નામ કાઢી આપ્યાં છે, અગર આ નહતે તો હું જન્નત દોઝખ અર્શ કુરસી આસમાન ઝમીન ફીરીશ્તા જીન્નાત ઇનસાન વી૦ ચીજોને પૈદા ન કરતે. તો હું (મારૂં નામ) **મહમુદ** છું, અને આ (નું નામ) **મોહમ્મદ** છે, હું (મારૂં નામ) **આલી** છું અને આ (નું નામ) **અલી** છે, હું (મારૂં નામ) **ફાતેર** છું, અને આ(નું નામ) **ફાતેમાહ** છે, હુ (મારૂં નામ) **એહસાન** છું અને આ (નું નામ) **હસન** છે, હું (મારૂં નામ) **મોહસીન** છું આ(નું નામ) **હુસૈન** છે. મને મારી ઇજ્જતની કસમ છે જે કોઇ રાઇના દાણા જેટલો પણ તે-ઓની સાથે બુગઝ રાખીને મારી પાસે આવશે તો હું તે શખસને જરૂર દોઝખમાં દાખલ કરીશ અને મને તેની કાંઇ પણ પરવા નહીં હોય, અએ આદમ આ મારા માનવંતા છે હું તેઓના સબબથી ઘણા લોકોને હલાક કરીશ, જ્યારે તને કોઇ હાજત પેશ આવ્યા કરે ત્યારે તેઓની ઝાત થકી મારી જનાબમાં વસીલો લીધા કર, પછી એ હઝરત ફરમાવતા હતા કે અમે **નજાત**ની કીશ્તી છીએ જેણે આ કીશ્તીની સાથે પોતાનો ઇલાકો રાખ્યો તે **નજાત** પામશે, અને જે તેથી મોઢું ફેરવશે તે હલાક થશે, તો જે કોઇને ખુદા પાસે પોતાની હાજત રવા કરાવવી મનઝુર હોય તેને જોઇએ કે ખુદાની દરગાહમાં અમો અહલેબૈતનો વસીલો લઇ જાય.

અનસબીન માલીકથી રીવાયત છે કે હઝરતે રસુલેખુદાસ૦ ફરમાવતા હતા કે હું તથા અલી એક નુરથી પૈદા થીઆ છીએ, અમો ખલ્કતની પૈદાઇશની પહેલે અરશની જમણી બાજુ ખુદાની તસબીહ કરતા હતા, જ્યારે ખુદાએ હ૦ આદમ અ૦ ને બેહીશ્તમાં રહેવાનો હુકમ આપ્યો ત્યારે અમો તેઓની સુલ્બમાં મવજુદ હતા, પછી જ્યારે હઝરતે નુહ અ૦ કી- શ્તીમાં સ્વાર થયા તો તે વખતે પણ અમો તેઓની પીઠમાં મવજુદ હતા, જ્યારે હઝરતે ઇબરાહીમ અ૦ ને આગમાં નાંખ્યા ત્યારે અમો તેઓની પીઠમાં મવજુદ હતા, એ પ્રમાણે હક્તઆલા અમોને એક પીઠથી બીજી પીઠ તરફ મોકલતો ગયો, એટલે સુધી કે અમોને અબદુલ મુત્તલીબની સુલ્બ માં મુકીને એ અમારા નુરના બે ભાગ કર્યા, મને અબદુલ્લાહની સુલ્બમાં અને અલીને અબુતાલેબની સુલ્બમાં જગ્યો આપી, મને નોબુવ્વત અને રી- સાલતથી, અને અલીને શહસવારી અને ફસાહતથી મુમતાઝ કર્યા, અને અ- મારા માટે પોતાના અસમાએ હુસ્નામાંથી બે નામ કાઢયા, તો અર્શનો પર- વરદીગાર મહમુદ છે અને હું મોહમ્મદ છું, અને તે અઅલા છે અને આ "અલી" છે.

આ તમામ સુન્નત જમાતની કીતાબોને આધારે લખાએલી રીવાયતો અને હદીસો હતી, હવે શીઆહઓની રીવાયતો અને હદીસો વગેરે નીચે મુજબ.

ખુદાએ તઆલાએ કુરઆને શરીફમાં સુરએ અઅરાફની ૧૫૭ મી આયતમાં જે ફરમાવ્યું છે તેની તફસીર અમો ખુલાસાથી તફસીર "અન- વારૂલ બયાન"માં લખી ચુકયા છીએ, અહીંયા ટુંકમાં એ કે ખુદા ફરમાવે છે કે જેઓ પયગમબર ઉમ્મીની પૈરવી કરે છે તે એવો પૈગમ્બર છે કે તેની તાઅરીફ અને વખાણ તવરેત અને ઇનજીલમાં પોતાની પાસે લખેલી પામે છે, તે તેઓને નેકીયોનો હુકમ કરે છે અને બુરાઇની મનાઇ કરે છે, તેઓ માટે તય્યબ અને પાક ચીજોને હલાલ અને ખબીસ તથા બદ ચીજોને હરામ કરે છે, તેઓથી સખત ભાર એટલે બહુ મેહનતવાળી તકલીફો લઇ લીએ છે, તેમજ અહદ અને પયમાનને ઉપાડી લીએ છે.

તો જે લોક એ પયગમબર ઉપર (૧) ઇમાન લાવ્યા, (૨) અને તેની તાઅઝીમ કરી, (૩) અને તેઓની મદદ કરી, (૪) અને જે નુર તેની સાથે નાઝીલ થયું છે તેની પૈરવી અને તાબેદારી કરી, એજ લોક રસ્તગારી પામવા વાળા છે, તો આમાં જે નુર શબ્દ આવ્યો છે તે માટે ઘણા તફ-

સીર લખનાર તેથી મુરાદ કુરઆને શરીફ લીએ છે, પણ કુલયનીએ તેથી મુરાદ હઝરતે અલી અને અઇમ્મએ તાહેરીન લીધેલ છે, અને અલીઇબ્ને ઇબરાહીમે રીવાયત કરી છે કે નુરથી મુરાદ અમીરૂલ મોઅમેનીન અ૦ છે, અય્યાશીએ હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ થી રીવાયત કરી છે કે આ આયતમાં નુરથી મુરાદ હઝરત અલી અ૦ છે, અને આ આયતમાં આવ્યું છે કે તે હઝરતની સાથે જે નુર નાઝીલ થયું તેની પૈરવી અને તાબેદારી કરે તેને માટે રસ્તગારી છે, તો કુરઆન તો તેઓની ઉપર નાઝીલ થયું છે, અને સાથે નાઝીલ થએલ નુર હઝરત અલી છે, કેમકે સુન્ની અને શીઆહ એકમત છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યુ કે હું અને અલી એક નુરથી છીએ, અને એક નુર હતા અને સાથેજ દુન્યામાં આવ્યા જેમકે ઉપર હદીસોમાં આવ્યું અને નીચે આવશે.

હાસલકલામ હકતઆલાએ પયગમબરો પાસેથી હઝરતે મોહમ્મદે મુસ્તફા સ૦ વીશે એ અહદ અને પયમાન લીધો કે પોતપોતાની ઉમ્મતને ખબર આપે અને મદદ કરે, તો પયગમ્બરોએ પોતાની ઉમ્મતને ખબરઆપી હુકમ આપ્યો કે તેઓની પૈરવી કરજો, અને એ પયગમબરો પાછા રજઅતમાં આવશે અને એ હઝરતની તાઇદ અને યારી કરશે

પંજેતને પાકનું નુર હઝરતે આદમ અ૦ નો પહેલે કેટલી મુદ્દત હતું તે વીશે સુન્નીઓમાં તેમજ શીઆહમાં ઇખ્તેલાફ છે, એટલે વરસોની ગણત્રીમાં કેટલાએક રીવાયતો આવેલી છે, કોઇમાં બે હજાર વરસ પહેલે, કોઇમાં ચઉદ હજાર વરસ પહેલે કોઇમાં ચાર લાખ અને ચોવીસ હજાર વરસ પહેલે વીગેરે વીગેરે ઇખતલાફ છે, પણ જનાબે મજલીસી અઅલલ્લાહો મકામોહુએ હયાતુલ કોલુબમાં લખ્યું છે કે તમામ મખલુકાતની પહેલે અમુક અમુક વરસ પયદા થીએલ છે વારીદ થયું છે અને તેમાં વરસોની ગણત્રીમાં ફરક છે, તો ખલકના અર્થ કેટલાક થાય છે, તેમજ દરેકના મરતબા જુદા જુદા છે, તો દરેક ખલકતની સાથે દરેક મુદ્દતનો આધાર થઇ શકે છે, જેમકે તેનો ખુલાસો બેહારૂલ અનવારમાં લખેલછે, તમામ મખલુકાતની પહેલે એ નુર પેદા થયું તેમાં કશો શક નથી, અને મુદ્દતનો ઇખ્તેલાફછે તેમાં કાંઇ હરકત નથી, જે માલીકને હજાર વરસ પહેલા પૈદા કરવાની શકતી છે તેને કરોડ વરસ પહેલાં પણ પૈદા કરવાની શકતી છેજ.

હવે નુરની પૈદાઇશની રીવાયતો લખવામાં આવે છે.

ઇબ્ને બાબ વયહ રહમતુલ્લાહે પોતાની સનદથી હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ થી રીવાયત કરી છે કે હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવ્યું છે કે હકતઆલાએ હઝરતે રસુલે ખુદા સ૦ ના નુરે મુકદ્દસને આસમાન, જમીન, અર્શ કુરસી, લવહ, કલમ, બેહીસ્ત, દોઝખ અને તમામ પયગમબરોને પૈદા કરવાની ચાર લાખ અને ચોવીસ હજાર વરસ પહેલે પૈદા કર્યું. પછી એ નુરથી બાર હેજાબ પૈદા કર્યા, (એહેજાબનાં નામ વી૦ એક રીવાયત લખીને લખવામાં આવશે) હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ થી રીવાયત કરી છે કે હકતઆલાની ઝાત શીવાય બીજી કોઇ ચીજ નહતી તે વખતે પહેલે જે ચીજ પયદા કરી તે પોતાના હબીબ મોહમ્મદ મુસ્તફા સ૦ નું નુર હતું, અને પાણી અર્શ કુરસી આસમાન જમીન લવહ કલમ બેહીશ્ત દોઝખ અને મલાએકાની પૈદાઇશની ચાર લાખ ચોવીસહજાર વરસ પહેલે પૈદા કર્યું, જ્યારે હઝરતે રસુલેખુદાસ૦નું પૈદા કર્યું ત્યારે હજાર વરસ સુધી તે પોતાના પરવરદીગાર સામે ઊભુ રહી તેનો હમ્મદ અને સના (વખાણ) કરતુ રહયું હકતઆલા એ નુરઊપર રહમતની નજર રાખતો અને ફરમાવતો હતો કે આલમને ખલક કરવાથી તુજ મારી મુરાદ અને મકસુદ છો અને તુજ ખૈર અને સઆદત (નેકબખ્તીયો) નો ઇરાદો કરવા વાળો છો, અને તુજ તમામ કરતા માનવંત છો, હું મારી ઇજ્જત અને જલાલની કસમ ખાઊંછું કે અગર તુ નહતેતો હું આસમાનોને પૈદા નકરતે જે તને દોસ્ત રાખે તેને દોસ્ત રાખું છું, અને જે તને દુશ્મન રાખે અને તારી પયરવી ન કરે તેને હું દુશમન રાખું છું, પછી હઝરતનું નુર ચમકતુ હતું અને તેનાથી નુરના ભડકા નીકળતા હતા, પછી હકતઆલાએ એ નુરથી બાર હેજાબ પયદા કર્યા.

હકતઆલાએ બાર હેજાબ પૈદા કર્યા તે આ છે–૧–હેજાબે **કુંદરત. ૨–હેજાબે અઁઝઁમત. ૩–હેજાબે મીન્નત. ૪-હેજાબે રહઁમત. ૫–હેજાબે સઆદત. ૬–હેજાબે કરામત. ૭–હેજાબે મનઝેલત. ૮–હેજાબે હીદાયત. ૯–હેજાબે નોબુવ્વત. ૧૦–હેજાબે રફઅઁત. ૧૧–હેજાબે હેબત. ૧૨–હેજાબે શફાઅઁત.**

પછી એ નુરે મુકદ્દસને બાર હજાર હેજાબે કુદરતમાં રાખ્યું, અને તે નુર ત્યાં આ તસબીહ કરતું હતું, **"સુબ્હાન રબ્બેયલ અઅૅલા"** અને હેજાબે **અઝમત**માં અગીયાર હઝાર વરસ આ તસબીહ કરી **"સુબ્હાન આલેમીસ્સીરરે"** અને હેજાબે એીન્નતમાં દસહજાર વરસ આ તસબીહ કરી **સુબ્હાન મનહોવ કાંએમુનં લાયહહુ** અને હેજાબે રહમતમાં નવ હજાર વરસ આ તસબીહ કરી **"સુબ્હાનર રફીઈલ અઅૅલા"** અને હેજાબે **સઆદત**માં આઠ હજાર વરસ આ તસબીહ કરી, **"સુબ્હાન મન્હોવ દાંએમુન લાયસહૂ"** અને હેજાબે **કરામત**માં સાત હજાર વરસ આ તસબીહ કરી. **"સુબ્હાન મન્હોવ ગનીય્યુન લાયફતકેરો.** અને હેજાબે મનઝેલતમાં છ હઝાર વરસ આ તસબીહ કરી, **"સુબ્હાનલં અં-લીમીલ કરીમ"** અને હેજાબે હીદાયતમાં પાંચહઝાર વરસ આ તસબીહ કરી, **"સુબ્હાન ઝીલં અર્ષીલં અઝીમ"** અને હેજાબે નોબુવ્વતમાં ચાર હઝાર વરસ આ તસબીહ કરી, **"સુબ્હાન રબ્બીલં ઈઝ્ઝતે અમ્મા યસેફૂન"** અને હેજાબે **રફઅત**માં ત્રણ હઝાર વરસ આ તસબીહ કરી, **સુબ્હાન ઝીલમુલ્કે વલમલકૂત"** અને હેજાબે હેબત માં બે હઝાર વરસ આ તસબીહ કરી, **"સુબ્હાનલ્લાહે વ**

બેહંમ્દેહુ" અને હેજાબે શફાઅતમાં એક હજાર વરસ આ તસબીહ કરી, "સુબ્હાન રબ્બેયલ અંઝીમે વબેહંમ્દેહ."

પછી હઝરતે રસુલે ખુદા સ૦ નું નામ મુબારક લવહની ઉપર જાહેર કરયું તે નામ લવહ ઉપર ચાર હજાર વરસ ચમકતું રહયું. પછી એ નામ અર્ષ ઉપર જાહેર કરીને અર્ષના સાક ઉપર સબ્ત કર્યું, અને ત્યાં સાત હજાર વરસ રહ્યું, અને ત્યાંથી નુર ચમકતું હતું, પછી એ નુર એકથી બીજી જગ્યોએ રફઅત અને જલાલની હાલતમાં જતું હતું એટલે સુધી કે હકતઆલાએ એ નુરે મુકદ્દસને હઝરતે આદમ અ૦ ની પીઠ મુબારકમાં સાકીન કર્યું, તે પછી હઝરતે આદમ અ૦ ના સુલ્બથી ૬૦ નુહ અ૦ ની સુલ્બ સુધી આવ્યું, છેલ્લે એજ પ્રમાણે હમેશા પાક અસલાબોમાં એક સુલ્બથી બીજા સુલ્બમાં ફિતરતું ગયું એટલે સુધી કે હકતઆલાએ તે નુરને અબ્દુલ્લાહ બીન અબ્દુલ મુત્તલીબની સુલ્બથી જાહેર કર્યું, અને ખુદાએ એ હઝરતને છ કરામતો અતા કરીને માનવંતા કર્યા, ૧—"ખુશનુદી"નું પૈરાહન તેઓને પહેરાવ્યું. ૨—"હૈબત"ની રીદા તેઓને ઓઢાડી. ૩—હીદાયત"નું તાજ પહેરાવ્યું, ૪—"રફઅત"§નો જામો પેહરાવ્યો. ૫—"માહબ્બત"નો કમરપટ્ટો બાંધાવ્યો. ૬—"ખોફ" અને "બીમ"ની નઅલયન(પગરખાં) પહેરાવી. "મનઝેલત"નો અસા* (લાકડી) તેઓના હાથમાં આપ્યો.

પછી વહય નાઝીલ ફરમાવી કે અએ મોહમ્મદ હવે ખલાએક તરફ જાઓ અને તેઓને હુકમ આપો કે "લાએલાહ ઇલલલ્લાહ મોહંમ્મદુર રસુલુલ્લાહ" કહે.

જાણવું જોઇએ કે એ હઝરતને જે પહેરાન પહેરાવ્યું તે અસલમાં છ કીસમનું હતું, આગોપીછો "યાકુત"નો બાંયો "મરવારીદ"ની, ઘેર પીળા "બીલોર"નો, બગલ "ઝબરજદ"ની, ગળપટ્ટી રાતા "મરજાન"ની, ગળાની આગળની પટ્ટી પરવરદીગારના નુરની. હકતઆલાએ એ પૈરાહનના સબબથી

§ "મારેફત"નો જામો પેહરાવ્યો એમ પણ લખે છે. * છ ચીજ લખ્યા પછી એ ચીજ લખી છે.

હઝરતે "આદમ" અ૦ ની તોબા કબુલ કરી, અને "યુસુફ" અ૦ ને એ પૈરાહનની બરકતથી હ૦ યાઅકુબ અ૦ સાથે મેળવ્યા, હ૦ યુનુસ અ૦ ને તેજ પૈરાહનની બરકતથી માછલીના પેટમાંથા નજાત આપી, હાસલ કલામ દરેક પૈગમ્બરને બલા અને મેહનતથી એજ પૈરાહનની બરકતથા નજાત મળી, અને એ પૈરાહન નહતું પણ હઝરતે મોહમ્મદ સ૦ નું પૈગહન હતું.

બીજી મોઅતબર સનદોની સાથે મઆઝબીન જબલથી મનકુલ છે કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે હકતઆલાએ દુન્યાની ખલકત સાત હજાર વરસ પહેલે મને અને અલી, ફાતેમાહ, હસન, હુસયનને ખલ્ક કર્યા, મઆઝે અરજ કરી યા રસુલુલ્લાહ પછી આપ કયાં રહેતા હતા ? ફરમાવ્યું અમો અર્ષની સામે ખુદાની તસબીહ, તહમીદ, તકદીસ અને તમજીદ કરતા હતા. વળી અરજ કરી કે તે વખતે આપ સર્વેની શું હૈઅત હતી? ફરમાવ્યું પહેલે અમો નુરના અશબાહ હતા, જયારે ખુદાએ ચહ્યું કે અમારી સુરત ખલ્ક કરે તો અમોને નુનું ઓમુદ બનાવીને આદમના સુલ્બમાં રાખ્યું, પછી અમોને બાપોના સુલ્બથી માતાઓના રહમમાં ઉતારતો હતો, પણ કોઇ વખતે શીરક અને ઝીનાની નજાસત જે કુફરના ઝમાનામાં હતી તે અમો સુધી પહોંચી નથી, એનો ખુલાસો એ કે એ બુઝરગવારો હઝરતે આદમઅ૦ થી જનાબે અબ્દુલ્લાહ અને જનાબે અબુતાલેબ સુધી બાપની પીઠ અને "મા" ના રહમમાં થતા થતા આવ્યા તો ત્યાં સુધીમાં જેટલાઓની પીઠ અને રહમમાં આવ્યા એ સરવે પાક હતા, મતલબ એ કે પેહલેથી છેલ્લે સુધી તેઓના સરવે બાપદાદા ખુદાને માનનારા હતા કોઇ પણ કાફર કે મુશરીક નહતુ, અને શીઆહ મઝહબનો એઅતેકાદ છે કે તમામ પયગમબરો અને ઇમામોના બાપદાદા હ૦ આદમ સુધી મુસલમાન હતા કોઇ પયગમબર કે ઇમામના બાપદાદાએ કોઇ વખત પણ ખુદા સીવાય બીજા કોઇ બુત વી૦ ની પરસતીશ કરી નથી ,તેમજ પયગમબર કે ઇમામ પણ અસલથીજ ખુદા પરસ્ત હતા, એમ નથી થયું કે પહેલે બુતપરસ્ત હોય તે પછી ઇમાન લાવ્યા બાદ ઇમામ કે પયગમબર થયા હોય.

પછી ફરમાવ્યું કે દરેક ઝમાનામાં અમો ઉપર ઇમાન લાવવાના સબબથી એક ટોળું નેકબખ્ત થતું હતું, અને અમારા ઉપર ઇમાન ન લાવવાના સબબથી એક ટોળું શકી થતું હતું, આ ઉપરથી પણ સાબીત થયું કે શીઆહ હ૦ આદમ અ૦ ના વખતથીજ હતા તે દરેક ઝમાનામાં શીઆહ અહલેબૈતના દોસ્ત અને અહલેબૈત ઉપર ઇમાન લાવનારાને કહેતા હતા.

પછી આપે ફરમાવ્યું કે જ્યારે ખુદાએ અમારા નુરને અબ્દુલ મુત્તલીબના સુલ્બમાં મોકલ્યું ત્યારે એ નુરના બે હીસ્સા કરીને અરધા ભાગને અબ્દુલ્લાહના સુલ્બમાં, અને બીજા અરધા ભાગને અબુતાલીબના સુલ્બમાં રાખ્યું, પછી મારા નુરનો જે ભાગ હતો તે (મારી વાલેદા) "આમેના"ના રહમમાં, અને એ નુરનો બીજો ભાગ એટલે અલીના નુરને (તેઓની વાલેદા) ફાતેમા બીન્તે અસદના રહમમાં મોકલ્યું, તેથી હું આમેનાથી અને અલી ફાતેમા બીન્તે અસદથી પૈદા થીઆ. પછી એ નુરનો તમામ ઓમુદ મારી તરફ પાછો આવ્યો, અને ફાતેમા મારાથી પૈદા થઇ, પછી એ તમામ નુરનો ઓમુદ અલી તરફ ગયો અને એ નુરના બન્ને ભાગથી હસન તથા હુસયન પૈદા થયા, અને હુસૈનના ફરઝંદોથી જે ઇમામો થશે તેઓમાં મારૂં નુર કયામત સુધી રહેશે.

ઘણી સનદો સાથે હઝરતે રસુલેખુદાસ૦થી મનકુલ છે કે હકતઆલાએ આદમ અ૦ ની પૈદાઇશની પહેલે મને અલી અને ફાતેમાહ અને હસન અને હુસયનને ખલ્ક કર્યા, અને તે એ વખત હતો કે ન આસમાન હતો, ન જમીન હતી, ન ઝુલ્મ (અંધકાર) હતું ન નુર હતું, ન સુર્ય હતો ન ચંદ્ર, ન દોઝખ હતી ન બેહીશ્ત.

અબ્બાસે અરજ કરી યા હઝરત આપની પૈદાઇશની શુરૂઆત કેવી રીતે છે? આપે ફરમાવ્યું અએ કાકા જ્યારે ખુદાએ અમોને પૈદા કરવા ચાહયા ત્યારે પહેલે એક કલામ ઇજાદ કર્યો, પછી એ કલામથી એક નુર પૈદા કર્યું, પછી બીજો કલામ ઇજાદ કરીને તેનાથી એક રૂહ પૈદા કરી, અને તે નુર અને રૂહને મીશ્ર કરીને મને અને અલી ફાતેમાહ હસન અને હુસયનને પૈદા કર્યા, અને એ વખતે અમો ખુદાની તસ્બીહ કરતા હતા કે જે વખતે બીજુ કોઇ તસબીહ કરનાર નહતું. અને એ વખતે તેની તકદુસ અને પાકીના શબ્દો થકી યાદ કરતા હતા કે તે વખતે અમારા શીવાય બીજું કોઇ તકદીસ કરનાર નહતું.

પછી જ્યારે ખુદાએ તમામ મખલુકાતને પૈદા કરવા ચાહ્યું તો મારા નુરને શીગાફતા (ચીરી) કરીને તે થકી અર્શ પૈદા કર્યું, તો અર્શનું નુર મારા નુરથી છે અને મારૂં નુર ખુદાના નુરથી છે, અને મારૂં નુર અર્શથી અફઝલ છે. પછી મારા બીરાદર અલી ઇબ્ને અબોતાલેબના નુરને શીગાફતા કરીને તે થકી મલાએકાઓને પૈદા કર્યા, તો મલાએકા અલીના નુરથી પૈદા થયા, અને અલીનું નુર ખુદાના નુરથી છે, અને અલી મલાએકાથી અફઝલછે.

પછી મારી દુખ્તર ફાતેમાહના નુરને શીગાફતા કરીને આસમાનો અને જમીનને પૈદા કરી તો આસમાન અને જમીન મારી દુખતર ફાતેમાહના નુરથી પૈદા થયાં, અને ફાતેમાહનું નુર ખુદાના નુરથી છે, અને ફાતેમાહ આસમાનો અને જમીનથી અફઝલ છે, પછી મારા ફરઝંદ હસનના નુરને શીગાફતા કરીને સુર્ય અને ચંદ્રને તે થકી પૈદા કર્યા, તો સુર્ય અને ચંદ્ર મારા ફરઝંદ હસનના નુરથી પૈદા થયા છે. અને મારા ફરઝંદ હસનનું નુર ખુદાના નુરથી છે, અને મારો ફરઝદ હસન સુર્ય અને ચદ્રથા અફઝલ છે. અને મારા ફરઝદ હુસયનનું નુર શીગાફતા કરીને બેહીશ્ત અને હુરલઈન તે થકી પૈદા કરી, તો બેહીશ્ત અને હુરલઈન મારા ફરઝંદ હુસૈનના નુરથી પૈદા થયા છે, અને હુસયનનું નુર ખુદાના નુરથી છે, અને મારો ફરઝંદ હુસયન બેહીશ્ત અને હુરલઈનથી બેહતર છે.

મોઅતબર સનદના સાથે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે ખલાએકને ઇજાદ કરવાનો બે હજાર વરસ પહેલે ખુદાની પાસે હઝરતે મોહમ્મદ અને અલી બેનુર હતા, જ્યારે મલાએકએ એ બેનુર જોયા ત્યારે એકને અસલ જોયું અને તેમાંથી એક શોઆઅ (નુરનો ભડકો) ચમકતી હતી કે તે તેની ડાળ હતી, મલાએકાઓએ અરજ કરી કે ખુદાવંદા આ કોનું નુર છે? હકતઆલાએ ફરમાવ્યું આ નુર મારા નુરથી છે અને આની અસલ પયગમબરી છે. અને ડાળ ઈમામત છે. તો પયગમબરી મોહમ્મદ સ૦ ને માટે છે જે મારો બંદો અને રસુલ છે, અને ઇમામત અલી માટે છે કે જે મારી હુજ્જત અને ખલીફો છે, અગર આ નુર નહતે તો હું કોઇ ખલ્કને પૈદા ન કરતે.

ફસલ ૬ ઠ્ઠી.

હઝરતના નુર પછી અર્ષ વી૦ ની પૈદાઇશ.

મોઅતબર સનદ સાથે હદીસમાં હઝરતે ઈમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે હકતઆલાએ હઝરતે રસુલે ખુદા સ૦ ને ખીતાબ ફરમાવ્યો કે અએ મોહમ્મદ મેં આસમાન ઝમીન અને અર્ષ કુરસીની ખીલકતની પહેલે તમોને અને અલીને એક નુરથી પૈદા કર્યા એટલે એક રૂહ

અંગ વીનાનીથી પૈદા કરી. પછી તમો અને અલી હમેશાં તહલીલતસબીહ અને તમજીદ કરતા રહયા, અને મને મારી વહદાનીયત અને અઝમતનો ઝીકર કરતા રહયા, પછી એ રૂહ મારી પાકી અને બુઝરગવારીનો ઝીકર કરતી રહી, તે પછી મેં તમો બન્નેની રૂહને આપસમાં ભેગી કરીને બન્નેને એક કરી આપી, પછી એ રૂહના બે ભાગ કર્યા, તે પછી તે દરેક ભાગના બે ભાગ કર્યા તેથી મોહમ્મદ અલી અને હસન હુસયન પૈદા થયા, પછી હકતઆલાએ ફાતેમાહને એક જુદાજ નુરથી પૈદા કર્યા એટલે એક રૂહ અંગ વીનાનીથી, અને તે નુર અમો અહલેબૈતમાં જારી અને સારીછે.

હકતઆલાએ એ નુરથી બાર હેજાબ પૈદા કર્યા તે હેજાબના નામ અને તેમાં જે જે તસબીહ કરી તેનું બયાન ઉપર ખુલાસાથી આવી ગયું; બીજી રીવાયતમાં જે બાર હેજાબનું બયાંન છે તેમાં દરેક હેજાબમાં જે જે તસબીહ કરવાનું લખ્યું છે તે તસબીહમાં ફેરફાર છે, છેવટે બારે હેજાબની તસબીહ અને તેની મુદ્દત લખીને લખે છે કે હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવ્યું કે હકતઆલાએ નુરે મોહમ્મદથી નુરના વીસ **દરયા** પૈદા કરયા, અને તે દરેક દરયામાં એવું ઇલ્મ હતું કે જેને ખુદા સીવાય કોઇ જાણતું નથી અને તે વીસ દરયાનાં નામ આ છે. ૧—દરયાએ **ઇઝ્ઝત.** ૨-દરયાએ **સબર.** ૩-દરયાએ **ખોશૂઅ.** ૪-દરયાએ **તવાઝોઅ.** ૫-દરયાએ **રેઝા.** ૬-દરયાએ **વફા.** ૭-દરયાએ **પરહેઝગારી.** ૮-દરયાએ **ખશયત.** ૯-દરયાએ **એનાબત.** ૧૦-દરયાએ **અમલ.** ૧૧-દરયાએ **સીદક.** ૧૨-દરયાએ **અમાનત.** ૧૩-દરયાએ **જૂદ.** ૧૪-દરયાએ **ઈલ્મ.** ૧૫-દરયાએ **મઝીદ.** ૧૬-દરયાએ **હિદાયત.** ૧૭-દરયાએ **સેયાનત.** ૧૮-દરયાએ **હયા.** ૧૯-દરયાએ **હિલ્મ.** ૨૦-દરયાએ **તહારત.**

અને હઝરતના નુરને એ વીશે દરયામાં જવાનો હુકમ થયો તેથી એ નુરે મજકુર વીશે દરયામાં ગોતો ખાધો, અને જ્યારે વીસમા દરયાથી એ નુર બાહેર આવ્યું ત્યારે હકતઆલાએ વહય નાઝીલ કરી કે અએ મારા હબીબ અએ તમામ પયગમબરોમાં બેહતર, અએ તમામ બંદાઓથી બેહતર અએ સર્વેથી પહેલે પૈદા થએલ, અએ સર્વેથી છેલ્લા રસુલ, તુંજ શફીએ રોઝે જઝા છે.

આ સાંભળીને એ નુર સીજદામાં ઝુકયું, અને જ્યારે સીજદામાંથી માથું ઊંચુ કર્યું ત્યારે નુરના એક લાખ અને ચોવીસ હજાર કતરા પાક કપાળ મુબારકથી પડયા, અને ખુદાએ હઝરતે રસુલે ખુદાના નુરના મજકુર દરેક કતરાથી એક એક પયગમબર ખલ્ક કર્યો પછી એ સર્વે હઝરતે રસુલે ખુદા સ૦ ના નુરની અતરાફ તવાફ કરતા હતા (ફેરાફરતા હતા) અને કહેતા હતા **"સુબ્હાન મન્હોવ આંલેમુન લાયજ્હલે, સુબ્હાન મન્હોવ હલીમુન લાયઅંજલે, સુબ્હાન મન્હોવ ગનીય્યુન લાયફ્તકેર.** તે વખતે ખુદાના દરબારમાંથી એ સર્વેને નીદા આવી કે શું તમો મને ઓળખો છો? તે વખતે તમામ નુરની પહેલે નુરે મોહમ્મદીએ જવાબમાં કહ્યું કે **"અન્તલ્લાહુ લઝી લાએલાહ ઇલ્લા અન્ત, વહેદક લાશરીક લક રબ્બુલે અર્બાબે વમલેકુ લ્મોલૂક.** તે વખતે આવાઝ આવો કે તુંજ મારો બરગુઝીદા (માનવંત) દોસ્ત અને તમામ મખલુકાતથી બેહતર છો, અને તારી ઉમ્મત તમામ ઉમ્મત કરતાં બેહતર છે.

પછી હઝરતના નુરથી એક **જવાહર** પૈદા કરી તેના બે કટકા કર્યા, એક હીસ્સા તરફ હૈબત (બીક)ની નજરથી જોયું તેથી તે મીઠું પાણી થઇ ગયું, બીજા હીસ્સા તરફ શફકત (મેહરબાની)ની નજરથી જોયું અને તેનાથી **અર્ષ** પૈદા કર્યું, અર્ષને પાણી ઉપર રાખ્યું, પછી કુરસીને અર્ષના નુરથી પૈદા કરી, અને કુરસીના નુરથી **લવહ** પૈદા કરી, અને લવહના નુરથી **કલમ** પૈદા કરી.

પછી કલમને હુકમ આપ્યો કે મારી તવહીદ લખ, ખુદાનો આ કલામ સાંભળતાંજ કલમ બેહોશ થઇ ગઇ, જ્યારે એક હજાર વરસ પછી હોશ આવ્યો ત્યારે અરજ કરી અએ પરવરદીગારા શુ લખું ? ફરમાવ્યું લખ **લાએલાહ ઈલ્લલાહ મોહં-મ્મદુર રસૂલુલ્લાહ,** આ સાંભળીને કલમે સીજદો કરીને કહ્યું **"સુબ્હાન લ્લાહિલ વાહેદિલ કેંહાર સુબ્હાન લ્લાહિલ અઝીમિલ્અઅઝમ** પછી સીજદામાંથી માથું ઊંચું કરીને શહાદતનો કલેમો લખ્યો, અને કહ્યું અએ પરવર દીગારા આ મોહમ્મદ સ૦ કોણ છે? કે જેનું નામ તેં પોતાના નામની અને તેનો ઝીકર પોતાના ઝીકરની નજીક કર્યો ?!!!

હકતઆલાએ વહય નાઝીલ કરી કે અએ કલમ અગર તે નહતે તો તને ખલકજ ન કરત, અને કોઇ મખલુકને મેં પેદા નથી કરી પણ તેના-જ માટે, તો તેજ બશારત આપનાર અને ડરાવનાર અને નુરના ચીરાગને રોશન કરનાર અને શફાઅત કરનાર અને મારો દોસ્ત છે

કલમે મોહમ્મદ સ૦ ના મુબારક નામની મીઠાસથી કહ્યું **"અસ્સલામો અલયક યા રસૂલલ્લાહ** હઝરતે જવાબ આપ્યો, **અલયક સ્સલામ મિન્ની વ રહે-મતુલ્લાહે વબરકાતોહ.** તો તેજ વખતથીજ સલામ કરવી સુન્નત અને જવાબ આપવો વાજીબ ઠેહર્યો.

પછી હકતઆલાએ કલમને હુકમ આપ્યો કે મારી કઝા અને કદરને લખ, તેમજ કયામત સુધી હું જે કાંઇ પૈદા કરવાવાળો છું તે પણ લખ, પછી હકતઆલાએ કેટલાક ફીરીશ્તા પૈદા કર્યા કે તેઓ મોહમ્મદ અને આલેમોહમ્મદ ઉપર સલવાત પડયા કરે, અને કયામત સુધી તેઓના શી-આહ માટે ઇસ્તીગફાર કર્યા કરે.

હાંસલકલામ આ પછી ખુદાએ નુરે મોહમ્મદથી બેહીસ્ત પૈદા કરી તેમજ ફીરીશ્તા પહાડ જમીન, અને જમીન કઇ ચીજ ઉપર રાખી અને તે

ચીજ કઇ ચીજ ઉપર છે અને હઝરતે આદમ અ૦ ને કેવી રીતે પૈદા કર્યા આદમ અ૦ ને બનાવવાની માટી કોણ અને કેવી રીતે લાવ્યું, જનાબે હવ્વાને કઇ રીતે બનાવ્યા ઇઝરાઇલ ઇનસાનની જાન લેવા માટે કયારથી મુકરરર થયા, અને આદમ અ૦ પૈદા થવામાં કેટલીક બાબતો બની વીગેરે વીગેરે બયાન અમો **દુરરેબેબહા** નામની કીતાબ કે જેમાં પંજેતનેપાક બાર ઇમામ અ૦ નો અહવાલ છે તેમાં લખી ચુકયા છીએ ઉપરાંત એ કીતાબમાં ખુદાની વહદાનીયત તે એક હોવાની દલીલો તેની અદાલત તેની સીફાતો વીગેરે તથા હજ્જાજ મલઉનનો હાલ બારમા ઇમામ જાહેર થવાનો હાલ એ પણ લખેલ છે તેથી એ બાબતો અહીંયાં લખતા નથી કેમકે એ અહવાલથી વાકેફ થવું હોય તે એ કીતાબમાં વાંચી જુએ,

ફસલ ૭ મી.

હઝરતે રસુલે ખુદાસ૦ અને અલીયે મુરતઝા અ૦ ના નુરનું દુન્યામાં આવવું.

જાણવું જોઇએ કે હઝરતે આદમ અ૦ પછી જનાબે હવ્વાને ખુદાએ પૈદા કર્યા અને આદમે હવ્વાને જોયા તો પુછયું કે તું કોણ છો? જનાબે હવ્વાએ જવાબ આપ્યો કે હું હવ્વા છું અને હકતઆલાએ મને તમારા માટે પૈદા કરી છે, હ૦ આદમે ફરમાવ્યું તમારી ખલકત કેવી સારી છો!!!

હકતઆલાએ આદમઅ૦ ઉપર વહય નાઝીલ કરીકે આ મારી કનીઝ છે અને તુ મારો બંદો છે અને મેં તમોને બેહીસ્તમાટે પૈદા કર્યાછે માટે તુ મારી પાકી ઝગીનો ઝીકર કર અને મારી હમ્દ અને વખાણમાં મસરૂફ રહે અને અએ આદમ મારી પાસે હવ્વાની માગણી કર અને તેનો **મહર** આપ, હ૦ આદમે અરજ કરી ખુદાવંદા એનો મહર શું છે જવાબ મળ્યો કે એનો મહર એ છે કે મોહમ્મદ અને આલેમોહમ્મદસ૦ ઉપર દસ વખત દુરૂદ પડ, પછી આદમે અરજ કરી અએ પરવરદીગારા હું જીવતો રહીશ ત્યાં સુધી આ નેઅમતોના બદલામાં તારો હમ્દ કર્યા કરીશ.

પછી ખુદાએ જનાબે હવ્વાની હઝરતે આદમ અ૦ સાથે શાદી કરી આપી, કાઝી ખુદા નીકાહ પઢનાર જીબ્રઈલ, અને સાક્ષી મલાએકા થયા, પછી મલાએકા હ૦ આદમ અ૦ ની પાછળ ઉભા રહયા, હ૦ આદમે અરજ કરી ખુદાવંદા મલાએકા મારી પાછળ શામાટે ઉભા છે? જવાબ મળ્યો તારી પીઠમાં નુરે મોહંમ્મદી છે તેને જોવા માટે, તે વખતે અરજ કરી ખુદાવંદા એ નુર મારી આગળ રાખ કે મલાએકા મારી સામે ઉભા રહે, તેમ કરવાથી મલાએકા હ૦ આદમ અ૦ ની સામે સફ બાંધીને ઉભા રહ્યા, હ૦ આદમે અરજ કરી ખુદાવંદા આ નુરે મોહમ્મદી એવી જગ્યોએ રહે કે હું પણ તેને જોઇ શકું, હકતઆલાએ નુરે મોહમ્મદીને હ૦ આદમની શહાદતની (અંગુઠાની બાજુની) આંગળીમાં જગ્યો આપી, હઝરતે અલીના નુરને વચલી આંગળીમાં જગ્યો આપી, જનાબે ફાતેમાહ અ૦ ના નુરને એ આંગળીની બાજુની આંગળીમાં જગ્યો આપી, અને ઇમામે હસન અ૦ના નુરને તેની બાજુની આંગળીમાં જગ્યો આપી, ઇમામે હુસયન અ૦ના નુરને અંગુઠામાં જગ્યો આપી.

એ નુર પાકપાકીજા ઇસલાગીયોની પીઠમાં ઉતરતું ગયું તે હઝરતે અબ્દુલ મુત્તલીબ સુધી, અને કેટલા સાહેબો થયા તે હ૦ આદમ અ૦થી હઝરતે રસુલે ખુદા સ૦ સુધી નસબનામું લાહોરના મુજતહેદ જનાબ મૌલાના સઇયદ અલી સાહેબ હાએરી દામઝીલ્લહુ લ્આલીએ અમારી અરજથી લખી મોકલ્યું તે મુજબ નોંધીએ છીએ.

૧—મોહંમ્મદ. ૨—અબદુલ્લાહ. ૩—અબ્દુલમુત્તલીબ. ૪—હાશીમ. ૫—અબ્દેમનાફ. ૬—કોસી. ૭—કેલાબ, ૮—મુર્રહ. ૯—લવી. ૧૦—ગાલીબ. ૧૧—ફહર. ૧૨—માલીક, ૧૩—નઝર. ૧૪—કેનાનહ. ૧૫—ખુઝીમહ. ૧૬—મદરેકહ. ૧૭—ઇલ્યાસ. ૧૮—મઝર. ૧૯—નઝાર. ૨૦—મઆઝર. ૨૧—અદનાન. ૨૨—અદ્દબત. ૨૩—આદર. ૨૪—અલ્યસઅ ૨૫—અલહમીસ. ૨૬—સલામાન. ૨૭—અલનબ્ત. ૨૮—હમલ. ૨૯—કૈદાર. ૩૦—ઇસમાઈલ, ૩૧—ઇબરાહીમ. ૩૨—તારૂખ. ૩૩—નાખુર. ૩૪—શોરૂહ. ૩૫—અરગુ. ૩૬—ફાલેગ. ૩૭—શાલેખ. ૩૮—અરફખશદ. ૩૯—સામ. ૪૦—નુહ. ૪૧—મલક. ૪૨—મોતવસ્લખ. ૪૩—ઊખ્નુહ. ૪૪—અલ્યારઝ. ૪૫—મહલાઇલ. ૪૬—કીનાન. ૪૭—અનૂશ. ૪૮—શીસ, ૪૯—આદમ અલયહીસ્સલામ.

આ મુજબ હઝરતે આદમ અ૦ થી હઝરતે રસુલેખુદાસ૦ સુધી એક પછી એક દીકરા છે જેમકે આદમ અ૦ના દીકરા "શીસ" અને "શીશ"ના દીકરા "અનુશ" ઇત્યાદીછે.

આ નસબનામુ જીન્નાઉલઓયુનમાંથી અમોએ "દુરરેબેબહા"માં પણ લખ્યું છે, પણ તેમાં ૧૪—અને ૪૩ મું મળી બે નામ છે તે આમાં નથી તેથી બે પેઢીનો ફરક છે.

તો એ મુજબ એક પછી એકમાં એ નુંર હઝરતે **આદમ** અ૦ થી હઝરતે **હાશમ** અ૦ સુધી આવ્યું.

હઝરતે **હાશમ** હ૦ રસુલે ખુદાના દાદાના વાલીદ થાય છે, હઝરતે હાશમથી જનાબે **અબ્દુલમુત્તલીબ** પાસે એ નુર આવ્યું, અને હઝરતે અબ્દુલમુત્તલીબ સુધી એ નુર એકજ હતું, તે પછી એ નુરના બે ભાગ થઇ એક ભાગ હઝરતે અબ્દુલમુત્તલીબના ફરઝંદ હ૦ **અબ્દુલ્લાહ**માં અને બીજો ભાગ તેઓના બીજા ફરઝંદ હઝરતે **અબુતાલેબ**માં ગયો. હઝરતે **હાશમ** પાસેથી એ નુર હઝરતે **"અબ્દુલમુત્તલીબ"** પાસે કેવી રીતે આવ્યું અને એ નુર સાથે યહુદીયો કેટલી દુશમની રાખતા હતા અને એ નુરને ઓલાવવા અને દુન્યામાં જાહેર થવા ન દેવામાં કેટલી કોશીશ કરી તે બયાન અહીંયાં મુનાસીબ હોવાથી લખવામાં આવે છે.

મનકુલ છે કે હઝરતે રસુલેખુદાસ૦નું "નુર" હઝરત હાશમની પેશાની (કપાળ) માં હમેશાં એવું ચમકતું હતું કે, જે વખતે ખાનએકાઅબાની મસજીદુલહરામમાં જાતા હતા તો તે વખતે ખાનએકાઅબા તેઓના નુરથી રોશન થઇ જતો હતો, અને તેઓના નુર મુબારકની રોશની આસમાન સુધી જાતી હતી, અને મક્કાવાળા આ હાલ જોઇને તાઅજ્જુબ કરતા હતા. અને હરેક તરફથી અરબના કબીલાના માણસો હઝરત હાશમને જોવા માટે આવતા હતા. બુત પણ હઝરતે રસુલેખુદાની ફઝીલત બોલવા લાગ્યા, અને હઝરત હાશમ જે જે ઠેકાણેથી નીકળતા હતા તે તે ઠેકાણે પથ્થર વી૦ બોલતા હતા અને કહેતા હતા કે અએ હાશમ તમને ખુશખબરી આપીએ છીએ કે થોડી મુદ્દતમાં તમારી ઓલાદમાંથી એક ફરઝંદ પૈદા થશે, કે તેમનો મરતબો ખુદા પાસે ઘણોજ મ્હોટો હશે, અને તમામ દુન્યા કરતા શરીફ હશે. (એટલે હઝરત મોહમ્મદ મુસ્તફાસ૦ જે ખાતેમુલ અંબીયા છે તે).

મનકુલ છે કે જે વખતે હઝરતે હાશમ અંધારામાં જતા હતા તો તે વખતે નુરે મોહમ્મદીની રોશની ચારે તરફ ચમકતી હતી.

જે વખતે હઝરત હાશમના બાપ "અબ્દેમુનાફ" ની વફાતનો વખત નજદીક આવ્યો તો તે વખતે હઝરત હાશમ પાસે અહદ અને વાયદો લીધો કે હઝરતે રસુલેખુદાસ૦ ના નુરને કોઈ ઓરતને ન સોંપે, પણ જે ઓરત કે મુસલમાન સાલેહાહ (નેકબખ્ત) અને બહુજ પાકીઝા હોય તેને સોંપે, હઝરતે હાશમે આ અહદ કબુલ કર્યો.

તે વખતના બાદશાહ ઉમ્મેદ રાખતા હતા કે પોતાની છોકરી હઝરતે હાશમને આપે અને માલ અને હદીયા મોકલતા હતા કે વખતે હઝરતે હાશમ રાજી થઇને તેઓની છોકરી સાથે શાદી કરે.

હઝરતે હાશમ હમેશાં કાબબા પાસે જતા હતા અને સાત વખત ખાનએ કાઅબાના તવાફ કરતા હતા (એટલે ફેરા ફરતા હતા) અને જે કોઇ હઝરતે હાશમ અ૦ પસે આવતો તેની બુઝુરગી કરતા હતા કપડાં વગરતાઓને કપડાં પહેરાવતા હતા, મોહતાજ અને ગરીબો અને લાચારોની હાજત પુરી કરતા હતા, કોઈ ઉપર દીયત (કોઇનો બદલો) હોય તો તે આપતા હતા, કરજદારોને કરજમાંથી છોડાવતા હતા, અને મેહમાનો માટે દરવાજો ખુલ્લો રાખતા , જે વખતે જમવાનું પકાવે અને લોકોને ખવરાવે તો એટલું પકાવતા હતા કે લોક ખાઇ રહયા પછી વધતુ હતું અને જનાવરોને ખવરાવતા હતા.

હઝરતે હાશમ અ૦ ની સખાવત તમામ ઠેકાણે મશહુર થઇ ગઇ, અને મક્કાની બાદશાહત હઝરતને મળી અને ખાનએકાઅબાના તમામ કામ જેમકે ચાવી રાખવી આબે ઝમઝમ (ઝમઝમનું પાણી) હાજીઓને આપવું કાઅબાને સાચવવો હાજીઓની મેહમાનદારી આ સરવે કામ હઝરતે હાશમ અ૦ ને સ્વાધીન થયાં, અને પયગમબરોની કેટલીક ચીજો મીરાસમાં મળી, હઝરતે હાશમ હાજીઓની બુઝુરગી કરતા અને તેઓની હાજત પુરી કરતા હતા, જે વખતે ઝીલહજ મહીનાનો ચાંદ દેખાતો હતો તે વખતે પોતે લોકોને કાઅબા પાસે ભેગા કરી ખુતબો પડતા હતા, અને ફરમાવતા હતા કે અએ લોકો તમોને અમાન મળેલી છે અને તમો ખુદાના પડોસી છો. આ મોસમમાં કાઅબાની ઝીયારત કરવાવાળા આવે છે, અને તે લોક ખુદાના મેહમાનછે તો તમોને જરૂરછે કે બીજાઓ કરતાં મેહમાનોને બુઝરગ જાણો અને હકતઆલાએ તમોને આ બુઝુરગી આપી છે અને હવે ઘણીજ જલદીથી

તમારી તરફ હાજી લોક આવશે અને તેઓના ચેહરાપર માટી હશે તેઓ ખુદાના મેહમાન છે તેઓની તરફદારી કરો ! અને તેઓને ઇજ્જતથી રાખો તો ખુદા તમોને પણ ઇજ્જતથી રાખે.

આ મુજબના નસીહતના કલામો હઝરતે હાશમ અ૦ થી સાંભળીને કોરેશના મોટા મોટા માણસો હાજી લોકો માટે ઘણો માલ લાવતા હતા.અને હઝરત હાશમ હાજી લોકો માટે ચામડાના હોજ બનાવીને તેમાં ઝમઝમનું પાણી ભરાવતા હતા. સાતમી તારીખથી હાજીઓની મેહમાની શરૂ કરતા હતા મીના અને અરફાત (એ જગ્યોનાં નામ છે,)માં ખાવાનું મોકલાવતા હતા.

બનવાકાળ એક વખતે મક્કામાં દુકાળ પડયો અને હાજીઓની મીજબાની કરવા માટે કોઈ ચીજ હાજર નહતી, તેથી થોડાંક ઊંટ તેઓ પાસે હતાં તેને શામમાં મોકલાવીને વેચાવી નાખ્યાં, અને જેટલી કીંમત તેની મળી તેટલી હાજીઓની દાઅવત અને મેહમાનીમાં વાપરી, અને એક રાતનું ખાવાનું પણ પોતા માટે રાખ્યું નહીં તેથી હઝરતે હાશમની સખાવત ચારે તરફ મશહુર થઇ ગઇ, અને મજકુર બાબતની હબશાના "નજ્જાશી" બાદશાહને અને રૂમના "કએસર" બાદશાહને ખબર પડી તો તેઓએ હઝરતે હાશમ અ૦ ને કાગળ લખ્યા અને હદીયા મોકલ્યા, અને ખાહીશ કરી કે અમારી છોકરીઓને કબુલ કરો કે વખતે નુરે મોહમ્મદી તેઓના પેટમાં નાઝીલ થાય. (કાહેનોએ અને નજુમીઓએ ખબર આપી હતી કે નુરે મોહમ્મદી સ૦ હઝરતે હાશમની પેશાનીમાં છે તે સબબથી પોતાની છોકરી હઝરતે હાશમને દેવા ખુશી હતા)

હાસલ કલામ હઝરતે હાશમે કોઇ છોકરીને કબુલ કરી નહીં પણ પોતાના સગાઓમાંથી જે લોક બંને તરફથી હસબ નસબમાં સારા હતા તેઓમાંથી માગણી કરીને એક ઓરત સાથે શાદી કરી તેનાથી ત્રણ છોકરા અને ચાર છોકરી થઇ, પણ નુરે મોહમ્મદી કોઇના પેટમાં ઉતર્યું નહીં અને એમજ હઝરતે હાશમની પેશાની ઉપર ચમકતું રહ્યું.

પછી નુરે મોહમ્મદી કોઇના પેટમાં ન ઉતરવાથી હઝરતે હાશમ અ૦ ફીકરમાં અને ગમીમાં રહેતા હતા.

એક રાતરે ખાનએકાઅબાની અતરાફ તવાફ કરતા હતા અને ખુદાના દરબારમાં દોઆ કરતા હતા કે ખુદાવંદા મને એવો ફરઝંદ આપ ! ! કે જેની અંદર આ નુર દાખીલ થાય.

એજ હાલમાં સુઇ ગયા, તો એકાએક ગએબથી આવાજ આવ્યો કે ઉમરૂની છોકરી "સલમી"ની માગણી કરો, અને તમામ કરતાં વધારે મેહર તેને આપો; કેમકે તેના જેવી બીજી કોઇ છોકરી નહીં મળે, અને એનાથી એવો ફરઝંદ પૈદા થશે કે તે તમામ પયગમ્બરોનો સરદાર હશે.

હઝરત હાશમ આ મુજબ સાંભળીને ઉંઘમાંથી ચોંકી પડયા, અને પોતાના ભાઇ મુત્તલીબ અને ભત્રીજાઓને ભેગા કરીને પોતાંના સ્વપ્નાનો હાલ બયાન કર્યો.

મુત્તલીબે કહ્યું કે અએ ભાઇ તમો જે ઓરતનું નામ લીઓ છો; તે બની નજ્જારના કબીલાની છે, અને તે પોતાની કોમમાં પાક, નેક, પરહેઝગાર અને ખુબસુરત મશહુર છે, અને તે લોક સખી અને સારા માણસો છે, તોપણ તે સર્વેથી તમો નસબમાં વધારે બુઝુરગી ધરાવો છો, અને તમામ બાદશાહ તેઓને દીકરીયો આપવા ચાહે છે, અને અગર તમારો એવો વિચાર હોય તો મને રજા આપો કે હું ત્યાં જઇને તમારા માટે તજવીજ કરૂં.

હઝરતે હાશમે ફરમાવ્યું કે પોતાનું કામ પોતાથીજ ખુબ થાય છે, તો હું વેપાર માટે શામમાં જાઉં અને રસ્તામાં તે નેકબખ્ત ઓરતની માગણી કરૂં.

પછી મુસાફરીનો સામાન તૈયાર કરીને પોતાના ભાઇ હઝરત મુત્તલીબ અને ભત્રીજાઓને સાથે લઇને મદીના તરફ રવાના થયા.

જે વખતે મદીનામાં પહોંચ્યા તો હઝરતે હાશમની પેશાનીમાં નુરે મોહમ્મદી ચમકતું હતું, તેથી તમામ મદીના નુરાની થઇગયું, અને તમામ ઘરમાં નુરનું અજવાળું પહોંચ્યું

આ મુજબના બનાવ જોઇને તમામ લોક ભેગા થઇને આવ્યા, અને કહ્યું કે તમો કોણ છો ? અમોએ તો કોઈ દીવસ તમારા કરતાં કોઇને ખુબસુરત જોયા નહીં અને ખાસ કરીને આ નુરાની સાહેબ કે તેઓના નુરથી તમામ મદીના નુરાની થઇ ગયું છે.

મુત્તલીબે કહ્યું કે અમો ખુદાના ઘરવાળા અને ખુદાના હરમમાં રહેનારા છીએ અમો લુવી અને ગાલીબની ઓલાદમાંથી છીએ, અને આ નુરાની શખસ મારો ભાઇ હાશમ બીન અબદે મુનાફ છે.

અમો તમારી પાસે તેની શાદી કરવા માટે આવ્યા છીએ, તમો જાણો છો કે અમારા ભાઇને તમામ બાદશાહ છોકરીઓ આપવા રાજી થયા પણ તેણે ઇનકાર કર્યો, પણ તેની ખ્વાહીશ એ છે કે સલીમી સાથે શાદી કરે.

મજકુર આવેલા માણુસોની અંદર સલમીનો બાપ પણ હતો.

તેણે એ મુજબ સાંભળીને જવાબ આપ્યો કે આપ લોક સાહેબોને ઇઝ્ઝત, શરફ, સખાવત, ફુનુંન જુદો કરમ છો. એટલે તમામ રીતથી ઘણા બુઝુર્ગ છો, અને જે છોકરીનું નામ લીધું તે મારી દીકરી છે અને તે એક ઠેકાણે ગઇ છે અને તે પોતાની મુખતાર છે, તો તમો અહીંયાં થોડીવાર ઠેહરો, અથવા તે ગઈ છે તે ઠેકાણે જાઓ તોપણ આપની મરજી પણ જેના માટે માગણી કરો છો તે કયો શખસ છે ?

જવાબ આપ્યો કે આ નુરાની પેશાનીવાળા અંધારામાં રોશની આપવાવાળા, ખુદાના હરમને રોશન કરવાવાળા અને સખાવતવાળા, **હાશમ** બીન અબ્દે મુનાફ,

આ સાંભળીને સલીમીના બાપે કહ્યું કે બહુજ સારૂં ! બહુજ સારૂં !!. આ બાબતથી અમારો મોટો મરતબો થયો, પણ તે છોકરી પોતે મુખતાર છે તોપણ હું તમારી સાથે ચાલીશ.

પછી સલીમીના બાપે હઝરતે હાશમ અને તેઓના સગાઓની મેહમાની કરી અને ઘણી ઇઝ્ઝત કરી.

પછી તો ઘણા માણુસો હ૦ હાશમ અ૦ને જોવા માટે આવતા હતા.

યહુદીઓના આલીમોએ હઝરત હાશમના ચેહરાપર નજર કરીને રોયા અને ગમગીન થયા કેમકે તે લોકોએ પોતાની કિતાબો અને તવરેત વી૦ માં જોયું હતું કે આ નીશાની આખર ઝમાનાના પયગમબરની છે. લોકોએ તેઓને રોવાનું કારણ પુછયું તો જવાબ આપ્યો કે આ નુર ઘણુંજ જલ્દી જાહેર થશે, અને તે આખર ઝમાનાના પયગમબર છે. અને તે ખુનરેજી કરશે અને મલાએકા તેની મદદ કરશે, અને તમારી કીતાબોમાં તેનું નામ માહી છે.

આ સાંભળીને તમામ યહુદી રોવા લાગ્યા અને તમામના દીલમાં હઝરત હાશમની દુશમની પેશી ગઇ, અને તેજ દીવસથી નુરે મોહમ્મદીને બુઝાવવાની તજવીજ કરવા લાગ્યા.

નાજી કહે છે કે તે લોક અજબ અક્કલના દુશ્મન હતા, કે પોતે જાણુતા હતા કે આખર જમાનાના પયગમબર થશે, અને તેઓની કીતાબોમાં તે બાબત લખેલી છતાં ઇનકાર કરવો અને દુશમની રાખવી તે શામાટે? અલબત દુન્યાના પઇશા માટે, તે આલીમ જાણુતા હતા તે છતાં પોતે છુપાવતા હતા કહેવત છે કે (હઇયે તે હોઠે) તેમજ તે લોકો બકી નાંખતા હતા કે અમો દુન્યાના પઇશાની લાલચે હક છુપાવીએ છીએ.

પછી બીજે દીવસ થયો તો હઝરતે હાશમે પોતાના સગાઓને કહ્યું કે સારાં સારાં કપડાં પેહરો માથાપર ખોદ રાખો, અને અંગમાં ઝીરાહ (બકતર) પહેરો. પછી જાહોજલાલથી સરવેને લઇ ઘણી ખુશીથી સલીમી હતી તે ઠેકાણે રવાના થયા.

સલીમીનો બાપ અને કેટલાક સારા માણસો અને યહુદીઓ એ સર્વે સાથે ચાલ્યા, મજકુર જગ્યોમાં પહોંચ્યા તો ત્યાંના દુકાનદાર વીગેરે સરવે માણસોએ પોતાનાં કામ છોડી આપ્યાં, અને હઝરત હાશમ અ૦ ના નુરને જોવા લાગ્યા અને ઘણા માણસો ભેગા થઇ ગયા.

મજકુર જગ્યોમાં **સલીમી** હાજર હતાં તેઓ પણ હઝરત હાશમના નુરને જોવા લાગ્યા.

ત્યાં સલીમીનો બાપ સલીમી પાસે ગયો અને કહ્યું કે હું તને એવી ખુશખબરી આપું છું કે જેના સબબથી તું ઘણીજ રાજી અને ખુશી થઇશ અને હમેશની ઈજ્જત અને આબરૂ થાય.

સલીમીએ પુછ્યું કે તે શું છે?

જવાબ આપ્યો કે આ નુરાની સુરજ અને ચંદ્ર જેવો શખસ કે જેને તું જોઇ રહી છો તે તારી માંગણી કરવા માટે આવ્યો છે.

આ સાંભળીને સલમીએ શરમ અને હયાના સબબથી માથું નીચું કર્યું.

પણ તેનો બાપ આસારથી સમજી ગયો કે સલીમી રાજી અને ખુશી છે.

પછી હઝરત હાશમે એક તરફ રાતા રેશમનો ખયમો ઉભો કર્યો, અને તેની અતરાફ સરા પરદા ખેંચાવીને પોતે અંદર ગયા, શેહરનાં હર તરફથી આવીને ભેગાં થયાં અને અહવાલ પુછવા લાગ્યા.

જે વખતે હઝરતના હકીકી હાલની ખબર પડી તો તેઓના દીલમાં હસદની આગ ભડકી કેમકે **સલીમી** બહુજ પરહેઝગાર રૂપાળાં અને બહુજ સારી આદત વાળાં હતાં તેથી તેઓને નાગવાર લાગ્યું કે હઝરત હાશમની સાથે **શાદી** કરે.

પછી શએતાન મલઊન એક બુઢાની સુરત બનીને સલીમી પાસે ગયો અને બોલ્યો કે હું હઝરત હાશમના **અસહાબ**માંથી છું અને તારૂં ભલું ચાહીને તને નસીહત કરવા માટે આવ્યો છું,

તે એ કે આ શખસને તેં નજરે જોયો, અલબત્તા તે ઘણોજ રૂપાળો છે પણ ઓરતની ખાહીશ થોડી રાખે છે અને જે ઓરતની સાથે મોહબ્બત કરે છે તેને બે મહીનાથી વધારે પોતાની પાસે રાખતો નથી અને

ઘણી ઓરતોને લાવી તલાક આપી ચુકયો છે, લડાઇમાં પેહલવાન તો નથીજ પણ બીકણ છે.

આ સાંભળીને સલીમીએ કહ્યું કે અગર તારૂં કહેવું રાસ્ત હશે અને તે મને ખૈબરના કીલ્લા સોના અને રૂપાથી ભરી આપે તોપણ હું તેની સાથે શાદી કરવા રાજી નહીં થાઉં.

આ મુજબ સાંભળીને શયતાન પાછો ગયો અને વળી હઝરત હાશમ-ના બીજા અસહાબની સુરત બનીને સલીમી પાસે ગયો અને પેહલાની માફક હઝરતની ખરાબીઓ બયાન કરી અને પાછો ગયો.

વળી ત્રીજી વખત ત્રીજા અસહાબની સુરત બનીને ગયો તેજ મુજબ ખોટી ખોટી ગપાટા ભરેલી વાતો કહી.

પછી સલીમીનો બાપ આવ્યો તેણે સલીમીને ઉદાસ જોઇને પુછયું કે અએ સલીમી આજે તું ગમગીન અને ઉદાસ શામાટે છો? અને છાનીમાની શામાટે બેઠી છો ? અરે આ દીવસ ખુશી થવાનો છે, કે કાયમ અને દાં-યમની ઇજ્જત અને બુઝુરગી તને નસીબ થઇ.

આ સાંભળીને સલીમીએ કહ્યું કે અએ પદર !! તારો એવો વિચાર છે કે, મારી એવા શખસ સાથે શાદી કરી આપે કે તે ઓરતો તરફ ખા-હીશ રાખનો નથી, અને લડાઇમાં બીકણ છે, અને ઘણી ઓરતોને તલાક આપી ચુકયો છે.

આ મુજબના કલામ સાંભળી તેનો બાપ બહુજ હસ્યો, અને બોલ્યો કે જે બાબતો તેં કહી તે તે તેમાં બીલકુલ છેજ નહીં પણ તેતો સખા-વત શુજાઅતમાં એવા છે કે તેઓના જેવું કોઇ નથી, અને લોકોની બહુજ મેહમાનદારી કરે છે તેથી તેને હાશમ કહે છે અને કોઇ વખત કોઇ ઓર-તને તેણે તલાક આપી નથી, અને બહુજ બહાદુર અને પેહલવાન છે.

અને ખુશગોઇ અને ખુશ બયાનીમાં બેમીસલછે, જેણે તારીપાસે તેની બુરાઇયો બયાન કરી તે બેશક શયતાન છે.

પછી બીજે દીવસ થયો અને સલીમીએ હઝરત હાશમ અ૦ને જોયા તો તેઓની પેશાનીમાં જે નુર હતું તે જોઇને બેતાબ થઈ ગયાં, અને કહે-વરાવ્યું કે આવતી કાલે તમો મારી માગણી કરજો અને મારો બાપ જે કાંઈ મેહર માગે તે કબુલ કરજો ! કેમકે હું પોતાના માલમાંથી તમારી મદદ કરીશ.

બીજે દીવસે હઝરતે હાશમ અ૦ પોતાના મોટા મોટા અસહાબોને લઇને સલીમીના બાપના ખયમામાં ગયા.

હ૦હાશમ મુત્તલીબ અને તેઓના કાનાના દીકરા ભાઇ એઓ ઊંચી જગ્યોપર બેઠા, અને તમામ લોક હઝરત હાશમના નુરથી હયરાન હતા અને તેઓજ તરફ જોઇ રહ્યા હતા.

પછી હઝરત મુત્તલીબે ફરમાવ્યું કે અએ બુઝુરગ લોકો, અમો બયતુલ્લાહીલ હરામના રહેવાશી છીએ. અને તમામ ખલાએક અમો તરફ આવે છે. અને તમોં પણુ અમારી બુઝુરગીને જાણો છો અને તમોપર એ પણુ જાહેર છે કે નુરે મોહમ્મદીને ખુદાએ ખાસ અમારા માટે કરેલ છે (એટલે અમને આપેલ છે.) અને અમો લવી બીન ગાલીબના ફરઝંદ છીએ, અને નુરે મોહમ્મદી હઝરતે આદમ અ૦ થી મુનતકીલ થતાં થતાં અમારા બાપ અબદે મુનાફ સુધી આવ્યું છે અને તેમાંથી અમારા ભાઇ હાશમમાં આવ્યું છે તો હવે ખુદાએ એ નેઅમત તમોને અતા ફરમાવી, અને અમોને તમો તરફ મોકલ્યા, કે હાશમ માટે તમારી દીકરીની માગણી કરીએ આ સાંભળીને સલીમીના બાપે અને કાકાએ કહયું કે અલબતા કરામત વીગેરે તમો માટેજ છે. અમોએ તમારો ખુતબો કબુલ કર્યો. અને તમારી માગણી કબુલ રાખી પણુ અમો અમારી કદીમ આદતથી લાચાર છીએ કે આવા મોહટા કામમાં જરૂર છે કે ઘણી ભારે મેહર મુકરરર કરવી જોઇએ અને અગર આ આદત કદીમથી, નહતે તો અમો તે વિશે વાત પણુ ન કરેતે.

આ સાંભળીને મુત્તલીબે કહયું, કે અમો મેહરના બદલામાં કાળી આંખો અને રાતા વાળવાળાં સો ઊંટ આપીશુ, મજકુર વખતે શયતાન પણુ હાજર હતો, તે સલીમીના બાપ પાસે ગયો અને રોઝને બોલ્યો કે મેહર હજી વધારે ઠેરાવો !!

પછી સલીમીના બાપે કહયું કે અએ કોમના બુઝુરગો શું મારી દીકરીની તમારી પાસે એટલીજ કદર હતી ?

મુત્તલીબે કહયું કે અમો હજાર મીસકાલ સોનું પણુ આપીશું.

શયતાને વળી ઇશારો કર્યો કે હજી વધારે ઠેરાવો.

વળી સલીમીના બાપે કહયું કે અએ જવાન તમે હજી કમતી કહયુંછે.

મુત્તલીબે કહયું એક ખરવાર અંબર અને સફેત મીસરી, દસ જામા અને ઇરાકી દસ જામા એટલી ચીજ વધારીએ છીએ.

વળી શયતાને ઇશારો કર્યો કે હજી માંગો ફરીને સલીમીના બાપે કહયું કે તમોએ અમારી કદર શનાસી કરીને એહસાન કર્યો તોપણુ હજી કાંઇ વધારો કરો.

મુત્તલીબે કહયું કે અમો ખીદમત માટે પાંચ લંવડીઓ પણઆપીશું.

વળી શયતાને ફરેબ આપ્યો તેથી સલીમીના બાપે કહ્યું જે તમો આપશો તે તમોનેજ મળશે, માટે હજી કાંઇ વધારો, મુત્તલીબે કહયું કે દસ અવકીયા મીસ્ક (કસ્તુરી) અને પાંચ કદહ કાફુર વધારે આપીશું

વળી શયતાને વધારવા માટે કહેવા ચાહ્યું ત્યાં સલીમીના બાપે કહયું કે અએ ખરાબ દીલવાળા બુઢા ! તેં મને આ મજલીસમાં શરમીંદો કર્યો, એટલે હું વધારે માગી શકતો નથી.

મુત્તલીબે પણ તે શયતાન મલઉનને લાઅનત કરીને ખએમામાંથી કાઢી મુકયો અને યહુદીઓ પણ બેઇજ્જત થઇને ત્યાંથા ઉઠી ગયા.

અને યહુદાના એક સરદારે સલીમીના બાપને કહયું કે આ બુઢો હ-કીમ ઇરાક અને શામના લોકોથી વધારે દાના (અક્કલમંદ) છે તો શામાટે તમો તેની તદબીરથી ઈનકાર કરો છો? અને તમો તમારી દીકરીને ગામવાળા શીવાય બીજા પરગામવાળાને આપો છો? તેમાં અમો રાજી નથી.

પછી ત્યાં ઉભેલા ચારસો યહુદી તલવાર ખેચીને સામા ઉભા રહયા.

અને તે ઠેકાણે હરમના ચાળીસ સાદાતો હતા પછી મુત્તલીબે યહુદી-યોના સરદાર પર હુમલો કર્યો. અને હાશમ શેતાન ઉપર ઝપટયા તેથી સઍતાનતો ભાગી ગયો. પણ હઝરતે હાશમે તેની પાછળ જઇને જમીન પર પછાડયો. અને તે વખતે તેના પર નુરે મોહમ્મદી ચમકયું તેથી તે પોકાર પાડીને હવાની જેમ નીકળી ગયો. પછી હઝરત હાશમે મુતલીબ તરફ નજર કરી તો માઅલુમ થયું કે યહુદીના સરદારના બે ટુકડા કરી નાંખેલ છે.

હાંસલ કલામ હઝરત હાશમ અ૦ એન તેઓના અસહાબે ઘણા યહુદીયોને જહન્નમ વાસીલ કર્યા.

(મજકુર ખબર ગામમાં પહોંચી તો ત્યાં પણ યહુદીયો અને ઇસલા-મીઓમાં ઝગડો થયો અને સીતેર યહુદી માર્યા ગયા. અને બાકીના ભાગી ગયા અને હઝરત રસુલે ખુદાસ૦ની અદાવત તે દીવસથી યહુદીયોના દીલમાં વધી ગઇ.)

પછી હઝરત હાશમ અ૦ ફરમાવ્યું કે મારા સ્વપનાની તાઅબીર જાહેર થઇ.

પછી સલીમીના બાપે મુત્તલીબ અને હાશમને ઇલતેમાસ કરીકે હવે તમો હાથ ખેંચી લીઓ અને શાદીને ગમી નકરી નાખો.

આ સાંભળીને હઝરત હાશમ પોતાના ખએમામાં ગયા અને શાદીનુ ખાવાનું પકાવીને સર્વેને ખવરાવ્યું.

સલીમીના બાપે સલીમીને કહયું કે હાશમની શુજાઅત જોઇ?! અગર હું ઇલતેમાસ ન કરતે તો એક યહુદીને પણ જીવતો ન મુકતે. સલીમીએ કહયું કે અએ પદર તમોને મારા હકમાં જે બેહતર લાગે તે કરો અને હસદ (ખાર) કરવાવાળાઓના મેણાની પરવા ન કરો.

પછી સલીમીનો બાપ અહલેહરમ પાસે ગયો અને કહયું કે અએ સાહેબો અંદોહ અને કીનો તમારા દીલમાંથી કાઢી નાંખો અને મારી દીકરી હદીયો છે મને બીજી કોઈ ચીજ જોતી નથી.

મુત્તલીબે ફરમાવ્યું કે મેં જે વાયદો કરેલ છે તેથી વધારે આપીશ. એ મુજબ ફરમાવીને હઝરત હાશમ અ૦ તરફ જોઇને કહ્યું કે અએ બોરાદર મેં જે કહ્યું તેનાપર રાજી છોકે?! હઝરત હાશમે ફરમાવ્યું કે હા!!

પછી સર્વેએ આપસમાં મુસાફેહો કર્યો પછી સલીમીના બાપે માલ ઝર મીસ્ક અંબર અને કાફુર એ ચીજો હઝરત હાશમ અને મુત્તલીબ અને તેઓના અસહાબોપર નીસાર કર્યું.

હાસલ કલામ હઝરતની શાદી ઘણીજ સારી રીતે થઈ અને સર્વે મકકા તરફ પાછા ગયા. અને હઝરત હાશમ અ૦ મદીનામાં રહયા અને સલીમીના બાપે મેહરના બદલે જે માલ હઝરત હાશમ અ૦ પાસેથી લીધો હતો તે કરતાં બમણો માલ પાછો આપ્યો. અને પાછો આપવાનું કારણ એ હતું કે હઝરતની ચાલ ચલણ બહુજ પસંદ આવી પછી સલીમીને હાશમ અ૦ ને ત્યાં મોકલ્યા.

પછી તેજ રાતરે હાશમ અ૦ થી સલીમીના શીકમ (પેટ)મુબારકમાં હઝરતે અબદુલ મુત્તલીબ હમલમાં રહયા અને નુરે મોહમ્મદી સલીમીની પેશાની (કપાળ)માં ચમકવા લાગ્યું.

મદીનાના તમામ લોકોએ તે મોહટી અઝીમ કરામતની મુબારકી આપી, અને તે નુરથી સલીમીનું નુર બમણું થઇ ગયું. અને મદીનાની ઓરતો તે નુરને જોઇને હયરાન થતી હતી જે જે પથ્થર ઝાડ વીગરે તરફથી સલીમી નીકળતાં તો તેઓ તેઓની તાઅઝીમ અને બુઝુરગી કરતા હતા.

અને હમેશાં જમણી બાજુથી આવાજ આવતી હતી કે "અસ્સલામો અલયકા યા ખૈરૂલબશર" આવી આવી અજબ બાબતો જોઇને સલીમી હઝરતે હાશમ અ૦ ને કહેતા હતા, અને લોકોથી છુપાવતા હતા.

પછી એક રાતરે સાંભળ્યું કે મુનાદીએ આવાજ કરીને કહયું કે ખુદાએ તમામ કરતાં બેહતર ફરઝંદ આપ્યો તેની બશારત થાય.

જે વખતે સલીમીએ આ મુજબ સાંભળ્યુ તે વખતથી હઝરત હાશમ અ૦ થી જુદા સુવા લાગ્યા.

હઝરતે હાશમ થોડા દીવસ મદીનામાં રહયા પછી સલીમીથી વીદાઅ થઇને કહયું કે અએ સલીમી ! જે અમાનત કે ખુદાએ હઝરત આદમ અ૦ ને સોંપી હતી અને આદમે શીસ અ૦ ને સોંપી હતી. અને તેઓની બાદ દીનના બુઝુરગો એક બીજાને સોંપતા આવ્યા છે એટલે સુધી કે આ બુઝરગવાર "નુર" મારા સુધી પહોચ્યું અને આ નુરનાજ સબબથી મારી બુઝુરગી બમણી થઇ અને હવે તે નુરને અમાનત તરીકે ખુદાના હુકમથી તને સોંપ્યું છે.

તો હું તારાથી અહદ લઊં છું કે આ નુરની હીફાઝત કરજે ! અને મારી પાછળ આ ફરજંદ પૈદા થાય તો આંખોથી વધારે પ્યાર કરજે; અને જાનથી વધારે સમજજે.

અને બને ત્યાં સુધી તેને છુપાવી રાખજે કે કોઇને ખબર ન પડે. કેમકે તેના દુશમન ઘણા છે, અને ખાસ કરીને યહુદી લોક તો સખત દુશમન છે, અને તેઓનો અદાવત પેહેલેજ દીવસે માઅલુમ થઈ ગઈ.

અને અગર આ સફરથી હું પાછો ન ફરૂં અથવા મારી વફાત ના સમાચાર મળે તો લાઝીમ છે કે એની હીફાઝતમાં જરા પણ તકસીર કરવી નહીં અને જે વખતે જવાનીના હાલતે પહોંચે તો તેને ખુદાના હરમ (મક્કા)માં લઇ જાજે, અને તેના કાકાઓથી છેટે ન રાખજે. કેમકે ખાનએ ખુદા અમારી ઈજ્જત અને નુસરત (મદદ)નું મકાન છે.

સલીમીએ કહ્યું કે આ તમામ વાતો મેં સાંભળી અને દીલોજાનથી કબુલ કરી. પણ તમારી જુદાઇથી મારૂં દીલ ગમગીન છે ખુદા પાસે સવાલ કરૂં છું કે જલદીથી તમોને પાછા મારી સાથે મેળાવે.

હાંસલકલામ પછી હઝરતે હાશમ અને તેઓના ભાઇ અને સગાઓ બાહેર નીકળ્યા. તે વખતે હઝરતે હાશમે તમામને કહયું કે અએ ભાઇઓ મોત એ ચીજ છે કે તેનાથી કોઇને છુટકો નથી, હું તમારાથી જુદો થાઊં છું, અને ખબર નથી કે હું પાછો આવીશ કે નહીં, એટલા માટે તમોને વસીયત કરૂં છું કે તમો આપસમાં એક બીજાથી હળીમળીને મેહર મોહબ્બતથી વરતજો અને એક બીજાથી જુદા ન થાજો, કેમકે જુદા થવાથી

બાદશાહોં અને રઇસો પાસે બેઇજ્જતી થાય છે. અને તમારી ઇજ્જત અને દવલતના સબબથી દુશમન તમારી તમા રાખે છે અને હું મારા બાઇ મુત્તલીબને તમો પર ખલીફો કરૂં છું કેમકે તેઓની કદર મારી પાસે ઘણી છે માટે જો મારી વસીયત ઉપર અમલ કરતા હોને તેઓને પોતાના પેશવા જાણો. અને કાબબાની ચાવીયો અને ઝમઝમનું પાણી પાવાનું કામ અને મારા જદનો અલમ અને જે કાંઈ મને પયગમબરોથી મળ્યું છે તે તમામ તેઓને સપુરદ કરી આપશો તો તમો નેક બખ્ત અને સઆદત- મંદ થશો.

અને બીજી વસીયત તમોને એ કરૂં છું કે જે ફરજંદ સલીમીના પેટ- માં છે તેની શાન અને મરતબો મોહટો થાશે. અને કોઇ ચીજમાં મારા કેહવાથી ઉલટું કરશો નહી.

આ સાંભળીને તમામ જણાઓએ કહ્યું કે આપનું કહેવું સાંભળ્યું અને આપના ફરમાવવા મુજબ અમલ કરીશું પણ આપે જે વસીયતો કરી તેથી અમારા દીલ બહુજ ગમગીન થયા; પછી હઝરત હાશમ અ૦ શામ તરફ રવાના થયા.

અને જે વખતે પોતે ધારેલી મનઝીલ ઉપર પહોંચ્યા અને માલ વેચી નાંખ્યો અને જે કાંઇ જોતું હતું તે લીધું અને સલીમીના માટે તોહ- ફા અને હદયા લઈને મદીના તરફ પાછા જવાનો વીચાર કર્યો ત્યાં બીમાર થઇ ગયા અને સથવારાથી છુટી ગયા અને દીન બદીન બીમારી વધતી ગઇ, તે વખતે જે રફીક અને ગુલામો હતા તેઓને ફરમાવ્યું કે મને મોતની નીશાનીઓ દેખાય છે અને હું આ બીમારીમાંથી બચું એવું લાગ- તું નથી માટે તમો મક્કા તરફ પાછા જાઓ અને જે વખતે મદીને જાઓ તો સલીમીને મારા સલામ કેહજો, અને મારો ખરખરો કરજો અને મારા ફરજંદ વીશે ભલામણ કરજો અને કેહજો કે મને આ ફરજંદના ગમ સિવા- ય બીજો કાંઇ ગમ નથી.

પછી બે દીવસની બાદ મોતના આસાર જાહેર થયા અને મરવાની ખાત્રી થઇ તો કહ્યું કે મને બેઠો કરો અને દવાત અને કાગળ મંગાવીને ખુદાના નામની બાદ લખ્યું કે આ નાચીજ બંદો એવા વખતમાં લખે છે કે જે વખતમાં ખુદાનો પેગામ તૈયારી કરવાનો થયો છે; કે આ ફાની દુન્યા છોડીને હમેશની બાકી રહેવાની જગ્યો તરફ કુચ કરૂં અને મારી જાન નીકળવાનો વખત થયો તે વખતે આ નામો (કાગળ) લખ્યો છે.

મેં મારો માલ તમો તરફ મોકલ્યો છે, તે તમો આપસમાં સરખે ભાગે વેંહચી લેજો અને બુઝુરગ અને કરીમા "સલીમી"ની ખબર રાખજો અને હું તમોને વસીયત કરૂં છું કે તેના ફરજંદની બુઝરગી કરજો અને સલીમીને મારો પયગામ આપજો કે આહા આહા હું તમારી સાથે રેહવાથી સએર થયો નહીં (એટલે ઝાઝી મુદત રહી શકયો નહીં) અને જે ફરજંદ કે તમારા પેટમાં છે તેના દીદાર નસીબ થયા નહીં કયામત સુધી તમારા ઉપર ખુદાની રહમત અને સલામ થાય.

એ મુજબ લખી કાગળ વીંટી તેનાપર પોતાની મોહર કરીને પોતાના સાથ વાળાઓને આપ્યો.

પછી કહ્યું કે મને સુવરાવો, જે વખતે સુવરાવ્યાં તો આસમાન તરફ નજર કરીને કહયું કે અએ મારા પરવરદીગારના રસુલ (એટલે અએ મલેકુલમોત) જે મુસ્તફાનું નુર મારી પાસે હતું તેનો વાસ્તો આપું છું કે મારા પર સખતી ન કરજે.

એ મુજબ કહયું ત્યાં રૂહ મુબારક તનથી આસાનીથી નીકળી ગઈ, આહ, આહ, આહ, દુન્યાનો રોશન ચીરાગ બુઝી ગયો, તેઓના રફીકોએ ગુસલ કફન આપી અને ઉરવએ શામમાં તે સખી અને બુઝુરગને દફન કર્યા, બાદ મક્કા તરફ રવાના થયા.

પછી જે વખતે તે લોક મદીનામાં પહોંચ્યા તો "વા હાશમાહો" કહી કહીને પુકારીને રોવા લાગ્યા, આ ગમગીન આવાજ સાંભળીને મદીનાની તમામ ઓરતો અને મરદો ઘરમાંથી નીકળી પડયા.

સલીમી અને તેઓનો બાપ અને સગાઓએ હઝરત હાશમ અ૦ ના ગમમાં પોતાનાં કપડાં ફાડયાં, અને સલીમી રોઈ રોઈને ફરીયાદ કરીને કહેવા લાગ્યા કે હવે તમારી બાદ મારી અને મારા ફરઝંદની ઈજ્જત કોણ કરશે

પછી સલીમીએ હઝરત હાશમના વસીને કહ્યું કે તમો મુત્તલીબને મારા સલામ સાથે કહો કે હું તમારા ભાઇના અહદ ઉપર કાયમ છું અને તેઓની બાદ બીજો મરદ મારા માટે હરામ છે, પછી જે વખતે હઝરત હાશમનો માલ અને ગુલામ મક્કામાં ગયા તો મક્કાની ઓરતોએ પોતાના વાળ ખોલી નાંખ્યા, ગરેબાન ચાક કર્યા અને એવી રીતે ગમ કર્યો કે જમીન આસમાન રોયા વળી જે વખતે હઝરતે હાશમનું વસીયતનામું ખોલ્યું તો વળી મુસીબત તાજા થઇ અને તેઓની વસીયત મુજબ જનાબે મુત્તલીબનેરઇસ અને પેશવા કર્યા ખાનએ કાઅબાની ચાવીયો ઝમઝમનું પાણી

પાવું હાજીયોની મેહમાનદારી વીગેરેનું કામ સોંપ્યું હઝરત ઇસમાઇલની ક-માન શીસના નઅલએન ઇબરાહીમનું પહેરાન નુહની વીંટી અને નબીયોના તમામ તબરૂકાત જે મવજુદ હતુ તે તમામ મુત્તલીબને સોંપ્યું.

જે વખતે સલીમીને હમલ વઝા થવાનો વખત નજીક થયો તો ઓર-તોની જેમ બેચેની કે સુસ્તી થઇ નહીં, પણ ગએબથી આવાઝ આવી કે અગે બનીનજ્જારની ઓરતોની સણગાર પોતાના ફરઝંદને છુપાવી રાખજે અને લોકોને જોવા આપીશ નહીં અને તે એવો ફરઝંદ છે કે તમામ લોક તેનાથી ફાયદો ઉઠાવશે

સલીમીએ જે વખતે આ મુજબ ગએબી આવાજ સાંભળી તો દરવા-જા બંધ કર્યા અને પરદા નાંખ્યા અને પોતાના હાલની કોઇને પણ ખબર કરી નહીં પછી એકાએક નુરનો પરદો ચારે તરફ જમીનથી તે આસમાન સુધી પડી ગયો એટલા માટે કે શયતાન પાસે આવી ન શકે.

પછી તેજ વખતે ફરઝંદ પેદા થયો અને નુરે મોહમ્મદી તે ફરઝંદમાં ચમકતું હતું, થોડીવાર પછી તે હસ્યા, અને જે વખતે તેઓને ખોળામાં લીધા તો માથામાં એક સફેદ વાળ જોયો અને તેજ કારણથી તે ફરઝંદનું નામ શયબતુલહમ્દ રાખ્યું.

સલીમીએ એક મહીના સુધી લોકોથી છુપા રાખ્યા અને કોઇને ખબર પડવા દીધી નહીં, જ્યારે એક મહીનો થયો અને કબીલાની ઓરતોને ખ-બર પડી તો મુબારકબાદ દેવા માટે આવ્યું અને તે ફરઝંદના અજબ અ-જબ અહવાલથી અચરત પામી ગઇ, જે વખતે બે મહીનાના થયા તો ચાલવા સીખ્યા, યહુદીઓ જોઇને હસદ કરવા લાગ્યા, અને બુગઝ અને કીનાની આગ તેઓના સીનામાં ભડકી કેમકે તે જાણતા હતા કે આ નુર તે પયગમબરનું છે કે જે તેઓના દીનને બરબાદ કરશે અને તેઓને કતલ અને ગારત કરશે.

જ્યારે સાત વરસના થયા તો જવાન કુવ્વતવાળા થઇ ગયા, અને ભારે ચીજો ઉપાડતા અને છોકરાઓને ભોંયથી ઉપાડી ઉંચા કરીને ભોંય મુકતા હતા.

બનવા કાળ એક દીવસ બની હારસના કબીલાનો એક શખશ કાંઇ ઝરૂરત માટે મદીનામાં આવ્યો ત્યાં તેણે એક છોકરાને જોયો તેના ચહેરાથી નુર ચમકતુ હતું અને છોકરાઓની સાથે રમતો હતો મજકુર શખશ તેનો પાસે જઇને તમાસો જોવા લાગ્યો અને શયબતુલહમ્દની ખુબસુરતી અને

નેકલાય જોઇને હેરાન થયો અને બોલ્યો કે ખુશ નસીબ એ લોકોના કે જેના શેહરમાં તુ રહે.

શયબતુલહમ્દ રમતા હતા અને કેહતા હતા કે હું સાહેબે ઝમઝમ અને સફાનો ફરજંદ છું હું હાશમનો ફરજંદ છું અને મારી બુઝુરગી માટે એટલુંજ બસ છે, આ સાંભળીને મજકુર શખસ પાસે ગયો અને પુછયું કે અએ ફરજંદ તારૂં શું નામ છે? જવાબ આપ્યો શયબતુલહમ્દ બીન હાશમ બીન અબ્દે મુનાફ છે મારા બાપ ગુજરી ગયા છે અને મારા કાકા મારી ખબર પણ લેતા નથી અએ ખુદા માણુસ તમો કયાંથી આવો છો? તેણે કહયું કે મકકાથી આવ્યો છું. શયબતુલહમ્દે કહયું જયારે તમો મક્કામાં જાઓ તો અબ્દે મુનાફના ફરઝંદોને મારા સલામ કેહજો અને બયાન કરજો કે એક યતીમ બચ્ચાનો પેગામ લાવ્યો છું કે તેનો બાપ મરી ગયો છે અને તેના કાકાઓએ તેનાપર જફા કરી, તેણે કહયું છે કે અએ અબ્દે મુનાફના ફરઝંદો તમો બહુજ જલદીથી હાશમની વસીયત ભુલી ગયા, અને તેની નસલની ખબર લીધી નહીં જયારે મકકા તરફથી હવા આવે છે તો તમારી ખુશબો સુંઘું છું, અને તમારી મુલાકાતનો આરઝુમંદ છું

મજકુર શખસ આ કલામ સાંભળીને રોતો રોતો મક્કા તરફ રવાના થઇ ગયો, અને જયારે અબ્દે મુનાફની મજલીસમાં પહોંચ્યો તો તહીનીયત અને સલામની બાદ બયાન કર્યું. કે અએ અકાબેર અને અશરાફો અએ અબ્દે મુનાફના ફરઝંદો !! તમો પોતાની ઇજ્જતથી ગાફીલ થઈ ગયા, અને પોતાનો ચીરાગે હીદાયત (હીદાયતનો દીવો) બીજાના ઘરમાં રોશન કરોછો એ મુજબ કહીને શએબતુલહમ્દનો પયગામ પહોંચાડયો, આ સાંભળી તેઓએ કહ્યું કે તે આવે દરજજે પહોંચ્યો છે? મજકુર શખસે કહ્યું કે ખુદાની કસમ તે એવી ઉમદા તરાહથી બોલે છે કે તમામ ફોસહા તેની સામે કાંઇ નથી અને બહુજ બુઝુરગી અને ફઝીલતવાળા છે.

આ સાંભળીને મુત્તલીબ તેજ વખતે ત્યાંથી પોતાના ઘોડા ઉપર બેસીને એકલાજ મદીના તરફ રવાના થયા અને બહુજ જલદી મદીનામાં પહોચ્યા. ત્યાં જોયું કે શએબતુલહમ્દ છોકરાઓની સાથે રમતા હતા મુત્તલીબે નુરે મોહમ્મદીના સબબથી ઓળખી લીધા, અને જોયું કે શએબતુલહમ્દે એક મોહટો પથ્થર ઉપાડીને કહયું કે હું હાશમનો ફરઝંદ છું જેઓ મશહુર "અલાએમ" છે, મુત્તલીબે આ સાંભળીને પોતાનો ઊંટ બેસારી આપ્યો,

અને બોલ્યા કે અએ મારા ભાઈના યાદગાર મારી પાસે આવ !! શએબ-તુલહમ્દ દોડયા અને બોલ્યા કે તમો કોણ છો? મારૂં દીલ તમારા તરફ ખેંચાય છે, તેથી એમ જણાય છે કે તમો મારા કાકા હશો.

એ સાંભળીને હઝરતે કહ્યું કે હા હું તમારો કાકો મુત્તલીબ છું. એમ કહી ખોળામાં લઇને બહુજ પ્યાર કર્યો અને રોવા લાગ્યા, પછી બોલ્યા કે અએ ફરઝંદ તમને મનજુર છે? કે તમને તમારા કાકાઓ પાસે લઈ જાઉં? હઝરત શએબતુલહમ્દે કહ્યું કે હા કાકા મને મનઝુર છે.

પછી મુત્તલીબ તેઓને સાથે લઇને મક્કા તરફ રવાના થયા, શએબતુ-લહમ્દે કહ્યું કે અએ કાકા મને ખોફ છે કે વખતે મારી માના સગાઓ મને આવીને અટકાવે માટે જલદી ચાલો મુત્તલીબે કહયું અએ મારી જાન કાંઇ ફીકર નહીં, હકતઆલા તમામ બલાથી બચાવશે.

જયારે યહુદીઓને ખબર પડી કે શએબતુલહમ્દ એકલા પોતાના કાકા સાથે જાય છે તેથી તેઓને તમા લાગી કે કતલ કરીએ અને તેઓના સ-રદારોમાંથી એક યહુદીનું નામ વહયા હતુ તેના છોકરાનું નામ લતીયા હતું તેની સાથે શએબતુલહમ્દને કાંઇ તકરાર થએલી અને તેથી તેને મારેલા એ અદાવત તેના દીલમાં હતી, અને તેને ખબર પડી શએબતુલહમ્દ મક્કા તરફ જાય છે. તો તે વખતે પોતાની કોમમાં માણસ ફેરવ્યું કે અએ લોકો જે છોકરાથી તમો ડરતા હતા તે પોતાના કાકા સાથે એકલો મકકે જાય છે માટે હવે તેની ખબર લીઓ અને તેને મારી નાંખો કે તેના તરફ થી આપણે બેખોફ થઈ જઇએ.

આ સાંભળીને સીતેર યહુદી હથીઆર લગાડીને ચાલ્યા; જયારે રાતની વખતે મુત્તલીબે ઘોડાના ટાપુની અવાજ સાંભળી તો બોલ્યા કે અએ મારા ભાઇના ફરઝંદ જેની બીક હતી તે આવ્યા, શએબતુલહમ્દે કહયુ કે બીજે રસ્તે ચાલો. મુત્તલીબે કહયું કે અએ ફરઝંદ તમારી પેશાની ઉપર જે નુર ચમકે છે તે નુર તે ગુમરાહોની રાહનુમાઇ કરશે (એટલે તેઓ તે નુ-રના અંજવાળામાં આપણી પાછળ આવશે) આ સાંભળીને શએબતુલહમ્દે કહયું કે અએ કાકા મારૂં મોઢું છુપાવી લીઓ કે તેથી આ નુરની રોશની બાહેર ન દેખાય. મુત્તલીબે કપડાનાં ત્રણ પડ કરીને તેઓના મો઼ઢાપર નાંખ્યું તોપણ નુરનું તેજ તેમનું તેમ ચમકતું હતું એ જોઇને મુત્તલીબે કહયું કે અએ ફરઝંદ આ નુર તો ખુદાનું નુર છે તો ખાક નાખવાથી કાંઇ નુરે ખુદા છુપે ખરૂં ? ના ના કેઇથી તો નુર છુપી શકે તેમ નથી ખુદા પાસે

તમારી કદર અને બુઝુરગી ઘણી છે તો જે ખુદાએ આ નુર આપ્યું છે તેજ તમામ બલાથી બચાવશે.

પછી જ્યારે યહુદીઓ પાસે પહોંચ્યા તો તે વખતે શએબતુલહમ્દે કહ્યું કે અએ કાકા તમો મને નીચે ઉતારી દીઓ અને ખુદાની કુદરતનો તમાશો જુઓ.

પછી ભોંય ઉતરી મોઢાપર ખાક લગાડીને સીજદો કર્યો અને અરજ કરી કે અએ નુર અને ઝુલમતના પરવરદીગાર, અએ સાતો આસમાનને ગરદીશમાં રાખનાર, અએ ખલાયકને રોજી પહોંચાડનાર, વાસ્તો શરીએ રોઝે જઝા અને સદકો એ નુરનો કે જે મને સોંપ્યું છે, હું તારાથી સવાલ કરૂંછું કે દુશમનોના શર અને મક્કરથી હીફાઝતમાં રાખ !

હજી એ દોઆ પુરી થઇ નહતી કે યહુદીનું ટોળું આવી પહોચ્યું, અને સામે સફ બાંધી તે ઉભા રહયા ત્યાં એકદમ કુદરતે ખુદાથી શએબતુલહમ્દ અને મુત્તલીબની બીક અને ખોફ તે યહુદીઓના દીલમાં ગલબો કરી ગયો,તેથી બોલ્યા કે અએ બુઝુરગવારોને નેકકીરદાર અમો તમોને ઇજા પહોંચાડવા આવ્યા નથી પણ અમારો મતલબ એ છે કે શએબતુલહમ્દને તેની મા પાસે પાછા લઇ જઇએ કે તેઅમારા શેહરનો ચીરાગ અને બરકતનો સબબછે.

શએબતુલહમ્દે ફરમાવ્યું કે હું તમારી દુશમનોથી ખુબ વાકેફ છું, પણ આ વખતે કુદરતે ઇલાહી તમોપર ઝાહેર થઇ તેથી ખુશામત કરો છો, આ સાંભળીને તે યહુદી નાઉમ્મેદ થઇને પાછા ચાલ્યા ગયા.

જ્યારે થોડેક છેટે ગયા તો વહયાનો છોકરો લાતીયાહ બોલ્યો કે તમો નથી જાણુતા કે આ લોકો જાદુની ખાણુ છે, અને આપણા ઉપર જાદુ કરેલ છે માટે પાછા ચાલો જઇને કતલ કરીએ.

આ સાંભળી વળી તે લોકો તલવારો ખેંચીને પાછા આવ્યા, અને જ્યારે નજીક પહોંચ્યા તો તે વખતે મુત્તલીબે કહ્યું કે કાં ! હવે તમારો મકસદ જાહેર થયો કે!! અને હવે તમારાથી જહાદ કરવો વાજીબ થયો એમ કહીને મુત્તલીબે હાથમાં કમાન લઇ કેટલાંક તીર તેઓને માર્યા કે તેથી કેટલાંક યહુદી મરી ગયા; પછી તમામ યહુદીઓ જે ત્યાં હતાતેઓએ હુમલો કર્યો, અને મુત્તલીબે પણુ ખુદાનું નામ લઈ તેઓપર હુમલો કર્યો.

અને શએબતુલહમ્દ ખુદાની દરગાહમાં તઝરરોઅ અને ઝારી કરતા હતા.

ત્યાં એકાએક છેટેથી ગરદો ગુબાર દેખાણો અને ઘોડાની હણુહનાવાની આવાજ આવી અને હથીયાર ખડખડાવા લાગ્યા ત્યાં મુત્તલીબે જોયું કે

સલીમી અને તેના બાપ ચારસો માણસો પેહલવાન અવસ અને ખઝરજના લઇને શએબતુલહમ્દને લેવા માટે આવે છે. જ્યારે સલીમીએ જોયું કે યહુદીઓ મુત્તલીબની સાથે લડાઇ કરે છે તો આવાજ આપી કે અરે આ શું કરો છો ?

એ આવાજ સાંભળીને લાતીયા તો ભાગી ગયો, મુત્તલીએ કહયું કે ઓ દુશમને ખુદા કયાં જાય છે ? એ મુજબ કહી તેજ વખતે તેના બે કટકા કરી નાંખ્યા, પછી એ જોઇને અવસ અને ખઝરજના પેહલવાનો યહુદીઓ ઉપર તુટી પડયા અને એકને પણ જીવતો મુકયો નહીં.

પછી મુત્તલીબ તરફ ધ્યાન કરયું મુત્તલીબ પણ ઉઘાડી તલવાર હાથમાં લઇને ઉભા હતા.

સલીમીએ પોતાના ફરઝંદને કતલ થવાના ખોફથી પોતાના કબીલાને લડવાની મના કરી અને મુત્તલીબને પુછયું કે તમો કોણ છો ? કે મારા ફરઝંદને લઈ જાઓ છો ? અને મારા ફરઝંદને મારાથી જુદો કરો છો?

મુત્તલીએ કહયું કે હું ચાહું છું કે એની બુઝુરગી અને શરફ ઇજ્જતને વધારે કરૂં અને હું તેના ઉપર તમારા કરતાં વધારે મેહરબાન છું અને ઉમ્મેદવાર છું કે હકતઆલા તેને સાહેબે હરમ અને પેશવાએ ઉમમ કરે હું એનો કાકો મુત્તલીબ છું.

સલીમીએ કહયું કે શાબાસ અએ મુત્તલીબ તમોએ મને ખબર કેમ કરી નહીં ? અને મને આના બાપે વસીયત કરી છે કે એને જુદો કરવો નહીં. પછી શએબતુલહમ્દને કહ્યું કે અએ ફરઝંદ તને ઇખતીયાર છે જોઇએ તો મારી સાથે આવ અને જોઇએ તો તારા કાકા ભેગો જા !

શએબતુલહમ્દે પોતાની માના આ કલામ સાંભળીને માથું નીચે ઝુકાવી લીધું અને રોવા લાગ્યા પછી બોલ્યા કે અએ માદરે મેહરબાન તમારી મુખાલેફતથી (હુકમથી ઉલટું ચાલવાથી) હું ડરૂં છું, પણ મને ખાનએકાઅબાની મુજાવેરત કરવી મંજુર છે; અગર રજા આપો તો જાઉં અને મના કરો તો પાછો આવું.

આ સાંભળીને સલીમીએ કહયું કે અએ ફરઝંદ મારી ખાહીશ ઉપર તારી ખાહીશને મેં કબુલ કરી અને જરૂરતને માટે તારી જુદાઇ ગવારા કરૂં છું, પણ તું અમને ભુલીશ નહીં. અને પોતાની ખબરથી અમને મહરૂમ રાખીશ નહીં.

પછી પોતાંના ફરઝંદને ખોળામાં લઇ પ્યાર કરી વીદાઅ કર્યો.

અને મુત્તલીબને કહયું કે અએ અબદેમુનાફના ફરઝંદ જે અમાનત કે તમારા ભાઇએ મને સોંપી હતી તે અમાનત હવે તમોને સોંપી તેની હીફાઝત કરજો અને જયારે શાદી કરવાનો વખત આવે તો જે ઓરતને ઇજ્જત શરફમાં મુનાસીબ જાણે તેની સાથે શાદી કરી આપજો.

આ સાંભળીને મુત્તલીબે ફરમાવ્યું કે અએ કરીમએ જલીલાહ તમોએ મ્હારા પર એહસાન કર્યો, જ્યાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી તમારો હક ભુલીશ નહીં.

હાંસલકલામ પછી શએબતુલહમ્દને લઇને મકકે રવાના થયા.

જ્યારે મક્કા અને મકકાની અતરાફ શએબતુલહમ્દના નુરનો પરતવ ફેલાણો તો મક્કાંવાળાં અજબ થયાં, અને મકકાવાળાં ઘરેથી બાહેર નીકળી પડયા અને મુત્તલીબને પુછયું કે તમો સાથે લાવ્યા છો તે આ કોણ છે? મુત્તલીબે જાહેર કરવું બેહતર ધર્યું નહીં અને મસ્લેહત સમજીને કહયું કે આ મારો ગુલામ છે (અને એજ સબબથી શએબતુલહમ્દનું નામ અબદુલ મુત્તલીબ થયું છે) પછી શએબતુલહમ્દને પોતાને ઘેર લઇ ગયા, અને એક મુદત સુધી તેઓને છુપાવી રાખ્યા લોક તેઓના નુરથી અજબ થતા હતા પણ એ ખબર નહતી કે રસુલે ખુદાના દાદા છે, અને તમામ કોરેશ ઉપર તેઓના હુકમ જારી થશે. પછી તો હરએક વાતમાં તે નુરથી બરકત પામતા હતા અને હર મુસીબત અને બલામાં તે નુરથી પનાહ ચાહતા હતા કાળ અને સખતીમાં તે નુર થકી વસીલો લેતા હતા, અને હકસુબહાનહુ વતઆલા તેની બરકતથી તેઓની સખતીઓને દુર કરતો હતો અને ઘણા મોઅજીઝા એ નુરથી લોકોએ જોયા.

પછી હઝરતે રસુલેખુદાસ૦ નું નુર શએબતુલહમ્દ કે જેઓને અબ્દુલમુત્તલીબ કહે છે તેઓમાં આવ્યુ, હઝરતે અબ્દુલમુત્તલીબની ફઝીલતમાં ઘણી હદીસો વારીદ થઇ છે, જેમકે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦થી મનકુલ છે કે અબ્દુલમુત્તલીબ કયામતમાં એકલા મશહુર થશે કેમકે પોતાની કોમમાં તેઓ એકલાજ ઈમાનદાર હતા તેઓ માટે પયગમબરોની નીશાની અને બાદશાહોની બુઝુરગી હશે.

હદીસે મોઅતબરમાં એ હઝરતથી મનકુલ છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે યા અલી અબ્દુલમુત્તલીબે જાહેલીયતના વખતમાં પાંચ સુન્નતો મુકરરર કરી હતી અને હકતઆલાએ એ પાંચે બાબતો ઇસલામમાં

પણ જારી રાખી ૧—એકે બાપની સ્ત્રી છોકરાઓ માટે હરામ ઠેરાવી ૨—એ કે આપને ખઝાનો મળ્યો તેમાંથી પાંચમો ભાગ રાહે ખુદામાં આપ્યો ૩—ઝમઝમના કુવાને ખોદી હાજીયોને પાણી પીવરાવવાનું મુકરરર કર્યું ૪—માણુસના કતલનો દંડ એકસો ઊંટ મુકરરર કર્યા ૫—પહેલે કોરેશીયો ખાન-એ કાઅબાનો તવાફ કરતા હતા ત્યારે તવાફની ગણત્રી મુકરરર નહતી, તે ઓએ સાત વખત તવાફ કરવાનો ઠરાવ કર્યો. યાઅલી અબ્દુલ્મુત્તલીબ જુગાર રમતા નહતા અને કદી બુતપરસ્તી કરી નથી જે હયવાનને બુતના નામ ઊપર ઝબહ કર્યું હોય તેનો ગોશ્ત ખાતા નહતા, અને કહેતા હતા કે હું પોતાના દાદા હઝરતે ઇબરાહીમ ખલીલુલ્લાહના દીન ઉપર છું.

હઝરતે અબ્દુલ્મુત્તલીબના ઝમાનામાં હબશાનો બાદશાહ હાથીઓને લઇને ખનએ કાઅબા ખરાબ કરવા આવેલો ત્યારે તેના લશ્કરે મક્કાવાળા-ઓને લુટી લીધા અને હઝરતે અબ્દુલ્મુત્તલીબના ઊંટ પણ લુટયા હઝરતે અબ્દુલ્મુત્તલીબ બાદશાહ પાસે ગયા, બાદશાહ એક તખ્ત ઊપર બેઠો હતો અને દીબાનો એક કુબ્બો પણ પોતા માટે નસબ કરાવ્યો હતો, હઝરતે અબ્દુલ્મુત્તલીબે સલામ કરી તેણે જવાબ આપ્યો અને હઝરતના ચેહરાના નુર જલાલત અને શાનને જોઇને હૈરતમાં પડી ગયો અને પુછયું કે શું તમારા બાપ દાદાઓમાં પણ આવું નુર હતું? આપે જવાબ આપ્યો કે હા મારા બાપદાદા નુરાની સુરત હયા અને શરમ વાળા પરહેઝગાર હતા, બાદ-શાહે કહયું તમો તમામ ખલ્કએક ઊપર પોતાના ફખર અને શરફના સબબથી શ્રેષ્ઠ થયા અને તમોને સજાવાર છે કે પોતાના કૌમ ઉપર સય્યદ અને બુઝુરગ રહો.

પછી એ જનાબને પોતાની પાસે તખ્ત ઊપર બેસાર્યા, એની પાસે એક મ્હોટો સફેત હાથી હતો તેના બન્ને દાંતમા જાત જાતના હીરા જડેલા હતા અને તે થકી બીજા બાદશાહો ઉંપર ફખર અને બડાઇ કરતો હતો, તે હાથીને દરબારમાં લાવવાનો હુકમ કર્યો તે વખત માવતે એ હાથીને ખુબ સણુગારી અને રંગ રંગના કપડા ઘરેણા થકી શોભાયમાન કરીને સામે લઇ ગયો, એ હાથીએ હઝરતે અબ્દુલ્મુત્તલીબને સીજદો કર્યો અને એથી પહેલે તેણે પોતાના બાદશાહને પણ સીજદો કર્યો નહતો અને ફસા-હતથી અરબી ભાષામાં બોલ્યો કે અએ તમામ ખલકત કરતાં શ્રેષ્ટ આપ ઊપર સલામ થાય, અએ ખાનએ કાઅબા અને ઝમઝમના સાહેબ અએ તમામ પયગમબરોથી ઊત્તમ પયગમબરના જદ અને એ નુર ઊપર પણ

સલામ થાય કે જે તમારી પીઠમાં છે, અએ અબ્દુલ્મુત્તલીબ ફઝીલત અને શરફ આપની સાથે છે. તમો કદી બેઇજ્જત નહીં થાઓ અને કોઇથી હારશો નહીં.

અજાએબ બાબત થવાથી બાદશાહ ડરી ગયો, અને હાથીને પાછો મોકલીને કહયું આપની સખાવત અને રહમદીલીનો શોહરો મેં સાંભળ્યો છે અને આપના રોઅબ જલાલ અને નુરને પણ જોયુ માટે કહો શામાટે આવ્યા છો? જે કેહશો તે હું કબુલ કરીશ, અને બાદશાહ સમજેલો કે ખાનએ કાઅબા ખરાબ કરવાની મનાઇ કરશે તે હું કબુલ કરીશ, પણ હઝરતે કહયું મારા ઊંટ તારૂ લશ્કર લુટીને લાવ્યું છે તે પાછા આપ.

બાદશાહ આ સાંભળીને ગુસ્સે થયો અને બોલ્યો કે તમારી કદર મારી પાસે ઓછી થઇ ગઈ કેમકે હું તમારા એ કાઅબાને તોડી પાડવા આવ્યો છું કે જેના સબબથી તમો દુન્યાના લોકો ઉપર ફખર કરો છો, તો હુ સમજ્યો તમો તેને તોડવાની મના કરવાનું કહેશો પણ તમોએ તો તે વીશે કાંઇ વાત પણ કરી નહીં અને પોતાના ઊંટ માંગ્યા જો સીફારશ કરો તો કબુલ કરૂં, આપે ફરમાવ્યું હું કાંઇ કાઅબાનો માલીક નથી, અને તેનો માલીક મહા મ્હોટો બુઝુર્ગ સર્વ શકતી વાળો અને કુદરત વાળો છે તે પોતાના મકાનને સાંચવનાર બસ છે અને બીજાઓ કરતા તેજ અફઝલ અને અવલા છે માટે મારે સીફારીશ કરવાની કાંઇ જરૂર નથી, બાદશાહ આ સાંભળીને ચુપ થઇ ગયો અને તેઓના ઊટ પાછા આપવાનો હુકમ કર્યો, અને પછી તેઓ કાઅબાને ખરાબ કરવા ગયા પણ પોતેજ હલાક થઇ ગયા જે બયાન ખુલાસાથી તફસીરમાં સુરએફીલમાં જુઓ.

હઝરતે અબ્દુલ્મુત્તલીબ એક વખત કાઅબામાં સુતા હતા ત્યાં સ્વપનામાં જોયું કે કોઇ કહે છે કે **બરરાને** ખોદો જ્યારે જાગ્યા ત્યારે સમજ્યા નહીં કે બરરા શું ચીજ છે, બીજે દીવસે સાંજના સુતા તે રાત્રે પણ એજ શખસને જોયો તે કહે છે કે **તય્યેબાને** ખોદો ત્રીજી રાત્રે કહ્યું **મઝનુનાને** ખોદો ચોથી રાત્રે કહ્યું **ઝમઝમને** ખોદો, કે તેનું પાણી હમેશા રેહશે અને હાજીયો તેને પીશે, અને કીડીયોના દર પાસે સફેત પાંખનો કાગડો બેઠો હોય ત્યાં ખોદજો.

એક જગ્યોએ કીડીયોના દર હતા ત્યાં સફેત પાંખ વાળો એક કાગડો આવીને હમેશા બેસતો અને કીડીઓને ખાતો હતો આ સ્વપ્નાથી

આગલી ત્રણે રાતના સ્વપ્નાની તાબીર સમજ્યા કે ઝમઝમનો કુવો ખોદવાનો હુકમ થયો છે.

પછી આપે કુરેશીયોને કહ્યું બરાબર ચાર રાત સુધી મને ઝમઝમ ખોદવાનો હુકમ થયો છે અને તે આપણા ફખર અને ઈજ્જતનું કારણ છે માટે આવો આપણે ખોદીએ, તેઓએ ઇન્કાર કર્યો તેથી આપે પોતે ઝમઝમનો કુવો ખોદવો શરૂ કર્યો, અને તેઓનો હારીસ નામનો છોકરો એ કામમાં મદદ આપતો હતો જ્યારે એ ખોદવું ભારે પડયું ત્યારે કાબાના દરવાજા પાસે આવી બન્ને હાથ આસમાન તરફ ઊંચા કરીને ઘણીજ નમ્રતા અને આજેઝી સાથે માનતા માની કે ખુદાવંદા તુ મને દસ ફરઝંદ આપીશ તો હું તેમાંથી એકને કે જે વધારે પ્યારો હશે તેને તારી રાહમાં કુરબાની કરીશ, પછી ખોદવા લાગ્યા એટલે સુધી કે તેમાંથી હઝરતે ઇસમાઇલની ઇમારત નીકળી તે વખતે આપ સમજ્યા કે હવે પાણી નીકળશે તેથી આપે "અલ્લાહો અકબર" કહયું કુરેશીયોએ પણ અલ્લાહો અકબર કહયું અને બોલ્યા એ હારીસ આ બાબત આપણા ફખર અને બડાઇની છે અને આમાં અમારો પણ ભાગ છે અમો તમોને બધુએ લેવા નહીં આપીએ, હઝરતે અબ્દુલમુત્તલીબે જવાબ આપ્યો તમોએ આ ખોદવાનાં અમારી મદદ કરી નહીં તથા આમાં તમારો ભાગ નથી બલકે કયામત સુધી મારા અને મારી ઔલાદ માટે ખાસ છે.

મોઅતબર સનદને આધારે હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૦થી મનકુલ છે કે જ્યારે અબ્દુલમુત્તલીબે ઝમઝમનો કુવો ખોદવો શરૂ કર્યો અને તળીયા સુધી ખોદયો તો એક તરફથી એવી બદબો આવી કે આપ ડરી ગયા અને તેઓનો છોકરો હારીસ એ બદબોના સબબથી કુવામાંથી બાહેર નીકળી ગયો પણ એ હઝરત સાબીત કદમ રહીને ખોદવા લાગ્યા, એટલે સુધી કે પાણીનો ઝરરો નીકળ્યો અને કસ્તુરી જેવી ખુશબો આવવા લાગી તે પછી હજુ એક હાથ ઊંડો ખોદયો તે વખતે તેઓને ઊંઘનો ગલબો થયો તેથી સુઇ ગયા તો સ્વપ્નામાં એક શખસને જોયો તેના હાથ લાંબા હતા વાળ અને ચેહરો ખુબસુરત હતો ઊમદા પોશાક પેહરયો હતો અને તેના અંગમાંથી ખુશબો આવતી હતી તેણે કહયું હજુ ખોદો કે નીચેથી ગનીમત પામશો અને બરાબર ધ્યાન આપો કે તેથી સલામત રેહશો, અને જે કાંઇ મળે તે તમારા વારીસો માટે મુકશો નહીં બલકે પોતાને હાથે વાપરજો પણ તેમાંથી તલવારો નીકળશે તે તમારા શીવાય બીજા માટે છે અને સોનું

તમારા માટે છે તમારી કદર સર્વે અરબો કરતાં વધારે છે, અરબનો પયગંબર તમારાથી પૈદા થશે તેમજ આ ઊમ્મતનો વલી અને એ પયગમબરનો વસી પણ તમારાથી પૈદા થશે અને એ અસબાત કે જેઓ નજીબ દાના અને હકીમ છે તેઓ પણ તમારી નસલથી પૈદા થશે, તો એ તલવારો તેઓ માટે છે એ પયગમબરની પૈગમબરી તમારાથી એક કરન પાછળ થશે, હકતઆલા તે શયતાનોને જમીનની અતરાફથી કાઢી મુકશે અને તેઓની ચડતી થવા પછી પડતી કરશે અને સત્તા મેળવ્યા પછી હલાક કરશે, બુતોનો નાશ કરશે, અને બુતોને પુજનારને જ્યાં જોશે ત્યાં કતલ કરશે એ પયગમબર પછી તમારી નસલથી તેનો ભાઇ અને વઝીર તેની પાછળ બાકી રહેશે અને તેજ બુતને તોડનાર છે અને તમામ કામમાં તેના ફરમાં બરદાર રેહશે, અને એ પયગમબર પણ કોઇ વાત તેનાથી છાની નહીં રાખે અને જે સખતી અથવા બલા આવશે તે વીશે તેની સાથે મશવેરો કરશે.

આ સ્વપ્નું જોઇને હઝરતે અબ્દુલ્મુત્તલીબ વીચારમાં પડી ગયા ત્યાં બાજુમાંથી તેર તલવારો નીકળી તે લઇને બાહેર આવવા ચાહયું ત્યાં વીચાર થયો કે હજુ ખોદવાનું બાકી છે તેથી ખોદવા લાગ્યા એક વેંત ખોદયું ત્યાં સોનાના હરણના સીંગડા અને માથું દેખાણું તેને કાઢીને જોયું તો તેના ઊપર જે કાંઇ લખેલું હતું તેનો ખુલાસો એ કે ખુદા વહદહુ લાશરીક એક છે, મોહમ્મદસ૦ તેના રસુલ અને અલી અ૦ તેના વલી છે, અને બારમા ઇમામ ખુદાના ખલીફા છે, પાણી નીકળવાથી અબ્દુલ્મુત્તલીબ બાહેર નીકળવા ગયા ત્યાં શેતાનને કાળા સાંપના આકારમાં જોયો કે તે તેઓની આગળ કુવા ઊપર ચડે છે તેથી તેને તલવાર મારી અને કેટલેક ઠેકાણેથી તેની પુછડી કપાઇ ગઇ અને શયતાન છુપી ગયો તેને બારમા ઇમામ અ૦ પુરેપુરો કતલ કરશે.

પછી આપે ચાહયું કે એ તલવારો કાબાના દરવાજા ઊપર ટાંગી દીએ પણ સુતા તે વખતે સ્વપ્નું આવ્યું અને એજ શખસે કહયું કે અએ **"શયબતુલ્હમ્દ"** પોતાના પરવરદીગારનો શુકર કરો કેમકે તે તમોને બહુ જલદીમાં જમીનની જીભ કરાર આપશે અને તમારૂં નેક નામ તમામ આલમમાં ફેલાવી આપશે, અને કુરેશીયો કેટલાંક બીકથી કેટલાંક તમાથી પૈરવી કરશે તમો તલવારો ઠેકાણે મુકો, આપ જાગ્યા તે વખતે વીચાર થયો કે અગર આ સ્વપ્નું મારા પરવરદિગાર તરફથી હશે તો તેનો હુકમ છે

તેજ મુજબ થશે, અને શેતાન તરફથી હશે તો તેજ શેતાન હશે કે જેની પુછડી મેં કાપી છે.

પછી રાતના સુતા ત્યારે સ્વપ્નામાં ઘણા મરદો અને છોકરાઓને જોયા તેઓ સર્વે તેઓની પાસે આવ્યા અને બોલ્યા અમો તમારા ફરઝંદોના તાબેદાર છીએ અને છઠા આસમાન ઊપર રહીએ છીએ આ તલવારો તમારા માટે નથી તમો બની મઝખુમના કબીલામાંની એક છોકરી સાથે શાદી કરો તે પછી અરબના કબીલાની એક એક છોકરી સાથે નીકાહ કરો અગરચે તમારી પાસે માલ નથી પણ હસબ મોટું છે, લોકો પોતાની છોકરીઓ તમોને આપશે પણ બની મખઝુમના કબીલાની છોકરીથી જે ફરઝંદ થાય તેને આ તેર તલવારો સોંપજો અને આથી વધારે તમોને બયાન કરી શકતા નથી પણ એટલું કહીએ છીએ કે આ તલવારોમાંથી એક તલવાર ગૈબ થઇ જશે અને ફલાણા પહાડમાં છુપી રેહશે અને તે જાહેર થશે તે બારમા ઈમામના જાહેર થવાની નીશાની ગણાશે.

એ હઝરત ઊઠીને એ તલવારો ગળામાં લટકાવીને મક્કાના ગામોમાના કોઇ ગામ તરફ ચાલ્યા ત્યાં એક તલવાર જે સર્વેથી નાજુક અને લતીફ હતી તે ગેબ થઇ ગઇ અને એ જગ્યાથી એ તલવાર બારમા ઇમામ માટે નીકળશે.

પછી અબ્દુલ્મુત્તલીબે ઉમરાની નીયતથી એહરામ બાંધ્યો અને મક્કામાં દાખલ થઇને એ તલવાર અને હરનને લઇને ૨૧ તવાફ કર્યા અને તવાફ કરતા કરતા કેહતા હતા કે ખુદાવંદા પોતાનો વાયદો રાસ્ત કર અમે મારા કહેવાને સાબીત કર મારી યાદ ફેલાવી દે મારો બાઝુ મઝબુત કર.

પછી એ બની મખઝુમના કબીલામાંથી એક છોકરી સાથે શાદી કરી અને તેનાથી જે ફરઝંદ થયો તેને તે તલવારો સોંપી દીધા અને એ તલવારો હઝરતે રસુલે ખુદાસ૦થી તે અગીયારમાં ઇમામે હસનેઅસકરી અ૦ સુધી પહોચી એટલે દરેક બુઝુરગ માટે એક એક તલવાર હતી, અને બારમા ઇમામની તલવાર તો છુપી ગઇ છે તે એ હઝરત જાહેર થશે તે વખતે જાહેર થઇ હઝરતને મળશે.

હઝરતે અબ્દુલ્મુત્તલીબ કાઅબાની ખીદમતમાં બહુજ કોશીશ કરતા હતા એક રાત્રે ખાનએ કાઅબાની પાસે સુઇ ગયા સ્વપ્નું જોયું તેથી ઘબરાઇને ઊઠી ગયા અને ત્યાંથી ચાલ્યા તે વખતે ચાદરનો છેડો જમીન ઉપર લટકતો ઘસાતો હતો અને ધ્રુજતા હતા એ હાલતમાં જતા હતા ત્યાં

કાહેનોની જમાત પાસે પહોંચ્યા તેઓએ પુછયું એ અબુલ્હારેસ તમોને શું થયું છે? તેઓએ કહયું મેં સ્વપ્નામાં જોયું કે મારી પીઠમાંથી એક સફેત અને નુરાની સાંકળ નીકળી અને એવું નુર ચકતું હતું કે આંખો અંજાઇ જાય તે સાંકળના ચાર છેડા હતા એક છેડો આસમાન ઉપર બીજો જમીન ઉપર ત્રીજો મશરીક સુધી અને ચોથો મ્હારીબ સુધી પહોંચ્યો હતો ત્યાં મેં બે શખ્સ અઝીમ અને રૂપાળા જોયા કે એ સાંકળની નીચે ઉભા હતા તેઓમાંના એકને પુછયું કે તમો કોણ છો? તેઓએ કહયું હું પરવરદીગારે આલમનો પયગમબર **નુહ** છું, પછી બીજાને પુછયું તમો કોણ છો? તેઓએ કહયું **ઇબરાહીમ** ખલીલુર રહમાન છું અને અમો એટલા માટે આવ્યા છીએ કે આ શજરએ તય્યબાના છાયામાં રહીએ ખુશા હાલ એના કે જે એના છાયામાં રહે અને ફટકાર છે એના ઉપર કે જે એનાથી દુર થાય.

આ સાંભળીને કાહેનોએ કહયું એએ અબુલહારેસ આ તમારા માટે એક બશારત છે અને આ એ ખૈર છે કે જે તમોને મળશે અને તેમાં બીજાનો ભાગ નથી અગર તમારૂં સ્વપ્નું ખરૂં હશે તો તમારાથી એવો ફરઝંદ થશે કે જે મગરીબ અને મશરીકના લોકોને ખુદાના દીનની હીદાયત કરશે, અને એક ટોળા માટે રહમતનું અને એક ટોળા માટે અઝાબનું કારણ થશે.

આ સાંભળીને હઝરત ખુશ થયા અને કહયું ખબર નથી કે મારા કપાળના નુરને કોણ મેળવશે, તે પછી એક દીવસ એકલા શીકાર કરવા ગયા અને ત્યાં બહુજ તરસ્યા થયાં ત્યાં જોયું કે એક પથ્થર ઉપર પાક અને સાફ મીઠું પાણી છે તેને પીધું તો બરફ કરતાં પણ ઠંડુ અને મધ કરતાં મીઠું હતું અને સમજ્યા કે આ બેહીસ્તનું પાણી છે તે ખુદાએ મ્હારા માટે મોકલ્યું.

આપ પાછા આવ્યા તે વખતે આપે આપની સર્વે સ્ત્રીયો કરતાં વધારે સાલેહા નેક અને નજીબ **ફાતેમા** મખઝુમીયા બીબી પાસે ગયા અને એ નુર તેઓમાં દાખલ થયું અને તેથી હઝરતે **અબદુલ્લાહ** પૈદા થયાં અને એ નુર તેઓના કપાળમાં ચમકવા લાગ્યું અને આથી અબ્દુલ્મુત્તલીબ બહુજ ખુશ થયા, પણ યહુદી અને નસારાના આલીમો અને કાહેનો બહુજ ગમગીન થયા યહુદીયોના આલીમો પાસે એક સફેત જુબ્બો હતો અને કેહતા હતા કે આ જુબ્બો હઝરતે યહયા અંનોછે જે ને શહાદતને વખતે

આપે પહેર્યો હતો અને તેઓના લોહી વાળો થયો હતો અને તે લોકોએ પોતાની કીતાબોમાં જોયું હતું કે જે વખતે તે જુબ્બામાંથી લોહીનું ટીપું પડે તે વખતે સમજવુ કે એ પયગમબરના ઝહુરનો વખત નજીક છે કે જે તલવાર ખેંચીને રાહે ખુદામાં જહાદ કરશે, અને તેથી એ જુબ્બાને જોયો તો માલુમ થયું કે તેમાંથી લોહીના ટીપા પડે છે તેથી સમજ્યા કે આખર ઝમાનાના પયગમબરનો ઝમાનો આવી ગયો તેથી ઘણા નારાજ અને ગમગીન થયા.

હઝરતે અબદુલ્મુત્તલીબે છ ઓરતો સાથે શાદી કરી અને તેઓથી દસ ફરઝંદ થયા તેમાં બની મખઝુમની કોમમાંની ફાતેમાના પેટથી હઝરતે **અબ્દુલ્લાહ** (હઝરતે રસુલેખુદાના વાલીદ) અને હઝરતે **અબુતાલેબ** (હઝરતે અલીના વાલીદ) પૈદા થયા, હઝરતે અબદુલ્મુત્તલીબની પાસે નુર હતું તેના બે ભાગ થયા એક ભાગ હઝરતે અબદુલ્લાહમાં આવ્યું અને એક ભાગ હઝરતે અબુતાલેબમાં આવ્યું.

હઝરતે અબદુલ્લાહ એક દીવસમાં એટલા વધતા કે જેટલાં બીજા બચ્ચાં બે મહીનામાં વધે, લોકો આપને જોવા માટે ટોળે ટોળા આવતા હતા અને આપના નુરને જોઈને હૈરત પામી જાતા, યહુદીઓ અને હસદ ખોરો બહુજ દુશમની કરવા લાગ્યા.

જ્યારે અબદુલ્મુત્તલીબને અગીયાર ફરઝંદ થયા ત્યારે પોતે માનતા કરેલી યાદ આવી તેથી પોતાના સર્વે ફરઝંદો માટે ખાવું પકાવરાવી ખવરાવીને ફરમાવ્યું કે તમો જાણો છો કે તમો સર્વે મને પ્યારા છો તમારા કોઇના પણ પગમાં કાંટો વાગે તે હું જોઈ શકતો નથી પણ મ્હેં ખુદા સાથે વાયદો કરેલ છે તેનો મારા ઉપર વાજીબ હક છે કે તે એ કે મેં નઝર કરી હતી કે જ્યારે મને દસ અથવા તેથી વધારે ફરઝંદ આપશે ત્યારે તેમાંથી એકની કુરબાની કરીશ માટે હવે તે વીશે તમો શું કહો છો?

આ સાંભળીને તમામ જણ ચુપ થઇ ગયા અને એક બીજાની સામે જોવા લાગ્યા એ સર્વેમાં હઝરતે **અબ્દુલ્લાહ** નાના હતા તેઓએ કહ્યું અએ પદર તમો અમારા હાકીમ છો અને અમો તમારા ફરઝંદ છીએ જે હુકમ કરશો તે બજાવી લાવીશું ખુદાનો હક અમારા હક કરતા વધારે વાજીબ છે અમો તમારા અને ખુદાના હુકમ ઉપર રાજી છીએ અને સબર કરવાળા ફરમાં બરદાર છીએ, અને આપની મરજી વીરૂધ વરતવાથી ખુદાની પનાહ ચાહીએ છીએ એ વખતે આપની ઉમ્મર અગીયાર વરસની હતી.

હઝરતે અબદુલ્મુત્તલીબ એવા નેક અને પ્યારા શબ્દો સાંભળીને ઘણું રડયા અને ખુદાનો શુકર કરીને પોતાના બીજા ફરઝંદોને ફરમાવ્યું તમો શું કહો છો? તે વખતે સર્વેએ કહયું અગર અમો તમામ જણને કતલ કરો તો પણ અમો રાજી છીએ.

હઝરતે સર્વેને દોઆ આપીને ફરમાવ્યું તમો સર્વે પોત પોતાની મા પાસે જાઓ અને મેં જે વાત કહી છે તેની ખબર આપો અને કહો તમારા મોઢાં ધોવરાવે આંખોમાં સુરમો લગાડે અને ઊંચો પોશાક પહેરાવે અને એવી રીતે પોત પોતાની માને વીદા કરો જેવી રીતે કે પાછું મળવું નહોય.

એ સર્વેએ પોત પોતાની માને જયારે એ વાત કરી ત્યારે ઘરમાં પોકાર પડી ગયો અને રોવાનો શોર મચી ગયો અને સવાર સુધી રોવું બંધ થયું નહીં.

સવાર થઇ તે વખતે હઝરતે અબદુલ્મુત્તલીબે હઝરતે આદમઅ૦ની રીદા ખભા ઉપર નાખી હઝરતે શીસ અ૦ના પગરખાં પેહર્યા હ૦ નુહ અ૦ની વીંટી પેહરી અને છોકરાની કુરબાની કરવા તેજ ખંજર લીધું પછી સર્વેને આવાજ આપી કે ચાલો બાહેર નંકળો, સર્વે જણ ઊંચો પોશાક પહેરી બાહેર નીકળ્યા પણ હઝરતે અબદુલ્લાહને તેઓનો માતાજીએ જવા આપ્યા નહીં કેમકે તેઓના દીલમાં ઉગી આવ્યું હતું કે આ અમુલ્ય મોતી દરગાહે બારીમાં કબુલ થશે અને કુરઓ એનાજ નામ ઉપર નીકળશે, પછી અબદુલ્મુત્તલીબ ફાતેમાના ઘરમાં ગયા અને હ૦ અબદુલ્લાહનો હાથ પકડીને લઈ જવા ચાહયું ત્યાં ફાતેમા પોતાના ફરઝંદ સાથે લીપટી ગયા અને અબદુલ્લાહ પોતાના બાપના દામન સાથે લીપટી ગયા, અબદુલ્મુત્તલીબે તેઓને ખેંચી લીધા અને ફાતેમા રોવા અને ઝારી કરવા લાગ્યા અબદુલ્લાહ કહેતા હતા અએ માં મારી મોહબ્બત મુકી આપી અને મારા બાપનેસોંપી દીઓ તે જે ચાહે તે ભલે કરે, ફાતેમાએ ગીરેબાન ફાડી નાંખ્યું અને કહ્યું અએ અબુલહારીસ આ એવું કામ કરવા ચાહો છો કે કોઇએ એવું કામ કરેલ નથી, અને તમારાથી કેવી રીતે થશે કે પોતાના ફરઝંદને પોતાને હાથે ઝબહ કરશો, અગર તમારે ફરઝંદની કુરબાની દરકાર હોય તો બીજાની કરો પણ અબદુલ્લાહને મુકી આપો કેમકે તે નાની વયનો છે તેના બચપણ ઉપર રહમ કરો અને તેના કપાળમાં જે નુર છે તેને બરબાદ ન નકરો, આટલી વાતો અને બાબત છતાં અબદુલ્મુત્તલીબ કોઇ રીતે માન્યા નહીં તેથી ફાતેમાએ પોતાના ફરઝંદને છાતી સાથે ચાંપીને કહ્યું ખુદા નકરે

કે તારા કપાળનું ચમકતું નુર હોલવાઇ જાય ઓ બેટા હું હવે શું કરૂં? કોઇ ઇલાજ સુજતો નથી અગર આથી પહેલે હું મરી ગઇ હતે તો સારૂં હતું કે તને સામે માટીમાં મળતા નજોતે તુ જબરાઇથી મારાં પાસેથી જાય છે અને મને હવે ઊમ્મેદ નથી કે તુ પાછો આવે.

આવા કલામ સાંભળીને હઝરતે અબ્દુલમુત્તલીબ બેચેન થઇ ગયા અને ઝાર ઝાર રડવા લાગ્યા રંગ બદલાઇ ગયો પગ ઊપડી શકયા નહીં અબ્દુલ્લાહે કહ્યું અય માદર હવે મને મુકી આપો અને મ્હારા બાપ સાથે જવા આપો, અગર હકતઆલા મનેજ કુરબાની માટે કબુલ ફરમાવશે તો મારી નેક બખ્તી છે, એના કબુલ કરવા ઉપર હજાર જાન ફીદા છે, અગર બીજા-ની કુરબાની કબુલ કરી તો હું અફસોસી અને ગમી ભરેલો તમારી પાસે પાછો આવીશ.

પછી મહા મુસીબતે હઝરતે અબદુલમુત્તલીબ તેઓને લઇને કાબા તરફ ગયા અને કુરેશના તમામ મરદો ઓરતો મસજીદમાં ભેગા થયા અને સર્વે જણ એ બાબતથી રડવા અને શોર કરવા લાગ્યા અને લાંબા સાદોથી પોકરાણ થવા લાગ્યુ. પણ યહુદી અને કાહેનો એથી ઘણા ખુશી થયા રખેને એ નોબુવ્વતનુ નુર ઓલવાઇ જાય પણ એ જાણતા નહતા કે ખુદાને એ નુર કાયમ રાખવું મનજુર છે.

હઝરતે અબદુલમુત્તલીબે હાથમાં એ તેજ ખંજર લઇને ખુદાની દરગા-હમાં ઘણીજ આજેઝી અને નમ્રતાથી કેટલી એક દોઆ માગીને અરજ કરી કે તુ જાણે છે કે તારી સાથે વાયદો કર્યો હતો તે વફા કરવા તમામ ફરઝંદોને તારી દરગાહમાં લાવ્યો છું માટે તુ જેને ચાહતો હો તેને કબુલ કર, પછી કેટલીક દોઆ કરીને દરેક ફરઝંદનું નામ એક એક તીર ઉપર લખીને આપ્યું કે ખાનએ કાઅબામાં લઇ જાય પછી છોકરાઓને કાઅબામાં લઇ ગયા, આ વખતે દરેક ફરઝંદની મા રડવા અને શોર બકોર કરવા લાગી અને બીજા જેઓ હાજર હતા તેઓની આંખોથી પણ આંસુની ધાર વહેવા લાગી.

હઝરતે અબ્દુલમુત્તલીબનો તે વખતે એવો હાલ હતો કે ઇનસાની યતની રૂએ અશક્ત થઇ ગયા તેથી પડી જતા હતા, પણ ઇમાન અને યકીનના કુવ્વતથી ઊઠતા હતા અને કહેતા હતા ખુદાવંદા તારો હુકમ જલદી જાહેર કર ચારે તરફથી લોકો જોઇ રહયા હતા અને ઝાર ઝાર રડતા હતા અને રાહ જોતા હતા કે હવે શું હુકમ થાય છે અને કેના નામ ઊપર કરઓ નીકળે છે ત્યાં

એકા એક અંદરથી અબ્દુલ્લાહની ચાદર તેઓના ગળામાં નાંખીને કાઅ-બાની બાહેર મોકલ્યા અને તેઓનો રંગ પીળો થઈ ગયો અને ધ્રુજતા હતા, કહેવામાં આવ્યું કે અએ અબ્દુલ્મુત્તલીબ આ ફરઝંદના નામ ઉપર કુરઓ નીકળ્યો છે આ સાંભળતાંજ અબ્દુલ્મુત્તલીબ બેહોશ થઇ ગયા અને હ૦ અબ્દુલ્લાહ માટે બીજા તમામ ભાઈ રોતા રોતા કાઅબાની બાહેર આવ્યા અને સર્વે ભાઇયોથી હ૦અબુતાલેબ વધારે રડતા હતા અને અબ્દુલ્લા-હના કપાળ ઉપર નુર ચમકતુ હતુ ત્યાં બોસા લેતા હતા અને કહેતા હતા કે કાશ હું એ ફરઝંદને જોતે કે જે આ નુરનો વારીસ છે અને ખુદાએ તમામ મખલુકાત ઉપર તેને ફઝીલત આપી છે, અને તે જમીનને કુફર અને બુતપરસ્તીની કસાફતથી પાક અને સાફ કરશે અને કાહેનોની કહા-નતને નાબુદ કરશે.

અબ્દુલ્મુત્તલીબ જ્યારે હોશમાં આવ્યા ત્યારે મરદો અને ઓરતોના રડવાની આવાજો સાંભળી ફાતેમાને જોયા કે પોતાના માથા ઉપર ખાક નાખે છે અને છાતી કુટે છે, આવો કકળાટ અને પોકરાણ જોવા અને સાંભળવા છતાં અબ્દુલ્મુત્તલીબના ઇરાદામાં કાંઇ ખલલ પડયો નહીં અને એમજ દ્રઢ અને કાયમ રહયા અને હ૦ અબ્દુલ્લાહનું બાજુ પકડીને ઝબહ કરવા માટે ભોંય સુવરાવ્યા, આ વખતે કુરેશના બુઝુરગો અને અબ્દે મનાફની અવલાદના લોકો એકમત થઇ અટકાવા ગયા પણ હઝરતે અબ્દુ-લ્મુત્તલીબે સરવેને છણકીને કહયું મારા ફરઝંદ ઉપર મારા કરતા તમો વધારે મેહરબાન નથી માટે મને અટકાવો નહીં જ્યાં સુધી મારા પરવર-દીગારનો હુકમ જારી નહી કરૂં ત્યાં સુધી કોઈનું કહેવું માનવાનો નથી, અને અબુતાલેબ હઝરતના દામનને પકડીને કહેતા હતા કે ઓ પદર મારા ભાઇને મુકીઆપો અને તેના બદલે મને ઝબહ કરો હું રાજી છું કે મારા ભાઇનો ફીદયો અને ખુદાની દરગાહમાં કુરબાની થાઊં, અબ્દુલ્મુત્તલીબે કહયું કે હું મારા પરવરદીગારની નાફરમાની કરી શકતો નથી જેના નામ ઉપર કુરઓ નીકળ્યો તેનેજ કુરબાન કરીશ.

કુરેશના બુઝુરગોએ લાચાર થઇને અરજ કરી તમો ફરીને કુરઓ નાખો શાયદ બીજી બાબત થાય, જ્યારે બહુજ આગ્રહ કર્યો ત્યારે બીજી વખ-ત કુરઓ નાખ્યો તો તે વખતે પણ અબ્દુલ્લાહનું નામ નીકળ્યું અબ્દુલ્મુ-ત્તલીબે કહ્યું હવે આ હુકમ વાજીબ થયો, અને હવે ચીરારીશનો રસ્તો પણ રહયો નહીં પછી અબ્દુલ્લાહને કુરબાનીની જગ્યા એ લાવ્યા અરબના

મોટેરા તેઓની પાછળ ઉભા હતા અબ્દુલ્લાહના હાથ અને પગ બાંધીને જમીન ઉપર સુવરાવ્યા અને તેઓની મા ફાતેમાએ જોયું કે અટલે દરજે વાત પહોંચી તેથી ખુલ્લે પગે રોતા પીટતા પોતાના સગાઓ તરફ દોડતા ગયા અને સીફારીશ કરવા માટે બોલાવી લાવ્યા અબ્દુલમુત્તલીબે હાથમાં ખંજર લીધું અને અબ્દુલ્લાહના ગળા ઉપર ફેરવવા ચાહતા હતા તે વખતે આસમાનોના ફીરીશ્તા પણ પોકાર કરવા લાગ્યા અને પોતાની પાંખો લટકાવી દીધી જીબરઈલ અને ઈસરાફીલે ખુદાની દરગાહમાં આજેઝી અને નમ્રતા સાથે ફરયાદ કરી, હકતઆલાએ વહય નાઝીલ ફરમાવી કે અએ મલાએકા હું તમામ ચીજોનો આલીમ છું અને પોતાના બંદાનું ઇમતેહાન લઊં છું કે તેની ખબર દુન્યાના લોકો ઉપર જાહેર કરૂં.

હજુ ખંજર ગળા ઉપર ફેરવ્યું નહતું ત્યાં ફાતેમાના સગાઓમાંના દસ જણ ખુલ્લે અંગે ઉઘાડે પગે હાથમાં તલવારો લઇને પહોંચ્યા, અને ઝટ અબ્દુલમુત્તલીબના હાથને વળગી પડયા અને બોલ્યા અમારી બેનના દીકરાને હરગીઝ ઝબહ કરવા નહીં આપીએ, પહેલે અમોને કતલ કરો પછી તેને ઝબહ કરજો, અબ્દુલમુત્તલીબે આસમાન તરફ માથું ઊંચુ કરીને કહ્યું ખુદાવંદા તુ જાણે છે કે આ લોકો મને તારો હુકમ અદા કરતાં અને મારો અહદ વફાક કરવાથી અટકાવે છે, માટે મારી અને આ લોકોની વચે હુકમ કર કેમકે તુ અહકમુલહાકેમીન છો.

આ વખતે અકરમા બીન આમેર તેઓની કોમનો મોટેરો આવ્યો અને તેણે એવી તદબીર બતાવી કે અબ્દુલ્લાહ અને ઊંટ વચે કુરઓ નાખો આ વાત કબુલ થવાથી સર્વે પોત પોતાને ઘેર ગયા, બીજે દીવસે અબ્દુલમુત્તલીબે પોતાના સર્વે ઊંટ મંગાવ્યા, અબ્દુલ્લાહને ઉમદા પોશાક પહેરાવી ખુશબો લગાડી ખાનએ કાઅબાની પાસે લાવ્યા, છરી અને દોરી પણ સાથે હતી સાત વખત તવાફ કરીને દસ ઊંટ હાજર કરીને કુરઓ નાખ્યો તો તે વખતે પણ અબ્દુલ્લાહનું નામ નીકળ્યું એટલે સુધી કે દસ દસ ઊંટ વધારતા ગયા એમ કરતા કરતા નવમી વખતે નેવું ઊંટ ઉપર કુરઓ નાખ્યો તે વખતે પણ અબ્દુલ્લાહનું નામ નીકળ્યું તેથી તેઓએ અબ્દુલ્લાહને ઝબહ કરવા માટે ખેંચ્યા વળી ચારે તરફથી મરદો ઓરતોના રોવાના અવાજ બુલંદ થયા અને અબ્દુલ્લાહે કહયું ઓ પદર હવે શું જુવો છો? ખુદાથી શરમ કરો અને તેના હુકમને રદ નકરો હવે મને ઝબહ કરવામાં ઢીલ કરવી જાએઝ નજાણો મને જલદી કુરબાન કરો હું

ખુદાની કઝા ઊપર સબર કરનારછું અએ પદર મારા હાથ પગ મજબુત બાંધો કે હું હલાવું નહીં અને મ્હારૂં મોઢું ઢાંકી દીઓ કે તમોને રહમ ન આવે અને ખુદાનો હુકમ અદા થવામાં ખલલ નપડે અને પોતાના કપડા ભેગા કરી લીઓ કે મ્હારા લોહી વાળા નથાય કેમકે જો લોહી વાળા કપડા થશે તો તે જોઇને તમોને વધારે રંજ થશે, અએ પદર મારી માને દીલાસો આપજો તેનું બહુજ ધ્યાન રાખશો હું ખુબ જાણું છું કે મારી પાછળ તે વધારે જીવશે નહીં અને વસીયત કરૂંછું કે મારા વીશે ખુદાની કઝાઉપર રાજી રહી સબર કરજો અને વધારે ગમ અને રંજ નકરો

આવા કલામ સાંભળવાથી અબ્દુલમુત્તલીબનું દીલ ભરાઇ આવ્યું, પછી અબ્દુલ્લાહને સુવરાવીને તેઓનું મોઢું જમીન ઉપર રાખ્યું અને ગળા સુધી છરી લઇ ગયા ત્યાં કુરેશના બુઝુરગોએ તેઓના પગ ચુંમીને કહયું હવે અમારી અરજ કબુલ કરીને ફકત એક વખત કુરઓ નાંખો, અને આ વખતે પણ જો અબદુલ્લાહનું નામ નીકળશે તો અમો મદદ કરીએ છીએ અને વચન આપીએ છીએ કે પછી કાંઇ પણ કહીશું નહીં અને તમો અબદુલ્લાહને ઝબાહ કરજો, તે વખતે હઝરતે અબ્દુલમુત્તલીબે તેઓની ઇલતેમાસને કબુલ કરીને એકસો ઊંટ ઉપર કુરઓ નાંખ્યા તો તે વખતે ઊંટના નામ ઉપર કુરઓ નીકળ્યો તેથી કુરેશના બુઝુરગો ઘણા ખુશી થયા અને ખુશહાલીના પોકાર કરવા લાગ્યા અને દોડીને અબદુલ્લાહને ખેંચી લીધા અને અબ્દુલમુત્તલીબને મુબારકબાદી આપી, ફાતેમાએ દોડીને અબદુલ્લાહને લઇ લીધા અને રડતા રડતા ખુદાનો શુકર કરવા લાગ્યા, અબદુલમુત્તલીબે કહયું આ ઇનસાફની વાત નથી નવ વખત અબદુલ્લાહના નામ ઉપર કુરઓ નીકળ્યો અને એકજ વખત ઊંટો ઉપર કુરઓ નીકળ્યો અને કાઅબામાંથી ગૈબી આવાજ આવી કે હકતઆલાએ તમારો ફીદયો કબુલ કર્યો અને આનાથી બહુજ જલદીમાં સય્યદે અબરાર અને નબીયે મુખતાર પૈદા થશે.

કુરેશીઓએ કહયું એ અબ્દુલમુત્તલીબ તમોને ખુદાની કરામત મુબારક થાય જુવો તમારા ફરઝંદ માટે ગૈબી આવાજ આવે છે, પછી સર્વે પોતપોતાને ઘેર ગયા અને ચારે તરફ લોકો મુબારકબાદ દેવા માટે આવતા હતા, અને એ વખતથી માણસના ખુનનો બદલો સો ઊંટ મુકરરર થયા, યહુદીઓ અને કાહેનોને આ બનાવની ખબર પડી તેથી નારાજ અને નાઉમ્મેદ થયા અને હઝરતે અબદુલ્લાહને મારી નાંખવાના હીલ્લા શોધવા લાગ્યા, અને કેટલાક હીલ્લા કર્યા તેમાંનો એક આ પણ છે કે

તેઓમાંના મોટેરાઓમાંના રથઆએ ખાણું પકાવીને તેમાં ઝેર મેળવીને કેટલીક ઓરતો સાથે અબ્દુલ્મુત્તલીબને ત્યાં મોકલ્યું, અને ફાતેમા પાસે આવીને હદીયા તરીકે આપ્યું ફાતેમાએ પુછયું તમો કોણ છો? તેણે કહયું અમો અબ્દે મનાફની ઓલાદમાંથી તમારા સગા થઇએ છીએ તમારો છોકરો ઝબહ થવાથી બચી ગયો તેની ખુશહાલી માટે ખાવું પકાવ્યું હતું અને તેમાંથી તમારા માટે પણ લાવ્યા છીએ.

જ્યારે અબ્દુલ્મુત્તલીબ ઘરમાં આવ્યા ત્યારે પુછયું આ ખાણું કેવું છે? ફાતેમાએ કહયું આપના સગાવ્હાલાઓએ આપના ફરઝંદની ખલાસીની ખુશહાલી માટે પકાવેલું તેમાંથી મુબારક બાદ માટે આપી ગયા છે, પછી એ ખાણું ખાવા માટે મંગાવ્યું તો હઝરતે રસુલે ખુદાના નુરની બરકતથી ખાણામાંથી આવાજ આવ્યો કે મને ખાશો નહીં કેમકે મ્હારામાં ઝેર મેળવેલું છે, તે વખતે ખબર પડી કે દુશમનોએ મક્કર અને ફરેબ કર્યો હતો પછી એ ખાણું જમીનમાં દાટી દીધું.

લખે છે કે જ્યારે યહુદીયોના આલીમોએ હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફાસ૰ને જાહેર થવાના આસાર અને નીશાનીયો જોઇ ત્યારે શામના મુલ્કમાં ભેગા થઇ એ વીશે વાતો કરવા લાગ્યા પછી તેઓનો એક આલીમ અવરનમાં રહેતો હતો અને તે સવેથી મોટી ઊમ્મરનો હતો તેની પાસે ગયા તેણે પુછયું શામાટે ભેગા થયા છો? અને કેમ પરેશાન દેખાઓ છો? તેઓએ કહયું આપણી કીતાબોમાં જોવામાં આવ્યું છે કે એક પયગમબર ખુન કરનાર થશે અને તેની મદદ મલાએકા કરશે અને આપણા દીનને અને આપણને હલાક કરશે, માટે તે વીશે તમારી પાસે સલાહ લેવા આવ્યા છીએ કે તેને દફે કરવાની કોઈ તદબીર તમો બતાવો.

તેણે જવાબ આપ્યો કે જે કામ કરવાનો હકતઆલાએ ઇરાદો કર્યો છે તેને અટકાવાની તદબીર કરે તે જાહીલ અને મગરૂર છે, અને જે કાંઇ તમોએ કીતાબોમાં જોયું છે તે થનારજ છે, માટે તે દફે થવું બનવા જોગ નથી અને તે પયગમબરના સગામાંથી તેનો એક વઝીર થશે અને તે દરેક કામમાં તેની કુમક અને મદદ કરશે.

આ જવાબ સાંભળીને તેઓ વધારે ધભરાણા તે વખતે તેઓમાંનો એક આલીમ હેવયા નામનો બહુજ માથાનો ફરેલો કાફર અને બહાદુર હતો તેણે કહયું કે આતો બુઢ્ઢો થઇ ગયો છે અને ઘડપણના સબબથી એની અક્કલ પણ ચાલી ગઇ છે માટે એની વાત સાંભળો નહીં બલકે જે કાંઇ

હું કહુંછું તે પ્રમાણે કરો અને જાણો કે જે ઝાડ મુળમાંથી ઊખેડી નાખવામાં આવે તે પાછું ઊગતુ નથી માટે તમોને લાઝીમ છે કે જેનાથી એ પયગમબર થનાર છે તેને તમો કતલ કરો કે તેની બીક અને ખૌફથી નજાત પામો, અને તેની તદબીર એ છે કે સામાન ખરીદીને તે વેચવાનું બાનું કરીને મકકે જાઓ અને ત્યાં જઇને તક સાધીને એ કામ પાર પાડો અને હું પણ તમારી સાથે આવુંછું, માટે બહુજ જલદી મુસાફરીનો સામાન ભેગો કરો અને તલવારોને ઝેર પીવરાવી લીઓ,

આ બદબખ્ત કાફરના કલામ તેઓને પસંદ આવ્યા અને એ તદબીર પસંદ આવી. તેથી મુનાસીબ જાણ્યો તે સમાન ખરીદીને મક્કે રવાના થયા, જ્યારે મક્કાની નજીક પહોંચ્યા ત્યારે તેઓને ગૈબી અવાજ આવ્યો કે એ બદતરોમાંના બદતર તમો બેહતરમાંના બેહતર શેહરમાં જઇ બેહતરમાંના બેહતર શખસને ઇજા પહોંચાડવા ચાહો છો, પણ જાણો કે જે કોઈ ખુદાના બનાવની આડો આવે છે તે જહન્નમી છે, અને દીન તથા દુન્યામાં નુકશાન પામનાર છે, આવા ગૈબી કલામ સાંભળીને તેઓ ડરી ગયા અને ત્યાંથીજ પાછા ફરવાનું ચાહયું, પણ તેજ હેવયા કે જે ઊશકેરીને લાવ્યો હતો તેણે આડી અવળી બાબતો કહી સમજાવીને તેઓને દ્રઢ કરી મકકે લઇ ગયો, આખારસ્તામાં તેઓ હઝરતે અબ્દુલ્લાહનો હાલ પુછતા હતા અને લોકોની ઝબાની સાંભળતા હતા કે તેઓ બહુજ ખુબસુરત ગાયાળુ અને બુઝુરગ છે, અને તેથી તેઓના દીલમાં હસદની આગ વધારે ભડકતી હતી.

મક્કા ગયા અને વેચવાનો માલ બાહેર કાઢયો પણ એટલી આકરી કીંમત બતાવતા હતા કે તેથી કોઈ ખરીદતુ નહતુ અને આથી તેઓનો મતલબ એ હતો કે માલ નથી ખપ્યો એ બહાનાથી લાંબી મુદત ત્યાં રહી પોતાનું ધારેલુ કામ તક સાધીને મવકો મળે પુરૂ કરે.

એક રાત્રે હઝરતે અબદુલ્લાહે સ્વપ્નું જોયું અને પોતાના વાલીદને કહયું કે કેટલાંક વાંદરાઓએ હાથમાં ખુલ્લી તલવારો લઇ મારી ઉપર હમલો કર્યો તે વખતે હું હવામાં બુલંદ થયો અને આસમાનથી આગ આવીને તે સર્વેને બાળી નાખ્યા હઝરતે અબદુલમુત્તલીબે કહ્યું તમારા ઊપર હસદ કરનાર ઘણા છે પણ તમારી પેશાનીમાં જે નુર છે તેના સબબથી હકતઆલા તમોને તમામ બલાઓથી નજાત આપશે અગર દુન્યાના તમામ જણ તમોને ઇજા પહોંચાડવા એક મત થાયતો પણ કાંઇ કરી

નહીં શકે કેમકે આ નુર આખર ઝમાનાના પૈગમબરનું અમાનત છે તેની હકતઆલા હીફાઝત કરશે.

હઝરતે અબ્દુલમુત્તલીબ અને હઝરતે અબ્દુલ્લાહ ઘણે ભાગે બન્ને સાથે શીકાર કરવા જતા હતા પણ તે આવેલા યહુદીઓ હઝરતે અબ્દુલમુત્તલીબના રોઅબથી કાંઇ પણ હીલચાલ કરી શકતા નહતા. પણ એક દીવસ હઝરતે અબદુલ્લાહ શીકાર માટે એકલા ગયા, હેવગાએ પોતાના રફીકોને કહ્યું આથી વધારે સારો બીજો કયો તક મળશે? કે અબદુલ્લાહ શીકાર માટે એકલાજ ગયા છે માટે જલદી ચાલો, આ સાંભળીને થોડા જણ સામાન પાસે રહયા અને બીજા ઊઘાડી તલવારો કપડાની નીચે છુપાવીને એ જનાબને કતલ કરવા માટે ગયા, હઝરતે અબદુલ્લાહ પહાડની એક ગુફામાં જઇ એક શીકાર કરીને તેને ઝબહ કરતા હતા ત્યાં તેઓ જઇ પહોંચ્યા, યહુદીયો બરાબરનો લાગ જાણી ગુફાના મોઢાને ઘેરી લીધું હઝરતે જોયું કે આ લોક કતલ કરવા આવ્યા છે તેથી ખુદાની દરગાહમાં દોઆ કરીને યહુદીયોને કહયું તમો શામાટે આવ્યા છો? અને કેમ મને કતલ કરવા માગો છો? ખુદાની કસમ મેં તમારામાંના કોઇને કાંઇ પણ ઇજા પહોંચાડી નથી નેમ કોઇનો માલ લીધો નથી કોઇને કતલ કર્યો નથી.

તે લોકોએ કાંઇ પણ જવાબ આપ્યો નહીં અને એકદમ હઝરત ઊપર હમલો કર્યો, હઝરતે ખુદાનું નામ લઇ તેઓ ઊપર ચાર તીર ફેંકયાં તેથી ચાર જણ હલાક થયા, ને વખતે તેઓએ મક્કર અને ફરેબ કરીને કહ્યું અમો તમોને કતલ કરવા આવ્યા નથી પણ અમારો એક ગુલામ ભાગી ગયો છે તેને પકડવા નીકળ્યા છીએ અને તમોને જોયા તેથી સમજ્યા તેજ હશે તેથી અમોએ હમલો કર્યો માટે તમો અમોને કતલ કરો નહીં તમારાથી અમોને કાંઇ કામ નથી, મકકારોના આવા ખોટા ઊજર કરવા ઉપર હઝરત હસ્યા અને તેઓને મુફી આપી ઘોડા ઊપર બેસી હાથમાં કમાન લઇને ત્યાંથી નીકળવા ગયા ત્યાં તેઓએ વળી બરાબરનો લાગ વરતીને કતલ કરી નાખવા હમલો કર્યો કેટલાંકે પથ્થર લીધા કેટલાંકે તલવાર લીધી હઝરતે પણ શેરની જેમ હમલો કરી કેટલાંક બદબખ્તોને કતલ કરી નાખ્યા પણ હઝરત ઊપર વધારે સખતી થઇ ત્યારે ઘોડાથી ઉતરીને પહાડ પાસે ગયા તેઓ હઝરતને પથ્થર વડે ઝખમી કરવા લાગ્યા પણ બીકથી પાસે જઇ શકતા નહતા, આ વખતે વહબ બીન અબ્દે મનાફ ત્યાંથી નીકળ્યા અને યહુદીઓ ઘણા હોવાથી ડરી ગયા અને હરમ પાસે

આવીને બની હાશમને ખબર આપી કે જલદી જાઓ યહુદીયોએ અબ્દુલ્લાહને ઘેરી લીધા છે, આ સાંભળતાંજ તમામ બની હાશમ તલવારો લઇ ઝીન વગરના ખાલી ઘોડા ઊપર બેસી તે ગુફા પાસે ગયા અને હઝરતે અબ્દુલ્મુત્તલીબે કહયું એ ફરઝંદ તમોએ જે સ્વપ્નું જોયું હતું તેની આ તાબીર છે, હઝરતે અબ્દુલ્મુત્તલીબ અબુતાલેબ હમઝા અને અબ્બાસ વી૦ બની હાશમને જોઇને યહુદીયો સમજ્યા હવે આપણુ કામ તમામ થયું તેથી કેટલાંક ભાગીને એક દરરામાં છુંપી ગયા ત્યાં કુદરતે ખુદાથી એક પથ્થર પહાડ ઊપરથી પડયો અને તેઓને હલાક કર્યા અને બીજાઓને પકડીને કતલ કરવા ચાહયું ત્યાં તેઓએ અરજ કરી કે મક્કામાં કેટલાક સાથે લેણુ દેણુ છે તે હીસાબ સાફ કરવા આપો પછી મરજીમાં આવે તેમ કરશો. તેથી તેઓને કતલ ન કરતા સર્વેના હાથ બાંધીને મક્કામાં લાવ્યા, મક્કવાળા તેઓને પથરા મારતા અને લાનત કરતા હતાં. અને એ સર્વેને વહબને ઘરે મોકલાવી આપ્યા, વહબે પોતાની સ્ત્રી બરરાને કહયું આજે મેં અબદુલ્લાહથી એવી બહાદુરી જોઇ કે તેવી બહાદુરી કોઇ બહાદુર અરબે કરી નથી, અને ખુદાએ તેઓને એવું નુર અને ખુબસુરતી આપી છે કે એવું નુર કોઇને આપેલ નથી, યહુદીઓએ તેઓને ઘેરી લીધા હતા તે વખતે મેં જોયું કે તેઓની મદદ માટે મલાએકા આસમાનથી ઉતર્યા હતા, માટે તું હઝરતે અબદુલ્મુત્તલીબની પાસે જા અને અરજ કર કે આપણી દીકરી આમેના સાથે હઝરતે અબદુલ્લાની શાદી કરવી કબુલ કરી આપણને સરફરાઝ કરે.

બરરાએ કહયું તમો જાણો છો કે મક્કાના તમામ રઇસો અને અતરાફના બાદશાહોએ પોતાની દીકરીઓ આપવા કહયું પણ તેઓએ કબુલ કર્યું નહીં, તો આપણી દીકરીને કેમ કબુલ કરશે ?

વહબે કહયું તારી એ વાત ખરી છે પણ આજે તેઓ ઉપર મારો એક હક લાગુ થયો છે કે અબદુલ્લાહને યહુદીઓએ ઘેરી લીધા હતા તે હાલની ખબર આપી, તો આ હકના સબબથી રખેને આપણી દીકરીને કબુલ કરે.

પછી બરરા હઝરતે અબદુલ્મુત્તલીબને ઘરે ગઇ, તેઓએ આવકાર આપીને કહયું મરહબા તારા શવહરનો અમારા ઉપર આજે એક હક થયો માટે તે જે કાંઇ હાજત તલબ કરશે તે અમો પુંરી કરીશું, બરરાએ કહયું તેણે મને એક ઘણી મ્હોટી હાજત માટેજ મોકલી છે તે એછે કે આપથી બીજી કાંઈ તમા સખતા નથી પણ એટલું ચાહીએ છીએ કે અમારી દીકરી

આમેના હ૦ અબ્દુલ્લાહ માટે હદીયા તરીકે કબુલ કરો, કેમકે તેનો બાપ ચાહે છે કે એ નુર આમેનાના પેટમાં આવે.

આ સાંભળીને તેઓએ હ૦ અબદુલ્લાહ તરફ મોહું કરીને કહ્યું ઓ ફરઝંદ તમોએ બાદશાહેની છોકરીને પણ કબુલ કરી નથી પણ આ છોકરી તમારા સગાઓની છે એટલુજ નહીં પણ પાક દામન હયા શરમ અને અક્કલ વાળી છે તેમજ ખુબસુરત અને હુરે જમાલ વાળી પણ છે તેની જેવી મક્કામાં કોઇ નથી

આ સાંભળીને હ૦ અબદુલ્લાહ ચુપ રહયા અને કાંઇ અણગમો જાહેર કર્યો નહીં તેથી હઝરતે અબદુલમુત્તલીબે બરરાને કહ્યું અમોએ કબુલ કર્યું રાતના વખતે અબદુલ્લાહને લઇને વહબને ઘરે ગયા, અને શાદીની વાત ચીતમાં ગુંથાયા, અને તે યહુદીયો જ બરાબરનો મોકો જોયો તેથી હાથમાં બાંધેલા દોરા તોડી નાખીને એ બુઝુરગો ઉપર તુટી પડ્યા અને પથ્થર લઇને મારવા લાગ્યા, પણ હઝરત રસુલેખુદા સ૦ ના નુરની બરકતથી તે પથ્થર પાછા ઉછળીને તેઓનીજ છાતી અને માથા ઉપર પડતા હતા અને એ બુઝુરગોએ તલવારો થકી એ સર્વે બદબખ્તોને જહન્નમ વાસીલ કરી નાખ્યા.

પછી બીજા દીવસે અરસ પરસ શાદીની ધામ ધુમ થઇ દાનો થવા લાગી ખુતબોપડયા નીકાહ થયા, અને નબુવ્વતનો સુર્ય ઉદય થવાનો વખત આવ્યો તે વખતે હકતઆલાએ જીબરઇલને હુકમ આપ્યો કે "જન્નતુલમાવા" માં નીદા આપો કે આખેર ઝમાના પૈગમબરો જાહેર થવાનો તમામ સામાન પુરો થયો બશારો નઝીર સેરાજે મોનીર લોકોને નેકીનો હુકમ કરનાર અને બદીની મનાઇ કરનાર ખલ્લોકને રાહે હ ની હીદાયત કરનાર બંદા ઉપર મારી રહમતનું નુર તમામ શહેરમાં જાહેર થશે જે તેને દોસ્ત રાખશે ને શરફ અને બખશીશની ખુશખબરી પામનાર છે, અને જે તેને દુશમન રાખશે તેના માટે સખ્તમાં સખત ખરાબ અઝાબ છે; આ એ પૈગમબર છે કે જેઓની પાકી ઝાતીનત હ૦ આદમની ખલકતની પહેલે તમોને બતાવવામાં આવેલ છે તેનું નામ આસમાનમાં અહમદ જમીનમાં મોહમ્મદ અને બેહીશ્તમાં અબુલકાસીમ છે, મલાએકાઓએ તસબીહ અને તહલીલની આવાજો બુલંદ કરી, જન્નતના દરવાજા ખોલવામાં આવ્યા જહન્નમના દરવાજા બંધ કરવામાં આવ્યા હુરો બેહીશ્તના ગુરફામાંથી ડેકાવા લાગી બેહીશ્તના ઝાડ ઉપર પંખીઓએ ખુદાની જાત

જાતની તસબીહ કરવી શરૂ કરી.

જીબરઇલ જ્યારે આસમાન વાળાઓને ખુશખબરી આપી ચુકયાં ત્યારે હજાર ફીરીશ્તા સાથે લઇને જમીન ઉપર નાઝીલ થયા અને ચારે તરફ એ હઝરત વીશે ખુશખબરી પહોંચાડી એટલે સુધી કે કોહેકાફ પહાડ વી૦ના ખઝાનેદાર વી૦ને પણ એ ખુશખબરી આપી એટલુંજ નહીં પણ સાતમી જમીન વાળાઓને પણ બશારત આપી, જેઓએ તેઓની મોહબ્બત કબુલ કરી તેઓ રહમતને લાયક થયાં, અને જેઓએ દુશમની ઈખ્તીયાર કરી તેઓ ખુદાની મેહરબનીઓથી મહરૂમ રહયા, શયતાનોને સાંકળમાં જકડી લીધા. અને આસમોનો ઊપર ચઢીને ખબરો સાંભળવાની મનાઇ કરી અને દરેક દરવાજાથી શહાબના તીર ફેંકીને હાંકી મુકવા લાગ્યા.

લખે છે કે ઝીલહજ મહીનામાં અરફાને દીવસે જુમ્મા હતો તે દીવસે અસરને વખતે હઝરતે અબદુલ્લાહ પોતાના વાલીદ અને ભાઇઓની સાથે અરફાતમાં ફરતા હતા અને ત્યાં બહુજ પ્યાસા થયા અને ત્યાં પાણી નતું પણ ઓચીંતા એક મીઠા સાફ પાણીની એક નહર નજરે પડી તેને જોઇને ઘણા અજબ થયા, તે વખતે નીદા આવી કે અએ અબ્દુલ્લાહ આ નહેરનું પાણી પીઓ, તેથી તેઓએ તે પાણી પીધુ તો બરફ કરતાં ઠંડુ મધ કરતાં મીઠું અને કસ્તુરી કરતાં વધારે ખુશબો વાળું લાગ્યું તેઓ પાણી પીઇ રહયા કે તરત નેહર ગાએબ થઇ ગઇ અબદુલ્લાહ સમજ્યા કે એ નહર આસમાનથી ઊતરી હતી અને હઝરત રસુલે ખુદાસ૦નું નુર દુન્યામાં જાહેર થવા માટે આવી હતી તેથી જલદી પોતાની જગોએ આવી પોતાની બીબી આમેનાને ફરમાવ્યું ગુસલ કરો સ્વચ્છ પોશાક પેહરો અંતર લગાડો કેમકે એ નુરે રબ્બાની તમારી પાસે અમાનત આવવાનો વખત આવી ગયો અને તેજ વખતે હઝરતે રસુલે ખુદાસ૦નું નુર હ૦ અબદુલ્લાહમાંથી જનાબે આમેનના પેટ મુબારકમા આવ્યું અને તેઓથી હઝરતે રસુલે ખુદાસ૦ પૈદા થયા, તે પછી હ૦ અબુતાલેબ અ૦માંથી હ૦ અલીનું નુર જનાબે ફાતેમા બીનતે અસદના પેટ મુબારકમાં આવ્યું અને તેઓથી હ૦ અલી અ૦ પૈદા થયા અને હઝરત રસુલેખુદાસ૦ના ત્યાં જનાબે ફાતેમા અ૦ પૈદા થયા તેઓ ઊમ્મર લાયક થયા તે વખતે ખુદાના હુકમથી જનાબે ફાતેમા અ૦ની શાદી હઝરત અલી અ૦ સાથે કરી આપી તેઓથી હઝરતે ઇમામે હસન અને ઈમામે હુસયન અલયહેસ્સલામ પૈદા થયા, આ પ્રમાણે એ પંજતને પાક અ૦નું નુર દુન્યામાં આવ્યું,

તે પછી હઝરતે ઈમામે હુસયન અ૦ને ત્યાં ઇમામે ઝૈનુલ આબેદીન અ૦ પૈદા થયા અને હઝરતે ઇમામે હસન અ૦ની દીકરી ફાતેમાની સાથે તેઓ-ની શાદી કરી આપી તેઓથી ઇમામે મોહમ્મદે બાકર અ૦ પૈદાથયા તો ઇમામે હસન અને ઇમામે હુસયન અ૦ એ બન્ને ભાઇની નસલથી એ મુજબ ઇમામો પૈદાથયા એટલે સુધી કે ઇમામે મોહમ્મદ બાકેર અ૦થી તે બારમા ઇમામ સુધી ઇમામ થયાં.

ફસલ ૮મી હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ની વીલાદતથી તે વફાત સુધીનો અને હ૦ અલી અ૦ને ખલીફા અને વસી કરવા વા૦નો ટુંક અહવાલ.

જાણવું જોઇએ કે ચઊદ માઅસુમનું નુર દુન્યામાં કેવી રીતે આવ્યું અને કુફફારોએ એ નુરને અટકાવા કેટલી કોશીશ કરી એ બાબતો જાણવા જેવી હોવાથી ઉપર તપસીલથી બયાન થઇ, અને હઝરતે રસુલે ખુદાસ૦ નો જનામ અને મોઅજીઝા અને હઝરતને કુરેશ વીગેરેએ આપેલ દુઃખ મશહુર છે, અને દુરરે બેબહા નામની કીતાબમાં હઝરતે રસુલે ખુદા જનાબે ફાતે-માએ ઝહરા અને બાર ઇમામ મળી ચઊદ માઅસુમ નો. વીલાદત અને શહાદતનો હાલ અમોએ ટુંક ટુંક જાણવા જોગ લખ્યો છે તો અહીયા ફકત યાદી અને ઇશારા તરીકે હઝરતે રસુલે ખુદસ૦ની વીલાદતથી વફાત સુધીનો અને આપે હઝરત અલી અ૦ને વસી કર્યા વી૦ ટુંક ટુક લખ-વામાં આવે છે, હઝરતે રસુલે ખુદાસ૦ માહે રબીઉલ અવ્વલની ૧૭મી સને આમ્મુલફીલમાં પૈદા થયા આમ્મુલફીલથી મતલબ જે વરસે અબરોહા બાદશાહ પોતાના લશ્કરને લઇને ખાનએ કાઅબા તોડી પાડવા હાથીઓને લઇને આવ્યો હતો અને આખર હારી જઈ હલાક થઇ ગયો તે વરસનું નામ છે, તેજ વરસમાં હઝરત પૈદા થયા ત્યારે હ૦ આદમ અ૦ની વફાતને દુરરે બેબહામાં લખેલી. રીવાયત મુજબ ૬૭૩૯ વરસ થયા હતા, અને "નુખબતુલ અખબાર" માં લખે છે કે ૭૮૭૦ વરસ અને બાર મહીનાને સાત દીવસ થયા હતા, અને તે વખતે ઇસવીસન ૫૭૨ અને બીજા કોલ પ્રમાણે ૫૭૫ સન હતા, જુમ્માની રાત્રે પોતાના દાદા અબદુલમુત્ત-લીબના ઘરમાં પૈદા થયા હઝરત પૈદા થયા તે વખતે કેટલાં એક મોઅજીઝા થયા છે, તેમજ હઝરતની દુધ પીવાની હાલત તેમજ બચ પણની

હાલતમાં પણ ઘણા મોઅજીઝા થયા છે.

શીઆહ અને સુન્ની બન્નેમાં એબાબતમાં મત ભેદ છે કે પયગમબરો અને ઇમામોના બાપદાદા કાફર હોવા નજોઈએ, શીઆહ મઝહબમાં તો નબીઓ અને ઇમામોના બાપદાદા મુસલમાન હોવા જોઇએ અને હતા તે વીશે મત ભેદ નથી જેટલા પયગમબર અને ઇમામ થયા તે સરવેના બાપદાદા હઝરત આદમ અ૦ સુધી ખુદા પરસ્ત હતા, કોઇ કાફર કે બુત પરસ્ત કે મુશરીક નહતુ અને હઝરતે રસુલે ખુદાસ૦ના બાપદાદા ખુદા પરસ્ત હતા તે બાબતની હદીસો સુન્નત જમાતને ત્યાં પણ છે હ૦ અલી અ૦ના વીલદ હ૦અબુતાલેબ વીશે સુન્નત જમાતમાં કેટલાંક કહેછે કે તેઓ ખુદા પરસ્ત નહતા બલકે મઆઝલ્લાહ કાફર હતા, પણ તેઓને ત્યાં એ વીશે મત ભેદ છે અને હ૦ અબુતાલેબઅ૦ને ખુદા પરસ્ત પણ ગણે છે.

હદીસોથી જાહેર અને રવશન થાય છે કે હ૦ રસુલે ખુદા અને જ૦ અલીએ મુરતઝાના બાપદાદા નબીઓ અને નબીઓના વસીઓ અને દીને ખુદાને સાંચવનાર હતા, એ બન્ને બુઝુરગવાર હ૦ ઇસમાઇલ અને હ૦ ઈબરાહીમ ખલીલુલ્લાહની એલાદ માંથી છે, અને ત્યથી આ બન્ને બુઝુરગવારોના બાપદાદા કે જેઓ હ૦ ઇસમાઇલના ફરઝંદેથી થયા તેઓ હ૦ ઇબરાહીમ અ૦ના વસીઓ હતા મક્કાની બાદશાહી ખાનએ-કાઅબાની તામીર અને દેખ રેખ તેઓના હાથ ાં હતી અને લોકો પાસે માનવંતા હતા, અને સર્વે કરતા શ્રેષ્ટ અને બુઝુરગ ગણાતા.

જેમકે એ વીશે ઊપર બયાન થયું અને એ સર્વે બાબતોથી તેઓનું ઇમાન સુર્યા કરતા વધારે રવશન સાબીત છે, અને બુઝુ ગીમાં તો કોઇને કલામ નથી સર્વ એકમત છે. હઝરતે હાશમ હઝરતે અબ્દુલમુતલીબ વીગેરે ઓથી જે જે બાબતો બની જેમકે ઝમઝમનો કુવો ખોદવો ખાબ જોવા હ૦અબદુલ્લાહની કુરબાની ખુદાની દરગાહમાં દોઆ કરવી વીગેરે બાબતોમાં બુત પરસ્તી બો પણ નીકળતીની નથી

હઝરતે મુસા હઝરતે ઇસા અને હઝરતે ઇબરાહીમ અ૦ની શરીઅત હ૦ ઇસમાઇલની અવલાદમાં જારી હતી બલકે એ શરીઅતને જાળવી રાખનાર હતા, અને એક બીજાને વસીયત કરતા હતા, એટલે સુધી કે અરબોમાં બુતપરસ્તી ફેલાઇ ગઇ અને દરેક ફીરકા અને કબીલાએ પોત પોતાનો જુદો બુત (મુર્તી) બનાવ્યો અને કાબામાં પોતાનો બુત રાખ્યો અને પોત પોતાના બુતના નામ પણ જુદા જુદા પડ્યા જેમકે "લાત"

મનાત ઇત્યાદી એટલે સુધી કે કાઅબામાં ૩૬૦ બુત રાખવામાં આવ્યા આને ખાનએ કાઅબાની સંભાળ એ વખતે બની હાશમના હાથમાં હતી તો અવા વખતમાં પણુ તકીયો કરી પોતાનું દીંન સાંચવતા હતા, જેમકે મોઅતબર સનદના આધારે હઝરતે અમીરૂલ મોઅમોન અ०થી મનકુલ છે કે આપ ફરમાવતા હતા કે ખુદાની કસમ મારા બાપ અને મારા દાદા અબદુલમુત્તલીબ અને તેઓના બાપ "હાશમ" અને તેઓના બાપ "અબ્દે મનાફ" બુતોની પુજા કરી નથી બલકે એ સરવે હ० ઇબરાહીમ અ०ના દીન પ્રમાણે કાઅબા તરફ નમાઝ પડતા હતા, અને ઇબરાહીમ અ०ના દીન ઉપર કાયમ હતા.

તો એ બુઝુરગવાર એ પ્રમાણે દીનને સાંચવતા હતા અને નબીયોના આસાર એક બીજાને સોંપતા અને વસીયત કરતા હતા એટલે સુધી કે હ० અબદુલમુત્તલીબ સુધી એ બાબત જારી રહી. અને હઝરતે અબદુલમુત્તલીબ પોતાની કોમમાં પોતે એકલાજ દીન ઇમાન ઊપર હતા, તેઓએ હ० અબુતાલીબને પોતાના વસી કર્યા, હાદીયુત્તવારીખમાં લખે છે કે (હ० અલીના વાલીદ) "હ० અબુતાલેબ" હઝરતે ઇસા પયગમબરના બારમાં વસી હતા તેઓનું નામ "ઇમરાન" અને અબ્દે મનાફ પણ છે, હ० અબુતાલેબ અ० પાસે નબીયોની ઘણી કીતાબો અને આસાર અને અમાનતો હતી તે સર્વે પોતાના ભત્રીજા આંખોના નુર હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફાને સોંપી, હ० રસુલેખુદા સ०ની ચાર મહીનાની ઊમ્મરમાં હઝરતની વાલેદા (મા) ખુદાની રહમતે પહોંચ્યા, અને બે વરસને ચાર મહીનાની ઊમ્મર થઇ તે વખતે હઝરતના વાલીદ (બાપ) ખુદાની રહમતે પહોંચ્યા, હઝરતની પરવરીશ જનાબે અલીયે મુરતઝાની વાલેદા જનાબે ફાતેમા બીન્તે અસદ કરતા હતા અને હઝરતની આઠ વરસની ઊમ્મરમાં હઝરતના દાદા જનાબ અબદુલમુત્તલીબ ખુદાની રહમતે પહોંચ્યા તેથી હ० અબુતાલેબે હઝરતની પરવરીશ કરી એટલે સુધી કે બાપની જેમ ખૈર ખ્વાહ શફીક અને મુરબ્બી રહયા એટલુંજ નહીં પણુ પોતાના ફરઝંદેથી પણુ હઝરતે રસુલેખુદાને વધારે ચાહતા હતા, અને સખત તકીયામાં પોતાની ઊમ્મર ગુજારી, અને હ० રસુલે ખુદાની ઘણી મદદ કરી અને દુશમનોના શરથી બચાવ્યા કુફફારોની વધુ બીક હતી કે હઝરતને ઇજા પહોંચાડશે તેથી તેઓની જગ્યોએ પોતાના ફરઝંદોને સુવરાવી દેતા અને હઝરતે રસુલે ખુદાને હીફાઝતની જગ્યો માં રાખતા હતા.

સુન્નત જમાતના આલીમ અલ્લામએ અલલ અજહુરીએ પોતાના ફતાવામાં અને તલમાસીએ પોતે શીફા ઊપર કરેલા હાશીયામાં હ૦ અબુ-તાલેબના ઝીકરમાં લખ્યું છે કે હ૦ રસુલે ખુદાસ૦ની હીમાયત કરી તે સીવાય તેઓનો ઝીકર કરવો મુનાસીબ નથી કેમકે તેઓએ હઝરતે રસુલે ખુદાની હીમાયત અને મદદ તન મન અને ધનથી કરી છે તેઓનો ઝીકર એ અદબીથી કરવો તે રસુલેખુદાસ૦ને ઇજા આપવાનું છે અને નબીને ઇજા આપવા વાળો કાફર છે વી૦ વી૦ હાંસલકલામ જ્યારે હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ની પચીસ વરસની ઉમ્મર થઈ ત્યારે જનાબે ખદીજા બીન ખુવયલદની સાથે શાદી કરી. આપની ચાળીસ વરસની ઊમ્મર થઇ ત્યારે ફીરીસ્તો વહુય લઇને આપ ઉંપર નાઝીલ થયો અને પૈગમબર થયા, અને કુરઆને શરીફ નાઝીલ થવું શરૂ થયું, તે પછી ટુક મુદ્દતમાં હીજરતની પહેલે હઝરતને મેઅરાજ હાસીલ થઇ એટલે ખુદાએ બુરાક સ્વારી માટે જીબરઇલ ફીરીસ્તાની સાથે મોકલી અને તેના ઊપર બેસીને આપ આસમાન ઊપર ગયા, અને જન્નત જહન્નમ અર્ષ કુરસી વી૦ વી૦ બાબતોનીં આપે સૈર કરી તે બયાન અમો એ **"મેઅરાજનામાં"** લખ્યું છે.

આપે ઘણા મોઅજીઝા બતાવ્યા એટલે સુધી કે ચંદ્રના બે કટકા પણ કરી બતાવ્યા મુરદાને પણ જીવતા કરી બતાવ્યા, હઝરતના અંગ મુબારક માટે ખાસ કેટલાંક મોઅજીઝા હતા, કે હઝરતના અંગનો પડછાયો પડતો નહતો હઝરત જેમ આગળથી જોતા તેમ પાછળની ચીજને પણ હઝરત જોતા મતલબ એ કે કોઇ ચીજ સામે હોય કે પાછળ હોય તે તેઓને દેખાતી હતી, હઝરત નીકળતા હતા તે જગ્યોમાં કેટલાક દીવસ સુધી ખુશબો રહેતી હતી.

શેખ તીબ્રાંસી અને અલી ઇબ્ને ઇબ્રાહીમ વીગેરેઓ એ રીવાયત કરી છે કે જ્યારે હ૦ રસુલે ખુદાસ૦ની હીદાયતથી એક જમાઅતે ઇસલામ કબુલ કર્યું ત્યારે કુરેશના કુફ્ફારોએ આપસમાં સંપ કર્યો કે જેટલા મુસલમાન થયા છે તે સર્વેને ઇજા પહોચાડીએ તેથી શાયદ તેઓ ફરી જાય, પછી દરેક કબીલાવાળો પોત પોતાના કબીલામાં મુસલમાન થએલાને ઇજા આપવા તય્યાર થયો, અને હજુ હઝરતને જહાદ કરવાનો હુકમ થયો નહતો, હઝરતને પયગમબર થવાને પાંચમુ વરસ બેઠું ત્યારે હઝરતે ખુદાના હુકમથી ઈસલામીયો માના કેટલાકને હુકમ આપ્યો કે તમો હબશા તરફ હીજરત કરો (આલ્યા જાઓ) કેમકે હબશાનો બાદશાહ નજાશી

ધણો નેક છે, તે જુલમ કરતો નથી તેમ જુલમથી રાજી પણ નથી, માટે ખુદાએ તઆલા ઇસ્લામીયોને કુવ્વત અતા કરે અને ખુશહાલી નસીબ કરે ત્યાં સુધી ત્યાં જઇને તે બાદશાહની પનાહમાં રહો અને આહીજરતમાં બીજા પણ ભેદ હતા, કે ઇસલામીયો ત્યાં જવાથી ત્યાંનો બાદશાહ નજ્જાશી મુસલમાન થયો અને હબશા વાળા પણ કેટલાંક મુસલમાન થયા, પછી ઇસલામમાંના અગીયાર મરદ અને ચાર ઓરતો મળી પંદર જણ ત્યાં ગયા.

પછી હઝરતે અબુતાલેબ અને તે પછી જનાબે ખદીજા ખુદાની રહમતે પહોંચ્યા અને મક્કાના કુરેશ એટલે અબુજેહલ અને અબુસુફયાન અને અબુ લહબ, અને અતબા અને શયબા વી૦ હઝરતને બહુજ ઇજા અને તકલીફો પહોંચાડવા લાગ્યા, અને હઝરતની પયગમબરીને ૧૩મું વરસ બેઠું ત્યારે ખુદાના હુકમથી માહે રબીઉલઅવ્વલ મહીનાની પહેલી રાત્રે જુમેરાતના મક્કાથી મદીને હીજરત કરી, હીજરતથી મતલબ વતનને મુકી બીજે દેશ જવું-જુદાઇ વી૦ અને તે દીવસથી હીજરીસન ગણાય છે એટલે હઝરતે મક્કાથી મદીને હીજરત કરી તેને હાલ ૧૩૨૪ વરસ થયા છે અને હીજરતને વખતે હઝરતની ઊમ્મર ૫૩ વરસની હતી મક્કાથી મદીને બારમે દીવસે પહોંચ્યા.

મદીનામાં આપ દસ વરસ રહયા, અને એ અરસામાં ૮૭ લડાઇયો-નો પ્રસંગ થયો, તેમાં ૨૪ કે ૨૬ લડાઇનાં આપ પોતે સાથે ગયા હતા અને બાકીમાં અસહાબને સરદાર કરીને મોકલ્યા હતા, અને પાંચ લડાઇયો બહુજ ભારે અને જબરી થઇ. ૧-બદર ૨-ઓહોદ ૩- અહઝાબ ૪-ખૈબર ૫-હોનૈન. અને હઝરત અલી અ૦ના હાથે મ્હોટી મ્હોટી લડાઇયો ફતેહ થઇ છે, અને કેટલીક વખત તમામ અસહાબો હઝરતે રસુલેખુદાને લડાઇના મેદાનમાં કુફ્ફારોની વચમાં એકલા મુકી મુકીને ભાગી ગયા છે અને બરાડા પડીને બોલાવવા છતાં આવ્યા નહીં, પણ હઝરત અલી અ૦ એકલાજ હઝરતની આડા ઉભા રહી કુફ્ફારો સાથે લડતા રહયા છે, ખાન-એ કાઅબાના બુત હઝરતે રસુલે ખુદાના ખભા ઊપર ચડીને હઝરત અલીએ તોડયા અને પાડયા છે, મ્હોટા મ્હોટા પહેલવાનો જેમકે મરહબ વી૦ વી૦ જે હજારોથી લડતા હતા જેઓનો શોહરો દુર દુર હતો, હાથી જેવા મસ્ત પહાડ જેવા મજબુત હતા તેવાઓને હઝરતઅલીએ મારીને માટીમાં મેળવી નાખ્યા તેઓના નખરા અને અહંકારને ધુળમાં મેળવી દીધા, ખૈબરની લડાઇ તો વધારે મશહુર છે, ખૈબરનો એવો ભારે દરવાજો

ઊખાડીને ખંદકનો પુલ કર્યો તે ટુંકો પડવાથી એક છેડો એક કીનારા ઊપર મુકયો અને બીજો છેડો હઝરત અલી અ૦ હાથમાં લઇને અધર ઊભા રહયા અને તમામ લશ્કરને તેના ઊપરથી પાર કરી આપ્યું, એ:હોદ ની લડાઇમાં હઝરત અલીએ એવી બહાદુરી કરીકે ફીરીશ્તા પુકારીને કહેવા લાગ્યા લાસયફ઼ ઇલ્લા ઝુલ્ફકાર લાફતા ઈલ્લાઅલી.

અહઝાબની લડાઇમાં ઊમર ઇબ્ને અબ્દેવદનામી મહા મ્હોટો જબરો પહેલવાન લડવા આવેલો તેના મુકાબેલામાં કોઇ ઇસલામીની હીમ્મત ચાલી નહીં કે સામે જાય, છેવટે અલી અ૦ તે મલઊનને કતલ કર્યો અને તેનું માથુ હઝરતે રસુલે નામદારની સામે લાવીને રાખ્યું. હઝરતે ફરમાવ્યું કે યાઅલી આજે તમોએ જે ઘા માર્યો તે એક ઘા કયામત સુધી ઊમ્મતના તમામ જણના અઅમાલ કરતા બેહતર છે.

સય્યદ ઇબ્ને તાઊસ અને શેખ અહમદ બીન અબીતાલેબ તીબરસી વી૦ સુન્ની અને શીઆહના મોહદદીસોએ જુદા જુદા કેટલાક તરીકાથી હઝરતે ઇમામે મોહમ્મદ બાકેર અ૦થી રીવાયત કરી છે કે જ્યારે હઝરતે રસુલે ખુદાસ૦ પોતાના દીનની તમામ શરીઅતોથી લોકોને વાકેફ઼ કરી ચુકયા અને બયતુલ્લાહનો હજ અને હઝરત અલીઇબ્ને અબીતાલેબ અ૦ની ખીલાફત શીવાય બીજી કોઇ બાબત બાકી રહી નહીં તે વખતે જીબરઇલ અ૦ હઝરતે રસુલેખુદાસ૦ની પાસે આવ્યા અને કહ્યું યા મોહમ્મદસ૦ ખુદાએ આપને સલામની બાદ કહેવરાવ્યું છે કે મેં મારા કોઇ પયગમબરની રૂહને કબજ કરી નહીં પણ પોતાનો દીન કામીલ કરવા અને પોતાની હુજ્જત તમામ કરવા પછી, અને આ બન્ને ચીજો ઘણી મ્હોટી અને બુઝુરગ બાકી છે, તો એ વીશે આપની કોમને આગાહ કરવી આપ ઊપર લાઝીમ છે, તો એક હજ અને બીજી ખીલાફત મુકરરર કરવી બાકી છે, તો આ વખતે હકતઆલા આપને હુકમ કરે છે કે પોતાની કોમને હજના શરાએ અથી આગાહ કરો અને પોતે હજ કરવા માટે જાઓ કે તેથી મદીનાના અને અતરાફના લોક મકદુર વાળા આપની સાથે આવે અને આપ તેઓને હજના મસાએલ તાલીમ કરો કેમકે નમાઝ ઝકાત અને રોઝાના મસાએલની તાલીમ આપી વી૦ બહુજ લબાણુથી બાબત લખી છે ટુંકમાં એ કે હઝરતે મદીનામાં આવીને કેટલી હજ કરી અને કેવી રીતે કરી તેમાં ઈખ્તેલાફ છે, પણ કોલયનીએ સનદે સહીહ અને હસનથી હઝરતે તે ઇમામે જાફરે સાદેક અ૦થી રીવાયત કરી છે કે હઝરતે રસુલે ખુદા

સ૦ મક્કાથી હીજરત કરીને મદીના આવ્યા અને મદીનામાં દસ વરસ (હયાત) રહયા, પણ પોતે કોઇ હજ કરવા ગયા નહીં એટલે સુધી કે હીજરતના દસમે વરસે ખુદાએ આયત મોકલી કે અએ મોહમ્મદસ૦ હજને માટે લોકોને બોલાવ વી૦ વી૦ પછી હઝરતે મોઅઝ્ઝીનોને હુકમ આપ્યો કે લાંબા સાદે લોકોને આગાહ કરો કે હઝરતે રસુલ આ વરશે પોતે હજ કરવા જાય છે, અને મદીના તથા અતરાફના લોકોને ખબર પડી કે આ વરસે તો હઝરત પોતે હજ કરવા જશે અને બાહેર ગામના જેઓ ઇસલામમાં દાખલ થયા હતા તેઓને કાગળ મોકલ્યા કે રસુલે ખુદા હજ કરવા જવાનો ઇરાદો રાખે છે, માટે જેો જવાની તાકત હોય તે હાજર થાય, આ ઉપરથી તમામ જણ હઝરતની સાથે હજ કરવા જવા માટે હાજર થયા, માહે ઝીલકાદના ચાર દીવસ બાક હતા ત્યારે હઝરત મદીનાથી રવાના થયા અને રસ્તાનો અહવાલ અને બનાવ લખ્યા પછી લખે છે કે ઝીલહજ મહીનાની ચોથી તારીખે મક્કામાં પહોંચ્યા.

આ વખતે હઝરત અલી અ૦ યમનમાં હતા તેઓ હઝરતના હુકમ-થી હજ માટે મક્કે આવ્યા, પછી માહે ઝીલહજની આઠમી તારીખે બે પહોરને વખતે લોકોને એહરામનું ગુસલ કરવાનો હુકમ આપ્યો, પછી અ-સહાબોને સાથે લઇ હજ માટે રવાના થયા, અને મીનામાં પહોંચીને ઝોહર અસર મગરીબ ઇશા અને સુબહની નમાઝ ત્યાંજ પડયા, અને નવમી તારીખે સવારના અસહાબોને લઇને અરફાત તરફ રવાના થયા, બેપહોરને વખતે હઝરતે ગુસલ કર્યું અને અસહાબો વી૦ ની સાથે અરફાતમાં દાખલ થઇ મસજીદે રસુલ કહેવાય છે ત્યાં ઉભા રહયા, તમામ લોક હઝરતની આસપાસ ઉભા રહયા ત્યાં હઝરત ખુતબો પડયા, અને લોકોને ખુદાના હુ-કમ અને મનાઇથી આગાહ કર્યા, પછી સર્વેની સાથે ઝોહર અને અસર-ની નમાઝ અદા કરી, સુર્ય અસ્ત થતાં સુધી અરફાતમાં રહયા, પછી ત્યાંથી રવાના થયા અને બહુજ ધીમે ધીમે ઊંટને ચલાવતા હતા અને લોકોને ફર-માવતા હતા કે બહુજ ધીમા આસ્તે ચાલો અને અશકત અને ઘરડાઓને પાએમાલ ન કરો અને મશઅરીલહરામમાં મગરીબ ઇશાની નમાઝ પડયા, સુર્ય ઉદય થયો તે વખતે રવાના થઇ મીનામાં ગયા, ત્યાં કુરબાની વી૦ કરીને કાઆબામાં જઇ તવાફ અને સઇ વી૦ બજાવી લાવ્યા, અને પાછા મીનામાં ગયા, અને ૧૩ મી તારીખ સુધી મીનામાં રહયા; ત્રણે જમરાને કાંકરા મારીને મક્કે આવ્યા, હઝરતની સાથે હજમાં ઘણાં માણસો હતાં

બાઅઝે રીવાયતોથી માલુમ થાય છે કે એક લાખ અને ચઊદ હજાર, અને એક કોલ મુજબ એક લાખને ત્રીસ હજારની સંખ્યા હતી.

હાંસલકલામ જ્યારે હજના અઅમાલથી ફારેગ થયા ત્યારે ખુદાએ હઝરત અલી અ૦ ને વસી અને ખલીફા કરવાની જે આયત મોકલી અને હઝરતે મસલેહતના સબબથી તેમાં ઢીલ કરી અને ગદીરે ખુમની નજીક પહોંચ્યા તો ત્યાંજ ઠેહેરવા અને હઝરત અલી અ૦ ને ખલીફા કરવાની સખત તાકીદ ભરેલી આયત નાઝીલ થઇ અને સીત્તેર હજાર જણની વચ્ચે હઝરત અલી અ૦ ને ખલીફા અને વસી મુકરરર કર્યા વી૦ બયાન ખુલાસાથી અમોએ કુરઆને શરીફની તફસીર **અનવારૂલ બયાન**માં શીઆહ અને સુન્નીની મોઅતબર કીતાબોના હવાલાથી લખ્યું છે, અહીયાં તે ટુંકમાં તથા તે શીવાય બીજી બાબતો લખવામાં આવે છે કે હજના આમાલથી ફારીગ થયા તે વખતે જીબરઇલે આવીને અરજં કરી કે હકસુબહાનહુ તઆલા દોરૂદ અને સલામના તોહફાની બાદ ફરમાવે છે કે આપની ઉમ્મર હવે ખલાસ થવા આવી અને નજીક છે કે અમો આપને પોતાની રહમતની નજીક બોલાવી લઇશું, માટે હવે તમોને લાઝીમ છે કે તે અહકામ અને અસરાર (ભેદ) મોઅજીઝા અવ્વલ અને આખરનો ઇલ્મ જે અમોએ તમોને સોંપેલ છે તે તમો અલી ઇબ્ને અબીતાલેબને સોંપો, અને તેઓને તમો પોતાના ખલીફા અને જાનશીન કરો, અને પોતાની ઉમ્મત પાસે તેની બયઅત લીએ।

આ હુકમ થવાથી હઝરતે રસુલેખુદાસ૦ એક રાત અને બે દીવસ સુધી હઝરત અલી અ૦ સાથે એકાંત અને ખાનગી કરી, અને વચમાં ત્રીજા કોઇને આવવા દીધો નહીં, જે અસહાબોના દીલમાં શુબહા હતા તેઓ ખૈમાની બાહેરથી આવાજો આપતા કે આ એકાંતે બહુ લંબાણ કરી,

એ એકાંતમાં હઝરત અલી અ૦ ને ખલીફા મુકરરર કરવાની બાબત પણ હતી તે વાત હઝરતે કેટલાંક કારણથી કોઇને મખફી કહી અને તેણે છુપી ન રાખતાં પોતાના લાગતા વળગતાઓને કહી.

જેઓને હઝરત અલી અ૦ સાથે અદાવત હતી અને તેથી હઝરતે રસુલે ખુદા સ૦ ની સાથે પણ દુશમની રાખતા તેઓને કહી, તેઓએ આપસમાં કહ્યું કે ખલીફાની અત્રાફમાં ખીલાફત ગઇ તો મોટો ગજબ થયો, અને યઝીદનો બાપ તથા બીજા તેર જણ ભેગા થયા, એક જણે કહ્યું કે પયગમ્બરે જે જે હુકમ આપ્યો તે તે આપણે બજાવી લાવ્યા; હવે તેણે

ઈરાદો કર્યો છે કે અલી અને અલીની અવલાદને હમેશા માટે આપણી ગરદનો ઉપર હાકીમ કરે, મોહમ્મદ સ૦ તો જાહેરમાં આપણા ઉપર ઘણી મેહરબાની કરી, પણ આપણા પ્રત્યે અલીના દીલમાં જે બાબતો છે તેનો તે આપણાથી બદલો લેશે, માટે એવો કોઇ તદબીર કરવી જોઇએ કે આ કામ થવા પામેજ નહીં.

આ સાંભળીને દરેકે પોતપોતાનો મત દરશાવ્યો, છેવટે સર્વે એ વાત ઉપર એકમત થયા કે અકબા નાગની જગ્યોના રસ્તામાં એક પહાડ છે તેના ઉપર થઇને પસાર થવાય છે અને આજુબાજુ ખાઈની જેમ ઘણી નીચી જગ્યો છે, તો જ્યારે હઝરતે રસુલેખુદાનો ઊંટ ત્યાં પહોંચે ત્યારે હઝરતના ઊંટની સામે ચામડાના કુદલામાં કાંકરા ભરીને બોંય ગગડાવીએ એટલે ઊંટ ભડકીને જમણી કે ડાબી બાજુએ ગારમાં હઝરતને પાડી નાંખે એટલે હઝરતનું કામ તમામ થાય અને અલીને ખલીફા બનાવા પામે નહીં, પછી એ વાત ઉપર કસમો ખાધી

ખુદાએ જે પૈગામ કહેવરાવેલો તે બયાન પણ ઘણું લાંબુ છે. તેમાં એવી બાબત પણ કહેવરાવેલી કે અલી મારી ખલકત ઉપર મારી હુજ્જતે કામેલા છે. અલી મારો વલી મારો બંદો અને પયગમ્બરનો વસી છે, અલીની તાબેદારી મારા પયગમ્બરની તાબેદારી છે, અને મારા પયગમ્બરની તાબેદારી મારી તાબેદારી છે, અલી દરેક મોઅમીન અને મોઅમેનાનો **મવલા** છે, જે કોઇ તેની બયઅતમાં બીજાને શરીક કરે તે મુશરીક છે, જે કોઇ તેની વીલાયત અને તેની ઇમામતના એતેકાદ સહીત મારી પાસે આવશે તેને બેહીસ્તમાં દાખલ કરીશ, અને જે કોઇ તેની અદાવતની સાથે મારી પાસે આવશે તે જહન્નમમાં જશે.

હઝરતે રસુલે ખુદા સ૦ આવી બાબતો સાંભળીને પોતાની કોમથી ડર્યા કે એવું ન થાય કે મુનાફેકો જુદા થઇ જાય અને અસલ તરફ ફરી જાય, હઝરત સારી રીતે જાણતા હતા કે અલી સાથે કેટલાંકને કીનો અને અદાવત છે, તેથી હઝરતે રસુલે ખુદાએ જીબરઇલને કહયું તમો ખુદાને કહો કે મને મુનાફેકોના મક્કર અને ફરેબથી બચાવે, અને એ ખબર લાવવાની રાહ જોતા હતા, અને મક્કાથી રેવાના થઈ ગયા, અને ગદીરે ખુમની પાસે પહોંચ્યા ત્યારે જીબરઇલ સખત તાકીદનો અને મુનાફેકોના શરથી હીફાઝતમાં રાખવાનો હુકમ લાવ્યા જેમકે કુરઆનમાં સુરએ માએદામાં "યા અય્યોહર રસુલો બલ્લીગ" તે છેલ્લે સુધી આયત છે, એનો ખુલાસો

એ કે અએ પયગમબરે બુઝુરગવાર (અલી વીશે) જે હુકમ ખુદાએ તમારી તરફ મોકલ્યો છે તે લોકોની સામે બયાન કરો, અને જો એમ નહીં કરો તો એવું થશે કે જાણે તમોએ ખુદાનો કોઇ પયગામ પહોંચાડયો નહીં અને તમોને દુશમનોના તોફાનથી ખુદા બચાવશે.

આ મુજબનો હુકમ અને લોકોના તોફાનથી બચાવાનો વાયદો સાંભળીને હઝરતે ફરમાવ્યું જંગલને સાફ કરો, અને આગળ વધી ગયા છે તેઓને પાછા બોલાવો, અને જે પાછળ છે તેઓને આવવા દીઓ, એ જગ્યો ઠેહરવાને લાયક નહતી ત્યાં ન પાણી હતું ન ઘાસ હતું પણ ખુદાના એવા તાકીદ ભરેલા હુકમથી ત્યાં ઠેહરી ગયા, જગ્યો સાફ કરવામાં આવી આગળ વધી ગીએલા અને પાછળવાળા સર્વે ભેગા થયા, ઊંટોના પલાણોથી મીમબર કરવામાં આવ્યો, અને હઝરત ઝોહરની નમાઝ જમાઅતથી પડયા; પછી હ૦ અલી અ૦ ને સાથે લઇને મીમબર ઉપર ગયા પહેલે ખુદાની તારીફ અને વખાણ અને તેની નેઅમતો વીશે લંબાણથી ખુતબો પડયા, પછી ફરમાવ્યું અએ લોકો મને જીબરઇલે ખબર આપી છે કે હવે નજીકમાં મને આખેરતના ઘર તરફ બોલાવવામાં આવશે, અને હું પરવરદીગારની દાઅવત કબુલ કરીશ, એટલે હવે ખુદાની રહમતે પહોંચવાનો મારો વખત નજીક આવ્યો છે, ખુદા મને પુછશે, અને તમોને પણ પુછશે, તો તમો શું કહેશો ?

આ સાંભળીને સર્વેએ અરજ કરી કે અમો ગવાહી આપીએ છીએ કે આપે ખુદાની રીસાલત પહોંચાડી અને કોશીશ કરી અને નસીહત કરી, હકતઆલા આપને જઝાએ ખૈર અતા ફરમાવે.

આપે ફરમાવ્યું તમો એ વાતની ગવાહી આપતા નથી ? કે ખુદા વહદહુ લાશરીક એકજ છે, અને મોહમ્મદ તેનો બંદો અને રસુલ છે, જન્નત, જહન્નમ અને મૌત હક છે, અને કયામત આવવાવાળી છે, અને મર્યા પછી મુરદાઓને કબરોમાંથી ખુદા ઉઠાડશે.

સર્વેએ અરજ કરી યા રસુલલ્લાહ તમારા ઉપર ખુદાની સલવાત હોજો આપે ફરમાવ્યું તે તમામ હક છે.

પછી આપે હકતઆલાને કહ્યું કે બારે એલાહા આ લોકોના ઇકરાર અને કબુલ કરવા ઉપર ગવાહ રેહજે.

પછી આપે ફરમાવ્યું કે અએ લોકો શું હું તમારા નફસોથી અવલા (શ્રેષ્ટ) નથી ? સર્વેએ કહયું હા, પછી આપે ફરમાવ્યું તહકીક ખુદા મ્હારો

મવલાહ છે. અને હું મોઅમેનીનનો મવલા છું તો જાણો કે જેનો હું મવલા છું તેનો આ અલી ઇબ્ને અલી તાલેબ મવલા છે, ખુદાવંદે કરીમે અલીને નસબ કર્યો છે અને તમારો આકા મવલા પેશવા અને ઇમામ મુકરરર કર્યો છે, અને તમામ મોહાજીર અને અનસાર અને દરેક શેહર અને ગામડા વાળાઓ તેમજ અરબ અને અજમ ઊપર તેની તાબેદારી કરવી ફરઝ કરી છે દરેક આઝાદ તેમજ ગુલામ દરેક નાના તેમજ મોટા ઊપર તેનું ફરમાન અને હુકમ જારી છે, જે તેની ઇતાઅત કરશે તે મરહુમ છે, જે તેની ના ફરમાની કરશે તે મલઊન, છે જે તેની સત્યતા કરે અને તેના હુકમને માને તેના ગુનાહ હકતઆલા બખશી આપશે, અને આ મારો છેલ્લો હુકમ છે, અને હકતઆલાએ મને જે જે કાંઇ તાઅલીમ કર્યું છે તે સર્વે મેં અલી ઇબ્ને અબીતાલેબને તાઅલીમ કર્યું છે મારી પાછળ તમારો આકા અને મવલા અલી છે, અને અલીની પાછળ મારી ઝુરરીયત જે અલીની ઓલાદથી થશે તે તમારા આકા અને મવલા છે અને મોઅમેનીન ઊપર હુકુમત અને રીયાસત અલીઇબ્ને અબીતાલેબ શીવાય બીજા કોઇને હલાલ અને જાએઝ નથી.

પછી હઝરતે રસુલે ખુદાએ અલી અ૦ની બન્ને બગલમાં હાથ રાખીને એટલા ઊંચા કર્યા કે હઝરતની બગલની નીચેની સફેતી દેખાવા લાગી, અને આપે ફરમાવ્યું કે આને જોઇ લીઓ અને ઓળખી લીઓ !! આ-એજ અલીઇબ્ને અબીતાલેબ છે. મારી બાદ મારો વસી અને ખલીફા છે, પછી આપે ફરમાવ્યું ખુદાવંદા જે કોઇ અલીઇબ્ને અબીતાલેબને દોસ્ત રાખે તેને તુ દોસ્ત રાખ અને જે અલીઇબ્ને અબીતાલેબને દુશમન રાખે તેને તુ દુશમન રાખ.

પછી હઝરત મીમબર ઊપરથી નીચે ઊતર્યા અને અસહાબોએ હઝ-રત અલી અ૦ના હાથ ઊપર બયઅત કરી, અને મુબારકબાદ આપી, અને હઝરતના હુકમથી એક ખૈમો ઊભો કરવામાં આવ્યો અને તેમાં હઝરત અલી અ૦ બેઠા અને બાકીના લોકો આવી આવીને બયઅત કરતા અને મુબાર-કબાદ આપતા હતા, પછી ઓરતોને હુકમ થયો તેથી સર્વેની પહેલે હઝરતે રસુલે ખુદાસ૦ની બીબીઓએ પછી બાજી ઓરતોએ બૈઅત કરી મુબારક-બાદ આપી, અને ઓરતોએ હાથ મેળવ્યા વીના છેટેથી બયઅતનો ઇકરાર કર્યો અને તે દીવસે મગરીબના વખત સુધી બયઅત ચાલુ રહી, પછી હઝરતે મગરીબ અને ઇશાની નમાઝ સાથે પડાવી પછી બયઅતલેવામાં

મશગુલ થયાં, એટલે સુધી કે ત્રણ દીવસ સુધી બયઅત ચાલું રહી ત્યારે તમામ લોકો બૈઅત કરી રહયા.

બયઅત પુરી થવા પછી ખુદાએ "અલ્યવ્મ અકમલ્તોલકુ" તે છેલ્લે સુધી આયત નાઝીલ ફરમાવી, તેનો મતલબ એ કે અમોએ આજના દીવસે તમારા માટે તમારા દીનને કામીલ (સંપુર્ણ) કર્યો, અને અમારી નેઅમતો આજે તમારા ઊપર પુરી કરી, અને ઇસલામને તમારા માટે અમોએ પસંદ કર્યો.

હઝરત અલીને વસી અને ખલીફા કરવાની પહેલી આયત તાકીદ ભરેલી અને ખલીફા અને વસી કર્યા પછી આ આયત મેહરબાની ભરેલી અને દીન કામીલ થયો તેનો ખબર આપનારની ખુલાસાથી તફસીર અમોએ તફસીરમાં લખી છે, કે હઝરતઅલી અ૦ની ખીલાફત આ બે આયતથી સુર્ય કરતા પણ વધારે રોશન છે, વીચારો કે એવી કઇ બાબત હતી કે જેના માટે ખુદા ફરમાવે છે કે અગર એ હુકમ નહીં પહોંચાડીશ તો જાણે તેં મારી પયગમબરી અદા નથી કરી અને તને લોકોના તોફાનથી બચાવીશ માટે પહોંચાડી આપ, શરાના જેટલા અહકામ હતા તેટલા તો પહોંચાડી ચુકયા હતા નમાઝ રોઝા ઝકાત હજ કાંઇ બાકી નહતુ એટલે સુધી કે જહાદ કે જેમાં માથા કાપવા અને કપાવાનું છે તે હુકમ આવે અને તેના ઊપર અમલ કરે તો લાંબી મુદત થઈ હતી અને તેથીજ દીનનો ફતેહ થઇ હતી તો ખીલાફત શીવાય બીજી કોઇ બાબત બાકી હોય તેમ નથી, અને તે પહોંચાડવાથી હઝરત ફીતનાથી ડરતા હતા અને ફીતનાથી અમાનની માગણી કરી અને તે માંગણી સ્વીકારવાની રાહ જોવાના સબબથી એ હુકમ પહોંચાડવામાં ઢીલ થઇ, અને એ માગણી સ્વીકરાણી અને ખુદાએ કબુલાત આપી કે "વલ્લાહો યઅસેમોક મેનન્નાસ (એટલે લોકોના તોફાનથી ખુદા તને બચાવશે) ત્યારે હઝરતે તરત રસ્તામાંજ જંગલ બોયાબાનમાં સર્વેને હુકમ પહોંચાડી આપ્યો, અને પછી ખુદાએ ફરમાવ્યું કે આજના દીવસે તમારા દીનને કામીલ કર્યું તો એ કઇ મ્હા મ્હોટી ચીજની ખામી હતી કે તેથી દીન કામીલ થયું નહતુ, તે પણ જાહેર છે કે ખીલાફત અને ઇમામત બાકી હતી તે મુકરરર થવાથી દીન કામીલ થયું અને એ મ્હા મ્હોટી નેઅમત કે જેનો ઇકરાર હોયતોજ "જન્નત" મળે તે નેઅમત આપવાથી તમામ નેઅમતો પુરી થઇ ચીં.

પછી હઝરત રવાના થયા અને યઝીદના બાપ વીગેરેઓએ જે મશ્વરો કર્યો હતો કે આ કામ થવાદેવું નહીં અને એ કામ તો રસ્તામાં થયું તો પણ પોતે જે બાબત નક્કી કરી હતી તેના ઉપર મજબુત રેહયા અને અકબાની ઘાટી ઉપર આગળ જઇને ચામડાના કુદલામાં અને એક રીવાયત મુજબ સુકા ચામડામાં કાંકરા ભરી તૈયાર રાખ્યા, હઝરતની સ્વારીની સાંઢણીની મેહાર અમ્મારે યાસીરના હાથમાં હતી અને પાછળ હોઝયફાએ યમાની હતા, અને અંધારી રાતના એ જગ્યોએ પહોંચ્યા, જ્યાં વચમાંથી રસ્તો હતો અને બન્ને બાજુએ ઊંડી ખાઇયો હતી, હોઝયફા રીવાયત કરે છે કે જ્યારે એ જગ્યોએ પહોંચ્યા ત્યારે મુનાફેકોએ એ કુદલા દેડવી નાખ્યા, એના ખખડાટથી હઝરતની સવારીની સાંઢણી ભડકી અને ભાગવા જતી હતી ત્યાં હઝરતે અવાજ આપી તેથી તે સ્થીર ઊભી રહી, મુનાફેકોનો ધારણા પાર ન પડવાથી સાંઢણીને પાડી નાખવા નજીક આવ્યા, આથી મેં તથા અમ્મારે તલવાર ખેંચીને તેઓ ઉપર હમલો કર્યો તેથી તેઓ નીષ્ફળ પાછા ફર્યા, એ વખતે મેં અરજ કરી યારસુલલ્લાહ આ કોણ લોક છે? હઝરતે એ સરવેના નામ લીધા એ સાંભળીનેજ હું તો ચુપ થઇ ગયો, અને કોઇ કોઇ એવાના નામ લીધા કે તેઓ આ કામમાં શામીલ હોય તે વીશે મને શક પડયો અને ઘણું માઠું લાગ્યું, તરતજ હઝરતે મારા મનની શંકા વરતીને ફરમાવ્યું કેમ તને શક રહે છે? લે તારી આંખોથી તેઓને જોઇલે, હઝરતનું આમ કહેવું કે તરત વીજળી ચમકી અને ઝાઝી વાર સુધી કાયમ રહી એટલે સુધી કે એ સર્વેને મેં નજરે જોયા અને ઓળખ્યા, પછી હઝરતે મને ફરમાવ્યું આ લોકોના નામ જાહેર કરીશ નહીં, આ બાબત પણ ઘણા લંબાણથી છે પણ અમોએ ટુંક લખી છે, એમાં એમ પણ છે કે હોઝયફાએ અરજ કરી કે હુકમ કરો કે એ લોકોના માથાં કાપી નાખવામાં આવે, હઝરતે કહ્યું ખુદાનો હુકમ નથી ઉપરાંત બદનામી છે કે બીજા કેહશે કે આ લોક ઇમાન લાવ્યા લડાઇયોમાં શરીક રહયા મદદ કરી અને છેવટે રસુલે તેઓને કતલ કરાવી નાખ્યા, તેઓના કૃત્યોનો બદલો કયામતમાં મળશે વી૦.

પછી એ ઘાટી ઉપરથી પસાર થતા સવાર પડી ગઇ ઘાટીથી ઉતરીને હઝરત સુબહની નમાઝ પડયા અને જમાઅતની નમાઝમાં એ ચઊદ જણ પણ શરીક થયા.

આખર હઝરત મદીને પહોંચ્યા, અને મજકુર શખસોએ પોતાનો હઠ મુકયો નહીં, મદીનામાં પણ એ વોલે મશવેરો કર્યો કે હવે શું કરવું? છેવટ

હ० અલીને ખલીફા થવા નદેવા વીશે દસ્તાવેજ લખ્યો અને તેમાં શું શું લખ્યું તે લંબાણુ થવા વી० કારણથી અહીંયા તરક કરવામાં આવે છે.

મહીનામાં આવ્યા પછી હ० અલીની બયઅતની ખબર ચારે તરફ ફેલાઇ ગઇ તે વખતે હારીસબીન નેઅમાન ઊંટ ઉપર બેસીને આવ્યો અને વધુ ઘડુ બોલ્યો છેવટે કહ્યું કે ખુદાવંદા અગર આ રસુલ સાચું કહે છે કે તારા હુકમથી અલીને ખલીફા અને વસી કર્યો છે તો મારા ઊપર આસમાનથી અઝાબ નાઝીલ કર અને તરત અઝાબ નાઝીલ થયો કે હજુ એમ બડબડાટ કરતો પોતાના ઊંટ સુધી પહોંચ્યો નહતો ત્યાં ઉપરથી માથા ઉપર પથ્થર પડયો અને તેથી જહન્નમ વાસીલ થઇ ગયો, જેમકે તેની ખુદાએ કુરઆનમાં ખબર આપી છે કે **"સઅલ સાએલુન બેઅઝાબી ન્વાકેઅ"** તે છેલ્લે સુધી.

આ ગદીરેખુમના બનાવને શીઆહ તેમ સુન્ની બન્નેએ પોતપોતાની કીતાબોમાં દરજ કરેલ છે, હા સેજ ફેરફાર છે બાકી મતલબ ઘણેભાગે એક-જ છે, તુઆબતુલ અખબારવાળા લખે છે કે સુન્નત જમાઅતના બસોથી વધારે મોઅતબર આલીમોએ આ બાબત લખી છે, કીતાબે રવઝા અને ફ-ઝાએલમાં ઇબ્ને અબ્બાસથી રીવાયત કરે છે કે તેઓ કહે છે કે હજ્જતુલ વીદાઅથી પાછા ફરવા પછી એક દીવસ અમો મસજીદે રસુલમાં હઝરતે રસુલે ખુદા સ० ની ખીદમતમાં હાજર હતા, તે વખતે આપે ફરમાવ્યું કે આગાહ થાઓ કે ખુદાએ દીનદારો ઉપર આ મીન્નત અને એહસાન રાખ્યું છે કે મારા સબબથી તેઓની હીદાયત કરી, અને હું દીનદારો ઉપર આ એહસાન અને મીન્નત રાખું છું કે તેઓની હીદાયત અલી ઇબ્ને અબીતા-લેબ થકી કરું છું, કે તે મારા કાકાનો દીકરો અને મારા ફરઝંદોનો બાપ છે, જે કોઇ તેઓના સબબથી હીદાયત પામે છે તે નજાત પામે છે, અને જે કોઇ તેઓથી ફરી જાય છે તે ગુમરાહ થાય છે, અએ લોકો ખુદાને યાદ કરો અને મારી ઇતરત અને અહલેબૈત વીશે ખુદાથી ડરો, તહકીક કે ફાતેમાહ મારા કલેજાનો ટુકડો અને તેના બન્ને ફરઝંદ મારી બન્ને બાજુ અને તેનો શવર હીદાયતના રસ્તાનો ચીરાગ છે, ખુદાવંદા એના ઉપર રહમ કર કે જે આની ઉપર રહમ કરે, અને જે આની ઉપર ઝુલમ અને સીતમ કરે તેને બક્ષ નહીં, એ પછી હઝરતની આંખોમાંથી આંસુ જારી થયાં, અને ફરમાવ્યું કે જાણે હું એ ઝુલ્મોને જોઇ રહયો છું કે જે તેઓ ઉપર થનાર છે.

હઝરત અલી અ૦ ની ખીલાફત અને ઇમામતની હદીસો રીવાયતો ઘણી છે, હઝરત અલીને હઝરતે રસુલે ખુદાએ ખલીફા અને ઇમામ વખતો વખત જાહેર કર્યા છે જેમકે તે વિશે કેટલીક બાબતો અહીંયા લખવામાં આવે છે.

સુન્નત જમાતના મ્હોટા આલીમ જનાબ સઇયદઅલી હમદાની શાફેઇએ "મોવદ્દતુલ કુરબા" નામની કીતાબ અહલેબૈત અ૦ના ફઝાએલમાં અરબીમાં લખી છે તેનો તરજુમો લાહોરવાળા મવલાના વમુક્તદાના હુજ્જતુલ ઇસલામ જનાબ સઇયદ અબદુલકાસીમ સાહેબે ફારસીમાં કરી તેનું નામ "કીતાબુલબુશારા બીલહુરના" રાખ્યું છે તે કીતાબમાં લખ્યું છે કે અબુહેરેરાએ રીવાયત કરી છે કે હઝરતે રસુલેખુદા સ૦ ને કોઇએ પુછયું કે તમારી નોબુવ્વત કયારે વાજીબ થઇ ? તો આપે જવાબ આપ્યો કે તમામ જહાનના પૈદા કરનારે હ૦ આદમ અ૦ ને પૈદા કરવા અને તેઓમાં રૂહ નાંખવાની પહેલે, જેમકે ખુદાએ ફરમાવ્યું છે કે અએ મોહમ્મદ યાદ કર એ વખતને કે તારા પરવરદીગારે હ૦ આદમ અ૦ ની ઔલાદ પાસેથી તેઓની પીઠમાં હતા તે વખતે મીસાક લીધો, અને તેઓનેજ તેઓની જાત ઉપર ગવાહ કર્યા, અને મીસાકની શુરૂઆત ત્યાંથી છે કે ખુદાએ ફરમાવ્યું કે શું હું તમારો પરવરદીગાર નથી ? તે વખતે તરતજ મલાએકાઓએ જવાબમાં એકદમ એકજ શબ્દ કહયો **બલા** (હા) મલાએકાઓએ આ પ્રમાણે ઇકરાર કર્યો કે તરત ખુદાએ ફરમાવ્યું કે હું તમારો "પરવરદીગાર" છું, અને "મોહમ્મદ" સ૦ તમારો "પયગમબર છે, અને "અલી" અ૦ તમારો "અમીર" છે.

જાણવું જોઇએ કે ખુદાએ પોતાના પરવરદીગારની સાથેજ હ૦ મોહમ્મદ સ૦ ની નોબુવ્વત અને નોબુવ્વતની સાથેજ હ૦ અલી અ૦ ની ઇમામત અને ખીલાફત મુકરરર કરી, એટલે એ ત્રણે બાબતની વચે કાંઇ પણ આંતરો રાખ્યો નહીં એક પછી એક સાથેજ મુકરરર કરી.

તો આથી એ બાબત સાબીત થઇ કે હ૦ રસુલે ખુદા સ૦ ની નોબુવ્વત સર્વે પૈદા થવાની પહેલે વાજીબ થઇ, અને સરવેની છેલ્લે જાહેર થઇ, તેમજ હ૦ અલી અ૦ નો ઇમામત અને ખીલાફત સર્વે પૈદા થવાની પહેલે મુકરરર થઇ અને સર્વે પયગમબરો અને તેઓના વસીઓની પાછળ, હઝરતે રસુલે ખુદા સ૦ ના પહેલા વસી અને ખલીફા જાહેર થયા.
સર્વેથી પહેલે એ મલાએકાઓએ મજકુર બાબતોનો ઇકરાર કર્યો અને છેવટ

સુધી એજ ઇકરાર ઉપર બાકી રહયા અને એ મીસાકને તેઓમાંથી કોઇએ પણ તોડયો નહી, પણ જીન્નાત અને ઇસાનોએ ઇકરાર તો કર્યો પણ તમામ જણ એ મીસાક ઉપર બાકી રહયા નહીં અને બે ફીરકા થઇ ગયા; એક ફીરકાએ એ મીસાક તોડયો નહી અને ખુદાની પરવરદીગારી હ૦ રસુલે ખુદા સ૦ ની નોબુવ્વત અને હ૦ અલી અ૦ ની ઇમામતને કબુલ કરી તેમજ ઈકરાર અને મીસાકને જાળવી રાખ્યો અને જાળવી રાખશે, અને બીજા ફીરકાએ એ ત્રણે બાબતનો ઇનકાર કર્યો અને મીસાક તોડી નાખ્યો, અને તે બીજા ફીરકાઓમાં પણ કેટલાક ફીરકા થયા, જેમકે કોઈ ફીરકાએ ખુદાની પરવરદીગારીનો ઇકરાર કર્યો અને હ૦ રસુલે ખુદા સ૦ ની નોબુવ્વતનો ઈકરાર કર્યો, અને હઝરત અલી અ૦ની ખીલાફત અને ઇમામતનો ઇનકાર કર્યો, તેમાં પણ કોઇ ફીરકાએ હ૦ અલી અ૦ ની ઇમામતનો તદ્દન ઇનકાર કર્યો અને કોઇએ હ૦ રસુલે ખુદા સ૦ ની બાદ કેટલાક ફીલો નાંખીને ઇકરાર કર્યો પણ જોઇએ તેવો નહીં વી૦

સુન્નત જમાઅતની એજ કીતાબમાં છે કે હ૦ રસુલે ખુદા સ૦ ના ખાદીમ અબુલ હમરાઅ જ્યારે બુઢ્ઢા થયા ત્યારે પોતાના એક રફીકને કહ્યું કે હું તને એક એવી હદીસ કહું છું કે મારા બે કાનોએ સાંભળેલ છે, અને મારી બે આંખોએ જોએલ છે, અને તે એકે એક વખત હઝરતે રસુલે ખુદા સ૦ પોતાની બીબી આએશાની પાસે ગયા અને કહયું "સય્યદુલ અરબ" (અરબના સૈયદ)ને બોલાવ, આ સાંભળીને આએશાએ પોતાના બાપ હ૦ અબાબકરને બોલાવા માટે માણસ મોકલ્યું, હઝરતે જોયું કે જેનો મતલબ હતો તેઓને બોલાવ્યા નહીં તેથી કાંઇ પણ બોલ્યાવીના આએશાહને ત્યાંથી બાહેર નીકળીને પોતાની બીબી હફસાને ત્યાં ગયા, અને કહયું "સય્યદુલ અરબ"ને બોલાવ, હફસાએ પોતાના બાપ હ૦ ઊમરને બોલાવા માટે માણસ મોકલ્યું, તે વખતે પણ હઝરતની મરજી વીરૂધ થવાથી હઝરત ત્યાંથી નીકળીને પોતાની બીબી ઊમ્મેસલેમાને ઘરે ગયા અને ફરમાવ્યું અએ સલેમા "સય્યદુલ અરબ"ને બોલાવ, આ સાંભળીને ઉમ્મેસલેમાએ માણસ મોકલીને હ૦ અલી અ૦ને બોલાવ્યા.

પછી પયગમબરે ખુદા હ૦ મોહમ્મદે મુસ્તફાએ મને કહયું અએ અબુલ હમરાઅ તું જઇને મારી પાસે (નીચે લખ્યા મુજબ) માણસોને બોલાવી લાવ.

૧૦૦ જણ કુરેશમાંથી અને ૮૦ જણ અરબમાંથી અને ૬૦ જણ મવાલીમાંથી ૪૦ જણ હબશીઓની ઓલાદમાંથી.

જ્યારે એ સર્વે જણુ આવ્યા ત્યારે પયગમબરે મને કહયું કે અએ અબ્દુલ્લ ઉમરાઅ ચામડાનો સહીફો લાવ, હું જઈને ચામડાનો સહીફો લાવ્યો તેમાં લખેલુ હતુ, પછી હઝરતે પયગમબરે એ સર્વેને જમાઅતની નમાઝની સફની જેમ ઊભા રાખ્યા અને ફરમાવ્યું અએ લોકો શું ખુદા મારી ઊપર મારી જાન કરતા વધારે સત્તાવાન નથી? અને તે મને હુકમ અને મનાઈ કરવાની સત્તા ધરાવે છે, પણ મને સ્તા નથી કે હું તેને હુકમ કરી શકું, આ વાત બરાબર છે કે નહીં? સર્વે હાજર થીએલાઓએ જવાબ આપ્યો "બલા" (હા) બરાબર છે અએ રસુલે ખુદા.

પછી આપે ફરમાવ્યું અસહાબો અને ઊમ્મત ઉપર તેઓની જાન કરતા મને વધારે સત્તા નથી? અને હું તમોને હુકમ અને મનાઇ કરવાની સતા ધરાવંછું અને બીજા કોઇને સત્તા નથી કે મને હુકમ કરી શકે એ વાત બરાબર છે કે નહીં? આ સાંભળીને એ સર્વેએ અરજ કરી કે "બલા" (હા) બરાબર છે યારસુલુલ્લાહ.

પછી હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે જેઓનો માલીક અને તેઓની જાન માલનો હાકીમ અને તેઓ ઊપર સત્તા ધરાવનાર ખુદા છે અને તેઓનો આકા અને વલી અને તેઓ ઊપર સત્તા ધરાવનાર હું છું તેઓનો આકા અને વલી તેઓ ઉપર સત્તા ધરાવનાર અને તેઓની જાન અને માલનો મુખતાર આ અલી છે કે તે તમોને હુકમ અને મનાઇ કરે છે અને ખુદાએ તઆલાએ મના કરેલી બાબતોથી તમોને અટકાવે છે અને તમોને સત્તા નથી કે અલીને હુકમ કરો અથવા કોઇ કામની મનાઇ કરો.

પછી ફરમાવ્યું અએ ખુદાવંદા જે શખસ અલીને દોસ્ત રાખે તેને તુ દોસ્ત રાખ અને જે શખસ અલી સાથે દુશમની રાખે તેને તુ દુશમન રાખ, અને જે શખસ અલીને રૂસવા કરે તેને તુ રૂસવા કર અએ ખુદાવંદા મેં અલીની વીલાયત અને ઇમામતનો હુકમ અસહાબો અને ઊમ્મતને પહોંચાડી આપ્યો અને અલીનો દામન પકડવાની નસીહત કરી એ તમામ બાબતોનો તુમારો ગવાહ અને સાક્ષી છે.

પછી જે સહીફો હઝરતે મારી પાસે મંગાવ્યો હતો તે અમો સર્વેની સામે હઝરતના ફરમાનથી ત્રણ વખત વાંચી સંભળાવવામાં આવ્યો પછી હઝરતે પયગમબરે ત્રણ વખત ફરમાવ્યું કે જેની મરજીમાં આવે તે રદ કરે અને કબુલ નકરે, અને ત્રણ વખત ફરમાવ્યું કે જે ચાહે તે ખુદાના "અહદ"ને કબુલ કરે, આ સાંભળીને અમો સર્વે જણાઓએ ત્રણ વખત

અરજ કરી કે આ અહદને રદ કરવા અને તેથી ઇનકાર કરવાથી ખુદા અને તેના રસુલ પાસે પનાહ લઇ જઇએ છીએ, એટલે અમો કબુલ કરીએ છીએ ઇનકાર કરતા નથી.

પછી એ સહીફા ઉપર અમો સર્વેની મોહર કરાવી પછી તેને વીટીને ફરમાવ્યું યાઅલી આ સહીફો લ્યો અને પોતાની પાસે સાંચવી રાખો અને જાણોકે જે કોઇ આ તમારી બયઅતને તોડશે તેનો હું દુશમન થઇશ, અને બીજા નુસખામાં છે કે આ મીસાક અને અહદને તોડનારને આ સહીફાની રૂએ કતલ કર અને હું તેનો દુશમન થઇશ, અને બીજા નુસખામાં છે કે અસહાબોએ જે ઇકરાર કર્યો તે એ સહીફામાં દરજ કર્યું, તે પછી હઝરતે પયગમબર એ આયત પડયા કે જે આયતમાં છે કે એ વીશેની તાકીદ કર્યા પછી પોતાના મીસાક અને અહદ અને કસમોને તોડી નાખે છે, પછી આપે ફરમાવ્યું ખરેખર આ મારા કામ તમારા ઉપર ખુદાને સોપુર્દ કરૂં છું, કે તમો બયઅત અને મીસાકને તોડી નાખશો જેમકે યહુદીઓ બની ઇસરાઇલનાએ તોડી નાખી, તો જ્યારે તેઓએ પોતાની જાન ઉપર સખતી કરી તો ખુદાએ તેઓ ઉપર સખતી કરી પછી પોતે એ આયત પડયા કે જેનો મતલબ એ છે જે કોઇ ખુદાના મીસાક અને અહદને તોડે તો બીજુ કાંઇ નથી પણ એ કે તેનો સખત અઝાબ અને વબાલ તેઓએ પોતા ઉપર વાજીબ કરી લીધો.

સુન્નત જમાઅતની કીતાબ મનાકેબે મુરતઝવીમાં લખે છે કે હ૦ રસુલે ખુદાએ ફરમાવ્યું કે યાઅલી મારી ગરદન ઉપરથી લોકોના હકને તુ અદા કરીશ અને મારી ઊમ્મત ઉપર તુ મારો જાનશીન છો.

એજ કીતાબમાં છે કે હઝરતે રસુલે ખુદાએ ફરમાવ્યું કે યાઅલી તારા ફરઝંદો ઇમામ થશે, તો જે કોઇ તેઓની ફરમાં બરદારી કરશે તેણે ખુદાની ફરમાં બરદારી કરી અને જેણે તેઓની નાફરમાની કરી તેણે ખુદાની નાફરમાની કરી તેઓ ઊરવતુ હવુસ્કા એટલે મજબુત દોરી છે, હકતઆલા તરફ તેઓ વસીલો અને વાસ્તો છે.

જાણવું જોઇએ કે હ૦ રસુલે ખુદાએ હ૦ અલી અ૦ને પોતાની હયાતીમાં મવકે મવકે કેટલીક વખત ખલીફા અને જાનશીન ઠેરાવેલ છે, અને તે વીશે જાહેર પણ કરેલ છે જેમકે કેટલીક બાબત ઉપર આવી અને બીજી બાબતો નીચે મુજબ.

૧—મક્કામાં હીજરતની પહેલે હ૦ અલીને વસી અને જાનશીન સર્વે ખાનદાનની રૂબરૂ મુકરરર કર્યા એ છતાં કે હઝરતના કાકા તેમજ કાકાના કેટલાક દીકરા મવજુદ હતા છતાં હ૦ અલીને વસી નેમ્યા, જેમકે તે વીશે સુન્નત જમાઅતની કીતાબ "એઝાલતુ લ્ખીફાઅ"માં શાહ વલીઉલ્લાહે ખુલાસાથી લખેલ છે.

તેમજ અહલે સુન્નત જમાઅતના હદીસોના ઇમામોમાંથી ઇમામે નીસાઇએ-કીતાબુલ્ખસાએસમાં રબીઆ બીન નાજીયાથી રીવાયત કરી છે તેનો ખુલાસો એ કે હ૦ રસુલે ખુદાએ અબ્દુલમુત્તલીબની તમામ અવલાદને ભેગી કરી અને તેઓની મહેમાની કરી, અને ખાણું તૈયાર કરાવ્યું તમામ જણે પેટ ભરીને ખાધુ છતાં તમામ ખાણું પડયું રહ્યું.

ખાઇ પીઇ ફારેગ થયા તે પછી હઝરતે પોતાના મજકુર ખાનદાનના લોકોને ફરમાવ્યું કે હું સરવે આમ લોકો ઊપર મબઊસ (પયગમબર) થયો છું, પણ ખાસ કરીને તમારા ઊપર મબઊસ થયોછું અને આ કૌમ જેવી રીતે મ્હારી સાથે વરતે છે તેને તમો જુવો છો તેથી બયાન કરવાની હાજત નથી, તો હવે તમોને લાઝીમ છે કે તમો મ્હારા ભાઇ અસહાબ અને વારીસ હોવાની બૈઅત કરો.

આ સાંભળીને કોઇ ઊઠયું નહીં પણ ફકત હ૦ અલી નાનીવય હોવા છતાં ઉઠયા, રસૂલેખુદાએ ફરમાવ્યું બેસીજા, તે પછી ઉપર મુજબ ત્રણ વખત કહ્યું તોપણ કોઈ ઉઠયું નહીં ફકત હ૦ અલી ઉઠતા હતા અને રસુલેખુદાસ૦ બેસારી આપતા હતા, પણ ત્રીજી વખતે રસુલેખુદાસ૦પોતાનો હાથ હઝરત અલી અ૦ ના હાથ ઉપર મારીને ફરમાવ્યું કે મ્હારા કાકા હોવા છતાં મેં મ્હારા કાકાના દીકરા ભાઇને મ્હારો વારીસ કર્યો.

૨—આ બાબત સુન્ની અને શીઆહ ની કીતાબમાં મશહુર અને મઅરૂફછે કે હ૦રસુલેખુદાસ૦ મક્કથી મદીને હીજરત કરીને ગયા તે વખતે હ૦અલીને • અમાનતો હકદારોને સોંપવા ખલીફા કર્યા, કેમકે કુરેશના તમામ જણ હઝરતે રસુલેખુદાસ૦ને અમીન અને અમાનતદાર જાણતા હતા તેથી હઝરતને અમાનતો રાખવા આપતા હતા.

અને રવાના થતી વખતે હ૦ અલીને પોતાના કાયમ મકામ અને ખલીફા મુકરરર કરી પોતાના બીછાના ઉપર સુવરાવ્યા, અને પોતાનું કપડું ઓઢાડયું કે કુફારો જાણેકે હ૦ રસુલેખુદા સ૦ ઘરમા મવજુદછે.

૩—જે વરસે બયઅતે રીઝવાન થઇ તે વરસે હ૦ અલીને ખલીફા

અને વસી મુકરરર કર્યા, તે વીશે પણ સુન્નત જમાતની કીતાબ "એઝાલતુ-લ્ખીફા" માં શાહ વલીયુલ્લાહે લખ્યું છે.

૪—બરાઅતનો સુરો મક્કામાં સંભળાવા માટે હ૦ રસુલેખુદાએ હ૦ અલીને પોતાના વસી અને ખલીફા કરીને મોકલ્યાછે, જેમકે તફસીલથી સુન્નત જમાતની કીતાબો હબીબુસ્સીયર, મદારેજુન્નોબુવ્વત વી૦માં લખેલછે.

૫—સુન્નત જમાતની કીતાબ મુસતદરકમાં ઇમામ હાકીમે હ૦ આએશાથી રીવાયત કરી છે અને તેની નકલ શાહ વલીયુલ્લાહ સાહેબ દેહલ્લીવાળાએ ઇઝાલતુલ્ખીફામાં કરીછે કે હ૦ આએશાફરમાવેછેકે હ૦ રસુલે-ખુદાસ૦ ફરમાવ્યું કે અરબના સરદારને બોલાવ મેં કહ્યું શું આપ અરબના સરદાર નથી? આપે ફરમાવ્યું હું અવલાદે આદમનો સરદારછું, અને અલી તમામ અરબનો સરદારછે.

૬—એજ કીતાબોમાં છે કે હ૦ રસુલેખુદાએ ફરમાવ્યું કે અલી વહેંબની રૂએ મુત્તકી લોકોનો ઇમામ અને ઇમાનદારોનો સરદારછે.

૭—એજ કીતાબ ઇઝાલતુલ્ખીફામાં છે કે હ૦ અબ્દુલ્લાહ બીન અબ્બાસથી રીવાયત છે કે હ૦ રસુલેખુદાએ જનાબે અલીને ફરમાવ્યું કે મારી પાછળ તું મોઅમીન અને મોઅમેનાનો ઇમામ અને સરદારછો.

૮—પહેલે મસજીદે નબીમાં ઘણાં અસહાબોના દરવાજા હતા અને ત્યાંથી મસજીદમાં જતા, ત્યાં એક વખત વહય નાઝીલ થઇકે હ૦ અલી સીવાય બાકી તમામ અસ્હાબના દરવાજા બંધ કરીઆપો, હ૦ રસુલેખુદાએ ફરમાવ્યું કે યા અલી આ મસજીદમાં મ્હારા અને ત્હારા સીવાય બીજા કોઇ જનાબતના ગુસલ વાળાને જવું હલાલ નથી, અને આપે દાખલો આપ્યો કે હ૦ મુસા અ૦ ને હુકમ થયો કે પાક મસજીદ બનાવે અને તેઓના ફરઝંદો સીવાય બીજું કોઇ તેમાં રહે નહીં, તો એજ હુકમ મને થયોકે મસજીદ તાહેર બનાવો અને તેમાં મ્હારા અને અલી તથા તેના ફરઝંદો સીવાય બીજું કોઇ રહે નહીં, આ બાબત સુન્નો અને શીઆહ બન્નેની કીતાબોમાં મવજુદછે, અને એ પ્રમાણે હુકમ થવાથી ઘણાંજણને હ૦ અલી ઉપર હસદ અને અદેખાઇ થઇ જેમકે તે વીશે સુન્નત જમાતની કીતાબ શરહે સહીહ બુખારી અને જઝબુલ કોલુબ માં ખુલાસો લખ્યોછે, તો મતલબ એકે નબી અને તેના વસીનો દરવાજો ખુલ્લો રહયો, અને તેથી સાબીત થયું કે હ૦ અલી હ૦ રસુલેખુદા સ૦ ના વસીછે.

૯—સુન્નત જમાતની કીતાબ મદારેજુન્નોબુવ્વતમાં શેખ અબ્દુલ્હક

દીલ્હીવાળાંએ લખ્યુ છે તેનો ટુંક ખુલાસો એકે હ૦ રસુલેખુદાએ જનાબે અલીને પોતાના નાએબ અને ખલીફા મુકરરર કરીને પોતાને હાથે પાઘડી બંધાવીને પોતાના ઊંટ ઉપર સવાર કરીને રવાના કર્યા કે અગર અલીના હાથ ઉપર એક જણુ પણ ઇમાન લાવશે તો તે દુન્યા અને દુન્યાની અંદર નીચીજોથી બેહતર થશે, અને આપ માટે દોઆ કરી અને સરવેની વચ્ચે આપની મનકબત જાહેર કરી કે તમો સરવે માં મ્હોટો કાઝી હુકમ અને ફેસલો કરનાર છે.

૧૦—એક વખત હ૦ અલી અ૦ યમનના મુલકના બંદોબસ્ત અને કુફફારને હીદાયત કરવા ગયા હતા, તો આપે જરૂરત મુજબ જે કાંઇ કામ કર્યું તેમાંથી કોઇ કોઈ બાબતથી હ૦ અલી ઉપર ખાલીદ બીન વલીદને અદેખાઈ અને હસદ થયો કેમકે તે હ૦ અલી સાથે બુગઝ રાખતો હતો અને તેથી તેણે હઝરતે રસુલેખુદાસ૦ પાસે હ૦અલીની શીકાયત કરવા કેટલાંક ને ઉશ્કેરીને મોકલ્યા, અને તેઓમાં બુરીદ પણ હતો તેણે પણ હ૦ અલી ની શીકાયત કરી, તેવખતે હ૦ રસુલેખુદા સ૦નો ચેહરો ગુસ્સાના સબબથી લાલ થઇગયો અને જેકાંઇ ફરમાવ્યું તે સુન્નત જમાત ની કીતાબ "મદારેજુન્નોબુવ્વત" માં લખેછેકે "વ ફરમુદ કે દર શાને અલી ગુમાને બદ મબર કે ઊ અઝમાસ્ત વ મન અઝ ઊયમ, વ ઊ વલીયે શુમાસ્ત, હરકસ કે મન મવલાએ ઊયમ અલી મવલાએ ઊસ્ત. એટલે આપે ફરમાવ્યુ કે અલીની શાનમાં બદગુમાન લઈ નજા, કેમકે તે મ્હારાથીછે અને હું તેનાથીછું, અને તે મ્હારો વલીછે, અને જેનો હું મવલા (આકા) છું તેનો અલી પણ મવલાછે.

૧૧—સુન્ની અને શીઆહ બન્નેની કીતાબોમાં લખેછે કે હઝરતે રસુલેખુદાસ૦ તબુકની લડાઇમાં ગયા તો હ૦ અલીને મદીનામાં પોતાના ખલીફા અને જાનશીન મુકરરર કરીગયા.

૧૨—હ૦ રસુલેખુદાએ ગદીરે ખુમની જગ્યોએ હજારો માણસો વચ્ચે ખલીફા મુકરરર કર્યા અને બયઅત લીધી જેમકે તફસીલથી એ બયાન ઉપર આવી ગયું.

તો ઉપર જે ૧૧ વખત ખલીફા અને વસી મુકરરર કર્યા તે વલીઅહદ તરીકે છે કે પોતાની પાછળ પણ અલી ખલીફા અને વસીછે તે જાહેર કર્યું અને આ બારમી વખત તો ખલીફા અને વસી કાયમ કરી મુકરરર કરી આપ્યાં

છેલ્લી હજ કરીને હઝરત પાછા આવ્યા પછી કોઇ જગ્યોએ ગયા નહીં, સને ૧૧ હીજરી સફ્ર મહીનાની ૧૧ મી તારીખે હઝરતને આધાશીશી નું દરદ શુરૂ થયું, તેજ હાલતમાં એક દીવસ હઝરત માથા ઉપર રૂમાલ બાંધીને ફ્ઝલ બીન અબ્બાસ અને અમીરૂલ મોઅમેનીનના ખભાઉપર હાથ રાખીને મસજીદમાં તશરીફ લઇ ગયા, અને મીંમબર ઉપર જઇને ખુદાની તાઅરીફ અને હમ્દ પછી ફરમાવ્યું કે હવે નજીકમાં હું દુન્યાથી રહલત કરીશ, અને તમારામાં બે ભારે ચીજ મુકીજાઉછું. એકતો ખુદાની કીતાબ(કુરઆને શરીફ) બીજી મારી અહલેબૈત, આ બન્ને ચીજ એવી છેકે અગર તમો એ બન્નેને પકડી રાખશો (પયરવી કરશો) તો હરગીઝ ગુમરાહ નહીં થાઓ, અને આ બન્ને એક બીજાથી જુદા નહીં થાય એટલેસુધી કે કયામત માં હવઝે કવસર ઉપર મારી સાથે મુલાકાત કરે, અએ લોકો આ અહદ ઊપર વફા કરો જે તમોએ કર્યોછે, અને જે બયઅત તમોએ કરીછે તેને તોડી નાખશો નહીં, મારી પાછળ કોઇ નબી નહીં થાય અને મારો દીન તમામ દીન કરતા બેહતરછે, તે પછી ઘણી વાએઝ અને નસીહત કરીને ફરમાવ્યું કે ખુદાવદા તું ગવાહ રહેજે કે મેં તહારો હુકમ પહોંચાડી આપ્યો, પછી મીમબરની નીચે ઉતરીને ઘરે ગયા.

સફ્ર મહીનાની તા૦ ૨૬ મી ને દીવસે હઝરતે રસુલેખુદાએ ફ્રમાવ્યું કે રૂમની સાથે લડવા જવાની તય્યારી કરો, અને બીજે દીવસે ઓસામા બીન ઝૈદને બોલાવીને કહ્યું કે મેં તને આલશકરનો સરદાર કર્યો માટે તું લશ્કર લઇને એ જગ્યોએ જા જયાં તારો બાપ કતલ થયોછે, અને એવી રીતે જજે કે લોકોને ખબર પડે નહીં, અને ખુદા ફતેહ કરેતો થોડો વખત ત્યાં રહેજે અને જાસુસોને પહેલે રવાના કરી આપ,

તા ૨૭ સફરના હઝરતને બીમારી વધી ગઇ હતી છતાં પોતાને હાથે અલમ દુરૂસ્ત કરીને ઓસામાને આપ્યો, તેણે બુરીદા અસલમીને અલમ હવાલે કર્યો, અને મદીનાની બાહેર નીકળીને ઓસામા ઠેહર્યો કે લશ્કર ભેગું થાય, હઝરતે મહાજીર અને અનસાર મળી ચાર હજાર જણને ઓસામાની સાથે જવાનો હુકમ આપ્યો, અને ખાસ કરીને જેના જેના સબબથી ફીતનાનો ખોફ હતો તેઓના નામ લઇ લઇને હુકમ આપ્યો કે ઓસામાની સાથે જાઓ; કેટલાંકોએ કહ્યું અમારા ઉપર ગુલામઝાદાને સરદાર કરીને મોકલેછે તે કેમ બને?

હઝરતને આ વાતની ખબર પડવાથી નાખુશ અને ગુસ્સે થઇને બીમાર

હોવા છતાં મસજીદમાં આવીને ફરમાવ્યું કે ઓસામાની સરદારી વીશે શું ગડબડ કરોછો? તેના બાપની સરદારી વીશે પણ તમોએ આનાકાની કરી હતી, અને આની સરદારી માટે પણ ગડબડ કરોછો એ છતાં કે આનો બાપ પણ સરદારીને લાયક હતો અને આ પણ સરદારીને લાયક છે, વળી લોકોએ એની સરદારી હેઠળ જવાથી આનાકાની કરી વળી હઝરતે સખત ફરમાન આપ્યું ત્યારે સરવે જણ મદીનાથી નીકળીને ઓસામાના લશ્કરની જગયોએ જઇને ઠેહર્યા, પણ ઓસામાને સમજાવીને તે દીવસે રવાના થવાથી અટકાવ્યો, અને કેટલાંક જણ મદીનામાં પાછા આવ્યા, જયારે એ બાબતની હઝરતને ખબર પડી ત્યારે હઝરત બેચૈન થયા અને બીમારીની સખ્તી વધારે હોવા છતાં વળી મસજીદમાં આવ્યા, અને નમાઝ પડયા પછી એ સરવેને કહ્યું મેં તમોને ઓસામાના લશ્કર સાથે જવાનું કહ્યું નહતું? સરવેએ કહ્યું હા, આપે પુછયું તો શામાટે મારા હુકમને બજાવી લાવ્યા નહીં? એક સાહેબે કહ્યું હું ગયો હતો પણ આપની સાથે અહદ તાજો કરવા પાછો આવ્યો, અને બીજા સાહેબે કહ્યું આપને જોવા માટે પાછો આવ્યોછું, હઝરતે ફરમાવ્યું જલદી જાઓ અને એ લશ્કર સહીત રવાના થઇ જાઓ, અને જે કોઇ નાફરમાની કરશે તે ખુદાની રહમતથી દુરછે.

એ પ્રમાણે ફરમાવીને હઝરત ઘરે આવ્યા અને તાવની સખ્તી અને બીમારીના વધારાથી બેહોશ થઇ ગયા, જયારે હોશમાં આવ્યા ત્યારે ફરમાવ્યું કે દવાત અને કાગળ લાવો કે તમારા માટે એવી બાબત લખી આપું કે તમો મારી પાછળ હરગીઝ ગુમરાહ થાઓ નહીં, આ સાંભળીને હઝરતે ઉમરે કહ્યું લખવાની જરૂરત નથી અલ્લાહ ની કીતાબ અમારા માટે બસછે યી૦ બાબતો શીઆહ અને સુન્નીના ઝગડાની હોવાથી ખુલાસાથી અહીંયા લખવામાં આવતી નથી મારો મતલબ ફકત બનાવ લખવાનોછે, છેવટે હાજર લોકોમાં ગડબડ થઇ અને મતભેદ થયો અને ઘોંઘાંટ થવાથી હઝરતે ફરમાવ્યું પયગમ્બરોના ઘરમાં ઘોંઘાટ મુનાસીબ નથી અહીંયાથી સરવેજણ ચાલ્યા જાઓ, અહીંયા સુધીની બાબત શીઆહ અને સુન્ની બન્નેની કીતાબમાં દરજછે, અને શીઆહની કીતાબમાં છે કે એકાંત થવા પછી જીબરઇલ જે વસીયંત નામુ લાવ્યા હતા તે હ૦ અલી અ૦ ને આપ્યું, અને ફરમાવ્યું કે આની પ્રમાણે અમલ કરજો અને જે જે મુસીબતો પડે અને બનાવ બને તેના ઉપર સબર કરજો, હઝરત અમીર અ૦ કબુલ કર્યું.

પછી હઝરતે રસુલેખુદાએ ઘરના લોકોને બોલાવી બોલાવીને દીલાસો

આપીને વીદાઅ કર્યા, અને જનાબે ફાતેમા અને ઇમામે હસન અને હુસૈન અ૦ ને પ્યાર કરીને દીલાસો આપ્યો, અને હઝરત અલીને વસીય્યત કરી કે મને ગુસલ આપી કફન પહેરાવીને દફન કરજો,

હઝરતની વફાતનો હાલ દુરરેએબહા માં લખ્યોછે તેથી ટુંકમાં એ કે મલેકુલ મોતે બેહીસ્તનો ગુલદસ્તો (ફુલનો તુરરો) સુંઘાડયો તેથી હઝરતની મુબારક રૂહ જન્નતે માવા તરફ પરવાઝ કરી ગઇ **"ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઊન"** હઝરતની વફાત સને ૧૧ હીજરી સફર મહીમાની તા૦૨૮ મી ને સોમવારના થઇ,

અહલેબૈતમાં માતમ બરપા થયું મદીનામાં રોવાનો પોકાર થયો,હઝરત અલી૦ એ ગુસલ કફન આપી બેહીસ્તી કાફુરથી હુનુત કરી હઝરતે ફરમાવ્યું હતુ તે પાક કપડામાં કફનાવી જે કોટડીમાં ફરમાવ્યું હતુ તેમાં દફન કર્યા, અને નમાઝ હઝરત અલી અ૦ તથા બની હાશમ પડયા, અને બીજા લોક ખલીફા કોને કરવો એ મશવેરામાં ગુંતાયા હતા, અને છેવટે એ લોકોએ હ૦ અબુબકરને રસુલેખુદાના ખલીફા મુકરરર કર્યા, આ વીશે પણ સુન્ની અને શીઆહમાં ઝગડો અને મતભેદ છે, શીઆહનું કહેવું હઝરત અલીને ખલીફા મુકરરર કરી ગયા છતાં શામાટે હઝરત અબાબકરને ખલીફા નેમ્યા? સુન્નત જમાઅતવાળા કહેછે કે હઝરતે રસુલેખુદાએ અલીને મવલા ઠેરાવ્યા તે તેઓની ફઝીલત જાહેર કરી પણ પોતાની બાદ ખલીફા નેમ્યા નથી અને હઝરત અબાબકરની ખલીફા થવાની ખાહીશ નહતી પણ રસુલેખુદાનો ગુજરી જવાનો વખત નજીક હોવા વખતે અસ્હાબોએ વીચાર કર્યો કે કોઇ સર-પરસ્ત ન હોવાથી રખેને બલવો થઇ જશે, અથવા કાફરનું લશ્કર ઇસ્લામીઓ ઉપર ચડી આવશે તો ખરાબી થઇ પડશે તેથી મોહાજીર અને અનસાર વી૦ સકીફએ બનીઅસદ નામની જગ્યો માં ભેગા થઇ મશ્વેરો કર્યો અને એક બીજામાં મતભેદ થયો, એક ટોળા વાળો કહેતો હતો કે અમારામાંથી કોઇને ખલીફો નેમો, બીજા ટોળા વાળો કહેતો હતો કે એમ નહીં અમારા ટોળામાંથી ખલીફો થવો જોઇએ. કોઇ કહેતુ હતુ હઝરતના કાકા અબ્બાસને ઠેરાવો, કોઇ કહેતું હતુ કે અલીને ખલીફો કરો, કોઇ કહેતુ હતુ હ૦ અબા-બકર એને લાયક છે, છેવટે કોરેશનો વધારે મત હ૦ અબાબકરને ખલીફા કરવાનો થયો અને તેથી તેઓને ખલીફા મુકરરર કર્યા,

શીઆહની કીતાબોમાં કુરઆન અને હદીસથી સાબીત છે કે પયગ-મ્બર તથા ઇમામ મુકરરર કરવા તે ખુદાનું કામછે, અને તેનો ઇખ્તીયાર

ખુદા શીવાય બીજા કોઇને નથી. કેમકે જો લોકોને એ બાબતનો ઇખ્તીયાર હોયતો ઘણા ફસાદ થાય અને તેની તાબેદારી થઇ શકે નહીં. કેમકે ઇમામતની લાયક કોણછે તેને સારીપેઠે ખુદા જાણી શકે અને પોતાના કારખાના નો માલીક અને હાકીમ કરવો તે પોતાનેજ પસંદ પડે તેનેજ નેમે, લોકોને શા મેળનો ઇખ્તીયાર આપે? લોકો પોતાની મરજી મુજબ ગમે તેને નબી કે ઇમામ બનાવી લીએ તે બનેજ નહીં, અને ઇમામ એ થઇ શકે કે જે તમામ ઇલમ અનેઅહકામથી વાકેફ હોય તમામ ગુનાહોથી અવ્વલ ઉમ્મરથી આખર ઉમ્મર સુધી પાક હોય, અને એ બનવાજોગ નથી કે એવા મ્હોટામ્હોટા કામને ખુદા અને રસુલ પુરા ન કરે અને એ શરીઅતને સાંચવવા અને તેને સંપુર્ણ સમજીને અહકામ બયાન કરવા કોઇ એવા શખસને પહેલેથીજ મુકરરર ન કરે કે જે કુરઆને શરીફના પુરેપુરા ભેદ અને અર્થ સમજતો હોય, અને ઇમામ અને ખલીફો મુકરરર નકરવાથી પાછળાથી ઘણા વાંધા આવી પડે કે દરેક કબીલા વાળો ચાહે કે અમારામાંથી ખલીફો થાયતો સારૂ. દરેક પક્ષ વાળાનું વલણ એમજ થાય કે અમારા પક્ષ વાળો સરદાર બને તો ઠીક વી૦ વી૦ રીતના થાય, પણ ખુદા અને રસુલ તરફથી એક જણ સરવે કરતા શ્રેષ્ટ અને તમામ બાબત માં અફઝલ મુકરરર થયજાતો પછી કોઇને વાંધા રહે નહીં અને સરવે બાબતમાં સરવેથી અફઝલ હોયતો કોઇ ખોડ કે ખામી પણ કાઢી શકે નહીં અને તાના મારી શકે નહીં કે આ અમારો ઇમામ છે પણ ફલાણી બાબતમાં અમારાથી ખરાબ છે, હસબ નસબ માં અગારી કરતા નીચેછે, હાંસલકલામ શીઆઓના ગમાંમુજબ ખુદાના હુકમથી હઝરતેઅલીને હઝરતેરસુલેખુદાસ૦ ઇમામ વરીઅને ખલીફા મુકરરર કરીગયા હતા. અને તે હઝરતે રસુલેખુદાએ પોતાની હયાતીમાં ખુદાના હુકમથી ખલીફા કરવો જોઇએ તે વીશેની સાબીતીની અકલી દલીલથી એક નકલ લખવામાં આવેછે કે કુલયની અને ઇબ્ને બાબવયહ વગેરેઓએ મોઅતબર સનદ ની સાથે રીવાયત કરીછે કે હઝરતે ઇમામે જઅફરે સાદેક અ૦ હશ્શામ બીન સાલીમ કે જે હઝરતના અસહાબોમાં શામીલ હતો તેને પુછયું કે તેં ઉમર બીન અબીદ બસરી જે સુન્નત જમાતનો આલીમ સુરી છે તેને શું કહ્યું હતું?

હશ્શામે કહ્યું યા રસુલલ્લાહના ફરઝંદ હું આપઊપર ફીદાથાઊં આપની પાસે બયાન કરતા શરમ થાયછે અને આપની રૂબરૂ બોલવા મારી જીભ ઉપડતી નથી, હઝરતે ફરમાવ્યું પણ જયારે અમો હુકમ આપીયે ત્યારે તેની ઈતાઅત કરવી વાજીબ અને લાઝીમછે.

આ સાંભળીને હશ્શામે કહયું જ્યારે મને ખબર પડી કે મજકુર આલીમ બસરી બસરાની મસજીદમાં બેસીને પોતાનુ ઇલ્મ જાહેર કરેછે પોતાની બડાઇ બયાન કરેછે અને ફીતના તથા ફસાદની વાતો કરેછે તેથી મને ઘણું ખરાબ લાગ્યુ, તેથી હું બસરે રવાના થયો, જુમ્માને દને બસરે પહોંચ્યો તેજ વખતે મસજીમાં ગયો ત્યાં જોયું કે એ બસરી આલીમ કાળી ઉનની ધાબળી ઓઢીને કાળી ઉનનું કપડુ કમરે બાંધીને બેઠો છે, ઘણાં માણસો તેની આસપાસ બેઠાછે અને મસઅલા પુછેછે.

હું એ મજમાની અંદર ઘુસીને તેની પાસે ગયો અને સરવેની પાછળ બેઠો, અને પુછયું ઓ આલીમ હું એક મુસાફર માણસછું તને એક મસઅલો પુછવા ચાહુંછુ માટે જો રજા આપ તો પુછું, તેણે કહ્યું ભલે પુછ,

મેં પુછયું તને આંખછે? તેણે કહ્યુ ઓ ફરઝંદ આ કેવો સવાલ છે? મેં કહ્યું તેમાં શું થયુ? મારો એજ સવાલછે તું જવાબ આપ, તેણે કહયું ઓ ફરઝંદ તારો સવાલ બેવકુફી ભરેલો છે તો પણ પુછ તેવખતે મેં પુછયું.

હશ્શામ=તને આંખ છે?

બસરી=હા છે,

હશ્શામ=તું આંખથી કઇ કઈ ચીજ જુવેછે?

બસરી=તમામ રંગ અને લોકોને જોઉ છું.

હશ્શામ=તને નાક છે?

બસરી=હા છે.

હશ્શામ=ને થકી શું કરેછે?

બસરી=દરેક જાતની વાસ સુંઘુ છું

હશ્શામ=તને મોઢુ છે?

બસરી=હા છે.

હશ્શામ=તે થકી શું કરેછે?

બસરી=દરેક ચીઝની મઝા તે થકી ચાખુછું,

હશ્શામ=તને જીભ છે?

બસરી=હા છે.

હશ્શામ=તે થકી શું કરેછે?

બસરી=તે થકી બોલુછું

હશ્શામ=તને કાનછે?

બસરી=હા છે.

હરશામ=તો થકી શું કરેછે?

બસરી=તે થકી તમામ અવાજ સાંભળુછું

હરશામ=તને હાથ છે?

બસરી=હા છે.

હરશામ=તો થકી શું કરેછે?

બસરી=તે થકી દરેક ચીજ ઊપાડુછું

હરશામ=તને દીલછે?

બસરી=હા છે.

હરશામ=દીલ તને શા કામમાં આવેછે?

બસરી=આ અવયવ (હાથ નાક કાનવી૦) ને જે ચીજમા શક અને શુબો થાય તેમા "દિલ"થકી તમીઝ કરૂછું, અને ફરકને શોધી કાઢું છું.

હરશામ=આ તમામ અવયવ પોત પોતાના કામ કરવા માટે નેમાએલા છે છતાં દીલ વીના ચાલે નહીં?

બસરી=ના—દિલ વીના ચાલે નહીં, તેનું હોવું જરૂર છે.

હરશામ=એ સરવે અવયવ સહી અને સલામતછે તો દિલ ન હોયતો શું વાંધો આવે?

બસરી=અએ ફરઝંદ આ અવયવે કાંઇ જોયું, અથવા સાંભળ્યું, અથવા ચાખ્યું, અથવા સુંઘ્યું, અથવા અડી જોયું તેમાં કાંઇ શક અથવા શુબો પડે, તે વખતે ખરૂ શું છે તેના ફેસલા માટે દીલ તરફ રજુ કરવું અને તેને પુછવું જરૂરછે કેમકે દીલ છે તે ઇન્સાફ કરી તે શક અને શુબાને દુર કરી બાતીલ કરેછે, અને ખરી બાબત શું છે તેને સંપુર્ણ રીતે સાબીત કરેછે અને તેથી હક નાહક ખરા ખોટાનું યકીન થાય છે.

હરશામ=તો સાબીત થયું કે હકતઆલાએ ઇન્સાનના અંગમાં તમામ અવયવો ઉપર દીલને એટલામાટે હાકીમ મુકરરર કર્યુ છે કે તેઓને પડતા શક અને શુબાને દુર કરે, અને હક નાહક નો હુકમ આપે.

બસરી=હા એજ કામ માટે દીલ મુકરરર થયું છે.

હરશામ=તો એ પણ સાબીત થયું કે શરીરમાં અવયવો ઉપર હાકીમ તરીકે દીલ નું હોવું અગત્યનું છે, અને દીલ સીવાય છુટકોજ નથી તેના વીના ચાલી શકે એમ નથીજ, કેમકે જ્યારે દિલ ન હોયતો અવયવો જે સમજે તે સમજવું બરાબર અને દુરસ્ત ગણાય નહીં!

બસરી=હા એમજ છે.

આ પ્રમાણે સવાલ જવાબ થયા પછી હસ્શામ કહેછે કે મેં કહ્યું એ અબુ મરવાન મને ઘણો અચંબો થાય છે કે તારા અવયવ માટે ખુદાએ એવો હાકીમ અને ઇમામ મુકરરર કર્યો કે જે તેઓને હંકે ના હંકે થી માહીતગાર કરે અને તેઓને થતા શકને દુર કરે, અને તમામ ખલકતના શક દુર કરવા અને હક નાહકથી માહીતગાર કરવા ખુદાએ ઇમામ મુકરરર કર્યો નહી (અને એમજ ઉમ્મતને ઇમામ વીનાની મુકીને પોતાના રસુલને બોલાવી લીધો) આ સાંભળીને એ બસરી ચુપ થઇ ગયો કાંઇ પણ જવાબ આપ્યો નહીં, પણ થોડીવાર પછી મને પુછ્યું કે તું **હસ્શામ** છો? મેં કહ્યું નહીં તેણે પુછ્યું તું હસ્શામની પાસે બેસતો ઉઠતો હઇશ, મેં કહ્યું નહીં, તેણે પુછ્યું તો તું કયાંનો રહેવાશી છો? મેં કહ્યું કુફાનો, તેણે કહ્યું જરૂર તુંજ હસ્શામ છો, પછી ઉભો થઇને મને ગળે વળગાડી લીધો અને મને પોતાની પાસે બેસાર્યો, પણ હું ત્યાં બેસી રહયો ત્યાં સુધી તેણે કાંઇ વાત કરી નહીં;

હસ્શામ કહેછે આ કીસ્સો સાંભળીને હઝરતે ઇમામે જાઅફરે સાદીક અ૦ ઘણાં ખુશી થીઆ, અને પુછ્યું એ હસ્શામ આ તું કયાંથી શીખ્યો? મેં કહ્યું યા હઝરત એકાએક મારી ઝબાનથી એ કલામ જારી થયા, અને બીજી રીવાયત પ્રમાણે કહ્યું કે એ વાતનો થોડો ભાગ આપથી સાંભળ્યો હતો, અને તે વખતે એ સરવે બાબતો ભેગી કરીને કહી, હઝરતે ફરમાવ્યું ખુદાની કસમ આ તમામ મઝમુન હઝરતે ઇબરાહીમ અને હઝરતે મુસા અ૦ ના સહીફામાં છે.

આ જગ્યોએ મજકુર હસ્શામનો બીજી એક નકલ બયાન કરવામાં આવેછે, કુલયની અને શેખ તીબરસીએ યુનુસ બીન યાકુબ થી રીવાયત કરીછે કે શામનો રહેનાર એક શખસ હઝરતે ઇમામે જાઅફરે સાદિક અ૦ની ખીદમતમાં આવ્યો અને અરઝ કરીકે હું ઇલ્મે કલામ, ઇલ્મે ફીકહ, ઇલ્મે મીરાસ, અને ઇલ્મે ફરાએઝ જાણુછું અને એટલામાટે આવ્યોછું કે આપના અસ્હાબો સાથે મુનાઝેરો (વાદ વીવાદ) કરૂં, હઝરતે પુંછ્યુ તું જે કહેવા માંગે છે તે તારા કલામ હઝરતે રસુલેખુદા સ૦ ના કલામમાંથી મેળવેલાછે કે પોતા તરફથી કહેવા માંગેછે? તેણે કહયું કેટલાંક કલામ હઝરતે રસુલેખુદા સ૦ના કલામો માંથી લીધેલછે અને કેટલાંક મ્હારા દિલથી કહેવા ચાહુછું, આપે પુછ્યું શું તું રસુલેખુદાનો શરીક અને ભાગ્યો છો? (કે પોતાના કલામ તેઓના કલામમાં મેળવવા ચાહે છે?) તેણે કહયું નહીં હું તેઓનો શરીક નથી, તે વખતે આપે પુછ્યું શું તેં ખુદા પાસેથી વહય સાંભળી છે?

અને ખુદાએ તને પોતાના અહકામથી વાકેફ કર્યોછે? તેણે કહયું નહીં, તો આપે પુછયું જેવી રીતે હઝરતે રસુલેખુદા સ૦ની તાબેદારી વાજીબ હતી તેવી રીતે તારી તાબેદારી કરવી પણ બીજાઓ ઊપર વાજીબ છે? તેણે કહ્યું નહીં.

યુનુસ કહેછે આ મુજબ સવાલ જવાબ થયા પછી હઝરતે સાદિક અ૦ મારા તરફ ધ્યાન આપીને ફરમાવ્યું કે અએ યુનુસ આ શખસે ગુફતગુ કરવાની પહલેજ પોતાની વાત બાતીલ કરી દીધી, કેમકે જેના ઉપર ખુદાની વહેવ નાઝિલ થઈ ન હોય તેમજ ખુદાએ તેની તાબેદારી વાજીબ ઠરાવી ન હોય તો દીનની બાબતમાં તેણે કલામ કરવા બાતીલછે, બલકે જો દીનની વાતો પોતા તરફથી કરશે તો એવુ છે કે તેણે પોતાને ખુદામાં શરીક કર્યો, મતલબ એ કે ખુદાએ વહય કરી નથી તેમ હઝરતે રસુલેખુદાના ફરમાન કહેવા ચાહતો નથી તો તેના ઘરની વાતને કોણુ માને? અને તે શા કામની? અને ખુદા તથા રસુલની ફરમાવેલી વાત કહે તો તે વાતો જાણનાર બલકે નબીના ઇલમના વારીસ મવજુદ હતા તેઓથી વધારે જાણનાર કોણ હોય?

લખે છે કે હશ્શામ આ વખતે જવાન હતા અને ઇલ્મ અક્કલ અને હુશીયારીમાં એક્કા હતા તેઓ મજલીસમાં આવ્યા હઝરતે તેની તાઝીમ કરી અને તેના માટે જગો ખાલી કરી, પછી આપે ફરમાવ્યું કેતું પોતાના દિલ જીભ અને હાથ થકી અમારી મદદ કરનાર છો, પછી આપના કેટલાંક અસ્હાબો એ એ શામી સાથે વાદ વીવાદ કર્યા પણ તેના ઉપર ફતેહ પામ્યા નહીં તે વખતે હઝરતે એ શામીને ફરમાવ્યું તું આ જવાન એટલે હશ્શામ સાથે મુનાઝેરો કર, શામીએ કહ્યું ઓ હશ્શામ તું આ શખસ ની ઇમામત વીશે મારી સાથે વાત ચીત કર, તેના અવા બે અદબી ભરેલા કલામ સાંભળીને હશ્શામને ગુસ્સો આવી ગયો અને કહ્યું ઓ મરદક કહે કે મખલુકાત ની ઉપર ખુદાવંદે કરીમ વધારે મહેરબાન છે કે મખલુકાત પોતે પોતાના હાલ ઉપર વધારે મહેરબાન છે? તેણે કહયું બલકે ખુદાવંદે કરીમ ઘણો વધારે મહેરબાન છે, હશ્શામે કહ્યું જયારે ખુદા ખલકત ઉપર વધારે મહેરબાનછે તો કહે કે પોતાની મખલુકાત સાથે એ મહેરબાની થકી શું કર્યું? તેણે કહયું તેણે ખલાએક માટે એક હુજજત અને રહનુંમા મુકરરર કર્યો કે લોકો વીગેરાઇ જુદા જુદા થઇ નજાય, અને તેઓ વચ્ચે કાંઇ ઇખ્તેલાફ (મતભેદ) થાય નહીં, અને એ હુજજત અને રહનુમા તેઓના તમામ કામનો બંદોબસ્ત રાખે, અને પરવર દીગારે ફરઝ કરેલી બાબતોથી આગાહ કરે.

હસ્શામે પુછયું તે હુજજત અને રહનુમા કોણ છે? તેણે કહયું તે હઝરતે રસુલછે, હસ્શામે પુછયું હઝરતે રસુલની બાદ કોણ હતુ? (એટલે ખુદાએ કોને હુજજત અને રહનુમા મુકરરર કર્યો?) તેણે કહયું ખુદાની કીતાબ અને રસુલેખુદાની સુન્નત, હસ્શામે કહયું તો કહેકે આ ઝમાનામાં ખુદાની કીતાબ અને રસુલની સુન્નતે આપણને કાંઇ ફાયદો પહોચાડયો છે? અને આપણામાંથી ઇખ્તેલાફ દુરકર્યો છે? શામીએ કહયું હા! હસ્શામે કહયું જોએમજ હોયતો તારા અને અમારા વચ્ચે શા માટે ઇખ્તેલાફ છે! અને એજ ઇખ્તેલાફનાં સબબથી તું શામથી અમારી સાથે વાદવીવાદ કરવા આવ્યો છો.

આ સાંભળીને એ શામી ચુપ થઇ ગયો અને એ વાતનો કાંઇ પણ જવાબ આપી શકયો નહીં, તે વખતે ઇમામે જાફરે સાદિક અ૦ એ શામીને કહયું કે આનો જવાબ શા માટે આપતો નથી? તેણે કહયું અગર હું એમ કહું કેઆપણી વચ્ચે મતભેદ અને ઇખ્તેલાફ નથી તો તે ચોખ્ખુ ખોટું છે, અને અગર એમ કહું કે કીતાબ અને સુન્નત તરફ રજુ કરીએ તો એ બન્ને આપણો ઇખ્તેલાફ દુર કરી આપશે તો એ પણ ગલત છે, કેમકે એ બન્નેમાંથી ઘણી બાબતો નીકળી શકે છે, એટલે દરેક જણ પોત-પોતાના મતલબ પ્રમાણે તેની તાવીલ કરેછે, અને અગર એમ કહું કે આપણે આપસમાં ઇખ્તેલાફ રાખીએ છીએ પણ બન્ને હક ઉપર છીએ તો એ વખતે કીતાબ અને સુન્નતથી આપણને કાંઇ ફાયદો થયો નથી, તો આ વીશે હું પોતે હયરાન થયો અને એનો ખુલાસો પુછવા ચાહું છું.

હેઝરતે ફરમાવ્યું ભલે તું પુછ હાસ્શમ તને જવાબ આપશે.

એ વખતે શામીએ હસ્શામને એજ સવાલો પોતે પુછયા કેખુદા પોતાની મખલુકાત ઉપર વધારે મહેરબાનછે કે મખલુકાત પોતા ઉપર વધારે મહેરબાનછે? હસ્શામે કહયું બલકે હકતઆલા ઘણો વધારે મહેરબાનછે, શામીએ પુછયું કોઇ એવો શખસ મુકરરર કર્યોછે? કે જે તેઓમાં થતા ઇખ્તેલાફ ને દુર કરે અને તેઓની હાલતને સુધારીને હક અને બાતીલને તેઓને જાહેર કરી આપે? હસ્શામે કહયું તું હઝરતે રસુલેખુદા સ૦ના ઝમાનાનો હાલ પુછે છે કે આ ઝમાનાનો? શામીએ કહયું હઝરતે રસુલેખુદાના ઝમાનામાં તો તેઓ પોતેજ હાકીમ હતા, પણ આ ઝમાનામાં એવું કોણ છે? તે મને બતાવ? હસ્શામે કહયું આ એજ બુઝુર્ગવારછે જેઓ અહીં બેઠાછે.(એટલે હઝરતે ઇમામે જાફરે સાદિક અ૦) અને લોકો અતરાફથી અહીંયા આવેછે, અને આ

જનાબ પોતાના બાપ દાદાથી મીરાસમાં જે ઇલ્મ મળેલછે તે થકી અમોને આસમાનની બાબતોની ખબર આપેછે. શામીએ કહ્યું એ વીશે મને કેવી રીતે ખાતરી થાય? હશ્શામે કહ્યું તારે ખાતરી કરવી હોય તો (ઇમ્તેહાન માટે) જે કાંઇ તારી મરજીમાં આવે તે તેઓને પુછીજો.

આ સાંભળીને શામીએ કહ્યુ હવે મારૂ મોઢું બંધ કરયું એટલે હવે આગળ કાંઈ પણ કહેવાનો રસ્તો રહયો નહીં, પણ એટલુંજ કે હઝરતને કાંઇ પણ પુછું,

હઝરતે ફરમાવ્યું અએ શામી (તું શું પુછીશ?) લે હું તને, તારી મુસાફરીની હાલતની અને રસ્તામાં શું શું થયું એ સરવે બાબતની ખબર આપુછું—એમ કહીને તેની મુસાફરીના તમામ હાલ અને રસ્તામાં થીએલ બનાવ વી૦ની ખબર આપી.

, જયારે આ મોઅજીઝો જોયો ત્યારે તેણે અરજ કરી આપે રાસ્ત અને ખરૂ ફરમાવ્યું. હું આપ ઉપર ઇમાન લાવુછું (આપની ઇમામતનો ઈકરાર કરૂછું) અને મુસલમાન થાઊંછું.

હઝરતે ફરમાવ્યું તું મુસલમાનતો હતો પણ હવે ઇમાન લાવ્યો, કેમકે શહાદતયનનો કલેમો પડતો હતો અને ઈમાન લાવવાની પહેલે ઇસ્લામ હાંસીલ થઇ શકે છે, અને દુન્યાના તમામ અહકામ જેમકે નીકાહ મીરાસ વી૦ ઇસલામ લાવવાથી જારી થઇ શકે છે, પણ આખેરતનો જે સવાબ છે તે ઇમાન લાવવાથીજ મળી શકે છે, અને જયાંસુધી ઇમામોની ઇમામતનો એઅતેકાદ ન રાખે ત્યાંસુધી બેહીસ્તનો હકદાર થઇ શકતો નથી.

શામીએ કહયું આપે રાસ્ત ફરમાવ્યું અને હું ખુદાની એકતા પણાની અને રસુલની પયગમ્બરીની ગવાહી આપુછું અને ઇકરાર કરૂછું કે આપ હઝરતે રસુલેખુદાના વસીછો.

સુન્નત જમાતની કીતાબ મનાકેબે મુરતઝવીમાં લખે છે કે "બહરૂલ-મઆરેફ" "ખુલાસતુલ્મનાકેબ" અને "મનાકેબે ખતીબ"માં અમીરૂલ મોઅમેનીનની રીવાયતથી અને "હુલ્યતુલ્અવલીયા" માં અબુ હોરેરાની રીવાયતથી લખેલુ છે કે. હઝરતે રસુલેખુદાએ ફરમાવ્યું કે મેઅરાજની રાતરે મને આસમાન ઉપરથી "સીદ્રતુલ્મુન્તહા" સુધી લઈ ગયા, અને હું ઉભો રહયો તેવખતે પરવરદીગારે ફરમાવ્યું અએ મોહંમ્મદ, મેં કહ્યું "લબ્બયક વ સઅદયક" (જી) ખુદાએ પુછ્યુ મેં મારી ખલકતને નેઅમત આપી અને અજમાવી સો કહેકે તેઓમાં મ્હારૂં ફરમાંબરદાર વધારે કોણછે? મેં જવાબ આપ્યો અએ

મારા પરવરદીગાર વધારે ફરમાંબરદાર અલી છે, ખુદાએ ફરમાવ્યું અએ મોહંમ્મદ ખરૂં કહ્યું. પછી ફરમાવ્યું તારા માટે ખલીફા કરતો નથી? કે મારા અજ્ઞાન બંદાને મારી કીતાબથી તારા તરફથી અહકામ તાઅલીમ કરે, મેં કહ્યું તું મારા માટે ખલીફા નેમી આપ, કેમકે જેને તું પસંદ કરીશ તે મને પણ પસંદ છે, તે વખતે ફરમાવ્યું તારા માટે "અલી"ને ખલીફા અને વસી નેમ્યો, માટે તું પણ પોતાનો ખલીફા અને વસી તેને મુકરરર કર, અને તે મારા ઇલ્મ અને હીકમત નો બગીચો અને મોઅમેનીન નો હક અમીર છે એ દરજે તેની પહેલે કોઇ પહોંચ્યુ નથી અને ન તેની બાદ પહોંચશે, અએ મોહમ્મદ—અલી હીદાયતનો અલમ છે, અને મારા ફરમાબરદારો નો ઇમામ અને મારા અવલીયાઓનું 'નુર" છે, અને તે એ કલેમો છે કે મેં મુત્તકીઓ ઉપર લાઝીમ કરેલ છે, અને જેણે તેની મોહબ્બત રાખી તેણે મારી મોહબ્બત રાખી, અને જેણે તેની સાથે દુશ્મની રાખી તેણે મારી સાથે દુશ્મની રાખી, અએ મોહમ્મદ અલીને આ કરામતની બશારત આપ, મેં કહ્યું અએ ખુદા હું અલી ને બશારત(ખુશખબરી) આપીશ,

સુન્નત જમાત વાળા કહે છે કે હઝરત અલી અ૦ ને ઘણું જોર હતુ મ્હોટી મ્હોટી લડાઇયો ફતેહ કરી, તો ખુલીફાઓ સાથે લડીને પોતે કેમ પોતાનો હક લીધો નહી, શા માટે ચુપ રહયા બલકે મદદ કરતા રહયા.

શીઆહ કહે છે હઝરતે રસુલેખુદાસ૦ જે ચાહે તે કરી શકતા હતા, તેઓનાજ હુકમથી જહાદ થઇ અને મ્હેટી મ્હેટી લડાઇયો ફતેહ થઇ,તો એવા શકતી વાળા અને આલમના સરદાર શામાટે રાતના વખતે છુપીને ગારમાં જઇને સંતાઇ રહયા? તો આ બાબતનો જે જવાબ આપે તે જવાબ આ માટે સમજી લીઓ, અમારે સુની શીઆહના ઝગડા અને વાદવીવાદ લખવાનો મતલબ નથી આવી બાબતો ઘણી લંબાણથી સુન્ની અને શીઆહ ની કીતાબોમાં છે જે ઉરદુમાં પણ ઘણી કીતાબો મુનાઝેરાની એક બીજાના જવાબમાં છપાણી છે માટે જેને એ વાંચી ખુલાસા તેમજ વાદવીવાદ ની બાબતો વાંચવી હોય તે એ કીતાબો મંગાવીને વાંચે અને વાંચતા ન આવડે તો વંચાવીને વાકેફ થાય.

હાંસલકલામ ઇસલામમાં હઝરતની વફાત પછી બે ફીરકા થઇ ગયા મોટો ભાગ હ૦ અબાબકરને ખલીફા કહેતો હતો, અને થોડા જણ હઝરત અલી અ૦ને ઇમામ જાણતા હતા, અને હઝરત અલીએ જોયું કે લડીને ખીલાફત લઇશ તો ઇસલામમાં ગડબડ થશે અને હજુ તાજી મુસલમાની છે

અને સબર કરવા વી૦ ની હઝરતની વસીય્યત હતી તેથી એમજ ચાલ્યા આપ્યુ અને ઇસલામની બરાબર મદદ કરતા રહયા, ખલીફાઓ ભુલ કરતા તેઓને બતાવતા હતા, બારગામથી ભારે ભારે સવાલ આવતા અને તેના જવાબ કોઇ આપી શકતા ન હતા તેના જવાબ હઝરત અલી અ૦ આપતા હતા, અને મુકદ્દમાના ફેસલા માં ગુંચવાતા તેના ફેસલા હઝરત અલી અ૦ કરી આપતા હતા, જે વીશે સુન્ની અને શીઆહ બન્નેની કીતાબોમાં લખાએલું છે.

હઝરતે રસુલેખુદા સ૦ ના બાર ખલીફા થવા જોઇએ તે વીશે સુન્ની અને શીઆહ બન્ને કબુલ કરે છે, અને કુરઆન તેમજ હદીસથી સાબીત છે, શીઆહ મઝહબમાં બાર ખલીફા બાર ઇમામને ગણે છે કે તેઓ હઝરતે રસુલેખુદા સ૦ ના નાએબ અને ખલકત ઉપર હાકીમ અને ઇમામ છે, દીન તથા દુન્યા બન્ને ની હુકુમતના તેઓ માલીક છે, અને શીઆહની કીતાબોમાં જયાં જોશો ત્યાં મોટે ભાગે રીવાયત કે હદીસ ઇમામ અલયહિસ્સલામથી નકલ છે, જેમકે ઇમામે જાઅફરે સાદિક અ૦ ફરમાવ્યું, ઇમામે મોહમ્મદે બાકિર અ૦ થી મરવી છે, ઇમામે રઝા અ૦ થી રીવાયત છે, અને કુરઆને શરીફની તફસીર પણ ઇમામોની રીવાયતો અને હદીસોથી લખી છે, અને સુન્નત જમાતને ત્યાં ઇમામો થી હદીસ કે રીવાયત કોઇકજ જગ્યોએ લખી છે, બાકી અબુહેરારાથી મરવી છે, ઇબ્ને મસનદે રીવાયત કરી છે. જયશે કહ્યું છે, સલમા બીનથી મનકુલ છે, એ પ્રમાણે હદીસો છે. શીઆહ લોક જેને બાર ખલીફા અને બાર ઇમામ કહે છે તે વીશે જાણવું કે હઝરતે રસુલેખુદા મોહમ્મદે મુસ્તુફા સ૦ ની બાદ તેઓના વસી અને ખલીફા હઝરતે અલી ઇબ્ને અબુતાલબ પહેલા ઇમામ છે, જેઓને સુન્નત જમાત વાળા ચોથા ખલીફા ગણે છે, અને તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામે હુસન અ૦ બીજા ઇમામ છે, તેઓ પછી હઝરતે અલીના ફરઝંદ અને ઇમામે હસનના ભાઇ ઇમામે હુસયન અ૦ ત્રીજા ઇમામ છે, તે પછી ઇમામે હુસયન અ૦ ના ફરઝંદ ઇમામે ઝયનુલઆબેદીન અ૦ ચોથા ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામે મોહમ્મદેબાકેર અ૦ પાંચમા ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામે જાઅફરે સાદેક અ૦ છઠા ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામે મુસીએકાઝીમ અ૦ સાતમા ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામેઅલીમુસેરઝા અ૦ આઠમા ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામે મોહમ્મદતકી અ૦ નવમા ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ

ઇમામે અલીયુન્નકી અ૦ દસમા ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામે હસને અસકરી અ૦ અગીયારમાં ઇમામ છે, તેઓ પછી તેઓના ફરઝંદ ઇમામ મોહંમ્મદ મહેદી અલયહિસ્સલામ બારમા ઇમામ છે. અને બારમા ઇમામ હાલ જીવતા અને ગાએબ છે, તેઓ તરફથી પહેલે ખાસ નાએબ હતા, હજુ આમ નાએબ જે મુજતહેદ થવા માટે બાર તેર જાતના ઇલમ છે તે તમામ હાંસીલ કરે અને આદીલ વી૦ જે શરતો છે તે પુરી હોયતો તે નાએબે ઇમામ છે તે ખુદા રસુલ અને ઇમામોના હુકમ બતાવનાર અને સમજાવનાર છે,

* સુન્નત જમાતની કીતાબો જેમકે હુલ્યતુલ અવલીયા, ફઝાએલે અહમદ હમ્બલ, ખસાએસે નઝીરીના હવાલાથી તોહફએ અહમદીયામાં લખે છે કે હઝરતે રસુલેખુદા સ૦ ફરમાવ્યું કે જે શખસ ચાહે કે તેની જીંદગી મારી જીંદગી જેવી હોય, અને તેનુ મરવુ મારા મરવા જેવું થાય અને જન્નતે અદન કે તેને ખુદાએ પોતાના હાથથી બનાવેલ છે અને તે મ્હારૂ મકાન છે તેમાં રહેવા ચાહે તો તેને જોઇએ કે મારી બાદ અલીઇબ્ને અબીતાલેબ ની વીલાયત ઇખ્તીયાર કરે. અને ઇમામો અને વસીયો કે જે તેના ફરઝંદ છે તેઓની પૈરવી કરે, તહકીકકે એ સરવે મારી ઇતરત છે, અને મારી તીનતથી પયદા થયાં છે, અને મારૂ ઇલ્મ અને ફહમ તેઓને ખુદાએ બક્ષીસ ફરમાવેલ છે, તો મારી ઉમ્મતમાં એ જમાઅત ઉપર વાય થાય કે જેઓ તેઓને ઝુઠલાવે અને મારી તથા તેઓની વચ્ચે જુદાઇ જાણે, અને તેઓના હકમાં મારી રેઆયત નકરે તેઓ સુધી ખુદા મારી શફાઅત ન પહોંચાડે, પછી લખે છે કે અવી હદીસોના સબબથી ઘણા સુન્નત જમાઅત બાર ઇમામ ને હક જાણવાનો દાવો કરે છે, પણ તેઓને ખલીફાઓની જેમ માની તેઓના ફરમાનો મુજબ વરતતા નથી, કેમકે ઇબને ઇદરીસ શાફેઇ, અને અહમદ હમ્બલ, અને માલેકી, અને અબુ હનીફા, એ ચાર સાહેબોએ મસાએલ લખ્યા છે તે પ્રમાણે અમલ કરે છે એ છતાં કે તેઓ એ બાર ઇમામો માંથી કેટલાંક ઇમામોના ઝમાનામાં હતા છતાં ઇમામોના મસાએલ ઉપર અમલ કરેલ નથી બલકે જેમ શીઆહ પોતાને ઇસ્નાઅશરી જઅફરી વી૦ કહે છે તેમ તેઓ પોતાને શાફેઇ હનફી વી૦ કહે છે.

અરબીમાં "ઇસ્નાઅશર" બારને કહે છે, તો "ઇસ્નાઅશરી" એટલે બાર વાળો મતલબ એ કે બાર ઇમામને માનનારો.

આપણા શીઆહ મઝહબમાં સાબીત છે કે હઝરત અલી તથા ઇમામે હુસૈન અ૦ તલવારથી અને બીજા નવ ઇમામ ઝેરથી શહીદ થયાં છે,

સુન્નત જમાત વાળા નવ ઈમામ માંથી કેટલાંકને શહીદ થયા નથી બલકે વફાત પામ્યા છે એમ લખે છેઃ અને તેઓની ત્યાં બારમા ઇમામ પયદા થવાની હદીસો છે છતાં તેઓ લખે છે કે બારમા ઇમામ હજી પયદા થયા નથી. જયારે તેના વખત આવશે ત્યારે પયદા થશે. અને શીઆહ મઝહબમાં સાબીત છે કે તેઓ પૈદા થઇ ચુકયા છે, કેમકે ઇમામ વીના દુન્યા કાયમ રહી શકેજ નહીં, અને સુન્નત જમાત વાળા કહે છે કે જો પયદા થયાં હોય તો છુપી શામાટે રહ્યાં છે અને અટલી લાંબી મુદ્દત સુધી જીંદગી હોય ખરી? શીઆહ કહે છે કે હઝરત ખીઝર પયગમ્બર ખુદાના હુકમથી નજરોથી ગાએબ છે અને હજુ સુધી જીવતા છે જે વાતે સુન્નત જમાતવાળા પણ કબુલ કરેછે, તો તેઓ કેમ ગાએબ અને જીવતાં છે? એનો જવાબ આપે તે આનો જવાબ છે, તેમજ હઝરતે રસુલેખુદા સ૦ શેઅબે અબુતાલેબમાં કેમ છુપીને રહ્યા હતા? તેનો જવાબ તે આનો જવાબ છે. નબી અને ઇમામનું એક કામ મસલેહતથી ખાલી હોતુ નથી અને બારમા ઇમામ કેમ જાહેર નથી તેમજ વીલાદત વી૦ નું બયાન અમોએ દુસરે [illegible] લખ્યું છે.

તેહકૂએ અહમદીયામાં લખ્યું છે કે સુન્નત જમાઅતના મોહદીસ જનાબ હાફીઝ અબુ નઇમે સુન્નત જમાઅતની "સેહાહ"માંથી ચાલીસ હદીસો રીવાયત કરી છે અને તેમાં બાર ઇમામની સીફાતો અને અહવાલ નામ નસબ વી૦ આપ્યા છે, તેમાંની એક હદીસનો ખુલાસો એ કે અલી ઇબ્ને હીલાલ પોતાના બાપથી રીવાયત કરે છે તે કહે છે કે હઝરતે રસુલેખુદા સ૦ નો આખેરી વખત હતો તે વખતે હું હઝરતની ખીદમતમા ગયો, તે વખતે જનાબે ફાતેમાહ અ૦ હઝરતના માથા મુબારક પાસે બેઠા હતા અને રોતા હતા, એટલે સુધી કે રોતા રોતા સાદ નીકળ્યો તો હઝરતે રસુલેખુદા સ૦ તેઓ તરફ માથું ઉંચુ કરીને ફરમાવ્યુ કે અએ મારી હબીબા તમો શા માટે રોવો છો? જવાબ આપ્યો કે હું ડરૂછું કે આપની બાદ આપની ઉમ્મત મને બરબાદ કરશે અને મારી રેઆયત નહીં કરે. હઝરતે ફરમાવ્યું એ મારી હબીબા તને ખબર નથી? જયારે ખુદાએ જમીન ઉપર નજર કરી ત્યારે પોતાના બંદાઓમાંથી તારા બાપને બરગુઝીદા (પસંદ કરવો—ચુંટી કાઢવે) કરીને પયગમબરી અતા ફરમાવી, પછી બીજી વખત નજર કરી ત્યા તારા શવહરને બરગુઝીદા કરયો અને મારા ઉપર વહય નાઝીલ કરી કે તેની સાથે તારા નીકાહ કરી આપું, અએ ફાતેમાહ ખુદાએ મને સાત ખસલતો અતા ફરમાવી છે, કે મારી પહેલે ન કોઈને આપી

હતી ન કોઇને આપશે, ૧—હું પયગમબરીને ખતમ કરવા વાળો છું, ૨—તમામ ખલકત કરતાં ખુદાની પાસે વધારે મહબુબ અને માનવંતછું. ૩—હું તારો પદર (બાપ) છું. ૪—મારો વસી ખુદાની પાસે તમામ વસીયો કરતા બેહતર અને વધારે મહબુબ છે. ૫—મારો કાકો તમામ શહીદો કરતા ઉત્તમ શહીદ છે, અને સરવે શહીદો કરતા વધારે મહબુબછે. અને તારા શવહરનો પણ કાકો છે, ૬—એ પણ મારાથી છે કે જેને ખુદાએ બે પાંખ અતા કરીછે, કે તે બેહીસ્તમાં મલાએકાઓની સાથે ઉડેછે અને તે તારા બાપનો કાકાનો દીકરો ભાઇ છે, અને તારા શવહર નો બીરાદરે જલીલુલ કદ્ર છે, ૭—તારા બન્ને ફરઝંદ હસન અને હુસયન જેઓ ઉમ્મતના સીબતયન અને બેહીસ્તના જવાનોમાંના ઉત્તમ જવાન છે તેઓ પણ મારી નસલથી છે, અને કસમ એ ખુદાની કે જેણે મને પયગમબરી આપી આ બન્નેનો બાપ આ બન્ને થી બેહતર છે, અને અએ ફાતેમાહ હું કસમ ખાઉ છું ખુદાની કે હસન અને હુસયન અ૦ ની અવલાદમાંથી આ ઉમ્મતનો મહેદી પૈદા થશે, અને જાહેર એ વખતે થશે કે જે વખતે દુન્યા ખરાબીઓથી ભરાઇ જશે અને ફીતના તથા ફસાદ જાહેર થશે અને હીદયતના રસ્તા બંધ થઇ જશે અને એક બીજાને આપસમાં ગારત કરશે અને કોઇ બુઢો બચ્ચા ઉપર રહમ નહીં કરે, અને બચ્ચા બુઢાઓની તઅઝીત નહીં કરે, તે વખતે એને જાહેર કરશે કે તે ગુમરાહીના કીલ્લાને તોડશે, અને જે દિલ હકથી ગાફીલ છે, તેને ખોલશે, અને જેવી રીતે મેં ખુદાના દિનને કાયમ કર્યુ એમજ એ પણ આખર ઝમાનામાં કરશે, અને જેવી રીતે ઝુલમથી દુન્યા ભરાઇ ગઇ હશે તેવીજ તેને અદલથી ભરપુર કરશે. અએ ફાતેમાહ ગમગીન નથા અને રો નહીં મારા કરતા તારા ઉપર ખુદા વધારે રહીમ અને મહેરબાન છે, એ સબબથી કે જે મરતબો તારો મારી નજીક છે અને એ સબબથી કે જે તારી મોહબ્બત મારા દીલમાં છે, અને ખુદાએ તારી શાદી એની સાથે કરી આપી કે તેનુ હસબ તમામ મખલુકાત કરતા વધારે બુઝુર્ગ છે, અને તેનુ નસબ સરવે કરતાં આલી છે, રઇયત ઊપર વધારે રહમ કરનાર અને બરાબર વહેંચવામા તમામ કરતા વધારે આદીલ છે, અને અહકામે ખુદાથી સરવે કરતા વધારે વાકેફ અને માહીતગાર છે, અને મેં ખુદાની પાસે સવાલ કર્યો છે કે મારી બાદ સરવેથી પહેલે તને મારાથી મેળવે, હઝરતે રસુલેખુદાએ ફરમાવ્યું કે બારઆ ઇમામ મહેદી અ૦ ઇમામે હસન અને ઇમામે હુસયન અ૦ ની અવલાદમાંથી થશે

તે બરાબર છે કેમકે ઇમામે હસન અ૦ ની દીકરીની શાદી ઇમામે હુસયન અ૦ના દીકરા ઇમામે ઝયનુલઆબેદીન અ૦ સાથે થઈ અને તેઓથી ઇમામે મોહમ્મદે બાકેર અ૦ પયદા થયા, તો બન્ને ભાઇની નસલથી બાકીના ઇમામો છે.

ફસલ ૯ મી ચઉદ માઅસુમ એટલે હઝરતે રસુલેખુદા જનાબે ફાતેમા અને બારઈમામ અ૦ ની વીલાદત અને શહાદતના હીજરી સન.

બાર ઇમામ અ૦ ના અહવાલની કીતાબ અમોએ "દુર્રેબેબહા" લખી છે તેથી અહીંયા ફક્ત તેઓની વીલાદત અને શહાદતનો સન અને ઉમ્મર ફકત વરસની ગણતરીથી એકાદ રીવાયતને આધારે લખીએ છીએ ઇખ્તેલાફ અને મહીના તથા દીવસની ગણતરી કે અટલા વરસમાં અટલા મહીના અને દીવસ વધારે કે ઓછા તે લખાતા નથી.

(૧) હઝરત મોહમ્મદ મુસ્તફા સ૦

આપની વીલાદત સને હીજરી શુરૂ થવાની ૫૩ વરસ પહેલાં નવશેરવાન આદીલ બાદશાના ઝામનામાં મક્કામાં છે, આપને ૪૦ વર્ષે પયગમબરી મળી મુશરીકોને હીદાયત કરવામાં ઘણી મુશીબતો ઉપાડી છેવટે ૧૩ વરસ હીદાયત કરી ઝુલમ સહીને મદીને હીજરત કરી ગયા, મદીનામાં ૧૦ વરસ રહ્યા તેમાં ઘણી લડાઇઓ કરી દીનને ચારે તરફ ફેલાવી આપ્યુ; અને આપને એક યહુદાણીએ ઝેર આપેલુ તેના અસરથી સને ૧૧ હીજરીમાં મદીનામાં શહીદ થયા, આપની ઉમ્મર ૬૩ વરસની હતી.

(૨) હઝરતે ફાતેમાહ અલયહસ્સલામ

હઝરતે રસુલેખુદા સ૦ ને પયગમબરી મળ્યા પછી પાંચમે વર્ષે મક્કામાં જનાબે ફાતેમાહ અ૦ પયદા થયા, હઝરતે રસુલેખુદા સ૦ ની વફાત

પછી ૭૫ દીવસે મદીનામાં સને ૧૧ હીજરીમાં વફાત થયા, આપની ઉમ્મર ફકત ૧૮ વરસની હતી અને આપ પણ શહીદ થયાં એ સાબીત છે.

---

(૧) હઝરત અલીઈબ્ને અબી તાલેબ અ૦

આપની વીલાદત મક્કામાં ખાનએ કાઅબાની અંદર હીજરતની ૨૩ વરસ પહેલાં છે આપ પયદા થયા તે વખતે હઝરતે રસુલેખુદાસ૦ ની ઉમ્મર મુબારક ૩૦ વરસ ની હતી, રસુલેખુદાને પયગમબરી મળી તે વખતે હઝરત અલીની ૧૦ વરસની ઉમ્મર હતી, રસુલેખુદાની નબુવ્વતનો ઇકરાર સરવેથી પહેલે હઝરત અલીએ કર્યો, હઝરતે રસુલેખુદની સાથે મક્કામાં ૧૩ વરસ અને મદીનામાં ૧૦ વરસ કુલ ૩૩ વરસ સાથે રહયા, ૧૬ માં વર્ષની ઉમ્મર હતી ત્યાંથી જહાદ કરવી શરૂ કરી ૧૯ વરસ ની ઉમ્મરમાં મહોટા મહોટા નામી અને બહાદુર મશહુર અને પ્રખ્યાત પહેલવાનોને કતલ કરયા, ૨૨ વરસની ઉમ્મરમાં ખયબરનો દરવાજો ઉખાડયો, આપ ૩૦ વરસ આશરે ખલીફા અને ઇમામ રહયા, તેમાં સુન્નીઓના મત પ્રમાણે આપ આશરે પાંચ વરસ ખલીફા રહયા, કેમકે હઝરતે રસુલેખુદા સ૦ ની વફાત પછી એ લોકો હ૦ અબાબકર વીગેરે ત્રણ ખલીફાઓ ગણે છે તેઓએ આશરે ૨૪ વરસ ઉપર ખીલાફત ભોગવી, તે પછી હઝરત અલી ને ખલીફા ગણે છે, સને ૪૦ હીજરીમાં મસજીદે કુફામાં ઇબ્ને મુલજીમે ઝેર પાએલી તલવાર મારેલી તેથી શહીદ થયા, આપની ઉમ્મર મુબારક ૬૩ વરસની હતી.

---

(૨) હઝરતે ઇમામે હસન અલયહિસ્સલામ.

આપ બીજા ઇમામ છે આપની વલાદત મદીનામાં સને ૩ હીજરીમાં છે, હઝરતે રસુલેખુદા સ૦ ની સાથે આશરે સાત વરસ રહયા, પોતાના વાલીદ હઝરત અલી અ૦ ની સાથે ૩૮ વરસ રહયા અને આશરે નવ દસ વરસ ઇમામત ભોગવી આપને ઘણી તકલીફો અને ઇજા પહોંચાડી છે છેવટે મોઆવીયા બીન અબી સુફીઆને રૂમથી ઉચુ ઝહેર મંગાવીને તેના તરફથી મદીનાનો ગવરનર મરવાન બીન હકમ હતો તેને મોકલ્યુ અને લખ્યું કે ઇમામે હસન ની ઓરત જોઅદા બિન્ત અશઅસને લલચાવીને કોઇ પણ તદબીરે ઇમામે હસન અ૦ ને એ ઝહેર પીવરાવી દે, અને કહેવું કે અગર આ કામ તું કરીશ તો તને એકલાખ દીરહમ આપીશ, હાસલ કલામ મરવાને

અયસુનીયા કુટણીની મારફત જોઅદાને ફરેબ આપી તેણીના હાથે હઝરતને પાણીમાં ઝહેર પીવરાવી શહીદ કરાવી નાખીયા, સને પચાસ હીજરીમાં આપ મદીનામાં શહીદ થયા, આપની ઉમ્મર ૪૮ વરસની હતી; સુન્નત જમાતની કીતાબ મોરૂજઝુહબામાં મસઉદીએ લખ્યુ છે કે ઇમામે હસન અ૦ ની બીબી જોઅદાએ આપને ઝેર આપીયું અને તે ઝેર અપાવનાર માઅવીયા છે કે તેણે કહેવરાવ્યું હતું કે અગર કોઇ પણ પ્રકારે ઇમામે હસન અ૦ને કતલ કરીશ તો હું તને એક લાખ દીરમ મોકલીશ અને મારા છોકરા યઝીદ સાથે તારા નીકાહ કરી આપીશ, તો આ ફરેબથી જોઅદાના હાથથી ઝેર અપાવ્યુ" જયારે ઇમામે હસન શહીદ થયા ત્યારે માઅવીયાએ વાયદા પ્રમાણે નાણુંતો મોકલી આપ્યું પણ નીકાહ માટે કહેવરાવ્યુ કે હું યઝીદને જીવતો રહેતા ચાહુંછું, તો જો એ વાતનો ખોફ ન હતે તો તારા નીકાહ તેની સાથે કરી આપતે.

(૩) હઝરતે ઇમામે હુસયન અલયહિસ્સલામ.

આપ ત્રીજા ઇમામછે, આપની વીલાદત મદીનામાં સને ૪ હીજરીમાં છે હઝરતે રસુલેખુદા સ૦ ની સાથે આશરે છ વરસ રહયા, અને પોતાના વાલીદ હ૦ અલી અ૦ સાથે આશરે ૩૭ વરસ રહયા, અને ઇમામે હસન અ૦ સાથે આશરે ૧૦ વરસ રહયા, અને આશરે ૧૦ વરસ પોતે ઇમામત ભોગવી આપને કેવી અને કેટલી મુસીબતો પહોંચી છે તે તમામ જહાનમાં મશહુર છે કે આપના દોસ્તો હમેશા રોયા કરે છે અને કયામત સુધી રોયા કરશે, આપના બાપના કાતીલ માઅવીયાના દીકરા યઝીદ પલીદ મલઉને કરબલાના મયદાનમાં શહીદ કરાવ્યા, આપની સહાદત સન ૬૧ હીજરીમાં છે, આપની ઉમ્મર ૫૭ વરસ ઉપરની હતી.

(૪) ઇમામે ઝયનુલ આબેદીન અલયહિસ્સલામ.

આપ ચોથા ઇમામ છે, આપની વીલાદત મદીનામાં સને ૩૭ યા ૩૮ હીજરીમાં છે, પોતાના દાદા હઝરત અલી અ૦ સાથે બે વરસ રહયા, અને પોતાના વાલીદ ઇમામે હુસયન અ૦ ની સાથે ૨૨ વરસ રહયા, અને ૩૫ વરસ પોતે ઇમામત ભોગવી સને ૯૪ યાં ૯૫ હીજરીમાં અબ્દુલ મલીકના છોકરા વલીદે અથવા હસ્શામે હઝરતને ઝેર ખવરાવી મદીનામાં શહીદ કર્યા, આપની ઉમ્મર ૫૭ યા ૫૮ વરસની હતી આપ ઉપર પણ ઘણા ઝુલમ અને સીતમ થયા છે તેની હદ નથી.

(૫) ઇમામે મોહમ્મદે બાકેર અલયહિસ્સલામ.

આપ પાંચમા ઇમામ છે, આપની વીલાદત મદીનામાં સને ૫૭ હીજરીમા છે, પોતાના દાદા ઇમામે હુસયન અ૦ ની સાથે આશરે ૪ વરસ રહયા, પોતાના વાલીદ ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ની સાથે ૩૮ વરસ રહયા, ૧૯ વરસ ઇમામત ભોગવી સને ૧૧૪ હીજરી મદીનામાં અબ્દુલ મલીકના છોકરા હશ્શામે ઝેર આપીને શહીદ કર્યા, આપની ઉમર ૫૭ વરસની હતી.

(૬) ઇમામે જાઅફરે સાદિકે અલયહિસ્સલામ

આપ છઠા ઇમામ છે આપની વીલાદત મદીનામાં સને ૮૩ હીજરીમાં છે, પોતાના દાદા ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ની સાથે ૧૨ વરસ રહયા અને પોતાના વાલીદ ઇમામે મોહમ્મદે બાકિર અ૦ની સાથે ૩૧ વરસ રહયા અને ૩૪ વરસ આપે ઇમામત કરી અને અહકામે ખુદાને ફેલાવા અને હદીસો બયાન કરવાનો આપને સારો તક મળ્યો આપના વખતમાં ઘણી હદીસો ફેલાણી એટલે સુધી કે હદીસોની ૪૦૦ કીતાબો આપના વખતમાં લખાણી છેવટે સને ૧૪૮ હીજરીમાં મદીનામાં મનસુર દવાનકીએ ઝેરથી આપને શહીદ કર્યા, આપની ઉમ્મર ૬૫ વરસની હતી, આપના વખતમાં પણ શીઆહ અને સાદાતોને ઝાલીમોએ કતલ કર્યા છે.

---

(૭) ઇમામે મુસીએ કાઝીમ અલયહિસ્સલામ.

આપ સાતમા ઇમામ છે આપની વીલાદત મદીના અને મક્કાની વચ્ચે "અબવા" માં સને ૧૨૮ હીજરીમાં છે પોતાના વાલીદ ઇમામે જાઅફરે સાદીક અ૦ ની સાથે ૨૦ વરસ રહયા, અને ૩૫ વરસ આપે ઇમામત ભોગવી અને આપ ઉપર ઘણા ઝુલ્મ અને સીતમ થયા છે, અને હારૂન રશીદ મલઊને હઝરતને બોલાવી "બગદાદ" માં ઘણા વરસ સુધી સખત કેદમાં રાખ્યા અને છેવટે સને ૧૮૩ હીજરીમાં ઝેર ખવરાવી કેદખાનામાં શહીદ કરયા અને આપને કુરેશના કબ્રસ્તાનમાં દફન કરયા જેને હાલ "કાઝમયન" કહે છે, આપની ઉમ્મર ૫૫ વરસની હતી.

---

(૮) ઇમામે રઝા અલયહિસ્સલામ

આપ આઠમા ઇમામ છે આપની વીલાદત મદીનામાં સને ૧૫૩ હીજરી મા છે પોતાના વાલીદ ઇમામે મુસીએ કાઝીમ અ૦ની હયાતીમાં

આશરે ૩૦ વરસ રહયા અને ૨૦ વરસ ઇમામત ભોગવી, મામુન રશીદ મલઉન આપને મદીનાથી ખુરાસાન જીલ્લામા "મરવ" માં બોલાવ્યા અને છેવટે ઝેર આપી શહીદ કરયા, આપને "તુસ" માં દફન કર્યા આપની શહાદત સન ૨૦૩ હીજરીમા છે, આપની ઉમ્મર ૫૦ વરસની હતી.

(૯) ઇમામે મોહમ્મદતકી અલયહિસ્સલામ

આપ નવમા ઇમામ છે આપની વીલાદત મદીનામા સને ૧૯૫ હીજરીમાં છે, પોતાના વાલીદ ઇમામે રઝા અ૦ સાથે સાત વરસ ઉપર થોડા મહીના રહયા, આપે આશરે ૧૮ વરસ ઇમામત ભોગવી, મામુન રશીદ મરવ થી બગદાદ રહેવા આવેલો અને મરી ગયો ત્યારે તેનો ભાઇ મોઅતસીમ બિલ્લાહ ગાદીએ બેઠો મોઅતસીમ મલઉને ઇમામે મોહમ્મદતકી અ૦ને મદીનાથી બગદાદ બોલાવ્યા અને છેવટે સને ૨૨૦ હીજરીમાં ઝેર આપીને બગદાદમા શહીદ કરયા અને આપને ઇમામે મુસીએ કાઝીમ અ૦ પાસે દફન કરયા, જેને કાઝમેન અ૦ કહે છે, આપની ઉમ્મર ૨૫ વરસની હતી.

(૧૦) ઇમામે અલીય્યુન્નકી અલયહિસ્સલામ

આપ દસમા ઇમામ છે આપની વીલાદત સને ૨૧૨ અથવા ૨૧૪ માં મદીનામા છે પોતાના વાલીદ ની હયાતીમા આશરે ૭ વરસ રહયા, આશરે તેર ચઉદ વરસ મદીનામા રહયા મોતવક્કીલ મલઉને હઝરતને "સુરરેમનરાય" જેને સામરા કહે છે ત્યાં બોલાવી લીધાં અને હઝરતને ત્યાંજ વીસ વરસ કેદમાં રાખ્યા મોતવક્કીલ મરી ગયો પછી બીજાઓ હકુમત ઉપર બેઠા એટલેસુધી કે સને ૨૫૪ હીજરી માં મોઅતમદ અબ્બાસી મલઉને હઝરતને ઝેર આપી શહીદ કરયા અને જયાં કેદ હતા ત્યાંજ દફન કરયા આપની ઉમ્મર આશરે ૪૦ અથવા ૪૨ વરસની હતી આપે આશરે ૩૪ વરસ ઇમામત ભોગવી આપના ઝમાનામા ઝાલીમોએ બહુજ ઝુલમ કરયા

(૧૧ ઇમામે હસન અસકરી અલયહિસ્સલામ.

આપ અગ્યારમા ઇમામ છે આપની વીલાદત સને ૨૩૨ હીજરીમા મદીનામાં છે અને બઅઝે "સામરા" લખે છે આપ પોતાના વાલીદ ઇમામે અલીય્યુન્નકી અ૦ની હયાતીમાં બાવીસ વરસ રહયા અને આશરે છ વરસ ઇમામત ભોગવી એને સને ૨૬૦ હીજરી મા મોઅતમદ અબ્બાસીએ ઝેરથી શહીદ કરયા આપની ઉમ્મર ૨૯ વરસની હતી.

(૧૨)ઇમામે મહેંદી અલયહિસ્સલામ્

આપ બારમા ઇમામ છે હઝરતે રસુલેખુદા ઉપર " નોબુવ્વત " ખતમ થઇ, આપ ઉપર ઇમામત ખતમ થઇ, હઝરતે રસુલે ખુદા સ૦ નું જે નામ અને કુનીય્યત છે તેજ નામ અને કુનીય્યત આપની પણ છે, આપની વીલાદત "સુરરેમનરાય" (સામરા) માં સને ૨૫૫ હીજરીમા છે આપ પોતાના વાલીદ ઇમામે હસને અસકરી અ૦ ની હયાતીમાં આશરે પાંચ વરસ રહયા આપની પરવરીશ છુપી રીતે થઇ અને આપના વાલીદ પછી લોકોની નજરથી ગાએબ થઈ ગયા છે આપની ઉમ્મર આ સને ૧૩૨૩ સુધી ૧૦૬૮ વરસની થઇ છે ઇ૦ જયારે ખુદાનો હુકમ થશે ત્યારે જાહેર થઈ તમામ દુન્યાને એક શીઆહ ઇસ્નાઅશરી મઝહબ કરશે અને હઝરતે ઈસા અલયહિસ્સલામ પયગમ્બર પણ આસમાન ઉપરથી આવશે, હઝરતનો ખુલાસાથી અહવાલ "દુરરેએમ્બહામાં વાચો. આ બાર ઇમામ અને હઝરતે રસુલેખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ અને જનાબે ફાતેમએ ઝહરા અ૦ મળી ચઉદ માઅસુમ અ૦. થયા અને તેથી મતલબ એ છે કે આપણા શીઆહ મઝહબમાં પયગમ્બરો ઇમામો અને ફીરીશ્તા ગુનાહોથી પાક છે- તેથી તેઓને "માઅસુમ" કહેવામાં આવે છે.

સુન્નત જમાતમાં પણ હઝરતે રસુલેખુદા સ૦ના બાર ખલીફા છે તે બાબત લખાએલી છે પણ બાર ખલીફા કોણ તે વીશે તેઓમાં ઇખ્તેલાફ અને મતભેદ છે, તો ટુંકમાં એક ગણતરી લખવામાં આવે છે કે તસવીરે ગાલીબ મગલુબમાં લખે છે કે સુન્નત જમાઅતની કીતાબ "શરહે ફીકહે અકબર " ના ૮૪ માં પેજમાં જનાબ મુલ્લા અલીકારી સાહેબ લખેછે કે હઝરતે રસુલેખુદાએ ફરમાવ્યું હતુ કે મારી પાછળ ઇસ્લામની ગાદીએ બેસનાર બાર ખલીફા થશે તેઓના નામ આ છે ૧-હઝરત અબુબકર. ૨—હઝરત ઉમર. ૩—હઝરત ઉસમાન. ૪—હઝરત અલી. ૫— હઝરત મોઆવીયા.[1] ૬—યઝીદ બીન મોઆવીયા.[2]

૧ આ મોઆવીયાએ હઝરત અલીની ખીલાફત કબુલ કરી નહી અને હ૦ ઊમરે શામનો ગવરનર કરેલ તેને બદલે હાકીમ થઇ બેઠો, અને હઝરત અલી સામે બાગી થઇને લડયો હજારો મુસલમાનોને કતલ કરાવ્યા અને ઇમામે હસન અ૦ને ઝેર અપાવી શહીદ કરાવ્યા.

૨ યઝીદ પલીદે જેણે જુલમ કર્યા તે મશહુર છે કે હઝરતે રસુલેખુદા સ૦ ના નવાસા ઇમામે હુસયન અ૦ ને શહીદ કરાવ્યા વી૦

૭—અબ્દુલમલીક[1] બીન મરવાન. ૮—યઝીદ બીન મરવાન. ૯—સોલયમાન. ૧૦—હુરશામ. ૧૧—વલીદ.[2] ૧૨—ઉમર[3] બીન અબ્દુલ અઝીઝ.

——**——

ફસલ ૧૦ મી.

ચાર ખલીફાઓનો ટુંક અહવાલ.

જાણવું જોઇએ કે હઝરતે રસુલેખુદા સ૦ની બાદ સુન્નત જમાતવાળા પહેલા ખલીફા હ૦ અબાબકરને ગણે છે તે પછી બીજા ત્રીજા ખલીફા પછી ચોથા ખલીફા હ૦ અલીને ગણે છે, અને તે પછી તેઓમાં ઇખ્તેલાફ છે.

(૧) હ૦ અબાબકર સને ૧૧ હીજરીમાં ઊમ્મતના લોકોના કેટલાક મતથી ખલીફા નેમાણા, અને સને ૧૩ હીજરીમા વફાત પામ્યા વફાતને વખતે હ૦ ઉસમાનને કહ્યું વસીય્યત નામુ લખો તેઓએ લખવુ શુરૂ કર્યું તેમાં લખાવ્યું કે હું આ દુન્યાથી ઇન્તેકાલ કરૂછું અને આ ઉમ્મતપર ખલીફા કરૂછું એટલું લખાવી બેહોશ થઈ ગયા જયારે હોશ આવ્યો તો ખબર ખડી કે તે પછી હ૦ ઉમરનું નામ હ૦ ઉમરે લખી વાળ્યુ હતું, પછી એ વસીય્યતનામુ મસજીદમાં મોકલ્યું તે તમામ અસ્હાબોની સામે વાંચવાંમાં આવ્યું કેટલાંકે કબુલ કર્યું કેટલાંકોએ ગડબડ કરી, છેવટે હ૦ અબાબકર ગુજરી ગયા અને હ૦ ઉમર જાનશીન થયા મદીનામાં હઝરતે રસુલેખુદા સ૦ના રોઝામાં દફન કર્યા. ઉમ્મર ૬૩ વરસની હતી બે વરસ અને ચાર મહીના ખીલાફત ભોગવી

——*——

૧ અબ્દુલ મલીક સુન્નત જમાતની કીતાબ તારીખે ખોલફામાં લખે છે કે હ૦ આલી ઇબ્ને અબીતાલેબ અ૦ ના ખાનદાન સામે અબ્દુલ મલીક સખત દુશ્મની રાખતો હતો.

૨ વલીદે હઝરતે ઇમામે ઝયનુલ આબેદીન અ૦ને ઝેરથી શહીદ કરાવ્યા.

૩ ઉમર બિન અબ્દુલઅઝીઝ માઆવીયએ હ૦ અલીને બદ બોલવાનો રીવાજ જારી કરેલો તો આ ઊમર બીન અબ્દુલ અઝીઝે બંધ કરાવ્યો.

(૨) હ૦ ઉમ્મર સને ૧૩ હીજરી માં ખલીફા થયા, અને સને ૨૩ હીજરીમાં કતલ થયા મદીનામાં હ૦ રસુલેખુદા સ૦ ના રોઝામાં દફન થયા, ઉમ્મર ૬૨ વરસની હતી દસ વરસ અને ૭ મહીના ખીલાફત ભોગવી, હ૦ ઉમરે પોતાના આખેરી વખતમાં વસીયત કરી તે વીશે સુન્નત જમાતની કીતાબમાં લખે છે કે પોતાના ભરોંસા વાળા મોઅતબર અસ્હાબોને ચુંટીને તેઓને સોંપ્યુ કે મતકરીને કાઇને ખલીફા ઠેરાવે, તેથી અસ્હાબોના મતથી હ૦ ઉસમાનને ખલીફા મુકરરર કર્યા, અને શીઆહની કીતાબમાં લખ્યુ છે કે અમુક છ જણમાંથી એકને ખલીફા કરવાની વસીયત કરી હતી અને છેવટે હ૦ ઉસમાનને ખલીફા કર્યા.

(૩) હ૦ ઉસમાન સને ૨૩ હીજરીમાં ખલીફા થયા અને સને ૩૫ હીજરીમાં કતલ થયા, બાર વરસ ખીલાફત ભોગવી ઉમ્મર ૮૨ વરસની હતી મદીનામાં બકીઆની પાસે દફન થયા અને શીઆહની કીતાબમાં દફનની બીજી જગ્યો લખી છે.

(૪) હ૦ અલી અને ૨૩ હીજરીમાં સુન્નત જમાઅતના મત પ્રમાણે ખલીફા થયા અને શીઆહઓના મત પ્રમાણે હઝરતે હ૦ રસુલેખુદા સ૦ની વફાત થતાંજ સને ૧૧ હીજરીમાં ખલીફા હતા, આપની ઉમ્મર અને શહાદતનો સન ઇમામોના બયાનમાં ઉપર લખેલ છે.

ફસલ ૧૧ મી.

હ૦ અલી અ૦ ની જાહેરી ખીલાફત

શીઆહઓએ હઝરત અલીની જાહેરી ખીલાફત કહેવાનુ એ કારણ છે કે તરણ ખલીફઓ સુધી પણ હઝરત ખલીફાં હતા પણ સરવેએ કબુલ ન રાખવાથી તેઓ ખલીફા કહેવાતા ન હતા, અને ત્રીજા ખલીફાની વફાત પછી આપને ખલીફાં મુકરરર કર્યા તેથી એ વખતથી હઝરત અલી અ૦ ને સરવે જણ ખલીફા કહેતા હતા અને મતભેદ દુર થયો હતો તેથી શીઆહ એ વખતની ખીલાફતને ખીલાફતે જાહેરી કહેછે, ચારે ખલીફાના વખતમાં જે જે બનાવ બન્યો તે સુન્ની અને શીઆહની કીતાબો અને તવારીખોમાં

લખાએલુ છે પણ સીલસીલા અને સંબંધ માટે અમે ત્રીજા ખલીફાના વખતનો થોડોક હાલ લખીએ છીએ, લખે છે કે ત્રીજા ખલીફા હ૦ ઊસમાને પોતાની ખીલાફતના વખતમાં આગળના ઘણા હાકીમો (ગવરનરો) ને બદલી પોતાના સગા તથા પસંદ કરેલાઓને નેમ્યા અને બૈતુલ માલ* નુનાણુ પોતાના સગાઓ વી૦ ને ઘણુ આપી દીધું જેમકે સુન્નત જમાઅત ની કીતાબ "તઝકેરતુલ કેરામ તારીખે ખોલફાએ અરબો ઇસલામ" માં લખે છે કે એકલાખ રૂપીયા એક રકાબીયા મઝહબવાળાને આપ્યા, અને બીજાને ચાર લાખ, અને પોતાના હાતીબ મરવાનને પાંચલાખ રૂપીયાથી વધારે આપ્યા, અને નુખબતુલ અખબારમાં લખે છે કે બાગેફીદક નો ઇલાકો પણ મરવાનને જાગીરમા આપ્યો તે એ મરવાન કે જેને હઝરતે રસુલેખુદાએ શહેરમાંથી કાઢી મુકયો હતો અને પહેલા તથા બીજા ખલીફાએ તેને આવવા દીધો નહતો તેને હ૦ ઉસમાને બોલાવીને પોતાનો વઝીર બનાવ્યો અને મોકલેલા હાકીમોએ ઝુલમ કર્યો અને ચારે તરફ થી ફરયાદ આવવા લાગી, અને સુન્નત જમાતની એજ તારીખે ખોલફામા વધારે ચરચા અને ગડબડ થવાના કારણુ એ લખે છે કે એવા એવા ઇનામો આપવાથી લોકોએ ચરચા કરી તે વખતે જવાબ આપ્યો કે ખલીફાને સરકારી ખઝાના ઊપર સત્તા છે ગમે તેને આપે, અમ્મારે એઅતેરાજ કરયો તેથી તેને એટલો માર પડયો કે બે હોશ થઇ ગયા, અને આ અમ્માર પહેલે ઈસ્લામ લાવેલ હતા હ૦ રસુલેખુદાસ૦ એ તેઓના હકમા ફરમાવ્યુ હતું કે આ પગથી માથા સુધી ઇમાનમાં ભરપુર છે.

નુખબતુલ અખબારમા લખે છે કે ત્રીજા ખલીફાથી મોહાજીર અને અનસાર ફરી ગયા, એટલેસુધી કે ઉમ્મુલ મોઅમેનીન આએશા પણ નારાજ થઇ ખરાબ કહેવા લાગ્યા, ઊમરબીન આસ અને તલહા વીગેરેઓએ પણ તેઓને કતલ કરવા અથવા ખીલાફતથી દુર કરવા બે માંથી એક બાબત કરવાનો મત કર્યો.

એવી ગડબડ ચાલતી હતી ત્યાં મીસર ના લોકો ત્યાંના હાકીમ અબદુલ્લા બીન અબીસરહની શીકાયત લઇને આવ્યા કે અમોને ઇજા આપે છે વી૦ વી૦ અને હ૦ અલી વી૦ પાસે સીફારીશ કરાવી કે તેની બદલી કરે, છેવટે મીસર વાળાઓને પુછવામાં આવ્યુ કે તમો કેને હાકીમ કરવા ચાહોછો? તેઓએ મોહમ્મદ બીન અબાબકરને પસંદ કર્યા તેથી

* સરકારી ખઝાનો.

તેઓને મીસરના હાકીમ નેમીને લખી આપ્યું કે આ મીસરના હાકીમ છે, અને અબ્દુલ્લાહને બરતરફ કરવામાં આવે છે તેથી ઝગડો પતી ગયો, અને મીસર વાળા મોહમ્મદ બીન અબાબકરને સાથે લઇને રવાના થયા

રસ્તામાં જોયું કે એક ઊંટ સવાર આડે રસ્તે મીસર તરફ ચાલ્યો જાય છે, બરાબર નજર કરી તો માલુમ થયું કે તે ઊંટ હ૦ ઉસમાનનો છે અને તેના ઉપર અસ્વાર હ૦ ઉસમાનનો ગુલામ છે, તેથી તેને પકડીને ઝડતી લીધી તો હ૦ ઉસમાનનો એક કાગળ નીકળ્યો તે કાગળ મીસરના પહેલા હાકીમ અબ્દુલલ્લા બીન અબી સરહ ઉપર હતો, તેમાં લખેલુ કે મીસર વાળા તારી તરફ પહોંચે તે વખતે ફલાણા ફલાણાને કતલ કરજે અને ફલાંણા ફલાણાનાં નાક કાન કાપીને ઝાડ ઉપર લટકાવી દેજે.

અને સુન્નત જમાતની કીતાબ ઉપર નામ લખ્યું તે "તારીખે ખોલફા" ના ૨૪૦ માં પેજમાં લખે છે કે મોહમ્મદ બીન અબીબકર પોતાના સાથ વાળા સહીત તરણ દીવસ ચાલ્યા ત્યારે રસ્તામાં એક હબશી ગુલામ મળ્યો તેને પુછ્યું આવા ઝપાટથી કયાં જાઓ છો? તેણે કહ્યું હું મરવાનનો ગુલામ છું અને હ૦ ઉસમાનનો કાગળ લઇને મીસરના હાકીમ પાસે જાઉં છું, આ સાંભળીને મોહમ્મદ બીન અબીબકરે કહ્યું મીસરનો હાકીમ હું છું, તેણે કહ્યું હું અબ્દુલ્લાહ પાસે કાગળ લઇને જાઉં છું તે વખતે તેની પાસે એ કાગળ માંગ્યો પણ તેણે આપ્યો નહીં તેથી તેની ઝડતી લીધી તો પીયાલામાંથી કાગળ નીકળ્યો, તેમાં લખ્યું હતું કે મોહમ્મદ બીન અબીબકરને હુકુમત આપવી નહીં બલકે કોઇ હિલ્લો કરીને મારી નંખાવજે અથવા કેદમાં નાંખજે અને તેને જે સનદ લખી આપી છે તે ફાડી નાખજે.

હાસલ કલામ એ સરવે જણ પાછા મદીને આવ્યા અને કુફે વી૦ કાસીદ મોકલ્યા અને સાતસો માણસ મીસરથી આવ્યા, હ૦ અલી તથા અસહાબો મોહાજીરો અને અનસારોને ભેગા કરીને તમામ વાત કહી સંભળાવી કાગળ બતાવ્યો ગુલામ તથા ઊંટ બતાવ્યો, તે વખતે હ૦ અલી તથા બીજા અસહાબોએ જઇને હ૦ ઉસમાનને એ વીશે પુછ્યું તો જવાબ આપ્યો કે ઉંટ અને ગુલામ મારોછે પણ કાગળ મારો નથી, અને એ કાગળમાં મરવાનના અક્ષર જેવા અક્ષર હતા તેથી સલાહ કરાવનારાઓએ ઠેરાવ કરીને હ૦ ઉસમાનને કહ્યું કે તમો એ લોકોને મરવાન સોંપી દીઓ, અને એમ મનઝુર ન હોયતો ખીલાફત મુકી આપો.

ખલીફા સાહેબે એ બેમાંથી એકે વાત કબુલ કરી નહીં, અને પોતે એકાંતમા જઇ બેઠા, સલાહ કરાવનારા નારાજ થઇ પાછા આવ્યા,

જયારે કોઈ વાત થઇ નહીં ત્યારે મીસર વાળાઓએ ઘેરો નાખ્યો પાણી બંધ કરયું આશરે બે મહીના ઘેરો રહયો અને ચારે તરફથી હુજુમ કરયો કે ખલીફાને કતલ કરવા, છેવટે બલવાખોર ઘરમાં ઘુસી ગયા તેમાંથી સરવેની આગળ મોહમ્મદ બીન અબાબકર અને તેઓની પાછળ બે શખસ બીજા મળી ત્રણે જણ હ૦ ઉસમાન પાસે ગયા, મોહમ્મદે ચાહ્યું કે ઘા કરે પણ હ૦ ઉસમાને એવી વાતો કરી કે તેઓને રહમ આવ્યો પણ તે બીજા બે શખસો તો ઘા કરવા લાગ્યા અને કતલ કરી નાખ્યા, મરવાન ઝખ્મી થઇને છુપી ગયો તેની ઘણી તલાશ કરી પણ પતો લાગ્યો નહીં, હ૦ ઉસમાનની બીબીએ મકાનના કોઠા ઉપર ચડીને બુમો પાડી કે ખલીફાને કતલ કર્યા, લોકો દોડયા તો કતલ થઇ ગયા હતા બલવા વાળાઓએ ત્રણ દીવસ સુધી લાશ ઉપાડવા દીધી નહીં લોકો રાતના છુપી રીતે ઉપાડી દફન કરી આવ્યા, જનાબ મુફતી સય્યદ અબ્બાસ સાહેબ લખે છે કે હ૦ ઉસમાનને કતલ કરવામાં માઆવીયાની ઉશ્કેરણી હતી અને અસલમાં તેણેજ કતલ કરાવેલ છે.

ત્રીજા ખલીફા કતલ થયા પછી મીસર અને કુફાવાળા તથા કેટલાંક અરબોના કબીલા વાળા કેટલાંક મદીના વાળા ભેગા થઈને હ૦ અલી-અ૦ને ઘરે ગયા અને અરઝ કરી કે આપ ખીલાફતની ગાદીએ બીરાજો, કેમકે ખીલાફતને લાયક આપથી કોઇ પણ બેહતર નથી, હઝરતે ફરમાવ્યું કે મને આ કામથી માફ રાખો મને હુકુમતની હવસ નથી તમો સરવે મુસલમાનો ચાહો તેને પોતાનો હાકીમ નેમી લીઓ અને હું જેમ વરત્યા કરૂંછુ તેમ વરત્યા કરીશ. છેવટે લોકોએ બહુજ આગ્રહ અને તાણ કરી અને હદથી વધારે ખાહીશ બતાવી અને હઝરતે જે જે ઉઝર કરયા તે માન્યા નહીં અને હઝરતની સરવે શરતો કબુલ રાખી, જેમકે આપે ફરમાવ્યું કે જયારે તમો સરવે બહુજ આગ્રહ કરોછો અને એવી મરજી છે તો હું કબુલ કરૂ છું પણ આ વાતને ખુબ સમજી લીઓ કે શરીઆતના કામમાં મારાથી આંખ બાફ નહીં થાય અને ગનીમતની વહેંચણી આકા અને ગુલામને સરખે ભાગે આપીશ, અને ગરીબો ઉપર અમીરને માન નહીં આપું. એ બાબત પણ સરવેએ મનજુર રાખી, તે વખતે આપે ફરમાવીયું "મસજીદે રસુલુલ્લાહ" માં ભેગા થાઓ, કેમકે ઘરને ખુણે છુપી રીતે બયઅત લેવી નથી

આ સાંભળીને ટોળાના ટોળા જોશમાં અને ખુશીમાં મસજીદે નબવી તરફ રવાના થયા, થોડી વારમાં મસજીદ ભરાઈ ગઇ અને જગ્યા રહી નહીં" તે વખતે આપ ઘરેથી અમ્મામો બાંધીને મસજીદમાં આવ્યા. હઝરત તરફથી અમ્મારે યાસીર અને અબુલ હસીમ બૈઅત લેતા હતા અને કહેતા હતા કે અમો તમારા તરફથી ખુદાની ઇતાઅત, અને રસુલે ખુદાની સુન્નત ઉપર બયઅત લઇએ છીએ જો આં બાબત કબુલ ન હોયતો બયઅત લાઝીમ નથી, અમારી અને તમારી વચ્ચે કુરઆને શરીફ છે.

બયઅત ઘણીજ ધામધુમથી થઇ શાઓરો તારીફમાં શેઅર પડયા અને ઘણે ભાગે સરવેના એકમતે હઝરત અલીની બયઅત થઇ પણ બની ઉમ્મયાહમાંના ઘણા જણાઓએ બયઅત કરી નહીં અને મદીનાથી ચાલ્યા ગયા, અને કેટલાંક મક્કે ગયા. કેટલાંક શામમાં માઅવીયા પાસે ગયા, અને કેટલાંક મદીનામાં છુપી રહ્યાં. અને સાઅદ બીન વક્કાસે બયઅત કરી નહીં, આ સઅદનો છોકરો ઉમર કરબલામાં ઇમામે હુસયન સામે લડવા આવ્યો અને ઇમામને શહીદ કરયા, અને નેઅમાન બીન બશીરે પણ બયઅત કરી નહીં અને હ૦ ઉસમાનનું લોહીવાળું પેરાન અને તેઓની બીબીની આંગળીયો હુલ્લડમાં કપાઈ ગઇ હતી તે લઇને માઅવીયાની પાસે શામમાં ગયો.

હ૦ અલી તો હ૦ રસુલેખુદા સ૦ના વખતથીજ ખલીફા અને ઇમામ હતા છતાં આ વખતે આગે ખીલાફત વીશે ઇનકાર કરવાના કારણ **"તઝ્કીરતુલ અઈમ્મા ફી તારીખે અમીરૂલ મોઅમેનીન"** નામની કીતાબમાં લંબાણથી લખ્યાછે તેમાંથી ટુંક એકે કેટલીક બાબતો અને સુન્નતો વી૦ નો જે ફેરફાર થઇ ગયો હતો જેમકે વહેંચણી જે હ૦ રસુલેખુદા તથા પહેલા ખલીફાના વખતમાં આકા અને ગુલામને સરખે ભાગે મળતી હતી તેમાં ફેરફાર થયો હતો તેને દુર કરીને અસલ મુજબ હ૦ અલી પોતાના હુકમ પ્રમાણે ચાલુ કરે તે લોકોને પસંદ ન પડે તેથી પહેલેથીજ હુજ્જત તમામ કરી હતી. અને એ પણ ખબર પડે કે આ બયઅત દબાણથી કે જબરાઈથી થઇ નથી બલકે ખાહીશ અને શોખથી છે, જેમકે એ વખતનો અહવાલ હઝરત અલીએ એક મવકા ઉપર ફરમાવેલ છે તે "નેહજુલ બલાગામાં" લખેલું છે કે આપે કહ્યું પહેલા ખલીફાઓની જેમ દબાણથી મારી બયઅત થઇ નથી, બલકે મારી બયઅત માટે તમોને એટલો ઉમંગ અને શોખ હતો કે તમો મારા હાથ ઊંચાડતા હતા અને હું બંધ કરતો હતો તમોં મારા હાથને લાંબા કરવા ચાહતા હતા હું ખેંચી લેતો હતો, મનઝીલ ઉપર તરસ્યા

ઊટ પાણીના હોઝ ઉપર ભેગા થઇ ગીચ થઇ જાય છે તેમ તમો મારી અતરાફ ગીચોગીચ વીંટળાઇને ઊભા હતા, એટલે સુધી કે એ ગરદીમાં મારા પગરખાં તુટી ગયા, ઝઇફ માણસો પગમાં ભીચાણા અને એ વખતની બયઅતથી એટલીતો ખુશી ફેલાણી હતી કે બચ્ચા પણ ખુશ ખુશ હતા, અને ધરડા બુઢા લથડીઓ ખાતા ખાતા પણ ત્યાં આવી પહોંચ્યા, એટલુજ નહીં પણ બીમાર પણ જેમતેમ કરી હાજર થયાં, જવાન ઓરતો પણ એ જોવામાટે આવીયો.

હઝરત અલી અ૦ સાથે આ બયઅત સને ૩૫ હીજરી ઝીલહજ મહીનાની ૧૮ મી તારીખ ને જુમ્માના દીવસે થઇ. અને હઝરતે રસુલેખુદા સ૦ હજ કરીને પાછા ફર્યા તે વખતે "ગદીરે ખુમ" માં હ૦ અલીને ખલીફા અને ઇમામ મુકરરર કર્યા હતા તે તારીખ પણ ૧૮ મી ઝીલહજની અને જુમ્માનો દીવસ હતો.

હઝરત અલી આ બયઅતને બીજે દીવસે મીંમબર ઉપર જઇને બહુજ ઉમદા ફસાહત અને બલાગતથી ખુતબો પડયા. અને સુન્નત જમાઅતની કીતાબ "રવઝતુલઅહબાબ" વી૦ માં લખે છે કે એ ખુતબા શરીફની શુરૂઆત આ પ્રમાણે કરી **અલહમ્દો લિલ્લાહે અલા એહસાનેહી, લકદ રજઅલહકકો એલા મકાનેહી."** એટલે ખુદાનો શુકર અને એહસાન છે કે "હક્ક" પોતાની જગ્યાએ પાછું ફર્યું.

લખે છે કે સરવેથી પહેલે તલહા બીન અબ્દુલ્લાહે બયઅત કરી;

હ૦ અલીએ સરવેને ઘણી અસરકારક અને નસીહત ભરેલી વાએઝ કરી તેમાં એ પણ ફરમાવ્યું કે મો હાજીર અને અનસારને એ ખીયાલ ન રહે કે અમો હઝરતે રસુલેખુદા સ૦ની સોહબતમાં રહેલા છીએ તેથી અમારી ફઝીલત અને બુઝુર્ગી વધારે છે, ખુદા તેઓને વધારે અજર અને સવાબ આપી રાજી અને ખુશી કરશે, પણ દુન્યામાં સર્વે હકમાં બરાબર છે એટલે તમારી દરમીયાન ખુદાનો માલ સરેખે ભાગે વહેંચાશે એમાં તરફદારી કે પરહેઝગારીની તરફ ધ્યાન રાખવામાં નહીં આવે, હા પરહેઝગારને પરવરદીગાર વધારે સવાબ અતા ફરમાવશે. હાસલકલામ ઘણી સમજુતી અને દીલાસા સાથે કેટલીક બ.બતો ફરમાવીને કહ્યું કાલે સવારે મારી પાસે

આવજો કે જે માલ મવજુદ છે તે તમોને ઇન્સાફની સાથે વહેંચી આંપીશ કોઇ પણ મુસલમાન અરબ હોય કે અજમ હોય આથી પહેલે તેઓને હીસ્સો મળતો હોય કે ન મળતો હોય સર્વે આવે હું કોઇ હકદારને મહરૂમ નહીં રાખું, અને તમારા તથા મ્હારા માટે મગફેરત ચાહું છું, આ પ્રમાણે ફરમાવીને મીંમબર ઉપરથી ઉતરી ગયા,

આ વાએઝ સાંભળીને પહેલે પહેલ અદાવતનું બી રોપાણું, કેમકે જેઓને વધારે ભાગ મળતો તેઓને ગુલામોની બરાબર ભાગ લેવાનું ભારે લાગ્યું, અને ઘણો અણગમો ઉપજ્યો અને દીલમાં નારાજ થયા,

બીજે દવસે સવારે સરવે જણ હાજર થયા હઝરતે માલ મંગાવ્યો અને પોતાના કાતીબ ઓબયદુલ્લાહ બીન અબુ રાફેઅને ફરમાવ્યું કે આ માલ વહેંચ, પહેલે મોહાજેરીનથી શુરૂ કર અને દરેકને ત્રણ ત્રણ દીનાર આપ; તે પછી અનસારને પણ એજ પ્રમાણે આપ, તે પછી જેકોઇ તારી પાસે આવે તેને પણ એજ રીતે ત્રણ ત્રણ દીનાર આપ.

લખે છે કે સહલ બીન હનીફ અનસારીએ તેજ દીવસે એક ગુલામ આઝાદ (મુકત) કર્યો હતો તે પણ આ મવકા ઉપર હાજર હતો, સહેલે અરઝ કરી યા અમીરલ મોઅંમેનીન આ ગઇ કાલે મારો ગુલામ હતો આજે મેં તેને આઝાદ કર્યો છે તો આપ મને પણ આ ગુલામની બરાબર આપોછો? આપે જવાબ આપ્યો બેશક આમાં બન્ને સરખાછો એમ ફરમાવી તેને ત્રણ દીનાર આપ્યા અને તેના ગુલામને પણ ત્રણ દીનાર આપ્યા, અને આપે ફરમાવ્યું સરવેની બરાબર મારા માટે પણ ત્રણ દીનાર રાખો, પછી આપ મસજીદે કુબામાં નમાઝ માટે તશરીફ લઇ ગયા, તમામ માલની ગણત્રી કરી તો ત્રણ લાખ દીનાર હતા અને તેના લેનાર એક લાખ મુસ્તહક નીકળ્યા, તેથી એ માલ બરાબર વહેંચાઇ રહયો,

મજકુર તલહા અને ઝોબૈર કે જેઓએ સરવેથી પહેલે બયઅત કરી તેઓ તથા મરવાન વીગેરેઓએ આ વહેંણીથી અણગમો જાહેર કર્યો, હઝરતનો કાતીબ ઓબયદુલ્લાહ કહે છે કે મેં અબદુલ્લાહ બીન ઝોબૈરને જોયો કે તે પોતાના બાપ અને તેમા અસહાબોને કહે છે કે કાલે આપણે બીલકુલ સમજ્યા કે એ વાતોથી તેઓનો આ ઇરાદો હતો, સઇદે ઝયદ બીન સાબીતને કહ્યું એ સરવે આપણને સંભળાવવામાં આવ્યું હતું, હઝરતનો કાતીબ કહે છે એવી વાતો મારાથી સંભળાણી નહીં તેથી મેં ઝોબૈરના છોકરા અને સઇદને કહયું હકતઆલા કુરઆનમાં રાસ્ત ફરમાવે છે કે "વલાકેન્નઅકસરોહુમ કારેહુન" એટલે હક વાતથી ઘણાઓ અણગમો રાખે છે.

પછી મરવાન અને તલહા ઝોબેર વી૦ વી૦ આપસમાં ખાનગીઓ કરતા હતા અને હ૦ અલી અ૦ની દુશ્મની ઉપર કમર બાંધી અને ગડબડ શુરૂ થઇ.

હઝરત અલીએ ચારે તરફના હાકીમો (ગવરનરો) ની બદલી કરીને બીજા નવા હાકીમો પોતે પસંદ કરેલા મોકલ્યા, જેમકે બસરામાં અબદુલ્લા બીન આમેર હાકીમ હતો તેની જગ્યોએ ઉસમાન બીન હનીફ અનસારીને મુકરરર કર્યા, અને કુફા માં અમ્મારા બીન હેસાનને હાકીમ નેમ્યો, અને અબદુલ્લાહ બીન અબ્બાસ બીન રબીઆને યમનનો હાકીમ કર્યો અને કેસ બીન સઅદ ઉબાદા અનસારીને મીસર નો હાકીમ કર્યો એ સર્વે પોતપોતાની જગ્યોએ ગયા, પણ કુફાનો હાકીમ થઇને ગયો તે પાછો આવ્યો અને કુફામાં અબુ મુસા અશઅરી હતો તેજ ત્યાં રહ્યો, અને હ૦ ઉમરે પોતાની વફાતના ૪ વરસ પહેલાં માઅવીયાને શામ નો હાકીમ કરીને મોકલ્યો હતો, અને ત્રીજા ખલીફા હ૦ ઉસમાને પણ તેનેજ રહેવા આપ્યો હતો હઝરત અલીએ સહલ બીન હનીફ અનસારીને શામનો હાકીમ કરીને માઅવીયાની બદલીમાં, મોકલ્યો પણ માઅવીયાએ પોતા વીશે ઘણી મજબુતી કરેલી અને લોકોને પોતાની તરફ કરી લીધેલા, અને પોતાની સત્તા ઘણી બેસારી આપેલી તેથી સહલ બીન હનીફને ટકાવા દીધો નહીં તેથી તે લાચાર થઇને પાછો આવ્યો અને શામનો તમામ હાલ બયાન કર્યો.

હઝરત અલીએ માઅવીયાને કાગળ લખ્યો કે લોકોએ મારો મત લીધા વીના તેમજ મારા રાજીપા વીના ઉસમાનને કતલ કર્યા, તે પછી સરવે જણાઓએ એક મતથી સલાહ અને મશ્વેરો કરીને મારી સાથે બયઅત કરી છે તો આ મારો કાગળ પહોંચે કે તરત શામ વાળાઓથી મારી બયઅત લે, અને રઇસો તથા અશરાફોને મારી પાસે મોકલી આપ.

જ્યારે કાસીદ આ કાગળ લઇને માઅવીયાની પાસે ગયો ત્યારે માઅવીયાએ બની અબસમાંના એક શખસની સાથે કાગળ લખી ઝોબેર બીન અવામ ઉપર મદીને મોકલ્યો તેમાં લખ્યું કે આ કાગળ બંદએ ખુદા અમીરૂલ મોઅમેનીન ઝોબેર બીન અવામને માઅવીયા બીન અબુ સુફયાન તરફથી છે જાણવું કે તમારા માટે શામ વાળાઓ પાસેથી બયઅત લીધી છે સરવે જણાઓએ ઘણીજ મજબુતીથી તમારી ખીલાફતનો અહદ આપી [illegible] છે, માટે હવે તમોને જરૂર છે કે કુફા અને બસરાની ખબર લીઓ અને એવું ન બને કે તે તરફ અલી ઇબ્ને અબી તાલેબ ઉતાવળ કરીને પોતાનો કબજો કરે, જો એ બન્ને શહર હાથ આવી ગયા તો તો પછી કાંઇ બાકી નહીં રહે અને તમારી પછી તલહા માટે બયઅત લીધી છે

માટે તમો બન્નેને જોઇએ કે હ૦ ઉસમાનના ખુનનો બદલો લેવાનો હીલો કરી લોકોને એકઠા કરો, અને હિમ્મતથી મજબુત કમર બાંધીને આ મુશ્કેલીને દુર કરવા તઇયાર થાઓ,

આવો ફરેબ ભરેલો કાગળ ઝોબૈર અને તલહાને મળ્યો તેથી માઅવીયાને પોતાનો ખેરખ્વાહ સમજી એ વાત પસંદ કરી મજબુત પકકો ઇરાદો કર્યો.

પછી એ બન્ને હ૦ અલી પાસે આવ્યા અને અરજ કરી કે હ૦ ઉસમાનના ઝમાનામાં અમોએ જે જે ઇજા અને મુસીબતો ભોગવી તે આપને ખબર છે, અને હવે ખુદાના ફઝલથી આપના હાથમાં હુકુમત આવી છે તો ઉમેદ છે કે અમોને કોઇ મોટો હુદ્દો આપશો કે તેથી અમારી મુસીબતોનો બદલો વળે, એમ કહી એક જણે કુફાની અને બીજાએ બસરાની હુકુમત માંગી, આપે જવાબ આપ્યો હું વીચારીશ હાલ તમો સબર કરો, અને જે કાંઇ વાજબી રીતે ભાગ મળ્યો છે તેના ઉપર સંતોષ માનો અને જાણો કે આ બાબત મારી પાસે ખુદાની અમાનત છે તેમાં એનેજ શરીક કરીશ કે જેની ઇમાનદારી અને પ્રમાણીક પણાને સારી રીતે તપાસી જોઇશ, આ સાંભળી બન્ને ના ઊમેદ થઇને ઊઠી ગયા.

એ બન્નેના દિલમાં હ૦ અલીની દુશ્મની વધી ગઇ છેવટે ફસાદ કરવાનો નક્કી ઇરાદો કરી હ૦ અલી પાસે આવીને કહ્યું અમો ઉમરા કરવા મક્કે જવાની રજા માંગીએ છીએ, આપે ફરમાવ્યું આ વાત ખરી નથી બલકે ઉમ્મતે મોહમ્મદમાં ફસાદ કરવા ચાહોછો. તેઓએ કસમો ખાઇને કહયું અમારો મતલબ ઉમરા વગર કાંઈ નથી એવું કદી નહીં બને કે અમો આપની બયઅત તોડી નાખીએ આપની વિરૂધ્ધ વરતવાનો અમોને ખ્યાલ પણ નથી, આપે ફરમાવ્યું જો એમ હોયતો મારી સાથે ફરીને બયઅત કરો, તેઓએ ફરીને બયઅત કરી અને ઘણા અહધ અને પયમાન સાથે મજબુતાઇ કરી, તે વખતે આપે રજા આપી, તેઓ ત્યાંથી નીકળ્યા તે વખતે આપસમાં રસ્તામાં કહેતા હતા કે ખુદાની કસમ આપણે દિલથી બયઅત કરી નથી હાથ વતી બયઅત કરી છે, ઉમ્મે રાશીદ કનીઝે આ વાત સાંભળીને હઝરતને કહી, હઝરત એ આયત પડયા જેમા બયઅત કરવા અને તે પછી તેને તોડવાનો હાલ છે.

પછી એ બન્ને મક્કા તરફ રવાના થયા અને જે મળતુ તેને કહેતા હતા કે અલીની બયઅત અમારા ગળામાં નથી અમોએ તો લાચારીથી તેઓની બયઅત કરી હતી કાંઇ રાજી ખુશીથી કરી નથી.

હ૦ ઓસમાન ઉપર ઘેરો હતો તે વખતે હ૦ રસુલેખુદા સ૦ ની બી· બી ઉમ્મુલ મોઆમેનીન આએશા મક્કે ગયા હતા અને હમેશા વાટ જોતા હતા કે મદીનામા શું થયું અને કેમ થયું, જ્યારે હ૦. ઉસમાનના કતલ થવાના સમાચાર સાંભળ્યા ત્યારે એવી ખાત્રી થઇ કે હવે તલહાને ખલીફો નેમશે, અને તલહાને પણ એજ ઉમેદ હતી કે મને ખલીફો કરશે તેથા પહેલેથીજ બયતુલ માલની ચાવીઓ પોતાને કબજે કરી લીધી હતી, પણ મોહાજીર અને અનસારે હ૦ અલીની સાથે બયઅત કરી તેથી નાઉમેદ થઈ તે ચાવીઓ હઝરતને સોંપી.

હ૦ આએશા હ૦ ઉસમાનના કતલના સમાચાર સાંભળવા પછી મક્કાથી મદીને રવાના થયા, રસ્તામા સાંભળ્યું કે. હ૦ અલી ખલીફા થયા તેથી આંપને રંજ થયો અને પોતે મદીને ન જતાં પાછા મક્કે ગયા મક્કામાં જઇ હ૦ ઉસમાનના કતલ થવાની ગમી જાહેર કરી, યમનનો હાકીમ મોઅલ્લા બીન ઉમય્યહ હતો તેને ખબર પડી કે હ૦ અલી બીજો હાકીમ મોકલનાર છે તેથી તેણે બયતુલ માલમાંથી પુષ્કળ માલ લઇ લીધો હતો, તેની પાસે બીજા માલ ઉપરાંત છસો ઊંટ અને સોનાના છહઝાર દીનાર હતા, એ સરવે લઇને તે પણ તે વખતમાં મક્કે આવી પહોચેલો અને એજ માલ હ૦ આએશાના લસ્કરને કામ આવ્યો, અને એ અરસામાં તલહા અને ઝોબેર પણ મદીનાથી મક્કે આવી પહોંચ્યા અને ફસાદની આગ સળગી રહી હતી તેમા તેલ નાખ્યું અને કહ્યું હ૦ અલીએ ઉસમાનને કતલ કરાવ્યા.

પછી આ લોકોએ મસ્વેરો કરીને એવું ઠેરાવ્યું કે આપણે અહીંયાથી પહેલે શામ માઓવીયાની પાસે જઇએ અને તેની પાસેથી મદદ લઇને અલી સાથે જંગ કરીએ, પણ અબ્દુલ્લાહ બીન આમેર કે તે પહેલે બસરામાં હુકુમત કરી ચુકયો હતો તેણે સલાહ આપી કે ઇરાક તરફ બસરે ચાલો અને બસરા વાળા ઘણાજણ તલહાને સારો જાણતા હતા તેથી તલહાએ એ મત પસંદ કર્યો.

જ્યારે હ૦ આએશાએ બસરે જવાનો ઇરાદો કર્યો ત્યારે હ૦ રસુલેખુદા સ૦ની બીજી બીબીયો જે મદીને જવા સાથે હતી તેઓએ બસરે જવાનો ઇન્કાર કર્યો જનાએ હફ્સાએ ફકત સાથે જવાની હાપાડી પણ તેઓના ભાઇ અબ્દુલ્લાહ બીન હ૦ ઉમરે મનાઇ કરીને સાથે જતા અટકાવ્યા.

જનાબે આએશા જનાબે ઉમ્મે સલમાની પાસે આવીને કહ્યું હ૦ ઉસમાન માર્યા ગયા હું તેઓના ખુનનો બદલો લેવા ચાહું છું માટે તમો પણ મારી સાથે ચાલો કે ખુદા કરેને આ ઉમ્મતનું આપણા હાથે કાંઇ ભલુ થાય.

જ૦ ઉમ્મે સલમાએ કહ્યું અએ આએશા તમોને ખુદાની કસમ આપુછું એ વાત પણ યાદછે? કે એક દીવસ તમારા વારાને દીવસે હ૦ ર૦ સુલેખુદા સ૦ તમારા ઘરમાં હતા અને હું એ જનાબ માટે થોડો હરીરો પકાવીને લાવી તે વખતે હઝરતે ફરમાવ્યું કે નજીકમાં મારી બાયડીયોમાથી એક બીબી ઇરાકના રસ્તામાં "હેવઅબના ચશ્મા" પાસે થઇને નીકળશેઅને ત્યાંના કુતરા તેને ભસશે અને તે બાગી ટોળામાં દાખીલ થશે, આ સાંભળીને મારા હોશ ઉડી ગયા તે હરીરાનુ ઠામ હાથમાંથી પડી ગયું, હઝરતે મારી તરફ જોઇને ફરમાવ્યુ ઓ ઉમ્મે સલેમા તને શું થયું? મેં અરજ કરી યા રસુલુલ્લાહ મને બીક લાગી કે રખે ને તે ઓરત હું ન હોઉં, તે વખતે તમો હસવા લાગ્યા તેથી હઝરતે ફરમાવ્યું કેમ હસે છે? મારો ગુમાન છે કે એ કામ તારાથીજ થશે, એ સીવાય બીજી કેટલીક બાબતો યાદ અપાવી ને કહ્યું હ૦ અલીના સાથે લડવું કેમ બને?

આ તમામ વાતો સાંભળીને જનાબે આએશા ઊઠયા અને તલહા તથા ઝોબૈરને કહેરાવ્યું કે મારાથી ઉમેદ ન રાખો હવે હું તમારી સાથે નહીં આવું.

સુન્ની જમાતની કીતાબ "રવઝતુસ્સફા"માં એ બાબતો લખ્યા પછી લખે છે કે હ૦ આએશા બસરે ચાલવા રાજી નથી એ વાત ફેલાવાથી તેઓની બેનના દીકરા અબદુલ્લાહ બીન ઝોબૈરે એ વાત સાંભળી તો કહ્યું અગર આ મુસાફરીમાં અમારી સાથે હ૦ આએશા નહીં આવે તો હું ઊઘાડા પગે જંગલમાં ચાલ્યો જઈ હલાક થઇ જઇશ, આ ખબર વધારીને જ૦ આએશાને પહોંચાડી બલકે કહયુ કે સ્વારી અને ભાતા વીના અબદુલ્લાહ બસરે ચલ્યો ગયો છે જો તેની ખબર નહીં લીઓ તો તે જીવતો નહીં રહે, આ સાંભળીને જ૦ આએશા ગભરાણા અને એ ફિતનાખોરો સાથે બસરે જવા નક્કી કર્યું ત્યારે લોકોએ મક્કાની બજાર અને ગલીઓમાં મુનાદી કરાવી કે ઉમ્મુલ મોઅમેનીન આએશા તથા તલહા તથા ઝોબૈર વી૦ બસરે જાય છે માટે જેઓને હ૦ ઊસમાનના કાતીલ સાથે લડવું હોય અને એના ખુનનો બદલો લેવો હોય તે સાથે ચાલે, જેની પાસે સવારી નહીં હોય તેને સવારી આપવામાં આવશે.

પછી સરવે જણ ભેગા થઇ બસરે રવાના થયા, એ લોકોની સંખ્યા નવસો જણની હતી, અને રસ્તામાં ગામડીયા ભેગા થતા ગયા એટલેસુધી કે ત્રણ હજાર માણસ થયા.

લખે છે કે સઅદ ઇબ્ને આસ મક્કાના બુઝુરગોમાંનો મોહાજીર હતો તેણે આ ફીતના અને ફસાદની બાબત સાંભળી તો પોતાના ઊંટ ઉપર બેસીને જ૦ આએશાનાં લશ્કરની વચ્ચે સરવે જોઇ શકે એવી જગ્યોમાં જઇ ઊંટથી ઉતરીને કમાન ટેકતો ટેકતો જ૦આએશાંની પાસે ગયો અને કહયું એ ઉમ્મુલ મોઅમેનીન કયાં જવાનો વીચાર છે? જવાબ આપ્યો કે બસરે જવાનો ઇરાદો છે, સઇદે પુછયું ત્યાં જઇને શું કરશો? કહયું કે મુસલમાનોમાં સલાહ કરાવીશ અને હ૦ ઉસમાનના કાતીલો પાસેથી ખુનનો બદલો લઇશ, સઇદે કહ્યું હ૦ ઉસમાનના કાતીલતો તમારી સાથે છે જેણે તમોને ઉશ્કેર્યા છે તેજ, તલહા અને ઝોબેર હ૦ ઉસમાનનું ખુન કરાવવામાં શરીક હતા અને ઉમેદ રાખતા હતા કે હ૦ ઉસમાન કતલ થવાથી અમોને ખીલાફત મળીશે, પણ એમ થયું નહીં તેથી અવળો રસ્તો લીધો છે. મોગીરાએ પણ ઘણી વાતો કહી લોકોને સમજાવ્યા કે એક વરસમાં બે ફીતના ન કરો પણ કોઇએ માન્યું નહીં તેથી સઇદ તથા મોગીરા બન્ને "તાએફ" તરફ ચાલ્યા ગયા.

લખે છે કે હ૦ આએશાની સ્વારી માટે એક ભારે મજબુત ઊંટ લાવ્યા જેનું નામ "અસકર" હતુ અને તે ઉંટને હ૦ આએશાએ પસંદ કર્યો પણ રસ્તામાં તેને હાંકતી વખતે તેનું નામ લેવામાં આવ્યું તો કહ્યુ કે આ ઊંટ મને જોતો નથી હું હલાક થઇ, હ૦ રસુલેખુદાએ એની ઉપર સ્વારી. કરવાની મનાઈ કરી છે, લોકોએ તલાશ કરી કાફલામાં એવો ઊંટ ન મળવાથી તેનો ડોળ બદલીને લાવીને કહ્યુ આ બીજો ઉંટ છે,

જ્યારે એ લશ્કર "હવઅબ"ના ચશ્મા પાસે પંહોંચ્યું તો ત્યાંના કુતરાઓએ શોર મચાવ્યો અને ભસવા લાગ્યા, અને એવો ઘોંઘાટ કર્યો કે ભારે ભારે મજબુત ઊંટ પણ ભડકીને ભાગ્યા, કોઇએ કહયું અરે જુવો "હવઅબ" ઉપર કેવાં કુતરાં છે? અને કેવો શોર મચાવે છે? અને કુતરાઓની આવાજ સાંભળીને હ૦ આયશાએ ઉંટ હાંકનારને પુછયું કે આ જગ્યોનું શુ નામ છે? તો જવાબ મળ્યો કે આ હવઅબ નો ચશ્મો છે, આ સાંભળીને હ૦ આએશા "ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઉન" કહીને કહયું હઝરતે રસુલેખુદાએ ફરમાવ્યુ. હતુ મારી એક બીબી અલી સાથે નાહક લડવા જશે અને હવઅબના કુતરો ભસશે વી૦ તે બીબી હું જ પોતે છું, તેજ વખતે ઊંટને બેસાર્યો અને કહયું અહીંથી આગળ નહીં ચાલું મને મક્કે પહોંચાડી આપો.

આ સાંભળીને અબદુલ્લા ઝોબેરે કહ્યું તમોને આનું નામ ખોટું બતાવ્યું આ હુવઅબ નથી, પણ હ૦ આએશાને ખાત્રી થતી ન હતી તેથી ત્યાંના રહેનાર પચાસ કે પોણોસો જણને લાંચ આપીને શાહેદી અપાવી કે આ હુવઅબ નથી તો પણ એક રાત અને દીવસ હ૦ આએશા ત્યાંથી આગળ વધ્યા નહીં અને એ ઊંટ હાંકનારે એ જગ્યાનું નામ બતલાવેલું તેથી તેને ખોરો ઠેરાવી મારીને કાઢી મુકયો, છેવટે ત્યાંથી બસરે રવાના થઇ ગયા, અને સુન્ની જમાતની કીતાબોમાં એ સરવે બાબત લખી છે, અને તેઓની કીતાબ "તારીખે ખોલફા" માં લખે છે કે હ૦ આએશાએ બસરે જવાની ના પાડી તેથી લોકોએ છેટેથી ઘોડા અસ્વાર બતાવીને કહ્યું જોવો હ૦ અલી લશ્કર લઇને આવે છે માટે બસરે ચાલો એમ ફરેબ આપીને બાગીઓ બસરે લઇ ગયા.

લખે છે કે હ૦ આએશા અને ફીતના ખોરો બસરે જવા તઇયાર થયા તે વખતે હ૦ રસુલેખુદાસ૦ની બીબી ઉમ્મેસલેમા હ૦ અલીને મદીને લખી મોકલ્યું કે તલહા અને ઝોબેર બી૦ આએશાને બેહકાવીને બસરે લઇ જવા ચાહે છે અને હ૦ ઉસમાનનો ખુનનો બદલો લેવાનો વાંધો રાખે છે, હકતઆલા તમોને એ ફીતનાખોરોના તોફાનથી બચાવે યા અમીરલમોઅમેનીન અગર ઓરતોને જહાદની મનાઇ ન હતે અને ઘરમાં બેસી રહેવાનો હુકમ ન હતે તો હું આપની સાથે મદદ માટે આવતે.

માઅવીયાએ હઝરત અલીની નાફરમાની કરી અને શામની હુકુમત મુકી નહીં બલકે પોતે એ મુલકનો ધણી થઇ બેઠો, અને હ૦ ઉસમાનનું લોહી ભરેલું પેરાન લોકોને દેખાડીને ઉશ્કેરતો હતો અને એવું જાહેર કરતો કે હ૦ અલીએ ખુન કરાવવામાં શરીક છે તેથી શામ વાળાઓના દિલમાં હ૦ અલીની અદાવત પેઠી, તો હઝરત અલીએ શામના ફીતનાને ઠંડો કરવા અને શામની હુકુમત માઅવીયાના કબજામાંથી કઢાવાના ઈરાદાથી પહેલે શામ જવા માટે લશ્કર ભેગું કર્યું, ત્યાં તલહા અને ઝોબેરના ફીતના અને ફસાદની અને બસરે જવા ચાહે છે એ વાતની ખબર પડી તેથી આપે શામ જવું મુલતવી રાખીને પહેલે બસરે જઇ એ ફિતનાને દુર કરવાનો ઇરાદો કર્યો, મદીના માથી પાંચસો જણ સાથે થયા આપ મદીનાથી રવાના થયા તો રસ્તામાં ખબર મળી કે હ૦ આએશા લશ્કર લઇને બસરે રવાના થઇ ગઇ, હ૦ અલી "ઝીકાર" નામની મનઝીલ ઉપર ઠેહર્યા અને માણસો મોકલી પોતાના ઘરના લોકોને બોલાવી લીધા.

પછી આપે પહેલે મોહમ્મદ બીન અબીબકરને કુફે રવાના કર્યો અને ત્યાંના હાકીમ અબુ મુસા અશઅરી અને કુફાના રઇસોને લખ્યું કે મારી મદદે આવે. પણ અબુ મુસાએ કુફા વાળાઓને ફરેબ આપી હ૦ અલીની મદદે જતા અટકાવ્યા, મોહમ્મદ પાછો આવ્યો અને તમામ હાલ બયાન કર્યો તે વખતે હઝરતે પોતાનાં ફરઝંદ ઇમામે હસન અ૦ને અમ્મારે યાસીરને સાથે આપી કુફે મોકલ્યા, તે વખતે પણ અબુમુસાએ ઘણી તકરાર કરી અને ઘણી મેહનત કરી કે કુફેથી કોઇ પણ જાએ નહીં પણ આશરે દસ હજાર માણસ હઝરત અલીની પાસે ગયા.

આ બાબતો ઘણી લંબાણથી છે બહુજ ટુંક ટુંક લખવામાં આવેછે. કેમકે લોકોને સમજાવવા અને પોતાની તરફેણમાં કરવા તેમાં સવાલ જવાબ થાય નસીહત વાએઝ થાય મુનાફેકો ફીતનાની આગ સળગાવે વાં૦ હાસલકલામ હ૦ આએશાનું લસ્કર બસરે જઇ પહોચ્યું ત્યાં પડાવ નાંખ્યો.

બસરામાં હ૦ અલી તરફથી ઉસમાંન બીન હનીફ હાકીમ હતો તેને આ લશ્કરની ખબર પડી તેથી તપાસ કરી તો માલુમ થયું લડવા માટે આ લોક આવ્યા છે, તેથી તેણે પણ લડવાની તઇયારી કરી. અને સામસામી ઝપાંઝપી ચાલી બન્ને તરફના થોડા થેડા માણસો કતલ થયા તે વખતે બન્ને લસ્કરમાં એવી સલાહ થાય કે હ૦ અલી આવે ત્યાંસુધી લડાઈ મુલતવી રાખવી.

એ અહદ કરી બન્ને લશ્કર પોતપોતાની જગ્યાએ આરામથી બેઠા, પણ તલહા અને ઝોબેર બરાબરનો તક જોઇને એવું ઠેરાવ્યું કે ઉસમાન બીન હનીફનુ કામ કાઢી નાખીએ તેથી રાતના છુપી રીતે લશ્કર લઇને કુદી પડયા તે બીચારા ગફલતમાં હતા ૪૪૦ જણને કતલ કરી નાખ્યા, અને ઉસમાન બીન હનફને કેદ કરી લીધો અને તેની દાઢીના તમામ વાળ ઊખાડી નાખ્યા અને માથુ મુંડીને કાઢી મુકયો, અને બયતુલ માલ (સરકારી ખઝાનો) માં જેટલુ નાણું હતુ તે લુટી લીધું.

ઉસમાન બીન હનીફ એવી બુરી હાલતમાં હ૦ અલી પાસે "ઝીકાર" માં ગયો અને રસુલેખુદાની બીબી આએશાએ કરેલા ઝુલમની તમામ વાત કરી આ સાંભળીને હઝરતને ઘણો રંજ થયો.

હ૦ અલી ઝીકારમાંથી બસરે ગયા અને જ૦ આએશાને નસીહત અને સમજુતીના ઘણા કલામ કહી મોકલ્યા જવાબ આપ્યો નહીં છેવટે લડાઇ ચાલુ થઇ, જ૦ આએશા ઊંટ ઉપર બેસી વચ્ચે ઊભા રહયા કે લડવઇયાઓને જોસ રહે, અને તેથીજ એ જંગનું નામ જંગે જમલ છે, જમલ

ઊંટને કહે છે, હ૦ અલીએ મુસલીમ નામના શખસને કહ્યું હાથમાં કુરઆન ઊપાડીને જ૦ આએશાના લશ્કર સામે ઊભો રહે અને તમામ મુસલમાનોને કુરઆનને માનવાનું કહે, જ્યારે તે કુરઆન લઇને ઉભો રહયો ત્યારે જ૦ આએશાના લશ્કરમાંથી એક શખસે નીકળી તલવાર મારી તેના હાથ કાપી નાખ્યા અને તેને કતલ કરી નાખ્યો પછી લડાઇ શરૂ થઇ ગઇ છેવટે સામા વાળા હારી ગયા અને બસો માણસ જ૦ આએશાના ઊંટને ઘેરી ઊભા રહયા, હઝરતે ફરમાવ્યું આએશાના ઊટના પગ કાપી નાખો તેના પગ કાપી નાંખ્યા હ૦ અલીએ આએશાને મોહમ્મદ બીન અબોબકરની સાથે બસરા શહેરમાં મોકલી આપી, તલહા આ લડાઇમાં કતલ થયો, અબદુલ્લા બીન ઝેબેર અને મરવાન વી૦ ઘણા જણને પયડીને હઝરત અલી પાસે લાવ્યાં, હઝરતે કાંઇ પણ સજા ન કરતા મુકત કરી આપ્યા, અને જે ભાગી ગયા તેનો પીછો લીધો નહીં જે કતલ થયા તેઓના હથીયાર સીવાય બીજું કાંઇ લુટવાનો હુકમ આપ્યો નહીં, ઝેબેર પણ કતલ થઇ ગયો જ૦ આએશાના લશ્કરના દસ હજાર માણસ કતલ થયા, અને હ૦ અલી અ૦ના લશ્કરના નવસોથી કાંઇ વધારે માણસો શહીદ થયા, લડાઇ ફતેહ કરીને હ૦ અલી બસરાની અંદર ગયા જ૦ આએશાને ઘણી રીતે સમજાવીને મદીને મોકલી આપ્યા અબદુલ્લા બીન અબ્બાસને બસરાના હાકીમ મુકરરર કરીને આપ કુફે રવાના થયા.

સુન્નત જમાતની કીતાબ નામે મનાકેબે મુરરઝવીમાં સહીહ તીરમીઝી અને મીશકાત અને મસાબીહને આધારે લખે છે કે હોમીઅ બીન ઓમીરથી મરવી છે કે એક દીવસે મારી ફઇની સાથે જ૦ આએશા રઝેયલ્લાને ઘરે ગયો, મેં પુછયું યા ઉમ્મુલ મોઅમેનીન (અએ મૌઅમેનાની માં) હઝરતે રસુલેખુદાને સરવેથી વધારે પ્યારૂં કોણ હતું? જવાબ આપ્યો કે "ફાતેમહ" મેં કહયું મારો મતલબ સ્ત્રીઓથી નથી બલકે પુરૂષોમાં કેને વધારે દોસ્ત રાખતા હતા? આ સાંભળીને કહયું તે (ફાતેમા) ના શવહરને, અને કીતાબ રબીઉલ અબરારમાં મજકુર સવાલના જવાબ પૂછી લખે છે કે ઉમ્મુલ મોઅમેનીન આએશાએ કહયું કે શા માટે સરવે કરતા વધારે પ્યારો ન હોય? તેઓ (અલી) હમેશા રોઝા રાખતા અને રાતના ઇબાદતે ખુદામાં જાગતા રહેતા હતા અને ખુદાની કસમ હ૦ રસુલની વફાત વખતે મેં જોયું કે સરવરે કાએનાત (રસુલેખુદા) ના મોઢામાંથી હ૦ અલીની હથેળીમાં પાણી આવ્યું અને અલી તેને પીઇ ગયા, રાવી કહે છે આ સાંભળીને મેં કહયું જ્યારે આ પ્રમાણે છે ત્યારે શા માટે અલી સાથે જંગ કરીને લડાઇ કરી?

આના જવાબમાં ઉમ્મુલ મોઅમેનીન આએશા મોઢા ઉપર ચાદર નાખીને બહુજ રડયા અને કહ્યું મારા નસીબમાં હતું.

એજ કીતાબમાં છે કે ઉમ્મુલ મોઅમેનીન આએશાથી મરવી છે કે હ૦ રસુલેખુદાએ ફરમાવ્યું કે ખુદાએ મારી સાથે અહદ કર્યો કે જે કોઈ અલીની સાથે લડવા નીકળશે તે કાફર છે, અને તે દોઝખની આગુનો લાયક છે, પછી આએશા રઝેયલ્લાએ કહ્યું જમલની લડાઇ (હ૦ અલી અ૦ સાથે જંગ કરી તે દીવસ) માં આ હદીસ હું ભુલી ગઇ હતી પછી બસરામાં મને આ હદીસ યાદ આવી અને હું ખુદા પાસે માફી ચાહું છું અને દુર નથી કે તે મને માફ કરે.

હ૦ અલી અ૦ જંગે જમલ એટલે બસરાની લડાઇ ફતેહ કરી કુફે ગયા, અને જંગે જમલમાં જે લશ્કર હતું તેને લઇને શામ માઅવીયા પાસે જવાનું નક્કી કર્યું.

માઅવીયાએ હ૦ ઉસમાનનું લોહી ભરેલું પેરાન લઇ ઇસલામીયોનાં દિલમાં હ૦ અલી પ્રત્યે દુશ્મનીનો જોશ અપાવ્યો હ૦ અલીએ માઅવીયાને નસીહત અને સમજુતીના ઘણા કાગળ લખ્યા પણ તે હક વાતને કબુલ કરતો ન હતો અને સખત અને ન છાજે એવા જવાબ આપતો હતો, અને ઉમર બીન આસને માલ ચીજની લાલચ આપી પોતાનો વઝીર કર્યો.

છેવટે હ૦ અલી અ૦ માઅવીયાએ સળગાવેલી આગ અને કરેલી અવળાઇને દુર કરવા લશ્કરને લઇને શામ તરફ રવાના થઇ ગયા, અને માઅવીયા પણ લશ્કર લઇને સામે આવ્યો "સીફ્ફીન" નામની જગ્યોએ ફુરાતને કીનારે બન્ને લશ્કરે પડાવ નાખ્યો, પહેલે શામનું લશ્કર પહોંચ્યુ હતું તેથી પાણીના ઘાટને રોકી લીધો તેથી હ૦ અલી અ૦ના લશ્કરને પાણીની તકલીફ થઇ તેથી લડી કરીને પાણીના ઘાટનો કબજો છોડાવી પોતાનો કબજો કર્યો અને લોકોએ ચાહ્યું કે માઅવીયાની ફોજને પાણી ભરવાથી અટકાવે પણ હ૦ અલીએ મના કરી.

હ૦ અલીએ કાગળ અને પેગામ મોકલી હક પ્રમાણે ચાલવા કહેવરાવ્યું પણ કોઇ રીતે માઅવીયા માન્યો નહીં તેથી લાચારીથી હ૦ અલીએ લડાઇની તઇયારી કરી સને ૩૭ હીજરી સફર મહીનામાં આ લડાઇ શુરૂ થઇ લડાઇ લાંબી ચાલી એટલેસુધી કે રજબ મહીનો આવ્યો તો તે મહીનામાં લડાઇની મનાઇ હોવાથી લડાઇ મવકુફ રાખી ત્યાંનાત્યાંજ ઠેહર્યા. તેમજ ઝીલકાદ ઝીલહજ અને મોહરરમ એ ત્રણ મહીનામાં પણ લડાઇની મનાછે

તે ત્રણ મહીના પણ લડાઇ બંધ રહી અને સરવે મળી ૧૧૦ હમલા થયા બન્ને તરફના ઘણા માણુસો કતલ થયા, સુન્નત જમાતની કીતાબ **રવઝ-તુસ્સફામાં** લખે છે કે હ૦ અલીના લશ્કરમાંથી એંસી હજાર માણુસ કતલ થયા. અને મોઆવીયાના લશ્કરમાંથી. એકલાખ અને વીસહજાર માણુસ કતલ થયા, છેલ્લી લડાઇને દીવસે સુબ્હની નમાઝ પડીને હઝરત અલીએ કમર બાંધી આખો દીવસ અને આખી રાત લડાઇ ચાલુ રહી એટલે સુધી કે શામના બત્રીસ હજાર અને હઝરતના ચાર હઝાર માણુસો કતલ થયા, માઆવીયાનુ લશ્કર થોડુ રહ્યું શામીયો ગભરાવા લાગ્યા નાબીતપણું ડગમગી ગયું, મા-અવીયો ગભરાઇને ઉમર આસને બોલ્યો તારી પાસે હિલ્લા અને ફરેબના સંગ્રહ છે તે આજે કયાં ગયા? અરે એ હિલ્લા કયારે કામ આવશે? અગર કોઇ તદબીર થઇ શકે તો કર નહીંતો યાદ રાખજે ખુદાની કસમ ખાઇને કહુંછું કે આપણે હલાક થઇજઇશું અને આખા લશ્કરમાંથી એક જણ પણ બચશે નહીં.

ઉમરઆસે કહયું અશઅસ બીન કેસને ઝાઝી લાંચ આપ, અને લશ્કર ને હુકમ કર કે જેટલા કુરઆન ખયમામાં હોય તે તમામ લાવીને નેઝા ઉપર રાખીને ઇરાક વાળાઓની સામે બતાવે અને કહે આ ખુદાના કલામ છે અમો એના ઉપર ઇમાન રાખીએ છીએ તમો પણ તેના ઉપર ઇમાન રાખોછો માટે લડાઇ મવકુફ કરો અને આ કલામે રબ્બાની આપણી વચ્ચે છે એના પ્રમાણે અમલ કરો.

અશઅસ બીન કયસ કોમનો રઇસ હતો અને કુફાના ઘણા જણ તેના તાબામાં હતા તેને લાંચ મળવાથી હ૦ અલી અ૦થી બદલી જઇ ફ-સાદ કરવા ઉભો થયો, તે તરફ ઉમર બીન આસે પાંચસો કુરઆને મજીદ નેઝા ઉપર ઊંચા કર્યા, જયારે સવાર થઇ અને નેઝા ઉપર કુરઆન નજરે પડયા ત્યારે હ૦ અલીએ ફરમાવ્યું કે આ મક્કર ઉમર બીન આસે કરેલ છે પણ અશઅસ બીન કેસ લાંચ મળવાથી બદલી ગયો હતો તેથી તેણે કહયું કે શામ વાળાઓએ કુરઆનની પાછળ પનાહ લીધી છે. માટે હવે અમો નહીં લડીએ, અને આ ફરેબની વાતો સાંભળીને ઘણા જણ એ મતમાં મળી ગયા કે ખરી વાત છે; એ વખતે માલીકે અશ્તર એક ટોળાને સાથે લઇને લડી રહયા હતા અશઅસ વીગેરાઓએ આવીને હ૦ અલી અ૦ ને કહયું કે હવે લડાઇ મવકુફ રાખો, આપે ફરરાવ્યું આ મક્કર છે, અને કુરઆન છે તે કાંઇ બોલતું નથી કે હક અને બાતીલ કોણ છે કુરઆનના

અર્થ હું જાણું છુ અને મારો હુકમ તે કુરઆનનો હુકમ છે માટે તમો શૈતાનના ફરેબમાં આવો નહીં એક કલાક સબર કરો હમણા ફસાદની આગ ઓલવાઇ જશે, પણ ન માનતા વીસ હજાર માણસ અશઅસ અને તેના સાથ વાળાઓએ કહયું અગર આપ લડાઇ મવકુફ નહીં કરો તો આપને પકડીને શામીયોને હવાલે કરશું અથવા ઉસમાનને કતલ કર્યા તેમ કતલ કરીશું.

હઝરત અલીએ જોયું કે આ લોકોના દિલમાં ઊંધી વાત જામી ગઈ છે અને સમજાવાથી સમજતા નથી તેથી લાચાર થઇને માલીકે ઉશ્તરને લડાઈના મયદાનમાંથી બોલાવીલીધો તેથી લડાઇ મવકુફ થઇ ગઇ પણ હઝરતના લશ્કરમાં મતભેદ થયો, કેટલાંકનો મત એવો હતો કે લડાઇ મવકુફ કરવીજ નહીં કેમકે આ લોકો હારી ગયા તેથી ફરેબ રચ્યો છે.

હાસલકલામ આપસમાં સલાહ કરવાની વાત આવી તો બન્ને લશ્કરના લોકોએ એવું ઠેરાવ્યું કે આ વીશે પંચ નેમવા અને એક વરસની મુદત આપવી કે તે દરમીયાંન વીચાર અને ફીકર કરીને ફેસલો કરે તેમ વરતવું, અશઅસ વીગેરાઓએ એ વાત કબુલ રાખી, શામવાળાઓએ લવાદમાં ઉમરઆસ માઅવીયાના વજીરને નેમ્યો, અશઅસ વી૦ને હ૦ અલીએ ફરમાવ્યું તમો તમારા તરફથી અબદુલ્લા ઇબ્ને અબ્બાસને અથવા માલીકે ઉશ્તરને નેમો, પણ તે લોકોએ હઝરતની વાત માની નહીં અને અબુ મુસા અશઅરીને નેમ્યો

પછી સુલેહનામુ લખવા બેઠા, હઝરત અલીનો કાતીબ અબદુલ્લા બીન અબુરાફેઅને લખવા બેસાર્યો તેણે શરૂમાં લખ્યું કે આ સલાહનામુ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલેબ અને મોઆવીયા બીન અબુ સુફયાન વચ્ચે છે, આ સાંભળીને મોઆવીયાએ કહ્યું કે અગર હું ઇકરાર કરૂં કે અલી અમીરૂલ મોઅમેનીન છે, તે પછી તેઓ સાથે જંગ કરૂં તો મારાથી બદતર કોઇ નથી, ઉમર આસે કહયું અમીરૂલ મોઅમેનીન લખવાની કાંઈ જરૂરત નથી બાપનું નામ લખો તે બસ છે, અખનફ બીન કયસે કહ્યું યા અમીરલ મોઅમેનીન આપનુ નામ અમીરૂલ મોઅમેનીન છે તે હરગીઝ દુર કરવું નહીં અને જો એ નામ આપથી દુર થયું તો મને ખોફ છે કે પછી કોઇ વખત પણ એ નામ આપ માટે થશે નહીં, આપે જવાબ આપ્યો કે હોદબીયહની સુલેહ હઝરતે રસુલેખુદાસ૦ સાથે થઇ હતી એવીજ આ સુલેહ છે કે સોહેલ બીન ઉમર અને હઝરતે રસુલેખુદા સ૦ વચે સુલેહનામુ લખવું શુરૂ થયુ તો તેમાં લખ્યુ કે મોહમ્મદ ખુદાના રસુલ

અને સોહેલ બીન ઉમર વચ્ચે સુલેહનામુ છે. તો સોહેલે કહયું અગો તમોને ખુદાનો રસુલ જાણતે તો તમારી સાથે શામાટે લડતે? અને ખાનએ કઅબાના તવાફથી શામાટે અટકાવતે? માટે રસુલનો શબ્દ કાઢી નાખો ફકત મોહમ્મદ લખો, તે વખતે મેં રસુલનો શબ્દ મટાડવાથી ઇન્કાર કર્યો, તો હઝરતે ફરમાવ્યું રસુલ શબ્દ મટાડવાથી કાંઇ મારી પયગમ્બરીને હરકત નહીં આંવે માટે તેઓની મરજી મુજબ મોહમ્મદ લખ, અને અએ અલી તારા માટે પણ એક વખત પણ અવોજ બનાવ બનશે; તો તે દીવસ આજ છે, છેવટે હ૦ અલીએ ફરમાવ્યું કાંઇ નહીં ફકત અલી ઇબ્ને અબી તાલેબ લખો, પછી એ સુલેહનામુ લખાઇ સાક્ષીઓ કરાવી બે નકલ કરી બે ફીરકાને આપી

સાક્ષી વખતે અશઅસ બીન કયસે માલીકે ઉસ્તરને કહ્યું સાક્ષી કર, માલીકે કહયું હું આના ઉપર સાક્ષી નહીં કરૂં તેથી આપસમાં ચડભડ થઇ તલવારો ચાલતા રહી ગઇ (આ અશઅસના છોકરાઓ કરબલામાં ઇમામે હુસયન અ૦ની સામે યઝીદના લશ્કરમાં હતા) લોકોએ હઝરત અલીને વાત કરી કે માલીકે ઉસ્તર સુલેહનામા ઉપર સાક્ષી કરવા રાજી નથી આપે ફરમાવ્યું ખુદાની કસમ હું પણ રાજી ન હતો અને ચાહતો હતે કે તમો પણ રાજી થાઓ નહીં પણ શું કરૂં તમો સર્વે એકમત થઇ ગયા તેથી લાચારીથી મારે રાજી થવું પડયું, અને હવે રાજી થવા પછી ફરી જવું મુનાસીબ નથી કાશ માલીકે ઉસ્તર જેવો બીજો એક જણ તમારામાં હતે !!! કે દુશ્મનોના તોફાનને દુર કરતે અને આવી મુસીબતોથી મને ખલાસી આપતે.

સલાહનામામાં બે જણને લવાદ સોંપેલુ તેમા એ બે જણ ખુદા અને રસુલના હુકમ મુજબ કરે એમ લખેલું પણ બન્ને જણ કેવા હતા તે સરવેને ખબર હતી કે ખુદા અને રસુલનાં હુકમથી કાંઇ કામ ન હતું હ૦ અલીના દુશ્મન હતા. અને અબુ મુસા તો તદ્દન બેવકુફ હતો તેની પાસે અક્કલનું નામ ન હતું, અને ઉમર બીન આસ મક્કર અને ફરેબમાં પ્રવીણ હતો, ફેસલાની જગ્યો "દુમ્નુલજન્દલ" મુકરરર હતી ત્યાં બન્ને તરફના લોકો ગયા, ઉમરઆસ અબુ મુસાને ફોસલાવતો તેને મોટો ભાઇ મોટા ભાઇ કહીને માથે અડાવતો તે આવે ત્યારે તેની ઘણી તાઅઝીમ તવકીર કરી ઉચી જગ્યોએ બેસારતો, આથી એ ભાઇશાબ બહુજ ફુલાઇ જતા, અબુમુસાને અબદુલ્લા બીન અબ્બાસ વી૦ ઘણી સમજુતી આપી કે

ઉમરઆસના ફરેબમાં આવીશ નહીં પણ તેને એકતો અક્કલ ઓછી હતી બીજું એકે હ૦ અલી અ૦નો દુશ્મન હતો તેથી ઉમરઆસના ફરેબમાં આવી ગયો, ઘણાં દીવસ થયા પણ એ બન્ને જણ કાંઇ ફેસલો આપતા ન હતા અને વખત ગુમાવે જતા હતા તેથી આવેલા લોકો ગભરાણા અને મુદત વીતી ગયા સુધી જો કોઇ ફેસલો ન આપે તો વળી લડાંઇઓ થાય વી૦ બાબતથી વધારે ગડબડ થઇ અને એ બન્નેને ફેસલો કરવાની સખત તાકીદ કરી:

જ્યારે લોકોના તરફથી દબાણ થયું ત્યારે એ બન્ને જણ ફેસલો કેવી રીતે કરવો તે માટે મત કરવા એકાંત કરી, ઉમરઆસે અબુમુસાને પુછ્યું તેં આ વીશે શું વીચાર કરી રાખ્યો છે? અબુમુસાએ કેટલીક વાત કહીને કહ્યું મારી મરજી એવી છે કે અલીને તેમ માઆવીયાને ખીલાફત આપવી નહીં, બલકે હ૦ ઊમર બીન ખત્તાબના દીકરા અબદુલ્લાહને ખલીફા નેમવા કે તેઓ આ કામને લાયક છે અને આ ઝગડામાં કાંઇ ભાગ લીધો નથી, ઉમરઆસે કહ્યું માઆવીયો કેવો છે? તેમાં શું ખોટ છે? હ૦ ઉસમાનને જુલમથી કતલ કર્યા તેઓના ખુનનો બદલો માઆવીયા શીવાય બીજુ કોણ લીએ એમ છે? ઉપરાંત માઆવીયાને હુકુમત ચલાવવાની તદબીર આવડે છે અને જો માઆવીયાના હાથમાં હુકુમત રહી તો તેનાથી તારૂ બહુ થશે અને તને જેટલું આપશે તેટલું કોઇને નહીં આપે, અબુમુસાએ કહ્યું ખુદાથી ડર એવી વાતો ન કર જેના દિલમાં ખુદાનો ખોફ હોય દીનદાર હોય તેને આ કામ સોંપવું જોઇએ, ઉમરઆસે કહ્યું જો દીનદાર અને પરહેઝગારને ખીલાફત આપવા ચાહતો હો તો મારો છોકરો "અબદુલ્લાહ" ઘણો પરહેઝગાર છે તેને ખલીફા કર, અબુમુસાએ કહ્યું તારી આ વાત ખરી છે પણ તેં આ ફીતનામાં તેને શરીક કરીને બગાડી નાખ્યો તેથી ખીલાફતને લાયક નથી.

હાસલકલામ આપસમાં ઘણા સવાલ જવાબ થયા પણ કોઇ રીતે મત મળ્યો નહીં વળી ઢીલ કરી, ઉમરઆસ અબુમુસાની તાઝીમ તવકીર કરે તેને ખવરાવે પીવરાવે અને કહે તુ હ૦ રસુલેખુદાનો અસહાબ છો વી૦ ખુશામતો અને ચડાવાની વાતો કર્યા કરતો, પછી એક દીવસે કહયું હવે તારી શું મરજી છે? અને જો મારી વાત માનતો મેં એક સારો તોર ઉતાર્યો છે કે આપણે માઆવીયા તથા અલી બન્નેને ખીલાફતમાંથી ખારેજ કરી નાખીએ અને એવું ઠેરાવીએ કે મુસલમાનો ભેગા થઇને જેને ચાહે તેને ખલીફા નેમી લીએ, આ વાત અબુમુસાએ કબુલ કરી,

અબુમુસા પોતાના ખયમામાં આવ્યો તો અબદુલ્લા બીન અબ્બાસ સમજ્યો કે કાંઇ નક્કી કરીને આવ્યો છે તેથી તેને કહયું જો તું ઉમરઆસના ફરેબમાં આવી જઇશ, માટે જે મત કર્યો હોય તે પહેલે ઉમર આસને જાહેર કરવા દેજે, પછી તું જાહેર કરજે, કેમકે જો પહેલે તું જાહેર કરીશ તો પાછળથી તે પોતાના મતલબની વાત કહી તને ખોટો પાડશે, અબુમુસાએ કહયું એવું બને ખરૂં? અમોએ જે મત કર્યો છે તેમાં અમારામાંથી કોઇ પણ ફરે એમ નથી.

બીજે દીવસે ફેસલો આપવા ઠેરાવ્યું, સરવે જણ ફેસલો સાંભળવા મસજીદે આઅઝમમાં ભેગા થયા, અબુમુસાએ ઊમર આસને કહયું મીમબર ઊપર જઇને આપણો મત અને ઠેરાવ બયાન કર, ઊમરઆસે કહયું એમ થાય ખરૂં? તમારી સામે હું પહેલ કરૂં તે કદી નહીં બને તમો બુઝુર્ગ અને લાયક છો માટે આપ પહેલે બયાન કરો, અબુમુસાને હદથી વધારે માન આપ્યું તેથી ફુલાઇ તો ગયો હતો ઝટ મીમબર ઊપર ચડીને ખુદાની હમ્દ રસુલની તારીફ કરીને બોલ્યો કે અએ લોકો અમોએ ઉમ્મતની ભલાઇ માટે ઘણો વીચાર કર્યો તો ઉમ્મતનું ભલુ એમાં જોયું કે અલી ઇબ્ને અબી તાલેબ અને મોઆવીયાહ એ બન્નેને ખીલાફતથી દુર કરીએ, અને મુસલમાનો ભેગા થઇ મશ્વેરો કરીને આ ખીલાફતને લાયક જેને સમજે તેની સાથે બયઅત કરીને ખલીફો કરી લીએ, માટે ઉમરઆસ માઅવીયાને ખીલાફતથી દુર કરે, દાખલા માટે પોતાની આગળીમાંથી વીંટી કાઢીને બોલ્યો જુવો જેમ વીંટીને આંગળીમાંથી દુર કરે છે તેમ મેં "અલી" ને ખીલાફતમાંથી દુર કર્યા, એટલું બકીને મીમબર ઉપરથી નીચે ઉતરી ગયો.

પછી ઝટપટ ઉમરઆસ મીમબર ઉપર ચડી ગયો અને બોલ્યો કે અએ લોકો તમોએ સાંભળ્યું કે અલી તરફનાં લવાદે અબુમુસાએ "અલીને ખીલાફતથી દુર કર્યા, એમ કહી દાખલા માટે પોતાની આંગળીમા વીંટી પહેરીને બોલ્યો જેમ આ વીંટી મેં પહેરી તેમ મોઆવીયાને ખીલાફત પહેવરાવું છું અને તેને ખીલાફત ઉપર કાયમ કરૂં છું કેમકે તે હ૦ ઉસમાનના ખુનનો બદલો લેવાનો હકદાર છે.

આ સાંભળીને શોરબકોર અને ઘોંઘાટ થયો અને અબુ મુસા ઉમર આસને ગાળો દેવા અને બદ બોલવા લાગ્યો કે ઓ મક્કાર મારી સાથે ઠેરાવ કરીને ઊંધું માર્યું ખોટુ બોલ્યો, તું કુતરા જેવો છો, ઉમરઆસે કહયું

તું ગધેડા જેવો છો બેવકુફ છો તને અક્કલ નથી, આપસમાં ગાળમગાળી થઇ પણ શું વળે?

કોઇ કહેતુ હતું, ઓ અબુમુસા તને મોત આવ્યું નહીં? કે તેં આવી. કે નાલાયકી કરી, કોઇ કહેતુ હતું તેનો વાંક નથી તેને લવાદમાં નેમનારનો કસુર છે, શોરેહ બીન હાનીને સખત ગુસ્સો આવ્યો તેથી ચાબુક લઇ ઉમર આસને ફટકાર્યો, કેટલાંક કહેવા લાગ્યા વળી ખીલાફત અને હુકુમત કેવી!!! હુકુમતતો ખુદાને માટે છે, છેવટે એટલીતો ગડબડ વધી ગઇ અને ફીતનો થયો કે સામસામી તલવારો ખેંચી લડવા તઇયાર થયા,; પણ અદીબીન હાતીમે કહ્યું અરે આ શું કરો છો? ઇમામના હુકમવીના જહાદ કરવી જાએજ નથી એમ કહી સમજાવીને ખુનરેજી થતા અટકાવી, અબુ મુસા ઉપર ગાળોના ફટકાર પડવા લાગ્યા અને કહેતા હતા કે હ૦ અલી જાણુતા હતા કે તું ઊંધુ મારીશ તેથી તને લવાદમાં નેમવામાં રાજી ન હતા; અને કેટલાંકતો અબુમુસાને કતલ કરવા ચાહ્યું પણ તે જેમ તેમ કરીને મક્કે ભાગી ગયો.

પછી ઊમર આસ પોતાના સાથ વાળાને લઇ શામ ગયો અને મો- આવીયાને ખલીફા કરી સલામ કરી, ઇરાક વાળા કુફે ગયા, અને અમી- રૂલ મોઅમેનીન હ૦ અલી અ૦ને તમામ હાલ બયાન કર્યો, હઝરત ઘણા ગમગીન થયા, પોતાના અસ્હાબોને ભેગા કરીને ખુત્બો પડયા અને ખુદા અને રસુલની તારીફ પછી કેટલીક બાબતો ફરમાવી.

સુન્નત જમાતની કીતાબ રવઝતુસ્સફામાં લખે છે કે મોઆવીયાએ હુકમ કર્યો કે અલી, હસન, હુસયન, અબદુલ્લા બીન અબ્બાસ અને મા- લીકે ઉશ્તર ઉપર લાનત કરો.

આ મુજબ દગા બાઝી અને એક તરફ મામલો થયો પણ કુફાના ઘણા એવા અક્કલના દુશ્મન હતા કે તેઓ કહેવા લાગ્યા કે અલી હક ઉપર નહીં હોય જો હક ઉપર હતે તો લવાદ શા માટે કરવા દેતે? પંચ શામાટે કરતે? એટલેસુધી કે કેટલાંક બોલ્યા કે "મઆઝઅલ્લાહ" અલી કાફર થઇ ગયા, અને ઉસમાન મોઆવીયા અલી એ સરવેને બદ બોલવા લાગ્યા, અને રફતે રફતે એવા દસ હજાર માણસનું ટોળુ થયું એ લોકોએતો લુટવુ અને કતલ કરવુ શુરૂ કર્યુ અને દીનથી ખારેજ (બાહેર) થઇ ખારજી થઇ ગયા અને ખારજીઓ મશહુર છે તે આ લોક છે અને શીઆહ તથા સુન્ની ખારજીને ખરાબ અને બદ ગણે છે.

ખારજીઓ એ પ્રમાણે રીતનો અને ફસાદ કરવા લાગ્યા ત્યારે હ૦ અલીએ એ લોકોને કાગળ લખ્યો અને ઘણી સમજુતી આપી પણ તેઓએ હઠ મુકી નહીં અને પોતાની અવળાઇ અને બેદીની અને કુફર ઊપર કાયમ રહ્યા.

હજરતે ઇરાદો કર્યો કે ખારજીયોને તેઓના હાલ ઉપર હાલ મુકી આપવા અને શામની ખબર લઇ મોઆવીયા જેને શામનો ગવરનર કરીને હ૦ ઉમરે મોકલ્યો હતો તે ગવરનરને બદલે ત્યાંનો ધણી અને હાકીમ થઈ બેઠો અને ખલીફો પણ થયો તેથી તેને એથી દુર કરવો, પણ ખારજીઓને પાંસરા કરવા એવો વીચાર નક્કી કરીને લશ્કર ભેગુ કર્યું એટલેસુધી કે એંસી હજાર માણસ ભેગા થયા ત્યાં ખબર મળી કે ખારજીયોએ યઝીદબીન હસીનને પોતાનો સરદાર કર્યો છે અને મદાએનમાં એકઠા થયા છે અને કુફાકની આજુ બાજુ બે ધડક કતલ અને ગારત અને લુટ ચલાવી છે એટલે સુધી કે કોઇ કોઇ અસ્હાબને પણ કતલ કરી નાખ્યા છે.

આવા રીતનો જાગવાથી હ૦ અલીએ ફરમાવ્યું કે શામ જવાની પહેલે આ ગુમરાહો ખારજીઓને ઠેકાણે પાડવા જોઈએ તેથી હુકમ કર્યો કે નહેરવાન તરફ ચાલો આ હુકમ થતાંજ લશ્કર નહેરવાન તરફ રવાના થયું આ ખારજીયોની ફોજથી ત્રણ માઇલ છેટે ઉતર્યું, હ૦ અલીએ અબ્દુલ્લાહ બીન અબ્બાસ અને અય્યુબ અનસારીને ખારજીયો પાસે સમજાવા મોકલ્યા પણ એ બદબખ્તો કોઇ રીતે માન્યા નહીં તેથી લડાઇના મયદાનમાં સફો તઇયાર થઇ હઝરતે એક અલમ ઊભો કરાવીને નીદા કરાવી કે જે શખસ ખારજીયોમાંનો અલમની નીચે આવે અથવા પાછો કુફે ચાલ્યો જાય તેને અમાન છે, આ સાંભળીને ઘણા જણ ખારજીયોમાંથી નીકળી ગયા કેટલાંક અલમની નીચે આવ્યા, કેટલાંક કુફે પાછા ગયા ફકત ચાર હજાર માણસ પોતાની હઠ ઉપર કાયમ રહીને લડ્યા તેથી એ સરવે કતલ થઈ ગયા ફકત દસ જણ ભાગી ગયા અને હઝરતના લશ્કરના ફકત નવ જણ શહીદ થયા, આ નહેરવાનની લડાઇ સને ૪૦ હીજરીમાં થઇ.

આ લડાઇ ફતેહ થયા પછી હ૦ અલીએ ફરમાવ્યું કે હવે અહીંયાથીજ શામ ચાલો મોઆવીયાની ખબર લઇએ. સરવેએ અરજ કરી કે અમારી કમાનોમાં તીરકશ ખાલી થઇ ગયા છે અને મુસાફરીનો સામાન પણ બરાબર નથી માટે પહેલે કુફે ચાલો ત્યાં જઇને મુસાફરીનો સામાન તઇયાર

કરીને શામ જશું. આ વાત હઝરતે કબુલ કરી કુફાની બાહેર ઉતરીને ફ-રમાવ્યું કે જેને જરૂરત હોય તે ગામમાં જાય એક રાતથી વધારે ન રહે, તમામ લશ્કર ગામમાં ગયુ તેથી હ૦ અલી પણ ગામમાં ગયા.

પછી આપે શામ જવાનો હુકમ આપ્યો અને ગામની બાહેર આવ્યા પણ ત્યાં પુરા હજાર માણસ પણ ભેગા થયા નહીં તેથી પાછા ગામમાં આવીને લશ્કર ભેગુ કરવાની તાકીદ કરી.

હજુ લશ્કર બરાબર ભેગુ થયુ ન હતુ ત્યાં માહે રમઝાનની ૧૯ મી તારીખે અબદે રહમાન બીન મુલજીમ મલઉને હઝરત અલી અ૦ સુબ્હની નમાઝ પડતા હતા તે વખતે ઝેર પાએલી તલવાર માથા મુબારક ઉપર એવા ઝોર-થી મારી કે કપાળ સુધી ઉતરી ગઇ, ઇમામે હસન અને હુસયન અ૦ ઘરે લઇ ગયા ત્રણ દીવસ ગમ અને માતમના ગુજર્યા માહે રમઝાનની ૨૧ મી તારીખે હ૦ અલીએ વસીયત કરી ને તમામ ઘરના લોકો તથા શીઆ-હને વીદા કરી બેહીશ્તે બરીં તરફ રવાના થયા. **"ઇન્ના લીલ્લાહે વઇ-ન્ના એલયહે રાજેઊન"**

હઝરત અલીની શહાદતનું કારણ વી૦ ખુલાસાથી અહવાલ અમોએ **"દુર્રે બેબહા"** માં લખેલ છે.

હ૦ અલીને શામ જવુ હતું પણ આપની જીંદગીનો જામ લબરેઝ થઇ ગયો અને એવો માઠો બનાવ બન્યો તેથી એ બાબત બની નહીં.

ફસલ ૧૨ મી.

જાહેલીયતનો ઝમાનો અને અહલેબત સાથે મરવાનીયાઓ વી૦ ની દુશ્મનીનું કારણ.

હદીસે મોવસ્સક બલકે સહીહમાં હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ થી મનકુલ છે કે હઝરતે **ઇસમાઇલ** ના ફરઝંદો એક પછી એક હમેશા ખાનએ કાઅબાના **મુતવલ્લી** થતા હતા, અને ખલાએક માટે **હજ** અને દીનના અહકામને કાયમ રાખતા હતા. એક બુઝુર્ગ પછી બીજા બુ-ઝુર્ગને વારસામાં એ ખીદમત મળી હતી એટલે સુધી કે અદનાન બીન ઔદનો ઝમાનો આવ્યો તે વખતે લોકોના દીલ સખત થઇ ગયા અને આપસમાં ઝગડો અને ફસાદ શુરૂ થયો અને ખુદાના દીનમાં બીદઅ-તો કરવા લાગ્યા, કેટલાકને હરમથી બાહેર કાઢી મુકયા.

પછી કેટલાક રોજીની તલાશ અને માલ માટે આલ્યા ગયા, અને કેટલાંક લડાઇ અને ફસાદના ખોફથી વીખેરાઈ ગયા, એ લોકોમાં હઝરતે ઇબ્રાહીમ અ૦ની મીલ્લતની ઘણી બાબતો જારી હતી. જેમકે બહેન વી૦ સાથે નીકાહ જાએઝ નહોતા તેમજ જે જે બાબતો ખુદાએ કુરઆનમાં હરામ ફરમાવી છે તે સરવેને હરામ જાણતા હતા; પણ બે બહેનની સાથે એકી વખતે નીકાહ કરવા એટલે બે બહેનોને સાથે ઘરમાં ઓરત કરીને રાખવી, મત્રાઇ મા સાથે તેમજ મત્રાઇ બહેન સાથે નીકાહ કરવા હલાલ જાણતા હતા, હજ કરતા હતા, તલબીયાહ કહેતા હતા, જનાબતનું ગુસ્લ કરતા હતા, પણ હજ અને તલબીયામાં બીદઅતો કરવા લાગ્યા, એટલેસુધી કે બુતપરસ્તી કરવી અને શીરકના કલેમા કહેવા એ બાબતો સાથે મેળવી આપ્યા.

અને હઝરતે ઇસમાઇલ અને અદનાનના ઝમાનાની વચ્ચે ૬૦ મુસા અ૦ પયગમબર થયા હતા, રીવાયત કરે છે કે મઅદ બીન અદનાનને ખોફ થયો કે ખાનએ કાઅબા જુનો થવાથી પડી જશે તેથી તેણે હરમને થંભ લગાડયા. અને જરહમનો કબીલો મક્કા ઉપર ગાલેબ થયો તો તેઓ કઅબાના મુતવલ્લી થયા, અને એક બીજાને મીરાસમાં એ ખીદમત મળતી હતી, છેવટે એ લોકોમાં પણ ઝુલમ અને ફસાદ શુરૂ થયો, એટલેસુધી કે કાઅબાની હુરમત બરબાદ કરી નાખી અને કઅબાનો માલ વાપરવા લાગ્યા અને જે કોઇ કાઅબામાં આવતુ તેના ઉપર ઝુલમ કરતા હતા, અને ફસાદ કરવામાં હદથી વધી ગયા, પણ એ ઝમાનામા એવું બનતુ કે જે કોઇ મક્કામાં ઝુલ્મ અને ફસાદ કરતો કાઅબાની હુરમતની હતક કરતો તે બહુ જલદી હલાક થતો હતો અને તેથીજ તેને મક્કા એટલે ઝાલીમોની ગરદન તોડનાર કહેવા લાગ્યા, અને તેને **બસાસા** પણ કહેતા હતા કેમકે સીતમ કરનાર હલાક થતો હતો, અને **ઉમ્મેરહુમ** પણ કહેતા હતા કેમકે જે કોઇ તેનો મુજાવર થતો તે ખુદાની રહમતનો સજાવાર થતો.

જ્યારે જરહમના કબીલાએ ઝુલમ અને ફસાદ બરપા કર્યો ત્યારે ખુદાએ તેઓ ઉપર કોલેરા વી૦ની બીમારીઓ મોકલી તેથી એ કબીલાના ઘણા માણસો હલાક થઇ ગયા. તે પછી ખોઝાઆહના કબીલાએ પોતાનુ ટોળુ ભેગુ કરીને જરહમના બાકીના માણસોને હરમથી ખારેજ કરવાનો ઇરાદો કર્યો અને તેઓ ઉપર ગાલેબ થઇ ગયા, જરહમના કબીલાના જુજ માણસો રહયા હતા તેઓ જોહનામાં ગયા ત્યાં પાણીની રેલ આવવાથી તે સરવે હલાક થઇ ગયા, તે પછી ખોઝાઆહ કાઅબાના મુતવલ્લી થયા.

તે પછી **કોસી** બીન **કેલાબ** હઝરતે રસુલેખુદા સ૦ ના દાદાના દાદાના બાપ ખઝાઆહ ઉપર ગાલેબ થયા અને ખોઝાઆહને ખારેજ કરીને ખાનએ કાઅબાની વીલાયત પોતાના હાથમાં લીધી.

સહી સનદને આધારે હઝરતે સાદેક અ૦થી મનકુલ છે કે અરબો હમેશા હઝરતે ઇબરાહીમ અ૦ની મીલ્લત પ્રમાણે કેટલીક બાબતો ઉપર ચાલતા હતા; જેમકે સીલેરહમ કરવી, મહેમાનોની ખાતેરદારી કરવી, ખાનએ કાઅબાનો હજ કરવો, અને તેઓ કહેતા હતા કે યતીમનો માલ ખાવાથી ડરો કેમકે યતીમનો માલ ખાએ તેને તરત સઝા મળે. છે તો સજાની બીકથી ઘણા હરામ કામોથી બચતા હતા, કેમકે જ્યારે હરામ કામ કરતાં ત્યારે બહુજ જલદી કોઇ બલામાં ફસાઇ જતા હતા હરમના ઝાડની છાલ ઊંટની ગરદનમાં બાંધતા હતા અને તે ઊંટ જ્યાં જતા ત્યાં કોઇ તેને પકડવાની શકતી રાખતો ન હતો, અને એવી પણ શકતી કોઇને ન હતી કે હરમના ઝાડ સીવય બીજા ઝાડની છાલ બાંધે, અને અગર કોઇ તેથી ઊલટુ કરતો તો તરત કોઇ પણ બલામાં સપડાઇ જતો. અને આ ઝમાનામાં એ બલાઓથી અમંનો અમાન અને મોહલત છે અને હકતઆલા જલદી સજા આપતો નથી બલકે આખેરતમાં અઝાબ કરવાનું રાખ્યું છે.

દીન બદીન એ લોકોમાં જાહીલીયત વધી ગઇ અને જંગલી બની ગયા, અરબોના હાલમાં લખે છે કે ઇસલામની પહેલે લાંબી મુદ્દતથી એ લોક દરયાને કીનારે રહેતા હતા અને ફકત માછલીયોનો શીકાર કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા અને હમેશા એજ કામમાં મશગુલ રહેતા હતા, કોઇ વખતે શીકાર વધારે મળતો કોઇ વખતે બહુજ થોડો, અને હયવાન અને તેઓમાં ફરક કરવો મુશકીલ થઇ પડે એવી હાલતમાં આવી ગયા હતા.

જ્યારે શીકારથી અણગમો થયો ત્યારે બકરા એકઠા કરવા અને ચરાવવા અને પાળવાનો ધંધો મેળવ્યો અને બકરા ઊંટ ઘોડા વી૦ના ધણ ભેગા કરવા લાગ્યા અને એ ધણો લઇને જંગલો જંગલ રખડતા જ્યાં ચારો અને પાણી મળે ત્યાં વતન સમજી રહેતા હતા.

પછી રફતા રફતા કાંઇ વહેપાર કરવા લાગ્યા તેમજ ચોરી અને લુટફાટ કરવાનો પેશો ઇખતીયાર કર્યો, કોઇ કાફલો તેઓની પરવાનગી વીના એ તરફથી સલામત જઇ શકતો ન હતો, કોઇ મુસાફર એકલો ભોગ જોગે મળી જતો હતો. તો તેઓનો શીકાર થઇ પડતો હતો.

જાહેલીયતના ઝમાનામાં આપસમાં વાત વાતમાં અને નજીવી બાબતમાં લડાઇ કરતા હતા એ તેઓની લડાઇયોની ગણત્રી સત્તરસો કહે છે અને કોઇ બારસો કહે છે, એક વખત ઘોડા દોડાવાની શરતમાં આપસમાં તકરાર થયો અને તેથી એવી લડાઈ થઇકે તે લડાઇ તેઓમાં ચાળીસ વરસ સુધી રહી.

અરબોમાં સોગનો વીચીત્ર રીવાજ હતો જ્યારે કોઇ સ્ત્રીનો શવહર મરી જતો ત્યારે કુટુંબના લોક તે ઓરતને રેતીના ઉજાડ રણમાં લઈ જઇને મુકીઆવતા હતા, તેણી એકલી સખત મુસીબતમાં એક ઝુંપડામાં પડી રહેતી હતી, અને કુટુંબનું ખાસ એક માણસ તેણીને ખાવાનું આપવા જતું એટલેસુધી કે એક વરસ પછી તેણીને ત્યાંથી લાવતા હતા પણ લાવવાનો રસમ પણ બદ હતો એ ખરાબ અને બદ રસમને કરીને પછી તેણીને આવવા દેતા હતા.

અરબોમાં કેટલીક કોમ રહેતી હતી જેમકે યહુદી, ઇસાઇ, સાએબીન, (તારા ચંદ્ર સુર્ય વી૦ને પુજનાર) અરબોના દરેક કબીલાનો જુદો જુદો એક બુત હતો તેઓ કોઇ કોઇ વખતે એ બુતોને બદલી નાખતા હતા, પણ કાઅબાના બુતને બદલતા ન હતા.

અરબ લોકો એ બુત (મુર્તી) ની પુજામાં કુરબાનીયો કરતા હતા એટલેસુધી કે એ બુત માટે પોતાના છોકરાની પણ કુરબાની કરતા હતા એટલે છોકરાને બુતની સામેં કાપી ચડાવતા હતા, અને કોઇ વખતે કુરબાની ને બદલે કાંઇ કફ્ફારો (બદ્લો) પણ આપતા હતા,

અરબ લોક આગને પણ પુજતા હતા સીતારાને માનતા હતા અને નજુમીયોએ બતાવેલી બાબતો ઉપર અમલ કરતા હતા, ખુદાને માનવાની વાત પણ ન હતી, જૂગાર શરાબ અને ઝીનાખોરી ઊઘાડે છોગે કરતા હતા, તો જ્યારે તેઓમાં એવી ખરાબી અને જહાલત પેઠી અને ખુદાને એક કરીને માનનાર હઝરતે રસુલેમુખતારના બાપ દાદા તકયામાં રહેતા હતા એવા વખતમાં ખુદાએ તેઓની **હીદાયત** માટે હઝરતે મોહમ્મદે મુસ્તફા સ૦ને પયગમબર કરીને મોકલ્યા અને આપની હીદાયતની બરકતથી એવી સખત નાદાની અને સજ્જડ જહાલત ટુંક મુદતમાં દુર થઇને એ લોકો એવા તો સુધરી ગયા કે બીજા દેશ વાળા હસદ કરવા લાગ્યા, અને કોઇ ઇનસાનની મકદુર ન હતી કે એ જંગલીઓને સુધારીને ઇનસાન બનાવે તેઓના જહાલતના ખરાબ રીવાજોના લાકડા અને ધોંસરાને કાઢીને સારે મારગે લાવે, તેઓના દીલમાં બુત અને આગની મોહબ્બત ઠસી ગઇ હતી અને તેને પૈદા કરનાર જાણતા હતા તેને તજી દઇને ખુદાએ વહદહુ લાશરીકની ઇબાદત કરવામાં મશગુલ કરે, પણ ખાસ ખુદાની મદદ અને એ પૈગમબરની ખાલીસ અને ચોખી નીય્યતના સબબથી ઇસ્લામની રોશની ચારે તરફ ફેલાઇ ગઇ.

ફસલ ૧૩ મી.

બની હાશમ બની અબ્બાસ અને બની ઉમય્યહની ઓળખાણ.

બની ઉમય્યહ અને બની અબ્બાસીયોના ખલીફાઓનો હાલ લખવામાં આવે છે તેથી પહેલે બની હાશમ અને બની ઉમય્યહ અને બની અબ્બાસની ટુંક વંશાવળી લખવામાં આવે છે.

અરબીમાં **"બની"** અવલાદને કહે છે, જેમકે **"બની ઇસરાઇલ"** એટલે ઇસરાઇલની અવલાદ, અને **"બની હાશમ"** એટલે હ૦ હાશમની અવલાદ, અને **"બની ઉમય્યહ"** એટલે ઉમય્યહની અવલાદ, અને **"બની અબ્બાસ"** એટલે અબ્બાસની અવલાદ.

બની હાશમ, બની ઉમય્યહ, બની અબ્બાસ, એ સરવે હઝરતે **અબ્દેમનાફ** ની અવલાદમાંથી છે, અને હઝરતે અબ્દે મનાફ હઝરતે રસુલેખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ના દાદાના દાદા થાય છે.

હઝરતે અબ્દેમનાફના ૪ દીકરા હતા.

૧—હાશમ ૧—અબ્દુશશમ્સ ૧—નવફીલ ૧—મુત્તલીબ.

હ૦ હાશમ ની અવલાદમાં હઝરતે રસુલેખુદા, જનાબે અલીગે મુરતઝા, અને અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ વી૦ છે.

અબ્દુશશમ્સ ની અવલાદમાં ઉમય્યહ, અને ઉમય્યહની અવલાદમાં મોઆવીયહ અને મરવાન વી૦ છે.

હઝરતે રસુલેખુદા અને અલીયે મુરતઝા વી૦ બની હાશમ કહેવાય છે મોઆવીયાહ અને મરવાન વી૦ બની ઉમય્યહ કહેવાય છે.

અબ્દુલ્લાહ બીન અબ્બાસ બની હાશમ છે, પણ તેઓ હઝરતે હાશમના પોતરા અબ્બાસને નામે બની અબ્બાસ કહેવાય છે, બની ઉમય્યહમાં મોઆવીયહ યઝીદ મરવાન વી૦ ખલીફા થયા, અને બની અબ્બાસમાં હારૂન રશીદ વી૦ ૩૭ ખલીફા થીઆ, અને એ બન્ને ખાનદાને એટલે બની ઉમય્યહ અને બની અબ્બાસે હઝરત અલી અને તેઓનાં અવલાદ ઉપર બેહદ ઝુલ્મ કર્યા છે જે મશહુર છે. વધારે સમજુતી માટે બની હાશમ બની અબ્બાસી બની ઉમય્યહનો શજરો પાછળ આપવામાં આવે છે.

શજરો અબ્દેમનાફ. વંશાવળી.

- હાશમ
  - અબ્દુલમુત્તલીબ
    - અબ્બાસ
      - અબ્દુલ્લાહ
        - આની ઓલાદમાં ૩૭ ખલીફા હારૂન રશીદ વી૦ થયા છે
    - અબ્દુલ્લાહ
      - હ૦ મોહમ્મદ
        - ફાતેમાહ
    - અબુતાલેબ
      - હ૦ અલી
        - હસન
        - હુસયન
- અબ્દુશ્શમ્સ
  - ઉમય્યહ
    - હરબ
      - સહર
        - અબુસુફયાન
          - મોઆવીયહ.
            - યઝીદ.
    - અબુલઆસ
      - હકમ
        - મરવાન
          - આની ઓલાદમાં અબ્દુલમલીક વી૦ ખલીફા થયા છે.

ફસલ ૧૪ મી.

બની ઉમય્યહમાંથી થીએલા ખલીફા, અને બની હાશમ સાથે દુશમનીનું કારણ.

બની હાશમ અને બની ઉમય્યહની અવલાદમાં જે દુશ્મની ફેલાણી તે ઇસલામના સબબથી હતી, કેમકે હઝરતે રસુલેખુદાએ ખુદાએવહદહુ લાશરીક ને માનવા કહ્યું અને કુરેશના કુફ્ફારો પોતાના બુતને ખુદા કહેતા હતા, સુન્નત જમાતની કીતાબ તારીખે ખોલફામાં લખે છે કે હઝરતે રસુલેખુદા સ૦ પોતાની નબુવ્વત જાહેર કરી તેથી કુરેશીઓ અને બની ઉમય્યહવી૦ હઝરતે રસુલેખુદા સ૦થી વીરૂદ્ધ થઇ ગયા, કુરેશ અને બની ઉમય્યહનો સરદાર (મોઆવીયાહનો બાપ) અબુસુફયાન બીન હરબ હતો, (અને તે મુશરીક બુતપરસ્ત હતો) અને તેની પાસે માલ પણ ઘણો હતો, હઝરતે રસુલેખુદા સ૦ સાથે બહુજ દુશમની અને અદાવત રાખતો હતો.

હીજરતને બીજે વરસે એજ અબુસુફયાન અને હઝરતે રસુલેખુદા સ૦ વચે લડાઇ થઇ અને ઇસલામમાં એ પહેલી લડાઇ થઈ છે, જેનું નામ જંગેબદર છે એ લડાઇમાં સામે વાળા અબુસુફયાન અને કુરેશીઓ હતા, તેઓની સંખ્યા એક રીવાયત પ્રમાણે નવસોથી વધારે હતી, અને ઇસલામીયો ફકત ૩૧૩ જણ હતા. ઇસલામી લશકરમાં ૭૦ ઊંટ અને બે ઘોડા અને છ બકતર અને આઠ તલવારો હતી, અને એ લડાઇમાં ફીરીશ્તાઓએ પણ મદદ કરી, આ લડાઇમાં ઇસલામીયો ૧૪ જણ શહીદ થયા; અને કુફ્ફારો ૭૦ જણ જહન્નમ વાસીલ થયા. તેમાં અબુજેહલ પણ કતલ થયો, અને માઆવીયાનો બાપ અબુસુફયાન ઝખમી થયો એ ૭૦ જણમાં ૨૭ જણને હઝરત અલીએ કતલ કર્યા, અને આ લડાઇથી ઇસ્લામીયોની મોટી ફતેહ થઇ.

એ લડાઇ પછી બીજે વરસે એટલે સને ૩ હીજરીમાં એજ અબુસુફયાન અને કોરેશીઓએ હઝરત સાથે લડાઇ કરી, તે લડાઇને "જંગે ઓહદ" કહે છે, એ લડાઇમાં ઇસલામી સાતસો અને કુફ્ફારો પાંચ હજાર હતા. કુફ્ફારોએ પોતાની સ્ત્રીયોને પણ સાથે લીધી હતી તેણીઓ દફ અને સરણાઇયો વગાડતીયો હતી. અબુસુફયાને પોતાની ઓરત હીંદા ને પણ સાથે લીધી હતી, અને એ કુફ્ફારોનો પોતે સરદાર હતો.

આ લડાઇમાં હઝરતે રસુલેખુદા સ૦ના કાકા જનાબે હમઝા અને હઝરત અલી એ બન્ને શુરવીર અને બહાદુર બહુજ બહાદુરી અને જવાંમરદીથી લડયા છે; અને ઘણા કુફ્ફારોને જહન્નમ વાસીલ કર્યા, અને બન્ને બુઝુર્ગવાર મળીને લડતા જતા હતા પણ આગળ જતા બન્ને જુદા પડી ગયા, અને એ બન્ને સાહેબોની વચ્ચે ઘણા કુફ્ફારો આવી ગયા. એક તરફ હ૦ અલી અ૦ અને બીજી તરફ જનાબે હમઝા કુફ્ફારો સાથે લડી રહ્યા હતા, લખે છે કે એક વહશી ગુલામને અબુસુફ્યાનની ઓરત હીંદાએ કેટલીક બાબતનો વાયદો આપ્યો તેથી લલચાઇને તે મલઊન એ લડાઇના મયદાનમાં કુફ્ફારોના ટોળામાં હાથમાં લોઢાની ઇંટ લઇને હઝરત અલી તરફ ગયો પણ નજરો નજર જોયું કે એ શેરેખુદા એવી રીતે લડે છે કે જેને મારે તેના બબે ચાર ચાર કટકા કરી નાખે છે, કુફ્ફારોના માથા ધડ ઉપરથી ધડાધડ ઉતારે છે કોઇને બોલવા કે દમ લેવાની ફુરસત આપતા નથી આ જોઇ તે મરદુદ ધ્રુજી ગયો અને એકદમ ભાગીને હઝરતે હમઝા તરફ ગયો ત્યાં પણ એજ હાલ જોયો કે એ સાહેબ પણ ખુબ જંગ કરી રહયા છે,.તે મરદુદ એક પત્થર અને બીજી રીવાયત મુજબ ઝાડની આડો છુપી ગયો. અને દગાથી ઓચીંતો તે ઇંટનો અને બીજી રીવાયત મુજબ નેઝો હઝરતે હમઝાને છાતી ઉપર માર્યો તેથી એ નામદાર ઘોડાથી પડી ગયા અને બીજા મલઉનોએ ભેગા થઇ એ જન્નતી બહાદુરને શહીદ કર્યા.

અબુસુફ્યાનની ઓરત માઅવીયાની મા હીંદાને ખબર પડી કે વહશી ગુલામે હઝરતે હમઝાને શહીદ કર્યા તેથી મયદાનમાં આવી હઝરતે હમઝાનું પેટ ચીરી ને કલેજુ કાઢીને હીંદાએ ચાવ્યું, અને હઝરતે હમઝાના કાન અને નાક વી૦ કેટલાંક અવયવ કાપી નાખ્યા.

આ લડાઇમાં હઝરતે રસુલેખુદાને એકલા મુકીને હઝરત અલી સીવાય બીજા તમામ જણ ભાગી ગયા હતા. અને એવો મવકો જોઇને કેટલાંક મલઊનોએ કહ્યું ચાલો રસુલેખુદાને મારી નાખીએ એટલે આ રીતનો અને ફસાદ મટી જાય, અને હઝરત ઉપર તુટી પડયા હઝરતના કપાળ ઉપર પથરાના ઝખમ થયા હઝરતના દાંત મુબારક તુટી ગયા, આ લડાઇમાં હઝરત અલીએ એવી બહાદુરી કરી કે જીબરઇલે કહ્યું **"લા સયફ઼ ઇલ્લા ઝુલફેકાર લાફ઼તા ઇલ્લા અલી"** હાસલકલામ બની ઉમય્યહ અને બની હાશમના ખાનદાનમાં આ પ્રમાણે દુશમની ચાલી આવતી હતી, અને મોઆવીયાહના દીલમાં હઝરત અલીની એજ દુશ્મની હતી કે તેના વડીલોને ઇસલામને ખાતર અને એવા એવા બનાવ બનવાથી કતલ કર્યા હતા, અને

તેથીજ મોઆવીયાએ એ કીનો કાઢયો, અને યઝીદે પણ એ... પોતાના વડીલોનો બદલો લીધો અને એજ રસુલેખુદાના નવાસા ઇમામે ... અ૦ ને શહીદ કરીને ફખર કરતો હતો, જેમકે બેહારૂલ અનવારમાં ... કે જ્યારે યઝીદની સામે ઇમામે હુસયન અ૦ તથા બીજા શહીદોના ... આ તો તે મલઉન કેટલાંક શેઅર પડયો તેનો મતલબ એ કે તેણે ... અ-મોએ અમારા ઝાલીમોના માથા કાપ્યા કે તેઓ અમારા ઉપર ... હતા, અને બોલ્યો આ અમારા ઉપર ફખર કરતો હતો અને કહેતા હતો કે મારો બાપ યઝીદના બાપ કરતા બેહતર છે, અને મારી માં યઝીદની ... કરતા બેહતર છે, અને મારા જદ યઝીદના જદ કરતા બેહતર છે, અને હું યઝીદ-થી બેહતર છું, તો આવી વાતોએ તેઓને કતલ કરાવ્યા.

અને બીજી જગ્યોએ લખે છે કે યઝીદ મલઉને નેતરની સોટી મંગા-વી અને ઇમામે હુસયન અ૦નું સર સામે રાખેલું તેઓના દાંત મુબારક ઉપર મારતો હતો, તે વખતે અબુબુરીદાએ અસલમી એ હાલ જોઇને બો-લ્યો અએ યઝીદ તારા ઉપર વાય થાય અરે તું હુસયનના દાંત ઉપર છડી મારે છે?!! હું ગવાહી આપુછું કે મેં મારી નજરે જોયું છે કે પયગમબરે ખુદા હસન અને હુસયન અ૦ના દાંતોને ચુસતા હતા અને ફરમાવતા હતા કે તમો બન્ને બેહીસ્તના જવાનોના સરદાર છો હકતઆલા તમારા કાતેલોને કતલ કરે અને લાઅનત કરે અને તેઓ માટે દોઝખ હોજો અને દોઝખ બહુજ બુરી જગ્યો છે.

રાવી કહે છે કે આ સાંભળીને યઝીદ ગુસ્સે થયો અને અબુબુરીદાને કાઢી મુકાવ્યો, અને કેટલાંક શેઅર બોલ્યો જેનો ખુલાસો એ કે મારા વડીલો જંગે બદર વી૦ વી૦ માં માર્યા ગયા તેઓ કાશ આ વખતે અ-હીંયા મવજુદ હતે તો ખુશીથી શોર મચાવતે અને લાંબા લાંબા સાદે કહેતે કે ઓ યઝીદ તારા હાથ શલ ન થાઓ.

હવે બની ઉમય્યહમાંના ખલીફાઓનો ટુંક ટુંક અહવાલ લખવામાં આવે છે.

(૧) મોઆવીયાહ બીન અબુસુફયાનછે, લખેછે કે જ્યારે હ૦અલી શહીદ થયા અને એ ખબર મોઆવીયાને પડી તો ઘણો ખુશી થયો, જેમકે શરીક ઇબ્ને અબદુલ્લાહ ખુદાની કસમ ખાઇને કહે છે કે જ્યારે હ૦ અ-લીના કતલ થવાની ખબર આવી ત્યારે મોઆવીયો તકયો લગાડીને બેઠો હતો, એ ખબર સાંભળતાજ દુરૂસ્ત બેઠો; પછી કહ્યું ઓ લોંડી ગાયન ગા

કે આજે મારી આંખો ઠંડી થઇ; આ હુકમ થતાંજ લોંડી ગાવા લાગી અને ગાયું તેનો ટુંક ખુલાસો એ કે મોઆવીયાહ ઇબ્ને અબુસુફ્યાનને ખબર આપો કે શમાતત કરનારની આંખો થંડી નહીં થાય, અને તમોએ અમોને રોઝા મહીનામાં એવા શખસની ગમી અને મુસીબતમાં મુબતેલા કર્યા કે જે તમામ કરતા બેહતર હતો; એવા શખસને કતલ કર્યો કે જે ઊંટ અને ઘોડાના સ્વારોમાં બેહતર હતો; તેમજ તે કસ્તી ઉપર સ્વાર થનારાઓ કરતાં અફઝલ હતો.

મોઆવીયાએ અવુ ગાણું સાભળ્યું તેથી તેની પાસે એક થાંભલો પડયો હતો તે ઉપાડીને તેના માથા ઉપર એવા જોરથી માર્યો કે તેનું ભેજું નીકળી ગયું.

હ૦ અલી અ૦ની શહાદત પછી અશઅસ બીન કયસ લી૦ને છુપી રીતે મોઆવીયાએ લખ્યું કે અગર કોઇ પણ રીતે ઇમામે હસનને હલાક કરો તો હું બે લાખ દીરહમ રોકડા અને કોઇ પણ શહેરના ગવરનર કરીશ, કુફાના રઇસોને પણ મ્હોટી મ્હોટી લાલચ આપીને ઇમામે હસનથી ફેરવી નાખ્યા; જમાઅતના ઘણા મોટેરાઓએ મોઆવીયાને લખ્યુ તું કુફે આવ, અને મવકો જોઇ ઇમામે હસનને પકડીને તને સોંપી દેશુ, આવા સમાચારથી મોઆવીયા કુફા તરફ રવાના થયો; ઇમામે હસન અ૦ને ખબર પડવાથી આપ પણ લોકોને સાથે લઇને રવાના થયા; અને પોતાની આગળ એક લશકર મોકલ્યું તેના સરદારને મોઆવીયાએ ડરાવી લાંચ આપવી કરી પોતા તરફ ખેંચી લીધો; અને કહ્યું હસન ખીલાફત મને આપે છે અને સુલેહ કરવા રાજી છે માટે લડાઇ ન કરો. અને ઇમામે હસન અ૦ને ખબર પડવાથી પોતાના લશકરમાં વાત કરી કે ખુનરેજી થવા કરતા મુસલમાનોમાં સંપ રહે તે વધારે પસંદ કરૂછું; આ સાંભળીને કેટલાક બોલ્યા જોયું? આ પણ પોતાના બાપની જેમ મોઆવીયા સાથે સુલેહ કરવા ચાહેછે તે પણ, "મઆઝઅલ્લાહ" કાફર થઇ ગયા, એવી ન છાજતી વાતો કરી બલવો કર્યો અને હઝરતનો તમામ સરસામાન લુટી લીધો એટલે સુધી કે હઝરતની નીચેથી મુસલ્લો પણ ખેંચી લીધો; કેટલાંક ખાલીસ ઇમાન વાળા હતા તેઓ હઝરતની ચારે તરફ થઇ બલવા ખોરોના તોફાનથી બચાવ્યા, મોઆવીયાએ સુલેહનો કાગળ લખ્યો આપે જોયું કે તમામ જણ ફરી ગયા છે હવે આ ખાસ ખાસ થોડા જણુ છે તેઓને સાથે લઇને જહાદ કરીશ તો આ બીચારા માર્યા જશે તેથી સુલેહથી ઇનકાર કરવો મુનાસીબ જાણ્યો નહી તેથી નીચેની શરતો મુજબ સુલેહ કબુલ કરી;

૧—મોઆવીયા પોતે પોતાની હયાતી સુધી હુકુમત કરે અને કોઇને પણ પોતાની પાછળ માટે ખલીફો મુકરરર કરે નહીં.

૨—દરવરસે દસલાખ દીરહમ ઇમામ હસન અ૦ને આપ્યા કરે.

૩—ઇમામે હસન તથા ઇમામે હુસયન તથા તેઓને માનનારશીઆહ જ્યાં હોય ત્યાં અમનો અમાનમાં રહે તેઓને સતાવવા નહીં

૪—હ૦ અલી, ઇમામે હસન, ઇમામે હુસયન તથા તેઓના શીઆહને મોઆવીયાએ બદ બોલવાનો હુકમ કરેલ તે બંધ કરે અરસ પરસ સહીયો અને સાક્ષીઓ કરાવી.

સુન્નત જમાતની કીતાબ તારીખે ખોલફામાં લખે છે કે હ૦ અલીને બદ નબોલવું અને તેઓ ઉપર તબર્રરો ન કરવો એ શરત મોઆવીયાએ કબુલ કરી નહીં, અને કહ્યું આ વાત ઇખતીયારથી બાહેર છે અમો કોને કોને રોકીશું લોકોએ ઇમામ હસનને સમજાવ્યા કે પીઠ પાછળ કોઇ કોઇને કાંઇ કહે તેમાં શું? એથી એ શરત વીના સુલેહ થઇ, પછી લખે છે કે દમિશ્ક (શામ) માં હઝરત અલીના નાંમ ઉપર દરેક જુમ્માને દીવસે તબર્રરો થતો હતો, અને ઉમર બીન અબદુલ અઝીઝે પોતાના વખતમાં એ રીવાજ બંધ કાઢ્યો જેમકે તેની ખીલાફતના બયાનમાં આવશે.

પછી મોઆવીયા સમજ્યો કે હવે લડાઇનો સંભવ રહયો નહીં અને ચયનશી હુકુમત કરવાનો વખત આવ્યો અને શામ તથા કુફા વાળા ઓએ ઇજમાઅ કરી તેને ખલીફો ઠેરાવ્યો તો તે વરસનુ નામ સુન્નત અહે જમાઅત રાખ્યું.

તે પછી પોતાનુ જોર વધી ગયું તેથી હ૦ અલીના શીઆહ ઉપર જુલમ કરવો શુરૂ કર્યો અને પોતા તરફથી મોકલેલા ગવરનરોને લખ્યું કે અલીના શીઆહને ગમે તે તોહમત મુકીને ઇજા આપવી, અવો હુકમ થવાથી હાકીમોએ શીઆહને ગીરફતાર કરવા કતલ કરવા નાક કાન કાપવા શુરૂ કર્યા એટલે સુધી કે કેટલાંકના હાથ પગ કાપી નાખ્યા, કેટલાંકને ઝાડ સાથે ટાંગી દીધા, કેટલાંકને કેદ કરી ને હલાક કરી નાખ્યા,

સુન્નત જમાતની કીતાબ "સીરતુલ મોહમ્મદીયાહ" ના ૫૭૭ પેજમાં લખે છે કે સને ૪૧ હીજરીમાં હજર ઇબ્ને અદી અને હ૦ રસુલેખુદા સ૦ના બીજા પાંચ અસહાબો મળી એ ૬ જણને હ૦ અલીની રીફાકત ના સબબથી મોઆવીયાએ કતલ કરાવ્યા.

એ શીવાય શીઆહ ઉપર ઘણા ઝુલમ કર્યા જેમકે "તોહફતુરસા એમીન" નામની કીતાબમાં ખુલાસાથી અમોએ લખેલ છે.

મોઆવીયાહના દીલમાં એ વાત નક્કી હતી કે પોતાની પાછળ યઝીદ ને ખલીફા કરી જવો, પણ અહદ નામામાં લખી આપેલું કે પોતે ખીલાફત કરે અને પાછળ માટે કોઇને ખલીફા કરે નહીં, તેથી ડરતો હતો કે જો યઝીદને ખલીફા કરીશ તો કોઇ રીતનો ભીહશે તેથી એવું ઠેરાવ્યું કે ઇમામે હસન અ૦ કોઇ રીતે કતલ થાય તો પછી કાંઇ વાંધો આવે નહીં તો હમેશા એજ તદબીર અને ફીકરમાં હતો.

ઇમામે હસન અ૦ એક વખત મુસલ ગયા અને ત્યાં જેને ઘરે ઉતર્યા તેને મોઆવીયાએ લાંચ આપી ઇમામે હસનને ઝેર ખવરાવા લખ્યું અને તેણે ખાણામાં ત્રણ વખત ઝેર ખવરાવ્યું હઝરતને ઇજા થઇ છેવટે શીફા થઇ, હજુ એ દરદમાં હતા ત્યાં એક જણે મોઆવીયાની શીખવણીથી પોતાને આંધળો ઠેરાવી ઇમામના પગ ઊપર એક લાકડી કે જેની નીચે છુપી રીતે એક ભાલુ હતું તે ભોંકી દીધી.

ઇમામે હસન અ૦ મદીને આવ્યા ત્યાં પણ ચયનથી રહેવા આપ્યા નહીં, સુન્નત જમાતની કીતાબ "તઝકેરએ ખવાસુલ ઉમ્મહ" માં શીબ્ત ઇબ્ને જવઝીએ રીવાયત લખી છે કે મોઆવીયાએ ઇમામે હસન અ૦ની ઓરત જોઅદાને પયગામ મોકલ્યો કે હઝરતને ઝેરથી મારી નાખ તો એક લાખ દીરહમ આપીશ, અને યઝીદ સાથે નીકાહ કરી આપીશ, તેણીએ ઇમામે હસન અ૦ને ઝેર ખવરાવીને શહીદ કર્યા, અને વાયદો વફા કરવાનો પયગામ મોકલ્યો તો મોઆવીયાએ દીરહમ તો મોકલ્યા પણ યઝીદ સાથે નીકાહ કરવા વીશે ઇનકાર કરીને કહ્યુ મને યઝીદ પ્યારો છે તેની ઝીંદગીને દોસ્ત રાખુ છું; અને એક રીવાયતમાં છે કે બે લાખ દીરહમ આપવા કર્યા હતા તે આપ્યા, અને યઝીદને કહ્યું જોઅદા સાથે નીકાહ કર કેમકે મેં વાયદો કર્યો છે, યઝીદે કહ્યું મારા માટે ફરઝંદે રસુલને મારી નાખો તો બીજા માટે મને મારી નાંખે તો શું નવાઇ?

સુન્નત જમાતની કીતાબોમાં છે કે હ૦ રસુલેખુદા સ૦ની બીબી ઉમ્મુલ મોઅમેનીન હ૦ આએશા કે તેઓ હ૦ અબાબકરની દીકરી હતા તેઓને મોઆવીયો મારી નાખ્યા છે, જેમકે તેઓની કીતાબોમાંની એક કીતાબ "હબીબુસ્સીયર" માં છે કે તારીખે હાફીઝે અબરૂમાં રબીઉલ અબરાર" અને "કામેલુસરીના" માં મનકુલ છે કે સને ૫૮ હીજરીમાં મોઆવીયા પોતાના છોકરા યઝીદની બયઅત લેવરાવા મદીને આવ્યો અને

ઇમામે હુસયન, અબ્દુર રહમાન બીન અબુબકર, અબ્દુલ્લા બીન ઝોબેર તેનાથી નારાજ થયા અને હ૦ આએશાએ મોઆવીયાને ઠપકો આપી એતેરાઝ કર્યો તેથી તેને માઠું લાગ્યું, અને પોતાને ઊતારે જઇ ઘરમાં એક ખાડો ખોદાવી સાંઠીકાથી મોઢું ઢાંકી દઈ તેના ઊપર આબનુસની કુરસી રાખી, અને હ૦ આએશાને મીજબાનીના બહાનાથી બોલાવી તે કુરસી ઉપર બેસાર્યા તેથી ઉમ્મુલ મોઅમેનીન હ૦ આએશા તેમાં પડી ગયા, મોઆવીયાએ ચુના અને ઇંટથી એ ખાડો પુરાવી દીધો અને ત્યાંથી મક્કે ચાલ્યો ગયો.

સુન્નત જમાતની તવારીખની કીતાબોમાંછે કે યઝીદ શરાબ પીતો હતો મુરગા અને વાંદરાઓની રમત કરતો હતો તંબુરા અને સારંગીનો શોખ રાખતો હતો એવા નાલાયકને ખુદાના બંદાઓ ઉપર મોઆવીયાએ ખલીફો મુકરરર કર્યો તે મ્હોટી ખતા કરી, શીઆહ કહે છે એથી મોટી ખતા કઇ હશે કે ઇમામે હસન અ૦ને ઝેર અપાવી શહીદ કર્યા. અને હઝરત અલીની સાથે લડાઇયો કરી અને હ૦ અલી શહીદ થયા તો ખુશી કરી, એટલીબધી અનાતી અને ખતાઓ મોઆવીયાએ કરી છતાં સુન્નત જમાઅત વાળા કેટલાંક તેને ખલીફો, કેટલાંક અમીર, કેટલાંક બાદશાહ કહે છે. અને સુન્નત જમાતની કીતાબ તારીખે ખોલફામાં લખે છે કે મોઅવીયાહ અને તેના વઝીર ઉમરઆસનો અલ્લાહતઆલા પાસે શું મામલો થશે તેને અલ્લાહ પોતેજ જાણે છે, અને એમ પણ લખે છે કે મોઆવીયાની બગાવતથી એહલે ઇસલામમાં જે ખુનરેજી થઇ તેનો ઇનસાફ અલ્લાહ ઊપર મુકવો જોઇએ અને તેને બુરૂ ભલુ કહેવું તે સુન્નત વલ જમાઅતના અકીદા નથી, પણ તેની બગાવતમાં શક નથી; અને યઝીદ ઉપર તો સુન્નત જમાત વાળા પણ લાઅનત કરે છે. હાસલકલામ સને ૬૦ હીજરીમાં "શામ" માં મોઆવીયા મરી ગયો અને યઝીદ ખલીફો થયો, મોઆવીયાની ઉમ્મર ૮૦ બરસની થઈ હતી, તેમાં ૨૦ વરસ હુકુમત ભોગવી.

(૨) યઝીદ બીન મોઆવીયાહછે મોઆવીયા પછી યઝીદ ખલીફો થયો યઝીદે મદીનાના ગવરનર મરવાનને બદલીને વલીદ બીન ઊતબાને મદીનાનો હાકીમ કર્યો, અને તેને લખ્યું કે મદીનાવાળાઓ પાસેથી મારી બયઅત લે, અને ખાસ કરીને ઈમામે હુસયન, અબદુલ્લાહ બીન ઉમર, અબ્દુલ્લાહ બીન ઝોબેર, અને અબ્દુર રહમાન બીન અબાબકર થી જરૂર બયઅત લેજે, અને જો ઇનકાર કરે તો તેઓના માથા કાપીને મારી પાસે

મોકલી આપ; આ ખબર સાંભળીને એ લોકોમાંથી કોઇ ભાગી ગયું કોઇ છુપી રહ્યું અને ઇમામે હુસયન અ૦ પણ મદીના મુકીને બાલ બચ્ચા અહલેબયત સહીત રજબ મહીનામાં મક્કે રવાના થઇ ગયા,

કુફાવાળાઓને ખબર પડી કે મોઆવીયા મરી ગયો અને યઝીદની બયઅત લેવાય છે તો તેઓએ યઝીદની બયઅતનો ઇનકાર કર્યો અને ઇમામે હુસયન અ૦ સાથે બયઅત કરવા રાજી થયા, ઇમામે હુસયન અ૦ ને કાગળો ઉપર કાગળો લખ્યા કાસીદો મોકલ્યા માહે રમઝાનમાં કાગળો આવ્યા, કાસીદો ઘણા ભેગા થયા, અને કુફા વાળાઓએ બહુજ આગ્રહ કરીને બોલાવ્યા તેથી ઇમામે હુસયન અ૦ જનાબે મુસલીમ બીન અકીલને પોતાના નાએબ કરીને કુફે મોકલ્યા, કુફાવાળાઓએ હ૦ મુસલીમ અ૦ની બયઅત કરી એટલે સુધી કે ત્રીસ હજાર જણે બયઅત કરી, એવો જોશ જોઇને હ૦ મુસલીમે ઇમામે હુસયન અ૦ને ખબર આપી અને બોલાવ્યા;

મોહમ્મદ બીન અશઅસ વી૦ એએ યઝીદને આ બાબતની ખબર કરી તેણે અબદુલ્લા બીન ઝીયાદને કુફાનો હાકીમ કરીને મોકલ્યો તેણે આવતાજ કુફીયોને ધમકાવ્યા અને કતલ તથા ગારત કરવાની બીક બતાવી તેથી લોકો હ૦ મુસલીમથી ફરી ગયા, છેવટે અબદુલ્લા ઝીયાદે હ૦ મુસલીમને સને ૬૦ હીજરી ઝીલહજ મહીનાની ૯ મી તારીખે હજને દીવસે શહીદ કરાવી નાખ્યા.

જે દીવસે હ૦ મુસલીમ કુફામાં શહીદ થયા તેજ દીવસે ઇમામે હુસયન અ૦ મક્કાથી કુફા તરફ રવાના થયા; લોકોએ અરજ કરી હજને મુકીને જાઓ નહીં, આપે ફરમાવ્યું યઝીદ મને ખાનએ કાઅબામાં મરાવી નાંખશે અને ખાનએ કાઅબાની હુરમત બરબાદ થશે માટે હું રવાના થઇ જાઉં છું

હઝરતે ઇમામે હુસયન અ૦ની સાથે ઘણા માણસો હતા પણ રસ્તામાં જનાબે મુસલીમની શહાદતની ખબર પડવાથી ઘણા જણ પાછા ગયા, ઇમામે હુસયન અ૦ સને ૬૧ હીજરી મોહર્રમની બીજી તારીખે કરબલાના મયદાનમાં પહોંચ્યા, કુફેથી લશકર આવવું શરૂ થયું, મોહર્રમની છઠી તારીખ સુધીમાં હજારોનું લશકર ભેગું થઇ ગયું આઠમી તારીખે પાણી બંધ કર્યું, નવમી તારીખે ઉમરસઅદે જંગ કરવા કહ્યું હઝરતે એક રાતની મોહલત માંગી ઘણી મુશકીલીએ રાતની મોહલત મળી આખી રાત હઝરતે ઇબાદતમાં ગુજારી, દસમી તારીખે સુબ્હની નમાઝ પડીને જંગની તઇયારી કરી પહેલે ઉમરસાઅદે તીર મારીને લડાઇ શુરૂ કરી, હઝરત તરફથી

શેરની જેમ એક એક રનમાં જતું, યઝીદની ફોજમાંથી કુતરાઓની જેમ હજારો સામે આવતા બે પહોર સુધી લડાઈ ચાલુ રહી, હઝરતના અસહાબ અને સગા વહાલા શહીદ થઇ ગયા, યઝીદીયો હજારો જહન્નમ વાસીલ થયા, ઝોહોર વખતે જુજ માણસની સાથે હઝરત જમાતની નમાઝ પડયા, તે પછી બાકી રહેલા પણ શહીદ થઇ ગયા, અસર વખતે શીમર મલઉને ઇમામે હુસયન અ૦ને ત્રણ દીવસના ભુખ્યા પ્યાસા શહીદ કર્યા, શહીદોના માથા કાપીને નેઝા ઊપર રાખ્યા, અહલેબયતને લુટી લીધા, ખયમાઓમાં આગ લગાડી દીધી, ફકત ઇમામે ઝયનુલ આબેદીન અ૦ બાકી રહ્યા હતા, પછી તમામ અહલે બયતને કેદ કરીને કુફા અને કુફાથી શામ લઇ ગયા, શામમાં યઝીદે સખત કેદખાનામાં કેટલીક મુદત કેદ રાખી લોકોના મેણા ખાઇ ખાઇને મુકત કરી મદીને મોકલી આપ્યા, મોઆવીયા ઇમામે હસન અ૦ને શહીદ કરાવી ખુશી થયો હતો તેમ ઇમામે હુસયન અ૦ને શહીદ કરાવીને યઝીદ પલીદ ખુશી થયો, યઝીદ તદ્દન શરાથી ફરી ગયો ઇમામે હુસયન અ૦ શહીદ થવા પછી એકદમ નીર્ભય થઇ ગયો કે હવે કોઇ પણ મારી સામે થાય એવું નથી તેથી મદીનાને લુટવાનો હુકમ કર્યો મદીનામાં ત્રણ દીવસ લુટફાટ રહી, ઘણા જણને કતલ કરી નાખ્યા, મસજીદે નબવીમાં ત્રણ દીવસ સુધી નમાઝ બંધ રહી કેમકે મસજીદમાં ઘોડા બંધાવ્યા હતા, અને ખાનએ કાઅબાની પણ બે હુરમતી કરાવી અને એટલા પત્થર ફેંકયા કે તમામ સહન પથરાથી ભરાઇ ગયું, થાંભલા તુટી ગયા કાઅબાનો પોશાક બાળી નંખાવ્યો, અને કેટલીક હરામ ચીજો હલાલ ઠેરાવી વીગેરે. આસરે ત્રણ વરસને થોડા મહીના ખીલાફત ભોગવી, છેવટે સને ૬૪ હીજરીમાં ખરાબ મોતે જહન્નમ વાસીલ થઇ ગયો. અને શામ વાળાઓએ તેનો ખજાનો લુટી લીધો, અને તેની અવલાદમાંના કેટલાંકને કતલ પણ કરી નાખ્યા.

(૩) મોઆવીયા બીન યઝીદ. યઝીદ પલીદ મરવા પછી તેનો છોકરો મોઆવીયા ખલીફો થયો યઝીદે પોતાના છોકરાનુ નામ મોઆવીયા રાખ્યું હતું, યઝીદ જહન્નમ વાસીલ થયો ત્યારે શામીયોએ મોઆવીયા સાથે બયઅત કરી તેને ખલીફો ઠેરાવીને ગાદીએ બેસાર્યો પણ તે હક નાહક ને જાણતો હતો અને વળી ઇમામે હુસયન અ૦ની શહાદતથી ઘણા જણ ઉશ્કેરાઇ ગયા હતા અને ચારે તરફ ઘણી ગડબડ ચાલી રહી હતી, અને ઇમામે હુસયન અ૦ના ખુનનો બદલો લેવા માટે ચારે તરફથી તઇયારીઓ

થવા લાગી હતી, તેથી પણ સમજ્યો કે કોઇ રીતે મારી ખીલાફત આગળ વધશે નહીં અને ખુદાથી પણ ડર્યો. વી૦ વી૦ કારણથી પોતાને ગાદીએ બેઠે ચાળીસ દીવસ થયા ત્યાં જુમ્માને દીવસે મીમબર ઉપર જઇને ખુદાની તારીફ અને તેના રસુલ ઉપર દુરૂદ પડીને કહ્યું અએ લોકો જાણો કે મારા અંગમાં હાડકા અને ચામડા સીવાય બીજુ કાંઇ નથી અને તેને જહન્નમની આગની સખતી ખમવાની તાકત નથી, જાણો અને માહીતગાર થાઓ કે ખીલાફત મને તેમજે આલે અબુસુફ્યાનને લાયક નથી, માટે જે હક ઇમામ હોય અને તેની ફરમાબરદારી વાજીબ હોય તેવા ઇમામની પયરવીની જેને ખાહીશ હોય તે મદીનામાં હ૦ રસુલેખુદા સ૦ ની દીકરીના દીકરા ઇમામે ઝયનુલઆબેદીન અ૦ પાસે જાય અને તેઓની સાથે બયઅત કરે કેમકે ખીલાફતનો હક તેઓનો છે, એટલું કહીને મીમબર ઉપરથી ઉતરી ઘરમાં જઇને બેઠો અને લોકોને પોતાની પાસે આવવાની મનાઇ કરી અને એટલે સુધી એકાંતમાં રહયો કે દુન્યાથી ગુજરી ગયો, અને એમ પણ લખે છે કે મીમબર ઉપર પોતાના બાપ દાદાને લાનત પણ કરી અને જ્યારે આ વીશે તેની માને ખબર પડી ત્યારે કહ્યું ઓ છોકરા તું મારે પેટ ન અવતરતે અને હેજનુ લોહી થઇ જઇને વહી જતે તો સારૂ હતુ કે પોતાના ખાનદાનને બટ્ટો ન લગાડતે. તેણે કહ્યું ઓ મા અગર એમજ થતે તો ઘણું સારૂ થતે કે મને બટ્ટો લાગી હું યઝીદનો છોકરો ન કહેવાતે.

(૪) મરવાન બીન હકમ. યઝીદના છોકરાએ ખીલાફત કબુલ કરી નહીં અને હક વાત જાહેર કરી અને એકાંત પકડી તે વખતે મરવાન બીન હકમ કે તે યઝીદના બાપ મોઆવીયાનો વઝીર હતો તે ખલીફો થયો અને યઝીદની એક ઓરત સાથે નીકાહ કરી લીધો,

અબ્દુલ્લા ઝીયાદ કુફા અને બસરાનો હાકીમ હતો, જ્યારે યઝીદ જહન્નમ વાસીલ થવાના સમાચાર સાંભળ્યા ત્યારે લોકોએ અબ્દુલ્લા ઝીયાદનુ ઘર લુટી લીધું અને કેદીયોને મુકત કર્યા, અબ્દુલ્લા ઝીયાદ હીલા ચલાવીને સટકીને શામમા આવ્યો, મરવાન પાસેથી એક લાખ માણસનુ લશ્કર લઇને ઇરાક આવ્યો, અને સોલયમાન બીન સોરદે ખીઝાઇ વી૦ ઇમામે હુસયન અ૦ના ખુનનો બદલો લેવાને "અયનુંલ વરદા" માં ભેગા થયા હતા, અબ્દુલ્લા ઝીયાદે સોલયમાન સામે લડવા બત્રીસ હજાર માણસની ટુકડી મોકલી સખત લડાઇ થઇ સોલયમાન વી૦ ઘણા જણ કતલ થઇ ગયા.

એ અરસામાં મદીનાથી મુખતાર પણ ઇમામે હુસયન અ૦ના ખુનનો બદલો લેવા નીકળ્યા અને કુફે ગયા અને ત્યાંના લોકોને ભેગા કરીને લડાઇ ચલાવી એટલે સુધી કે અબદુલ્લા ઝીયાદના છોકરા વી૦ને કતલ કર્યા, અબદુલ્લા ઝીયાદને પકડી હાથ કડીયો અને બેડીયો નાખીને ઊભો રાખી ખંજરથી તેની બોટી બોટી કપાવીને તેને ખવરાવી છેવટે બાળી નાખી જહન્નમ વાસીલ કર્યો, પછી શોમર વી૦ મરદુદોને સખત અને બુરી રીતે જહન્નમ વાસીલ કર્યા.

ઉમરસાદનો છોકરો મુખતારની સામે આવ્યો તો પુછયું કે તારો બાપ કયાં છે? તેણે કહ્યું તે માઅઝુર થઇ એકાતમાં બેઠો છે, મુખતારે કહ્યું રય ની હુકુમત માટે ઇમામે હુસયનને શહીદ કર્યા અને હવે ઘરમાં બેઠો છે? પછી તે મલઉનને પકડી મંગાવીને સખત સજા કરીને બાળી નંખાવ્યો.

મરવાનને ખબર પડી કે અબદુલ્લા ઝીયાદને મારી નાખ્યો તો આમીર બીન રબીઆને લાખ માણસ આપીને મુખતારની સાથે લડવા મોકલ્યો, છેવટે આમીર તથા તેની ફોજના ઘણા માણસો કતલ થયા, ઇરાકમાં મુખતાર હાકીમ થયા.

મસઅબ બીન ઝોબેરે ઘણા માણસો મેળવી કુફામાં આવી મુખતાર સાથે લડાઇ કરી, ચાળીસ દીવસ સુધી કુફા ઉપર ઘેરો રાખ્યો, છેવટે મુખતારને કતલ કર્યા.

હાસલકલામ એ અરસામાં ફકત છ મહીના ખીલાફત ભોગવીને સને ૬૫ હીજરીમાં મરવાન મરી ગયો; સુન્નત જમાતની કીતાબ તારીખે ખોલફામાં લખે છે કે મરવાને યઝીદની ઓરત સાથે નીકાહ કર્યા હતા તેણીએ મરવાનને ઝેર આપી મારી નાખ્યો. અને એક રીવાયતમાં છે ને ગળુ દબાવીને ઠેકાણે પાડયો,

(૫) અબદુલ મલીક બીન મરવાન. મરવાન મરવા પછી તેનો છોકરો અબદુલ મલીક ખલીફા થયો, અને કેટલાંક લખે છે કે આના વખતમાં સને ૬૬ હીજરીમાં મુખતાર ઇમામે હુસયન અ૦ના ખુનનો બદલો લેવા નીકળ્યા અને સને ૬૭ હીજરીમાં મસઅબ બીન ઝોબેરે મુખતારને શહીદ કર્યા.

અબદુલમલીક બીન મરવાન ખલીફા થયો અને તેણે સાંભળ્યું કે મસઅબ બીન ઝોબેરે કુફાને ફતેહ કર્યું તેથી ડર્યો કે શામનો પણ કબજો કરે તેથી તેની સાથે લડવા લશકર લઇને કુફે ગયો, આપસમાં લડાઇ થઇ

છેવટે મસઅબનુ માથુ કાપીને અબદુલ મલીકની સામે લાવ્યા, તેવખતે હ૦ રસુલેખુદા સ૦નો બુઝુરગ અસહાબ ઊભો હતો તેણે કહ્યું કુફાના આ દરબારમાં મેં મારી નજરે જોયું કે આ જગ્યોએ અબદુલ્લા બીને ઝીયાદની સામે ઇમામે હુસયન અ૦નુ માથુ કાપીને રાખ્યું હતું, તે પછી આજ જગ્યોએ જોયું કે તેજ અબદુલ્લા બીન ઝીયાદનુ માથુ કાપીને મુખતારની સામે રાખ્યું હતું, તે પછી જોયું કે એજ મુખતારનું માથુ કાપીને મસઅબની સામે આજ જગ્યોએ રાખ્યુ હતું, અને આજે જોયું છે કે મસઅબનુ માથુ કાપીને આ જગ્યોએ તારી સામે રાખ્યું છે. આ સાંભળીને અબદુલમલીકે કહ્યું ખુદા ન કરે પાંચમુ માથુ તું જુવે, અને વેહમમાં પડી ગયો તેથી કુફાના દરબારમાં રહેવું મુકી આપ્યું, એટલુંજ નહીં પણ એ દરબારી મકાનને તોડી નંખાવી વીરાન કરાવી નાખ્યું, અબદુલ મલીક તરફથી હુજ્જાજ બીન યુસુફ મકકે લડવા ગયો તેણે ગોફણોથી પથ્થર ફેંકાવ્યા ખાનએકાઅબાના કેટલાંક કંગુરા તુટી ગયા અને કાઅબાનો પરદો બળી ગયો, અબદુલ્લા બીન ઝોબેરને કતલ કર્યો હુજ્જાજે હ૦ અલીના શીઆહને ઇજા આપી કેટલાંકને કતલ કર્યા, હ૦ અલીના ગુલામ "કંબર" ને પણ મંગાવીને કતલ કર્યા.

તારીખે ખોલફામાં લખે છે કે ઇસલામીયોએ આપસમાં લડાઇયો કરી તેથી બીજા દેશો ઊપર ઇસલામનો રોઅબ પડેલો હતો તે ઓછો થઇ ગયો અને કયસરે રૂમે શામ ઉપર કેટલીક વખત હમલા કર્યા, અબદુલ મલીકને લડવાની તાકત ન રહેવાથી સુલેહ કરીને રૂમ વાળાને દર વરસે પચાસ હજાર રૂપીયા વધારી આપ્યા. તારીખે ખોલફાનાં લખે છે કે અલી ઇબને અબી તાલેબ અ૦ના ખાનદાન સાથે અબદુલમલીક બીન મરવાનને સખત અદાવત હતી,

છેવટે સને ૮૫ હીજરીમાં ૬૦ વરસની ઊમરમાં પ્યાસની બીમારીમાં અબદુલમલીક મરી ગયો, છેલ્લે વખતે પાણી મળ્યુ તેની છોકરીએ પાણી આપવા ચાહ્યુ પણ તેના છોકરા વલીદે આપવા દીધુ નહીં, અબદુલમલીકે આક કરવાની ધમકી આપી તેથી તેની છોકરીએ પાણી આપ્યું, વીસ વરસ હુકુમત કરી.

(૬) વલીદ બીન અબદુલમલીક. અબદુલમલીક મરવા પછી તેનો છોકરો વલીદ ખલીફા થયો અને આ મલઉને અદાવતના સબબથી ઇમામે ઝયનુલઆબેદીન અ૦ને શહીદ કરાવ્યા, અને ઘણા ગામો ઉપર લશકર મોકલી કબજે કર્યા, સને ૯૬ હીજરીમાં વલીદ મરી ગયો.

(૭) સોલયમાન બીન અબ્દુલમલીક, વલીદ મરી જવા પછી તેનો ભાઇ સોલયમાન ખલીફા થયો, તેણે "કુસતનતીનીયાહ" જેને હાલ "ઇસતમબોલ" કહે છે તે લેવા માટે ફોજ મોકલી અને ત્યાં વાળા રૂમીયોએ મુસલમાનોને હઠાવ્યા, તે અરસામાં સને ૯૯ હીજરીમાં સોલયમાન મરી ગયો તેથી લશકર પાછું આવ્યું.

(૮) ઊમર બીન અબદુલ અઝીઝ બીન મરવાન, સોલયમાન મરવા પછી તેના કાકાનો છોકરો ભાઇ ઉમર બીન અબદુલ અઝીઝ ખલીફા થયો,

માઅવીયાના વખતથી હઝરત અલી અ૦ અને અહલેબયતને જે બદ બોલવા અને તબર્રરો કરવાનો રીવાજ જારી હતો તે વીશે સુન્ની અને શીઆહ બન્નેની કીતાબોમાં લખે છે કે એ ખરાબ અને બદ રીવાજને આ ઉમર બીન અબદલ અઝીઝે પોતાના વખતમાં બંધ કરાવ્યો. અને ખુતબામાં હ૦ અલીનું નામ દાખલ કર્યું અને ફીદક નો ઇલાકો જે ગસબ થીએલ હતો તે આણેજ અહલેબયતને સોંપ્યો, અને અદલ તથા ઇનસાફથી હુકુમત કરતો હતો.

તારીખે ખોલફામાં લખેછે કે પોતાનો તથા પોતાની બીબીનો માલ બયતુલ માલમાં દાખલ કર્યો અને તંગીથી ગુજરાન કરતો હતો. અને બાગે ફીદક ગસબ કરવામાં આવેલ તે આણે અહલબયતને હવાલે કર્યો.

ફરાંસમાં લડાઇ કરી ત્રીજો ભાગ કબજે કર્યો ફક્ત અઢી વરસ ખીલાફત ભોગવી સને ૧૦૧ હીજરીમાં ગુજરી ગયો, તારીખે ખોલફામાં લખેછે કે બની ઉમય્યહમાંથી કોઇએ એક લોંડી હથુ ઝેર અપાવી મારી નાખ્યો.

(૯) યઝીદ બીન અબદુલ મલીક બીન મરવાન, ઉમર બીન અબદુલ અઝીઝ મરવા પછી તેના કાકાનો છોકરો ભાઇ યઝીદ બીન અબદુલમલીક ખલીફા થયો, અબદુલમલીક બીન મરવાનના ચારે છોકરા ખલીફા થયા છે, ૬ઠો ખલીફા વલીદ, ૭ મો સોલયમાન, તે પછી ઉમર બીન અબદુલ અઝીઝ થવા પછી ૯ મો ખલીફા યઝીદ થયો, આ અબદુલમલીકનો ત્રીજો છોકરો હતો. તે પણ શામ માંજ તખત ઉપર બેઠો સને ૧૦૫ હીજરીમાં મરી ગયો.

(૧૦) હશ્શામ બીન અબદુલમલીક બીન મરવાન, યઝીદ બીન અબદુલમલીક બીન મરવાન મરવા પછી તેનો ભાઇ હશ્શામ ખલીફા થયો, આ અબદુલમલીક બીન મરવાનનો ચોથો છોકરો હતો. તે પણ શામ માંજ તખત ઉપર બેઠો, હશ્શામે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ને ઝેરથી

શહીદ કર્યા. હસ્શામે વીસ વરસ ખીલાફત ભોગવી, સને ૧૨૫ હીજરીમાં મરી ગયો.

(૧૧) વલીદ બીન યઝીદ બીન અબ્દુલમલીક, હસ્શામ મરવા પછી તેનો ભત્રીજો વલીદ ખલીફો થયો, આ બીજો વલીદ ઘણો નાલાએક હતો તેથી શામ વાળાઓએ તેની પાસેથી હુકુમત લઈ લીધી, અને સને ૧૨૯ હીજરીમાં તેને મારી નાંખ્યો.

(૧૨) યઝીદ બીન વલીદ, વલીદને મારી નાખીને યઝીદને ખલીફો કર્યો; પણ તે એજ સને ૧૨૯ હીજરીમાં છ મહીના ખીલાફત ભોગવીને મરી ગયો.

(૧૩) ઇબરાહીમ બીન વલીદ, યઝીદ બીન વલીદ મરવા પછી ઇબરાહીમ ખલીફો થયો તેનો કાકો મરવાન બીન મોહમ્મદ બીન મરવાન "અરમીના" નો હાકીમ હતો તેણે લડાઇ કરી ઇબરાહીમને એજ સને ૧૨૯ હીજરીમાં મારી નાખીને પોતે શામનો બાદશાહ થયો.

(૧૪) મરવાન બીન મોહમ્મદ બીન મરવાન, ઇબરાહીમને મારી નાખીને આ મરવાન ખલીફો થયો, આને મરવાને હેમાર કહે છે, આના વખતમાં પણ થોડી લડાઇ થઇ છેવટે મરવાન હેમાર મીસર તરફ ભાગી ગયો, અને તેને સને ૧૩૨ હીજરીમાં અબ્બાસીયોના પહેલા ખલીફે મારી નાખ્યો,

બની ઊમય્યાહઓની ખીલાફત અહીં સુધી ખતમ થઇ ગઇ. તેઓ પછી બની અબ્બાસીયોનો દોર ચેલ્યો.

ફસલ ૧૫ મી.

બની અબ્બાસીયોની ખીલાફત.

બની હાશમ, બની અબ્બાસ, બની ઊમય્યહ કોણ છે તે સમજુતી ઉપર આપી છે,

હ૦ રસુલેખુદા સ૦ના કાકા અબ્બાસના ફરઝંદ અબદુલ્લાહ જેઓને ઇબ્ને અબ્બાસ એટલે અબ્બાસના દીકરા કહે છે, તો એ અબદુલ્લાહની ઓલાદમાંથી જેઓ ખલીફા થયા તેઓને "અબ્બાસીયો કહે છે; અને

તેઓ પણ બની હાશમ કહેવાય છે, પણ તેઓએ અહલેબયત ઉપર ઝુલમ કરવામાં કસર રાખી નથી, અને ઝુલમ કરવાનું કારણ જાહેર છે કે આ દુન્યાએ ફાનીની હુકુમત અને મોટા પણું એવું ખરાબ છે કે તેનો નશો ચડે તેથી ન સગાવહાલા તરફ ધ્યાન રહે છે ન ખુદાનો ખોફ રહે છે.

હઝરત અલી અ૦થી ઇમામે મોહમ્મદે બાકેર અ૦ સુધી પાંચ ઇમામ સાથે બની ઉમય્યહઓએ સખત અદાવત કરી, અને દુનયાની મોટપ અને હુકુમતમાટે થઇ લાખો ખુન કર્યા અને છેવટે એ પાંચે ઇમામોને શહીદ કરી નાખ્યા. તે પછી અબ્બાસીયોએ પણ હુકુમત માટે થઇ ઇમામે જાઅફરે સાદીક અ૦ ઇમામે હસન અસકરી અ૦ સુધી છ ઇમામોને શહીદ કરી નાખ્યા, એ અબ્બાસીયોનોની ખીલાફતનો ટુંક ટુંક ખુલાસો નીચે મુજબ.

૧—અબુલ અબ્બાસ સફ્ફાહ બીન મોહમ્મદ, આનુ નામ "અબ્દુલ્લાહ સફ્ફાહ છે, તે અબદુલ્લા બીન અબ્બાસના છોકરા અલીનો પોતરો થાય છે.

લખે છે કે બની ઉમય્યહના ખાનદાનમાં આપસમાં દુશમનીની આગ સળગી તેથી તેઓની ખીલાફત નબળી પડી ગઇ અને જોર ઘટી ગયું, સોલયમાન બીન અબદુલમલીકના વખતમાંજ આ અબુલ અબ્બાસનો બાપ મોહમ્મદે છુપી રીતે પોતાની બયઅત લેવરાવવી શુરૂ કરી હતી, અને પોતા તરફથી બયઅત લેવરાવા ખુરાસાન માણુસ મોકલ્યું; અને તેને માનનારની સંખ્યા વધી તો તેના છોકરા ઇબરાહીમે ખુલ્લી રીતે બયઅત લેવી શુરૂ કરી, મરવાન બીન મોહમ્મદ ખલીફાને ખબર પડવાથી ઇબરાહીમને કયદ કર્યો અને છેવટે ઇબરાહીમ વી૦ને કતલ કરાવ્યા, તે વખતે અબ્દુલ્લાહ સફ્ફાહ અને અબુ જાઅફર અબ્બાસીએ ખુલ્લમ ખુલ્લી રીતે બાહેર પડીને બયઅત લેવી શુરૂ કરી એટલે સુધી કે કુફા જઇ સફ્ફાહે મીમબર ઉપર ચડીને બની ઉમય્યહની વીરૂધ્ધ ખુતબો પડયો; સફ્ફાહના કાકા દાઉદે કુફાવાળાઓને કહ્યું અલી ઇબને અબી તાલેબ પછી આ મીમબર ઉપર કોઇ હાશમી ખલીફાએ પગ રાખ્યો નથી અને હવે સમજી લીઓ કે આજથી આમારી ખીલાફત છે અને હવેથી સરવેનો અમીર એટલે ખલીફો **અબદુલ્લાહ બીન સફ્ફાહ** છે.

પછી સફ્ફાહે મરવાનીયોને કતલ કરવા શુરૂ કર્યા એટલે સુધી કે સને **૧૩૨** હીજરીમાં મરવાનીયાઓમાં નો છેલ્લો ખલીફો મરવાન બીન મોહમ્મદ હતો, તેને તેના કુટુંબ સહીત ઝીલહજ મહીનાની ૨૭ મી તારીખને રવીવારની રાત્રે કતલ કરી નાખ્યો પછી તો હીજાજ, ઈરાક, ખુરાસાન,

શામ, મીસર, અને તીબરસ્તાન વી૦ ઇસલામી તમામ મુલક કબજે કરી અબ્બાસીયો માંના ખલીફા ઘણાંજ ઝોર શોરથી બાદશાહત કરવા લાગ્યા;

છેવટે આ અબદુલ્લાહ સફ્ફાહ સને ૧૩૬ હીજરીમાં મરી ગયો.

(૨) અબુજાઅફ્ર મનસુર દવાનકી, સફ્ફાહ મરવા પછી તેનો ભાઇ અબુજાફ્ર દવાનકી ખલીફા થયો જેને મનસુર કહે છે આ મલઉન ઘણો બદ હતો, પોતાની હુકુમતમાં કેટલીક લડાઇયો કરી હજારોના ખુન કર્યા, **બગદાદ**માં ઇમારતો બનાવતો હતો અને હ૦ અલી અ૦ની અવલાદમાંથી ગોતી ગોતીને જીવતા ભીંતોમાં ચણાવી દેતો હતો એટલે સુધી કે આ બદબખતે હઝરતે ઇમામે જાઅફરે સાદીક અ૦ને ઝેરવાળા અંગુર ખવરાવીને શહીદ કર્યા છેવટે સને **૧૫૮** હીજરીમાં જહન્નમ વાસીલ થયો.

(૩) મહદી બીન મનસુર મનસુર મરવા પછી તેનો છોકરો **મહદી** ખલીફા થયો, મક્કાનો રસ્તો અને રસતામાં સરા, હોજ વી૦ બનાવ્યા કયસરે રૂમનો ઘણો મુલક ફતેહ કર્યો, સને **૧૬૯** હીજરીમાં મરી ગયો.

(૪) મુસા હાદી બીન મહદી. મહદી મરવા પછી તેનો છોકરો મુસા હાદી ખલીફા થયો, એક વરસ ને થોડા મહીના ખીલાફત ભોગવી, સને **૧૭૦** હીજરીમાં મરી ગયો.

(૫) હારૂનરશીદ બીન મહદી. મુસા હાદી મરવા પછી તેનો ભાઇ "હારૂનરશીદ" ખલીફા થયો, અને પાય તખત **બગદાદ** માં હતુ, આની બાદશાહતની ધામધુમ અને કારકીરદીયોની ઘણી બાબતો લખાએલી છે, અને તારીફ પણ કરે છે, સને **૧૮૬** હીજરીમાં મક્કે ગયો, પોતાના છોકરા **મામુન** અને **અમીન** ને સાથે લઇ ગયો, તેની બીબી **ઝુબેદા**એ મક્કામાં નહેર ખોદાવી જેને **"નહરે ઝુબીદા"** કહે છે, હારૂને હજના સફરમાં પચાસ હજાર દીનાર અને દસ લાખ દીરહમ ખરચ કર્યા, અને મક્કામાં જઇ પોતાના મુલકના બે ભાગ પાડયા; કુફા, શામ, વી૦ પોતાના છોકરા **"અમીન"** ને સોંપ્યા, તેનુ પાયતખ્ત **બગદાદ** ઠર્યું અને ઇસપેહાન ફારસાન કાબુલ તુરકીસતાન વી૦ પોતાના છોકરા "મામુન" ને સોંપ્યા, તેનું પાયતખ્ત ખુરાસાન પાસે **"મરવ"** ઠેર્યું.

આ મલઉને અવલાદે અલી સાથે સખત દુશમની કરી છે ૨૩ વરસ ખીલાફત ભોગવી, તેમાં અહલેબયતનીબરબાદીમાં કસર રાખી નહીં, હ૦ અલીની અવલાદમાંના ઘણા જણને મદીનેથી કેદ કરીને બોલાવ્યા, એટલે સુધી કેહઝરતે ઇમામે મુસીએકાઝીમ અ૦ને પણ બોલાવીને ઘણા વરસ કેદ રાખી છેવટે ઝેર આપીને "બગદાદ"માં શહીદ કર્યા.

જનાબ મુલ્લાં મોહમ્મદ બાકેર મજલીસી અઅલ્લહલ્લાહો મકામોહુ લખે છે કે ઇબને બાબવયહે મોઅતબર સનદને આધારે અબદુલ્લાહ બઝ્ઝાઝ નયશાપુરીથી રીવાયત કરી છે કે મજકુર અબદુલ્લાહ કહે છે કે હમીદ બીન અબતા તુસી સાથે મારે કાંઇ મામલો હતો તેથી એક વખત તેની પાસે ગયો, જ્યારે તેને મારા આવવાની ખબર પડી ત્યારે તેજ દીવસે હજુ મેં મારા મુસાફરીના કપડા બદલ્યા ન હતા ત્યાં મને બોલાવ્યો, બે પહોર પછી હું તેની પાસે ગયો તે માહે મુબારક રમઝાન મહીનો હતો, હું તેની પાસે ગયો તો તે એવા મકાનમાં બેઠો હતો જેમાં નહેર જારી હતી, તેને સલામ કરી બેસી ગયો, થોડી વાર થઇ ત્યાં તેની સામે ચલમચી અને બદનો લાવ્યા તેણે પોતાના હાથ ધોઇને મને પણ કહ્યું હાથ ધો, મેં પણ હાથ ધોયો અને જમવાનુ આવ્યું મેં ખાણામાં હાથ નાખ્યો ત્યાં યાદ આવ્યું કે મેંતો રોઝો રાખ્યો છે તેથી તરત હાથ ખેંચી લીધો, હમીદે કહ્યું કેમ ખાતો નથી? મેં કહ્યું માહે રમઝાન છે હું બીમાર નથી તેમ કોઇ ઉઝર પણ નથી તેથી મેં રોઝો રાખ્યો છે અને આપને કાંઈ ઉઝર હશે તેથી રોઝો રાખ્યો નહીં હોય.

તે મલઉને કહ્યું હું પણ બીમાર નથી બલકે સહીહ અને સાલીમ છું એટલું કહી રોવા લાગ્યો, પછી જ્યારે તે ખાઇ રહયો તો મેં પુછયું કે અય અમીર આપ શા માટે રોયા? તેણે કહ્યું રોવાનુ કારણ એ છે કે જ્યારે હારૂન "તુસ" માં હતો ત્યારે એક રાત્રે મને બોલાવ્યો હું તેની પાસે ગયો તો જોયું કે તેની પાસે ઉઘાડી તલવાર પડી છે અને શમા રોશન છે, અને એક ખાદીમ તેની સામે ઉભો છે, તેણે મને જોઇને કહયુ તમો મારી તાબેદારી કેટલે દરજ્જે કરશો? મેં કહયું જાન અને માલથી આપનો ફરમા બરદાર છું, આ સાંભળીને કેટલીક વાર માથુ નીચુ કરી ચુપ રહયો પછી બોલ્યો ચાલ્યો જા.

એ હુકમ થવાથી હું ઘરે ગયો ત્યાં વળી એક ચોપદાર આવીને મને બોલાવીને લઇ ગયો, એ વખતે મેં ડરીને કહયું **"ઇન્ના લિલ્લાહે વઇન્ના એલયહે રાજેઊન"** તે મને કતલ કરવો ધારે છે, તે વખતે તો મને જોઇ શરમાઇ ગયો, પણ પાછો મને કતલ કરવા બોલાવ્યો છે, આ વખતે તેની પાસે ગયો તો એજ મુજબ પુછયું કે તુ મારી ફરમાબરદારી કયાં સુધી કરે છે? મેં કહયું મારી ઓરત બચ્ચા માલ જાનથી આ-આપની ખીદમત માટે હાજર છીએ, આ સાંભળીને તેણે જરા હસીને

રજા આપી, આ વખતે હજુ હું પણ ઘરે પહોંચ્યો ત્યાં બીજો ચોપદાર આવ્યો, આ વખતે પણ તેની પાસે ગયો તો તેજ મુજબ પુછયું આ વખતે મેં કહ્યું જાન માલ ઓરત અવલાદ અને દીનથી આપની ઇતાઅત માં હાજર છું, આવા શબ્દો સાંભળીને હંસ્યો અને બોલ્યો આ તલવાર લઇને જા અને આ ખાદીમ જે કહે તે કર.

આ વખતે ખાદીમે મારા હાથમાં તલવાર આપીને એક મકાનમાં તાળુ ખોલીને અંદર લઇ ગયો મકાનના સેહનમાં એક કુવો અને ત્રણ કોટડી હતી અને તે દરેક કોટડીને તાળુ હતું, એ ખાદીમે એક કોટડી ઉઘાડી તેમાં વીસ માણુસ બુઢા જવાન તેમજ બચ્ચા હતા, તમામને સાંકળ થકી જકડી લીધા હતા અને એ સરવે જનાબે અમીરૂલ મોઅમેનીન અને ફાતેમાના ફરઝંદો હતા, ખાદીમે મને કહ્યું ખલીફાએ તમોને હુકમ કર્યો છે કે આ તમામ જણને કતલ કરો તે ખાદીમ એક એકને કુવા પાસે લાવતો હતો હું દરેકને કતલ કરતો હતો એટલે સુધી કે એ સરવેને કતલ કરી તેઓના માથા અને ધડ એ કુવામાં ફેંકી દીધા. તે પછી તે ખાદીમે બીજી કોટડીને ઉઘાડી તેમાંથી પણ વીસ સાદાત હ૦ અલી અને ફાતેમાની અવલાદમાંના નીકળ્યા અને ખાદીમે કહ્યું ખલીફાએ આ લોકોને પણ કતલ કરવાનો હુકમ આપ્યો છે. તે એક એકને લાવતો હતો અને હું કતલ કરીને તે કુવામાં ફેંકી દેતો હતો એટલે સુધી કે એ વીસે સાદાત માઅસુમ અને મઝલુમને કતલ કર્યા.

પછી તે ખાદીમે ત્રીજી કોટડી ઉઘાડી તેમાં પણ અલી અને ફાતેમાની અવલાદમાંથી વીસ સાદાત હતા અને સયદોની જે નીશાની એ વખતમાં હતી તે નીશાની પણ હતી, ખાદીમે કહ્યું ખલીફાએ તમોને હુકમ આપ્યો છે કે આને પણ કતલ કરો, પછી તે એક એકને કોટડીમાંથી બાહેર લાવતો હતો અને હું તેને કતલ કરતો હતો, એટલે સુધી કે જ્યારે ૧૯ જણને કતલ કરી રહયો અને ખાદીમ વીસમા સયદને બાહેર લાવ્યો તો જોયું કે તે એક ઝઇફ હતો, તેણે કહયું ઓ મલઉન તારો હાથ સુકાઇ જાઓ કયામતતાં તારો શું હાલ થશે? અને મારા જદ હ૦ રસુલેખુદા સ૦ જ્યારે તને પુછશે કે મારા ૬૦ ફરઝંદોને બે ગુનાહ ઝુલમથી શા માટે કતલ કર્યા? તો તે વખતે તું શું જવાબ દઇશ? આ સાંભળીને હું ધ્રુજવા લાગ્યો અને મારા અંગમાં રાશો પડી ગયો, તે વખતે એ ખાદીમ મારી પાસે આવીને બુમ પાડી તેથી મેં તે બુઝુર્ગવારને પણ કતલ

કર્યા અને સરવેને કુવામાં નાખી દીધા, તો અએ અબદુલ્લાહ મેં રસુલેખુદા સ૦ના ૬૦ ફરઝંદોને ગુલમ અને સીતમથી કતલ કર્યા છે તો હવે નમાઝ પડવાથી અને રોઝા રાખવાથી શું વળવાનુ છે? મને યકીન છે કે હમેશા જહન્નમમાં રહીશ, છેવટે સને ૧૯૩ હીજરીમાં હારૂનરશીદ મરીગયો

(૬) અમીન બીન હારૂન, હારૂનરશીદ મરી જવા પછી તેનો છોકરો અમીન ખલીફો થયો, અને મજા અને અયશ આરામમાં ઘણું નાણું ઉડાડી નાંખ્યું સને ૧૯૮ હીજરીમાં તેને મારી નાખ્યો.

(૭) મામુન બીન હારૂન, અમીન પછી તેનો ભાઇમામુન ખલીફો થયો, મામુને ઇમામે રઝા અ૦ને મદીનાથી જબરદસ્થી બોલાવ્યા. આનુ પાએતખ્ત ખુરાસાન પાસે "મરવ" માં હતું મામુને પોતાની દીકરી ઉમ્મે હબીબા ઇમામે રઝા અ૦ના નીકાહમાં આપી, હઝરતને પોતાની બાદ ગાદીના માલીક નેમ્યા, પણ જોયું કે લોકોનું વલણ હઝરત તરફ વધારે થયું તેથી દુશમની કરી હઝરતને કેટલીક વખત ઝેર ખવરાવ્યું છેવટે અંગુરમાં ઝેર ખવરાવી શહીદ કર્યા,

મામુન મરવ થી બગદાદ આવ્યો અને ઇમામે મોહમ્મદતકી અ૦ને બોલાવીને પોતાની બીજી દીકરી ઉમ્મુલ ફઝલ સાથે નીકાહ કરી આપ્યા અને સને ૨૧૯ હીજરીમાં મરી ગયો.

(૮) મોઅતસીમ બીન હારૂન, મામુન મરવા પછી મોઅતસીમ ખલીફો થયો, ઘણી લડાઇઓ અને ફતેહ કરી, તેની પાસે દસ હજારથી વધારે ગુલામ હતા, હમેશા ફકત બબરચી ખાનાનો ખરચ એક હજાર દીનાર હતો. મોઅતસીમને ઇમામે મોહમ્મદતકી અ૦ સાથે હસદ થયો, તેથી હઝરતની બીબી ઉમ્મુલ ફઝલની મારફતે ઝેરથી શહીદ કરાવ્યા, અને સને ૨૨૮ હીજરીમાં પોતે મરી ગયો. મોઅતસીમે બગદાદને મુકીને સુરરેમનરાય (સામરા) આબાદ કર્યું.

(૯) વાસીક બીલ્લાહ, મોઅતસીમ પછી તેનો છોકરો વાસીક ખલીફો થયો, સને ૨૩૩ હીજરીમાં મરી ગયો.

(૧૦) મોતવક્કીલબીલ્લાહ, વાસીક પછી તેનો ભાઇ મોતવક્કીલ ખલીફો થયો, આ ખલીફો ઝાલીમ અને અહલેબયતનો સખત દુશમન હતો: આ ખલીફે હ૦ અલી અને ઇમામે હુસયન અ૦ની ઝીયારત કરવા જવાની લોકોને સખત મનાઇ કરી અને તેથી પણ ઝવ્વારોએ જવા ચાહ્યું તો જબરો ટેક્ષ લગાડયો કે અમુક મોટી રકમ આપે તે ઝીયારત કરવા જાય,

અહલેબયતના દોસ્તો કમાઇ કમાઇને નાણું ભેગુ કરી એ કર આપીને પણ ઝીઆરત કરવા જવા લાગ્યા, આથી ઝવ્વારોને કતલ કરવાનો અને ઇમામે હુ- સયન અ૦ની કબર ખોદીને નીશાની મટાડી દેવાનો હુકમ કર્યો, લોકોએ ઘણી મેહનત કરી પણ ઇમામની કબર ખોદી શકયા નહીં તેથી હુકમ ક- ર્યો કે ફુરાતને કાપીને કબર ઉપર વેહવરાવો કે નીશાની મટી જાય, પાણી લાવ્યા પણ હઝરતની કબરની બેઅદબી કરી નહી છેટે રહ્યુ, છેવટે અ- બદુલ્લાહ થમની બગદાદમાં આવ્યા અને બહલુલદાનાને સાથે લઇ મકાન બનાવવાના બાનાથી રજા લઇ કરબલામાં આવી ઇમામે હુસયન અ૦નો રોઝો કાચો બનાવી આપ્યો,

તારીખે ખોલફામાં લખે છે કે મોતવક્કીલના ઝમાનામા આસમાની એવા બનાવ બન્યા કે હજારો માણસ મરી ગયા બળી ગયા, હજારો ઘર પડી ગયા વીરાન થઇ ગયા રૂમવાળાએ લુટફાટ ચલાવી એક શહેર લુટીને બાળી નાખ્યું છસો ઓરતો કેદ પકડી, તેર ગામ જમીનમાં ઘુસી ગયાં એદા જેવડા કરા વરસ્યા, ધરતીકંપ થયો, આગ નીકળી, પહાડ ફાટી ગયા. જમીન ફાટી ગઇ, મોટા મોટા શહર કીલ્લા પુલ પડી ગયા, આસમાનથી બીહામણી આવાજો સાંભળવામાં આવી, મોતવક્કીલે પોતા માટે હજાર લોં- ડીઓ રાખી હતી, મોજ મજાહ અને શરાબખોરીમાં ગરક રહેતો હતો, એટલે સુધી કે તુરક લોક તેનાથી ગુસ્સે થઇ ગયા અને સને ૨૪૭ હી- જરીમાં રાતના રમત ગમતની મજલીસમાં પોતાના વઝીર ફતહ બીન ખાકાન સાથે મજા કરતો હતો તે વખતે તેને તથા તેના વઝીરને મારી નાખ્યો.

(૧૧) મુનતસર બીલ્લાહ મોતવક્કીલ મરવા પછી તેનો છોકરો મુનતસર ખલીફો થયો, આ ખલીફો પોતાના બાપને કતલ કરાવીને ગાદી- એ બેઠો, છ મહીના ખીલાફત ભોગવી, અને આને સને ૨૪૮ હીજરીમાં ઝેરથી મારી નાખ્યો.

(૧૨) મોઅતનઝ બીલ્લા; મુનતસર પછી મોઅતનઝ બીલ્લા ખલીફો થયો; સને ૨૫૫ હીજરીમાં મારી નાખ્યો.

(૧૩) મોહતદી બીલ્લા તે પછી તખત ઉપર બેઠો સને ૨૫૬ હીજરીમાં મારી નાખ્યો.

(૧૪) મોઅતમીદ બીલ્લાહ બીન મોતવક્કીલ મોઅતમીદ કેદ- માં હતો, કેદખાનામાંથી કાઢીને ખલીફો કર્યો, રમત ગમત અને અયશ આરામમાં હદથી વધી ગયો હતો, રઇયતથી ગાફીલ ઝાલીમ અને ફાસીક

હતો, આના વખતમાં પણ આસમાની બલાઓથી હજારો માણસ મરી ગયા, બસરા ઝંગીઓએ લઇ લીધું, બહબુદ ઝંગીએ પયગમબરી અને ગયબની વાત જાણવાનો દાવો કર્યો દોઢ કરોડ મુસલમાનોને કતલ કર્યા, બસરામાં એક દીવસમાં ત્રણ લાખ માણસ કતલ કર્યા, છેવટે તેને કતલ કરી તેનું માથુ કાંપી નેઝા ઊપર ચડાવીને બગદાદ લઇ ગયા.

ઇમામે અલીયયુન્નકી અ૦ને મદીનાથી સામરામાં મોતવકીલે બોલાવેલા, મોઅતમીદે પોતાની હુકુમતની શુરૂઆતમા સામરામાં ઈમામે અલીય્યુનનકી અ૦ને ઝેરથી શહીદ કર્યા, અને તે પછી પાંચ વરસ પછી ઇમામે હસને અસકરી અ૦ને પણ ઝેરથી શહીદ કર્યા, અને ઇમામને ફરઝંદછે કે નહીં કોઇ બીબી કે કનીઝને હમૅલ છે કે નહીં તેની પણ ઘણી તપાસ કરાવી પણ કાંઇ પત્તો લાગ્યો નહીં, છેવટે સને ર૭૯ હીજરીમાં મોઅતમીદ મરી ગયો.

(૧૫) મોઅતઝીદ બીન મોવફ્ફીક બીન મોતવક્કીલ. તે પછી ખલીફા થયો, તારીખે ખોલફામાં લખે છે કે આના વખતમાં ઝુલમ દુર થયો, અને રઇયત ઉપર સારી રીતે હુકુમત કરતો હતો, સને ર૮૮ હી૦માં અમીર ઇસમાઇલ સામાની માવરાઉન્નહેર અને ખુરાસાનનો સુલતાન થયો, સને ર૮૯ હી૦માં મોઅતઝીદ મરી ગયો.

૧૬થી૩૭ એ પંદરમા ખલીફા પછી અબ્બાસીયોની ખીલાફત ચાલી તે છેવટે સને ૬૪૦ હીજરીમાં છેલ્લો ૩૭ મો ખલીફા **મોઅતસીમ બીલ્લાહ** થયો, અબ્બાસીયોની ખીલાફત અહીંયાથી ખતમ થઇ, તારીખે ખોલફામાં લખે છે કે ઇબ્ને અલકમી કે તે બાતીનમાં રાફઝી હતો તે વઝીર થયો તો તે જાહેરમાં ખલીફાની તરફ અને છુપી રીતે "તાતારીયો" સાથે મળેલો હતો, સને ૬૫૫ હીજરીમાં તાતારીઓએ કેટલેક ઠેકાણે હમલા કર્યા અને મજકુર વઝીરના ધોકાથી ખલીફા ગફલતમાં રહયો સને ૬૫૬ હી૦માં "તાતારી" મોગલ **બગદાદ** માં પહોંચ્યા તેઓની સંખ્યા બે લાખની હતી, **ચંગીઝખાંનનો** પોતરો **હલાકુખાંન** તેઓનો સરદાર હતો, ખલીફાનું લશકર તેના વઝીરે ઓછુ કરાવી આજુ બાજુ મોકલી આપ્યું હતુ તેથી ખલીફા હારી ગયો, બે મહીના ઘેરામાં રહ્યા, વઝીરે કહ્યું હું સુલેહ કરાવું છું એમ કહી મુગલોના લશકરમાં ગયો, પાછો આવીને ખલીફાને કહ્યું હલાકુખાન તમારો મુશતાક છે તે આપનું રાજ્ય આપને સોંપી દેશે માટે અમીર ઓમરા સહીત મળવા ચાલો, તેથી તે મળવા ગયો ત્યાં હલાકુએ ગીરફતાર

કરી ખલીફા તથા તેની સાથેના માણસોને કતલ કરી નાખ્યા, અને એટલી લડાઇ થઇ કે બગદાદના સોળ લાખ માણસો કતલ થયા, તે દીવસથી સને ૬૫૬ હીજરીમાં અબ્બાસીયોની ખીલાફત તમામ થઇ, બની અબ્બાસી ભાગીને મીસર ચાલ્યા ગયા.

મીસર અને શામના વાલીયોએ અબ્બાસીયોને નામના ખલીફા કર્યા, તેમાં અબ્બાસીયોમાંના ૧૩ ખલીફા થયા તે તેરમાંનો છેલ્લો ખલીફો સને ૯૨૩ હીજરીમાં મોહર્રમની પહેલી તારીખે ૨૯ વરસની ઉમ્મરમાં મરી ગયો. આ હીસાબે સને ૧૩૨ હીજરીથી સને ૯૨૩ હીજરી સુધી ૭૯૧ વરસ અબ્બાસીયોએ ખીલાફત ભોગવી.

એ પછી "ખલીફા" શબ્દ બંધ થયો, અને સુલતાન શબ્દ જારી થયો એટલે ગાદીએ બેસે તે સુલતાન કહેવાય છે.

સલાતીને ઉસમાનીયાહ તુરકીયાં રૂમીયાહ કહેવાય છે, તેઓનું પાએ તખત ઇસતમબોલ માં છે, સલાતીને ઊસ્માનીયામાં પહેલા સુલતાન ઉસ્માનખાનગાઝી છે, તેઓ સને ૬૯૯ હીજરીમાં ગાદીએ બેઠા હતા, અને અબ્બાસીયોના નામના ખલીફા પણ મીસર તરફ હતા જે તેર ખલીફા થયા છે, અને સલાતીને ઊસમાનીયાહના સાતમા સુલતાનથી ઇસતમબોલ પાયતખત થયું. અને સલાતીને ઊસમાનીયાહ હાલ સુધી ૩૩ સુલતાન થયા, છેલ્લા હાલ નામદાર સુલતાન અબદુલ હમીદખાન છે.

ઇસલામ ચાલુ થવા પછી સને ૨૩ હીજરીથી બની ઉમય્યહ હાકીમ થયા તે સને ૧૩૨ હીજરી સુધી આશરે ૧૧૧ વરસ બની ઉમય્યહ વાળાઓએ ખીલાફત ભોગવી, અને સને ૧૩૨ હીજરીથી સને ૬૫૬ સુધી બની અબ્બાસીયોએ ખીલાફત કરી, અને મીસર અને શામના વાલીઓ તરફથી બની અબ્બાસીમાંના ૧૩ જણ નામના ખલીફા થયા તે સને ૯૨૩ હીજરી સુધી, સને ૨૧૯ હીજરીમાં મામુનરશીદ મરવા પછી ઘણા ગામના ગવરનરો પોતેજ ધણી થઇ બેઠા. સને ૬૨૬ હીજરીમાં ચંગીઝખાંનો દોર ઇરાનમાં થયો.તે પછી હલાકુખાનનો દોર થયો તે સને ૬૬૩ હીમાં મરી ગયો. ઇરાનનો મુલક પોતાના પાંચ છોકરાઓને વેંહચી આપ્યો. સને ૭૮૨ હી૦માં તયમુરે ઇરાન લીધું, સને ૯૦૮ હી૦ થી દવલતે સફવીયા ચાલુ થઈ, સને ૧૧૬૦ હી૦માંના દરશાહ તખત ઉપર બેઠા; તેઓ પછી હાલ સુધી ૧૪ બાદશાહ ઇરાનમાં થયા, હાલ છેલ્લા નામદાર મુઝફ્ફરશાહ છે.

ખાતેમો

હક મઝહબ પારખવાની કસોટી

દુન્યામાં સરવે જણ એમજ કહે છે કે અમારો મઝહબ હક છે અને બીજા તમામ મઝહબ બાતીલ છે, અને આપસમાં વાદવીવાદ કરે છે અને અકલી તથા નકલી દલીલો લાવે છે, તો ખરૂ જોતાં નકલી દલીલ સરવે માટે કામ આવતી નથી, કુફ્ફારો કહે છે કુરઆન ખોટું છે. મુસલમાનો કહે છે વેદ ખોટુ છે, તો એવી બાબત વચમાં લાવવી નહીં અને ફકત અકલથીજ દલીલો લાવી હક મઝહબ સાબીત કરવો કે તેમાં કોઇ પણ ઇ-નસાફી અને હક પસંદ હક ચાહનારને કાંઇ પણ વાંધો રહે નહીં અને ઇ-નકાર કરી શકે નહીં, બાકી જેઓ હઠ ધરમી અને ઝીદી અને ખુદ પસંદ પોતાનીજ વાતને પકડી રાખવા વાળા હોય તેના માટે હ૦ લુકમાન પાસે પણ ઇલાજ ન હતો.

જાણવું કે દુનયામાં ઘણા મઝહબો છે તેમાં ઘણા મઝહબતો તદ્દન પાયા વૈગરનાજ છે કે તે દલીલની વખતે પાંચ મીનીટ પણ ટકી શકે એવા નથી અને એ સરવે અક્કલ વાળા જાણે છે તો તે ગોયા હીસાબમાંજ નથી, હવે જે ગણત્રીમાં લેવાના છે તે **૧—દહરીયા, ૨—હોકમા, ૩—બુત-પરસ્ત, ૪—યહુદ, ૫—નસારા, ૬—ઇસલામ,** અને ઇસલામીમાં ઘ-ણા મઝહબ છે, તેમાં મુખ્ય કરીને મશહુર શીઆહ અને સુન્ની બે મઝહ-બ છે, અને બાકીના દુન્યામાં જેટલા મઝહબ છે તેઓનો ઘણે ભાગે ઊપર ના ૭ માંથી કોઇ પણ એક મઝહબમાં સમાવેશ થઇ શકે છે, જેમકે જે મઝહબ વાળા ખુદાનો ઇનકાર કરે છે તે કાંતો બુતપરસ્તમાં ગણાશે કાંતો દહરીયામાં ગણાશે, અને અગ્નીને પુજનારા, સુર્યને પુજનારા, વીગેરે તે પણ ખુદાનો ઇનકાર કરનારાઓમાં ગણાશે, તો તમામ મઝહબોમાંથી બે મઝ-હબ નીકળ્યા એકતો ખુદાનો ઇકરાર કરનાર બીજો ખુદાનો ઇનકાર કરનાર, હવે ખુદાનો ઇનકાર કરનાર છે તેમાંના જેઓ નબીયોને માનનાર નથી તે **હોકમા** છે, અને નબીયોને માને છે તે મશહુર ત્રણ ફીરકા છે **૧—યહુદ** જેઓ હ૦ મુસા અ૦ને પયગમ્બર જાણે છે, **૨—નસારા** જેઓ હ૦ ઇ-સા અ૦ને પયગમ્બર જાણે છે, **૩—મુસલમાનો** જેઓ હ૦ મોહમ્મદ સ૦ને પયગમ્બર જાણે છે.

તો મજકુર મઝહબો શીવાય દુનયામાં બીજો કોઇ મઝહબ ઠેહર્યો નહીં, મજકુર છ મઝહબમાં તમામ મઝહબનો સમાવેશ થઇ ગયો,

હવે એ સરવેમાં કયો મઝહબ હક છે તે આપણે ઓળખવો અને સાબીત કરવો જોઇએ.

૧—દહરીયા જે ખુદાનો ઇનકાર કરે છે તે વીશે વીચારીશું કે તેઓનો એઅતેકાદ હક છે કે નહીં, તો પહલે તમામ ચીજો તરફ નજર કરતા માલુમ થાય છે કે આ એક મજમુઓ છે, અને કોઇ પણ ચીજ કે વસ્તુનું હોવું તે તે ચીજથીજ નહીં પણ બીજાથી બનેલ હોવી જરૂર છે. અને જેણે બનાવેલ હોય તે તેમાં દાખલ હોય નહીં, કેમકે તેમાં દાખલ હોયતો તેને પણ બનાવનાર કોઇ જુવે, તો લાઝીમ છે કે સરવેને એવો કોઈ બનાવનાર હોય કે તેને કોઇ બનાવનાર ન હોય, અને એ શીવાય બીજી કોઇ વાત અક્કલમાં આવી શકતી નથી; દરેક ચીજ આપો આપ બને તે માનવા જોગ નથી, એક બારગી તકરારને ખાતર માનીએ કે તમામ ચીજો આપો આપ બને છે, તો એક સવાલ પુછવામાં આવે કે ઇનસાનની ખલકતમાં ઘણી અજાએબી છે તેમાંની એક દાંત લીઓ, હવે દાંત તરફ નજર કરતા માલુમ થયું કે સામેના દાંત ઝીણા છે અને અંદરના દાંત જરા જાડા. અને તે પછીની અંદરની દઢ બહુ જાડી અને પગતી અને ખાડા વાળી છે, તો સામેના દાંત ઝીણા હોવાનું કારણ એ છે કે કોઇ ચીજ ખાવી હોયતો તે આખીતો ખવાય નહીં તેથી સામેના દાંતવડે તેને કાપીને નાનો કડકો મોઢામાં લીએ અને અંદર ગયા પછી તે કડકો એમજ ગળામાં ઉતરી શકે નહીં તેથી દાઢમાં જાય અને દાઢમાં ઘટીની જેમ દબાય અને આજુ બાજુથી નીકળી પડે તેને જીભ ભેગુ કરીને અંદર નાખતી જાય, અને સુકી ચીઝ ગળામાં ઉતરવી અને બરાબર એકરસ થવી મુશકીલ પડે તેથી પાણીનો ઝરો રાખ્યો છે કે જેમ જેમ તે ચીજ ચવાતી અને ઝીણી થતી જાય તેમ તેમ તેમાં પાણી આવતુ જાય તો તે ભીની થઇ એક રસ થતી જાય અને તેથી ગળામાં આસાનીથી ઊતરી જાય, તો આ વીશે એજ પુછવાનુ કે જો આપો આપ થીએલ હોય તો દાંતને શુ ખબર કે સામેના ઝીણા થાઉં, અને અંદરના જાડા અને ખાડા વાળા બનું કે ખાવા માટે હરકત પડે નહીં, તો કોઇ પણ થોડી સમજ રાખતો હોય તે એ ધડક કહી શકશે કે અલબત્તા જરૂર છે કે આને બનાવનાર કોઇ પણ બહુજ અક્કલમંદ અને હુશીયાર હોવો જોઈએ કે તેણે આ તમામ બાબતો વીચારી અને સમજીનેજ બનાવી છે, તેમજ ઈનસાનના

દરેક અવયવ વીશે વીચારીશું તો તેમાં સેંકડો જાતની કારીગીરી અને હીકમત ભરેલી છે, હાથની આંગળીઓ તરફ જુવો કે દરેકમાં ત્રણ ત્રણ કટકા બનાવ્યા છે વળી એ કટકા વળી શકે એવા રાખ્યા છે જો એક એક આંગળીનો એક એકજ કટકો હતે તો કોઇ ચીજ પકડી શકાય નહીં, હાથમાં કલમ કેમ પકડતે? લાકડી કે વાંસલો કે કુહાડો કે હથોડો કેવી રીતે લેવાતે? કોઇ કામ થઇ શકતે નહીં, તો જો આંગળીઓ આપો આપ થઇ હોત તો તેને કેમ ખબર પડે કે ત્રણ ત્રણ કટકા વાળી થાઉં કે દરેક કામ થઇ શકે? તો લાઝીમ થયું કે તે બનાવનાર કોઇ મોટો હકીમ હોવો જોઇએ કે તેણે વીચારી અને સમજીનેજ બનાવેલ છે, આતો ઉપર ઉપરની થોડી કારીગીરીની બાબતો છે, પણ પેટ અંદરની ચીજોની કારીગીરીઓ અનાજ પાણી જવાના નળ, હજમ થવાની જગ્યો, ખોરાકીમાંથી અનેક ચીજ થવાના સાધન, એક તરફ લોહી થઇને રગોમાં ફરે, બીજી તરફ દુધ થાય, ત્રીજી તરફ ચરબી થાય, ચોથી તરફ ઝાડો પેશાબ જુદુ જુદુ જાય, જુદે જુદે રસ્તેથી નીકળે, એ શીવાય બચ્ચાં થવાની બાબત તેને રહેવાની જગ્યો તેને ખોરાકી પહોંચવાનુ યંત્ર, તેને વધારવાની હીકમત, તેને બાહેર લાવવાની કુદરત, ઊપરાંત ઇનસાનની દરેકની શીકલ એકજ જાતની બનાવી છે જેમકે માથુ કપાળ કાન નાક આંખ હોઠ વીગેરે સરવે જણુને છે. છતાં એની બનાવટ અને રંગમાં એવીજ કારીગરી રાખી છે કે કરોડો બંદાઓ છે પણ દરેક જણુ ઓળખાઇ આવે છે એ ઘણીજ અચંબો પામવા જેવી બાબત છે, સો માણુસ ઓળખીતાને લાખ જણની અંદર વીખેરી નાખો, તે પછી એ સરવેમાંથી એ સરવે જણુને ચુંટી શકાશે અને એક બીજામાં ભળી નહીં જાય અને ભુલ નહીં થાય, તેમજ દરેક ઇનસાનના સાદમાં પણ એવોજ ફરક રાખેલો છે કે દસ વીસ જણુ ઓળખીતાને સો બસો જણુમાં રાખીને એક એક પાસે ઘાંટો કઢાવોતો ઓળખીતાનો ઘાંટો તરત વરતી શકાશે, તો અવી તમીઝની બાબત શું આપો આપ થઇ ગઇ હશે? એ તમામ ચીજો શું આપો આપ થતી હશે? અગર આપો આપ થઇ હોય તો તે ચીજોને એવી સમજ કયાંથી આવી કે અમો આ પ્રમાણે થઇએ? અને આવી આવી કારી ગરીઓ અને હીકમતથી ગોઠવાઇએ, અને આ પ્રમાણે અનુક્રમે વરતીએ, ઉપરાંત દરેક ઝાડ પહાડ દરીયા વીગેરેની અંદરના લાખો પ્રાણી અને ચીજોથી સાબીત છે કે તેનો પયદા કરનાર કોઇ પણ હોવો જોઇએ, કોઇ શાએરે કહેલ છે કે—

બરગે દરખતાને સબ્ઝ દર નઝરે હુશીયાર*
હર વરકે દફતરેસ્ત માઅરેફતે કીરદેગાર*
હર ગીયાહે કે અઝ ઝમીં ન રોયદ*
વહદહુ લા શરીક લહુ ગોયદ*

સારાંષ—જે અક્કલ વાળો છે તેની નઝરમાં ઝાડનું દરેક પાંદ ખુદા-ની માઅરેફતના દફતર સમાન છે, જે જે ખડ કે જમીનથી ઉગે તે કહે છે કે સરવેને પયદા કરનાર એકજ છે તેના માટે કોઇ પણ શરીક નથી,

તો અવી અવી બાબતોથી ખુદાનુ હોવું સાબીત છે. લખે છે કે કોઇ દહરીયાએ એક ઇમામ અ૦ને પુછયું કે ખુદા છે તેની શું દલીલ છે?આ-પે ફરમાવ્યું તું મુરક્કબ છે કે મુજરરદ? એટલે એક ચીજથી બનેલો છો કે કેટલીએક ચીજો મળીને? તે વીચારમાં પડી ગયો અને સળી થકી ભોંય કોતરવા લાગ્યો, આપે ફરમાવ્યું જવાબ કેમ આપતો નથી? તેણે કહ્યુ . કે અગર કહું કે મુજરરદ છું તો ખોટી વાત છે કેમકે એકજ ચીજથી બનેલો નથી બલકે કેટલીએક ચીજો મીશ્ર થઇને બન્યો છું, અને જો મુર-કકબ કહુંછું તો તેને તરકીબ આપનાર એટલે કેટલીક ચીજોને ભેગી કરી મીશ્ર કરીને બનાવનાર અલબત્તા કોઇ હોવોજ જોઇએ અને તેજ સરવેને પયદા કરનાર ખુદા છે, અને એજ વાત ઉપરથીજ ઇમાન લાવ્યો.

હાસલકલામ ખુદા છે છે અને છેજ એતો સાબીત થયું, અને દહરી-યાનો મઝહબ બાતીલ થયો.

૨—હોકમાં છે તેઓ ખુદા હોવાના કાયલ છે, પણ પયગમબરો નો ઇનકાર કરે છે, તેઓનો પણ રદ અકલી દલીલથી કરવામાં આવે છે, જ્યારે તેઓ ખુદા હોવાનો ઇકરાર કરે છે ત્યારે તેઓને જરૂર છે કે ખુદા ને આદીલ અને તેને તમામ બદ અને ખરાબ સીફતોથી પાક સમજવો જોઇએ, અદલના અર્થ એ છે કે દરેક ચીજને લાયકી અને શકતી મુજબ તકલીફ આપીને ઇમતેહાન લેવું જોઇએ, અને ઇમતેહાન લીધા પછી તેના કૃત્યના પ્રમાણમાં સજા અથવા ઇનામ આપવું જોઇએ, કેમકે અગર સરવેને રાહત આપે તો નેક અને બદને સરખા ગણ્યા કહેવાય, અને અ-ગર સરવેને સજા કરે તો ઝુલમ ગણાય, અને જ્યારે ઇમતેહાન લેવાનું ન-કકી થયું અને સારા નરસા કામનો બદલો આપવો લાઝીમ થયો, તો સારૂ કયુ કામ છે અને ખરાબ કયું કામ છે તે બતાવા માટે પોતા તરફથી ખાસ કોઇ અકકલમંદ અને તેના કાયદા કાનુનથી માહીતગાર અને પરહેઝ-ગાર અને ઇનસાફીને મોકલવો જોઇએ કે તે રઇયતને તેઓના માલીકના

હુકમો બતાવે અને નેક અને બદ કામથી આગાહ કરે, કયા કામમાં ફાયદો છે અને કેવો અને શું ફાયદો છે, તેમજ કયા કામમાં શું નુકશાન છે, અને કેવુ અને કેટલુ નુકસાન છે એ સરવે બાબત જાહેર કરે, અને તે એવો હોવો જોઈએ કે તેની પાસે ખુદા તરફથી હુકમ નાઝીલ થતા હોય, એટલી દલીલથી સાબીત થયું કે ખુદા તરફથી કોઇ પણ પયગામ લાવનાર હોવો લાઝીમ છે. અને જે પયગામ લાવે તે પયગમબર છે, તો પયગમબરોનું હોવુ લાઝીમ થયું, તો આથી **હોકેમા** નો મઝહબ પણ બાતીલ થયો અને સાબીત થયું કે ખુદા તરફથી પયગમબરોનું હોવું લાઝીમ છે, અને જેઓ ખુદા તરફથી પયગમ્બર ન હોવાના કાએલ છે તેઓ ખુદાને આદીલ સમજ્યા નહીં બલકે ખુદાની સીફતમાં અયબ કર્યો, તો જાણે તેઓ ખુદાને માનતા નથી એવું થયું.

૩—**બુતપરસ્ત,** બુતપરસ્તો પાસે પોતે હક હોવાની કોઇ પણ દલીલ નથી. કાંતો કહેવું પડે છે કે આ બુત છે તેજ અમારા ખુદા છે, તો નજીવી દલીલમાં એ વાતનો રદ થાય છે કે જે પોતાના હાથે ઘડીને બનાવે તે ખુદા થઇ શકેજ નહીં, અને અગર એમ કહે કે અમારા ખુદાઓની સુરતો છે, તો જે ખુદાને લોકોએ જોયો અને તેને જોઇને તેની સુરત બનાવી તો એવો ખુદા પણ ન હોય કે તે આવીને લોકોમાં રહી ગયો હોય, અગર એમ કહે છે કે ખુદાનો એકજ છે પણ તેના તરફથી રસ્તો બતાવા આવેલા તેઓની મુરતી છે, તો તે મુરતીઓને પુજવુ અને સીજદા કરવા તે ફોગટ છે, તો બુતપરસ્તોનો પણ મઝહબ બાતીલ થયો. અને કોઇ એમ કહે કે જેમ તમારા પયગમબર અને ઇમામ હતાં તેમ અમારા દેવો હતા. તો દેવો ખુદા તરફથી હોય તો અદલ ઇનસાફથી ચાલવું જોવે, ઝીના એ શરમીથી બચવું જુવે, તેને બદલે બુતપરસ્તો પોતાના દેવોની એવી એવી વાતો બયાન કરે છે કે તેપરહેઝગારીથી હજારો ગાઉ છેટે છે, તો બુતપરસ્તી પણ બાતીલ થઇ.

ખુદા છે તે ન પથ્થર છે ન ઇનસાન છે ન અંગવાળો છે ન જોવામાં આવે છે, બલકે તેના માટે કેટલીક સીફાતો લાઝીમ છે કે તે તેમાં હોવી જોઇએ, અને કેટલીક સીફાતો એવી છે કે તેની ઝાતમાં હોયજ નહીં અને એ સરવે અકકલમાં પણ આવી શકે છે, અને એ તમામ સીફાતો શીઆહ ઇસનાઅશરી સીવાય બીજા કોઇ મઝહબ વાળાઓના મઝહબમાં નથી, અને એ સીફાતો નીચે મુજબ,

સીફાતે સુબુતીય્યાહ.

જાણવું જોઇએ કે ખુદાની ઝાત માટે જે સીફાતો સાબીત છે અને તે સીફાતો ન હોય તો તે ખુદા ન હોય એ આઠ સીફતો છે.

૧—**કદીમ** અને **અઝલી** છે, એટલે ખુદાએતઆલા **હમેંશાથી** છે અને હમેશા રહેશે, કેમકે અગર તે **હાદીસ** (પએદા થએલો) હતે તો તે કદીમ ન હતે, તો સાબીત થયું કે તેના માટે નહોવું અને ફના થવું રવા નથી,

૨—**કાદેર** અને **મુખતાર** છે, એટલે સરવે ચીજ ઉપર તેની સત્તા છે, તેની કુદરતથી કોઇ ચીજ બાહેર નથી, તે કોઇ બાબત કરવા તેમજ ન કરવા બન્ને બાબતમાં મુખતાર અને સત્તાવાન છે, "ફલાસેફા" પોતાની ટુંકી અકકલના લોકો કહે છે કે ચીજો પયદા કરવામાં ખુદાને ઇખતીયાર નથી તેના ઇખ્તીયાર વીના ચીજો બનેછે જેમકે આગ કે તે બાળેછે તેમાં ખુદાની કુદરતને ઇખતીયાર નથી તે કોઇ ચીજને અડે એટલે બળવા મંડે, પણ એમ નથી જાણતા કે તેની મરજી ન હોયતો આગ ખડના ઢગલામાં પડે તો પણ બાળી શકે નહી, અને જો એમજ હોય કે ખુદાની કુદરત વીના આગ સળગાવે અને ન ચાહે તો પણ સળગે તો તે અશકત અને લાચાર છે અને અશકત અને લાચાર હોય તે ખુદા ન હોય.

૩—**આલીમ** છે. એટલે તમામ નાની મોટી ચીજને જાણે છે, જોઇએ તો મવજુદ હોય જોઇએ તો મઅદુમ હોય, મવજુદ એટલે જે થઇ ચુકી હોય તે, અને મઅદુમ એટલ જે હોયજ નહીં તે. દરેક ચીજ ન હતી અને થઇ તે બન્ને વખતમાં ખુદા તેને જાણે છે અને તે જાણવામાં કાંઇ પણ ફરક હોતો નથી.

૪—**હઇ** છે, એટલે તે હમેશા જીવતોજ છે તેને મોત નથી, જો તેને મોત હોય તો તે ખુદા ન હોય, કેમકે ખુદમાં કોઇ અયબ હોવો જોઇએ નહીં, અને મોત તે ખામી અને અયબ છે અને ખુદા અયબથી પાક છે.

૫—**મુદરીક**, અને **સમીઅ**, અને **બસીર**, છે, મુદરીક એને કહે છે કે જે ચીજોને આપણે ઇંદરીયો થકી ઓળખીએ છીએ તેને ખુદાએતઆલા ઇંદરીઓ વીના ઓળખે છે. તેને ઇંદરીઓ એટલે આંખ કાન જીભ વીગેરે જરૂરત નથી, કેમકે તે ઇંદરીઓને પયદા કરનાર છે, તેને

ઈંદરીયોનીઇ જરૂરત નથી તેથીજ આંખ નથી પણ સરવે ચીજ જુંવે છે. કાન નથી પણ સાંભળે છે ઇત્યાદી.

"સમીઅ" એટલે સાંભળનાર અને "બસીર" એટલે જોનાર અને "મુદરીક" માં એ સરવેનો સમાવેશ થઇ જાય છે, જેમકે ઉપર તફસીલથી બયાન થયું.

૬—**મુરીદ** અને **કારેહ** છે, અને મુરીદના કેટલાંક અર્થ થાય છે, એક તો એ કે ખુદાએતઆલા જે કાંઈ કરે છે તે પોતાના ઇરાદાથી કરે છે મતલબ એકે દરેક ચીજ તેના ઇરાદા અને ઇખતેયારથી થાય છે, અને **કારેહ** એટલે અણગમો, અને તેથી મતલબ ન કરવાના છે, બીજા અર્થ તેને લગતા છે, ત્રીજા અર્થ એ કે કોઇ ચીજને મવજુદ કરવાને ઇરાદો, અને નાબુદ કરવાને કારેહ કહે છે, ચોથા અર્થ ઇરાદાથી મતલબ એ છે કે ખુદા પોતાના બંદાઓથી ઇબાદતનો ઇરાદો રાખે છે, અને ના ફરમાનીથી અણગમો રાખે છે, અને ગુનાહ કરે એવો ઇરાદો કરતો નથી, અને આ ઠેકાણે ઇરાદાથી મતલબ એમ નથી કે તે કામ કરવુંજ, કેમકે જો એમ હોય તો ઇરાદો કરે તે કામ થવુંજ જુવે, અને ઘણાં બંદાઓ તેથી ઉલટું વરતે છે, તો અહીંયા બંદાઓથી ઇબાદતનો ઇરાદો રાખવાથી મતલબ એ છે કે તેણે બંદાઓને ઇબાદતનો હુકમ આપ્યો છે, અને ગુનાહોથી અણગમો રાખવાથી મતલબ તેણે બંદાઓને ગુનાહોની મનાઇ કરી છે, અને બંદાઓને એ કામ કરવા ન કરવાનો ઇખતીયાર આપ્યો છે, અને બીજી ચીજો જેમકે વરસાદ વરસાવવો ઉમર લાંબી ટુંકી આપવી, મારવું જીવાડવું વી૦ બાબનો ખુદાએ ખાસ પોતાના હાથમાં રાખી છે કે જે કરવી હોય તે તરતજ વગર ઢીલે થાય, અને જે ન કરવી હોય તે કદી થાયજ નહીં, અને બંદાઓથી નેક કામ ચાહે છે અને બદ કામ ન કરવા ચાહે છે પણ તેનો ઇખતીયાર બંદાને સોંપી દીધો છે કે તેઓ ચાહે તો કરે ચાહે તો ન કરે, અને જો બંદાઓને ઇખતીયાર સોંપ્યો ન હોય તો ઇમતેહાન લેવાની બાબત રહે નહીં; બલકે કોઇને સજા તો થઈ શકતજ નહીં, અને સજા કરેતો ઝાલીમ ગણાય. કેમકે બંદાએ કરવા ન કરવાના ફેઅલનો ઇખતેયાર ખુદાએ બંદાને આપ્યો ન હોત અને પોતાના કબજામાં રાખ્યો હોત અને કોઇ ગુનાહ કરત અને તેને સજા કરત તો બંદો કહેતે કે ખુદાવંદા આમાં મારો ઇખતેયાર ન હતો હું લાચાર હતો ગુનાહનુ કામ તેં કરવા દીધું તેથી ગુનાહ થઇ ગયો હવે સજા કરેછે તે નકામીછે વીગેરે.

પાંચમા અર્થ મુરીદના એ છે કે તૌફીકનો ઇરાદો આપે છે, અને કારેહ થી મતલબ એ છે કે તવફીક લઇ લીએ છે.

૭—મુતકલ્લીમ છે, એટલે ખુદાવંદે કરીમ કલામ પયદા કરનાર છે, જે ચીજમાં ચાહે કલામ પયદા કરી શકે છે, જેમકે હઝરતે મુસા પયગમર સાથે વાત કરવા ઝાડને શકતી આપી હતી.

૮—સાદેક છે, એટલે તેના કલામ સાચા અને હક છે, કેમકે જુઠ બુરી અને ખરાબ ચીજ છે, અને બુરી અને ખરાબ ચીજ ખુદા માટે હોય નહીં.

સીફાતે સલબીય્યહ.

જાણવું જોઇએ કે ખુદાની ઝાત માટે જે સીફાતો નથી અને તેથી ખુદા પાક છે અને એવી સીફાતો હોય તે ખુદા ન હોય, તે સીફાતો છ છે.

૧—લાશરીક છે, એટલે તેની ઝાતમાં કોઇ શરીક નથી, તે પોતેજ એકજ છે તેના સીવાય બીજો કે ત્રીજો ખુદા નથીજ, કેમકે જો બે ખુદા હોય તો બન્નેમાંથી જે ખુદા જે કામનો ઇરાદો કરે તેજ કામ બીજો ખુદા ન કરવાનો ઇરાદો કરે તો એ કામ બન્નેમાંથી એકના ઇરાદા મુજબ થાય, તો જેના ઇરાદા મુજબ થયું નહીં તે મોહતાજ અને અશક્ત ઠર્યો, તો મોહતાજ અને અશકત હોય તે ખુદા ન હોય, તેમજ બે ખુદા હોય અને તે બન્નેમાં મતભેદ થતો ન હોય તેમ એક બીજા મળીને દુન્યાનો ઇન્તેઝામ કરતા હોય તો તેમાં કેટલાંક સવાલ ઊત્પન્ન થશે, એક કે તો એ કે શું એક ખુદાથી ચાલતુ નહી હોય? કે બીજો મદદ માટે હોય તો તે બન્ને શકતી વાળા ઠર્યા નહીં બલકે એક બીજાના મોહતાજ ઠર્યા તો મોહતાજ હોય તે ખુદાજ ન હોય, બીજો એ કે અગર એક ખુદાથી સરવે કામ થઇ શકતા હોય તો બીજો ફાલતુ અને નીર ઉપયોગી ઠરે છે, અને તેવો ખુદા ન હોય, તો સાબીત થયું કે ખુદા એકજ છે તેનો કોઇ શરીક નથી,

૨—સુરત અને જીસમ નથી, એટલે ખુદા માટે અંગ તેમજ સુરત વીગેરે નથી એ ચીજોથી ખુદા પાક છે, કેમકે તેના માટે કાંઇ સુરત કે અંગ હતે તો તેની હદ હતે તો તેનું માપ હતે માપ હતે તો તેની સુરત હતે, તો તેવો ખુદા ન હોયા.

મુસલમાંનોમાં એક ફીરકો એવો છે કે તે કહે છે કે ખુદાને અંગ છે તે અર્ષ ઉપર બેઠો છે અને અર્ષ કરતાં તેનું અંગ તેનીજ વેંતથી

છ વેંત મોટું છે, અને જુમ્માની રાત્રે ગધેડા ઉપર બેસીને જમીન ઉપર આવે છે, અને સવાર સુધી નીદા કરે છે કે મારા બંદાઓમાં કોઇ એવું છે? કે પોતાના ગુનાહોથી તોબા કરે તો કબુલ કરૂં. અને આપણા શીઆહ મઝહબના એઅતેકાદમાં ખુદાને અંગજ નથી. અને તે અર્ષ ઉપર બેસે અને ગધેડા ઉપર સવાર થઇ નીચે આવે તે બનવા જોગ નથી, પણ હદીસમાં છે કે જુમ્માની રાત્રે ખુદા તરફથી ફીરીસ્તો નીદા કરે છે કે કોઇ ગુનાહથી તવબા કરનાર છે કે ખુદા બક્ષી આપે, કોઇ હાજતમંદ છે કે તે હાજત ચાહે તો ખુદા પુરી કરે વીગેરે.

૩—મકાન નથી, ખુદા માટે મકાન હોયજ નહીં કેમકે મકાન એને જોઇએ કે જેને અંગ હોય. અને ખુદાને અંગજ નથી અને અંગ હોય તો મકાનનો મોહતાજ ઠરે છે, અને મોહતાજ હોય તે ખુદા ન હોય,

એક યહુદીએ એક ઇસલામીને પુછ્યું કે ખુદા કયાં છે? તેણે જવાબ આપ્યો આસમાન ઉપર છે અને અર્ષ ઉપર બેઠેલો છે, યહુદીએ કહ્યું તો શું જમીન ખુદાથી ખાલી છે? તેણે કહ્યું તું અવી વાતો કરે છે તેથી તને કતલ કરવો જોઇએ એમ કહી કાઢી મુકયો, તે યહુદી ઇસલામની મશકરી કરતો ચાલતો થયો, રસ્તામાં હલ્લાલે મુશકેલાત હ૦ અલી અ૦ મળ્યા આપે ફરમાવ્યું તેં જે કાંઇ સવાલ કર્યો અને જે કાંઇ જવાબ મળ્યો તેની મને ખબર પડી પણ હું તને ખરો જવાબ આપુછું કે ખુદાવંદે આલમ મકાનનો પયદા કરનાર છે તેના માટે કોઇ મકાન નથી બલકે તેની કુદરતના આસાર દરેક જગ્યોએ મવજુદ છે, અને અગર તારી કીતાબોથી સાબીત કરી આપું તો ઇમાન લાવીશ? તેણે કહ્યું મારી કીતાબમાં લખેલું હશે તો ઇમાન લાવીશ, હઝરતે ફરમાવ્યું તારી કીતાબોમાં લખેલું છે કે એક વખત હઝરતે મુસા અ૦ બેઠા હતા ત્યાં પુર્વ તરફથી એક ફીરીસ્તો આવ્યો, હઝરતે મુસાએ પુછ્યું તું કયાંથી આવે છે? તેણે અરજ કરી કે ખુદાએ અઝ્ઝેજલ પાસેથી આવુછું, તે પછી બીજો ફીરીસ્તો પશ્ચીમ તરફથી આવ્યો તેને પુછ્યું કયાંથી આવે છે? તેણે અરઝ કરી અલ્લાહ જલ્લ શાનહુ પાસેથી આવુછું, તે પછી તીજો ફીરીસ્તો આવ્યો તેણે કહ્યું સાતમાં આસમાનથી ખુદાએતઆલા પાસેથી આવુ છું, તે પછી ચોથો ફીરીસ્તો આવ્યો, તેણે કહ્યું જમીનનાં સાતમા તબકાથી ખુદા પાસેથી આવુ છું. તે વખતે હ૦ મુસા અ૦એ ફરમાવ્યું હું તાઅરીફ કરૂં છું ખુદાની કે તેનાથી કોઇ જગ્યો ખાલી નથી, આ સાંભળીને યહુદીએ કહ્યું હું ગવાહી આપુછું કે આ વાત હક છે અને આપ ખરા ઇમામ છો.

૪—હોલુલ અને ઇત્તેહાદ તેના માટે જાએઝ નથી, હોલુલથી મતલબ એક ચીજનું બીજી ચીજમાં જવું જેમકે રંગ અંગમાં ઘુસે છે, અને ઇત્તેહાદ બે ચીજ મળીને એક થઇ જવાને કહે છે, તો ખુદામાં એ "હુલુલ" તેમજ "ઈત્તેહાદ" રવા નથી, તે કોઇમાં ઘુસતો નથી તેમ તેમાં કાંઇ ઘુસતુ નથી, તે કોઇમાં મળી એક થતો નથી તેમજ કોઇ તેનામાં મળીને એક થઇ જતુ નથી. અને બાઅઝે સુફીયોથી નકલ છે કે માઅરેફત વાળા સાથે ખુદા મળી જાય છે, અને બાઅઝે એથી પણ વધી જઇને કહે છે કે ખુદા છે તે નફસોમાંજ મળેલ છે, અને એ વાત કુફરની છે, અને એવા એઅતેકાદ વાળા લોકોથી બહુજ પરહેઝ કરવો જોઇએ, અને એવા વસ વસો કરનારથી બચવું જોઈએ,

૫—ખુદા દુન્યામાં કે આખેરતમાં જોવામાં આવતો નથી તેને કોઈ જોઇ શકતુ નથી, અને શીઆહ સીવાય બીજા જેઓ કહે છે કે ખુદાના દીદાર થશે તેઓનુ કહેવું એમ છે કે જો ખુદા જોવામાં આવી શકે એવો ન હતે તો હ૦ મુસા અ૦ કે તેઓ પયગમબરે મુરસલ હતા ખુદા પાસે દીદારનો સવાલ ન કરતે, અને આ બાબત બે ચીજથી ખાલી નથી કાંતો હઝરતે મુસા અ૦ જાણુતા ન હતા કે ખુદા જોવામાં આવી શકતો નથી, અથવા જાણુતા હતા કે જોવામાં આવે તેમ નથી છતાં જાણીને સવાલ કર્યો તો તે નકામો સવાલ ઠરે છે, તો આનો જવાબ એ છે કે એ સવાલ હઝરતે મુસા અ૦ તરફથી નહતો, બલકે જયારે લોકોએ હ૦ મુસા અ૦ને કહ્યું કે ખુદા પાસે સવાલ કરો કે તેના અમોને દીદાર થાય, તો આપે ફરમાવ્યું કે ખુદા દેખાઇ શકે એવો નથી, તો પણ તે લોકોએ બહુજ આગ્રહ કર્યો તમો સવાલ કરો ! તે વખતે હ૦ મુસા અ૦ અરજ કરી કે ખુદાવંદા તુ જાણે છે કે આ કોમ શું કહે છે? વહમ થઇ કે તેઓ કહે છે તે સવાલ કરો અને તેઓની જહાલતના સબબથી તમારી પાસેથી બદલો લેવામાં નહીં આવે, તે વખતે હઝરતે મુસા અ૦ અરઝ કરી કે "**રબ્બેઅરેની**" (તારો દીદાર આપ) જવાબ મળ્યો "**લન્તરાની**" (હરગીઝ નહીં જુવે) અને અરબીમાં "**લન**" શબ્દ છે તે કાયમ માટે વપરાય છે એટલે હમેશા જોઇ નહીં શકે, તો જયારે હઝરતે મુસા પયગમબરને ચોખો જવાબ મળ્યો કે જોઇ શકે નહીં ત્યારે બીજો કોણુ જોઇ શકે? અને શાથી દેખાય? અને લોકોએ હઝરતે મુસા અ૦ને ખુદાના દીદાર માટે માગણી કરી તે વીશે તફસીલ કુરઆને શરીફમાં છે અને તેથીજ

ખુદાએ એ લોકો ઉપર અઝાબ મોકલ્યો અને બાળી નાખ્યા, ઊપરાંત ખુદા પોતેજ કુરઆને શરીફમાં ફરમાવે છે કે લા તુદરેકોહુલ અબસાર એટલે કોઇ આંખ તેને પામી શકતી નથી એટલે જોઇ શકતી નથી આથી ચોખી બાબત બીજી કઇ જુવે?

૬—ખુદાની ઝાત માટે હાલત બદલવાનું નથી; કેમકે હાલત બદલવી તે ઇનસાન અને મખલુકાત માટે છે, ખુદા છે તે હમેશા એકજ હાલતમાં છે અને રહેશે, ઇનસાનનીજેમ બીમાર થવું તનદુરસ્ત થવું, બચ્ચાથી જવાન અને જવાનથી બુઢ્ઢુ થવું તે તેના માટે નથી. એક ઝીન્દીકે હઝરતે ઇમામે જાઅફરે સાદીક અ૦ને પુછ્યું કે ખુદા ખુશ અને ગુસ્સે થાય છે ખરો? હઝરતે જવાબ આપ્યો કે હા, પણ ઇનસાનની જેમ ખુશ થતો નથી તેમજ ગુસ્સે પણ થતો નથી, કેમકે ઇનસાન જ્યારે ખુશ થાય અથવા ગુસ્સે થાય તે વખતે તેની હાલત બદલાઇ જાય છે; અને ખુદાની હાલત કોઈ પણ વખતે બદલાતી નથી તે હમેશા એકજ હાલત ઉપર છે. બીજી જગ્યોએ લખ્યું છે તેનો ખુલાસો એ કે ઇનસાન ગુસ્સે થાય તો તેનો ચેહરો લાલ થઇ જાય છે મોઢુ ચડે છે અને ઉદાસ રહે છે, અને ખુશ થાય ત્યારે ચેહરો હસતો હોય છે, અને અમન ચમનમાં રહે છે એવું ખુદા માટે નથી, અને જ્યારે એ પ્રમાંણે નથી ત્યારે તેનુ ખુશ થવું અને ગુસ્સે થવું તે શા કામનું? અને તે ખુશ થયો કે ગુસ્સે થયો તે કેમ ખબર પડે? તો તે વીશે જાણવું કે જે શખસ કોઇના નેક કૃત્યથી ખુશ થાય તો તેની સાથે મોહબ્બતથી વરતે છે અને તેને ઇનામ આપે છે, તેમજ કોઇ શખસથી નારાજ થાય તો તેનાથી દુશમની તરીકે વરતે છે અને સજા કરે છે, તો ખુદાનુ ખુશ થવું એ છે કે બંદાઓ ઊપર રહમત મોકલે અને નેક કસતો સારો બદલો આપે, અને ગુસ્સે થવું તેમજ નારાજ થવું તે એ છે કે બંદા ઉપર લાઅનત કરે અને તેના બદ કૃત્યની સજા કરે, મતલબ એ છે કે નેક કામના સબબથી સારો બદલો આપે તે ખુશ થીઓ સમજવો, અને બદ કામના સબબથી અઝાબ કરે તે ગુસ્સે થયો સમજવો,

કોઇ વખતે એમ સવાલ કરે કે નેક લોકો નેક કામ કરવા છતાં બલામાં ફસાયછે, અને બદ લોકો બદકામ કરવા છતાં મોજમજાહ કરેછે તે કેમ? તો તેના કેટલાક જવાબ છે તેમાંથી ટુંક એ કે નેક લોકને સખતી પહોંચે તો ખુદા ગુસ્સે થયો ન સમજવું બલકે તેનું ઇમતેહાન લીએ છે અને મોટા દરજા આપવા માટે સવાબમાં દાખલ કરે છે કે એ બલા ઉપર

સબર કરીને આલી દરજ્જે પહોંચે, અને કોઇ વખતે આગલા ગુનાહથી પાક સાફ કરવા પણ સજા થાય છે કે મરે તે વખતે કોઇ ગુનાહ બાકી ન રહે.

તેમજ ઝાલીમો અને બદ લોકો માટે પણ છે કે તેઓના કોઇ સારા કામના બદલા માટે દુન્યાની થોડી રાહત આપે છે કે મરવા પછી કાંઇ પણ સવાબ મળવો બાકી ન રહે અને સીધો જહન્નમમાં ચાલતો થાય.

૪—યહુદ નબીને માને છે પણ હ૦ ઓઝયર અ૦ને ખુદાનો દીકરો કહે છે તેથી ખુદામાં શરીક કરે છે તો તેઓ પણ તવહીદથી નીકળી ગયા, અને તેઓનો મઝહબ બાતીલ થયો, કેમકે ખુદાને જ્યારે દીકરો હોય તો તેને બાપ પણ હોય તેને ઓરત પણ હોય તો તે એક ઇનસાન જેવો ઠર્યો તો ઇનસાન જેવો હોય તે ખુદા ન હોય.

૫—નસારા તેઓનો હાલ પણ યહુદીઓ જેવો છે કેમકે તેઓ પણ હ૦ ઇસા અ૦ને ખુદાનો દીકરો કહે છે, તો યહુદીઓનો મઝહબ જે દલીલથી બાતીલ છે તેજ દલીલથી નસારાનો મઝહબ પણ બાતીલ થયો.

૬—ઈસલામ. ઉપર મુજબ પાંચ મઝહબ તો બાતીલ ઠર્યા અને એ પાંચે મઝહબમાં દુન્યાના બાકીના તમામ મઝહબ આવી ગયા. હવે ઇસલામ છે તે હક છે, પણ ઇસલામમાં ૭૩ ફીરકા છે, તેમાં એક ફીરકો હક છે, અને ઇસલામમાં મશહુર બે ફીરકા છે સુન્ની અને શીઆહ, સુન્નત જમાત વાળા કહે છે કે આખેરતમાં ખુદાનો દીદાર થશે, અને શીઆહનો એઅતેકાદ જે કે આખેરતમાં પણ ખુદાનો દીદાર નહીં થાય, અને દીદાર થાય તે કોઇ ચીજ ઠેરી અને ચીજ માટે હદ ઠરી કે અટલો લાંબો પગતો જાડો પાતળો રૂપાળો કે સામળો વી૦ તો એવો ખુદા ન હોય, તો ખુદાની ઝાતને લાયક જે જે સીફાતો છે અને તેની ઝાતને લાયક જે જે સીફાતો નથી તે મુજબ માનનારા શીઆહ છે, તો સાબીત થયું કે શીઆહ મઝહબ બરહક છે તો અકલી દલીલોથી સરવે મઝહબમાં શીઆહ હક મઝહબ સાબીત થયો.

હવે ઇસલામમાં ૭૩ ફીરકા છે અને તે સરવેમાં શીઆહ ઇસનાઅશરી મઝહબ અકલી દલીલોથી સાબીત થયો, ઉપરાંત હદીસોથી પણ સાબીત છે જેમકે શીઆહ અને સુન્ની બન્ને આ હદીસને લખે છે અને એ હદીસ સહીહ અને ખરી હોવામાં કોઇને વાંધો નથી કે હઝરતે રસુલેખુદા મોહમ્મદેમુસતફા સ૦ ફરમાવ્યું કે **"મારી ઉમ્મતમાં ૭૩ ફીરકા થશે તેમાં ૭૨ ફીરકા નારી (દોઝખી) થશે, અને ફકત એક ફીરકો નાજી (જન્નતી) થશે.**

હવે એ હદીસને તમામ મુસલમાનો કબુલ રાખે છે અને દરેક ફીરકો પોતાને "નાજી" ફીરકો ગણે છે, અને તેની દલીલો લાવે છે, અને ઇસલામમાં ખાસ મશહુર અને મારૂફ મોટા બે ફીરકા છે, એક શીઆહ અને બીજો "સુન્ની" અને શીઆહ તથા સુન્ની એ હદીસને સહીહ

અને ખરી જાગ્રે છે કે હઝરતે રસુલેખુદા મોહમ્મદે મુસતફા સ૦ ફરમાવ્યું કે તહકીક કે હું મારી પાછળ તમારામાં બે ભારે (કીમતી) ચીજ મુકી જાઉંછું જો એ બન્નેની પયરવી કરશો તો તો હરગીઝ ગુમરાહ નહીં થાઓ, એ બે ચીઝમાં એક ખુદાની કીતાબ (કુરઆન) અને બીજી મારી "અહલેબયત" (જનાબે ફાતેમા અને ૧૨ ઇમામ) છે,અને એ બન્ને ચીજ એટલે કુરઆન અને અહલેબયત જુદા નહી થાય એટલે સુધી કે કવસર ના હોજ ઉપર મારી પાસે આવશે. અને બીજી હદીસ પણ શીઆહ અને સુન્નીઓમાં છે કે હઝરતે રસુલેખુદાએ ફરમાવ્યું કે "મારા અહલેબયતનો દાખલો હ૦ નુહ નબીની કશતીની જેવો છે, કે જે તે કશ્તી ઉપર બેઠો તે **નજાત** પામ્યો, અને જેણે તેને મુકી આપી તે હલાક અને ગરક થયો, તેમજ જે મારી અહલેબયતનો દામન પકડશે એટલે તેઓના ફરમાન મુજબ ચાલશે તે **નજાત** પામશે, અને જે તેઓથી વીરૂધ્ધ ચાલશે તે **જહન્નમમાં** જશે, અને અહલેબયતથી મુરાદ હ૦ અલી જનાબે ફાતેમા હસન અને હુસયન અને ઇમામે હુસયન અ૦ની ઓલાદમાં બાકીના નવ ઇમામ છે, અને આપણુ સુન્ની અને શીઆહ કબુલ રાખે છે.

તો અહલેબૈતની પયરવી કોણ કરે છે તે દરેક જણ પોતે દરીયાફત કરી લીએ, જેફીરકો અહલેબૈતના ફરમાન મુજબ ચાલતો હશે તેજ **નાજીછે.**

હવે શીઆહમાં કેટલાંક ફીરકા છે પણ ઉપરના તમામ લખાણથી સાબીત છે કે **૧૨** ઇમામ બરહક છે તો બાર ઇમામને અનુંક્રમે માને તેઓ **શીઆહ ઇસનાઅશરી** છે, એટલે બાર ઇમામને માનવા વળા છે.

શીઆહ ઇસમાઇલી વીશે જાણવું કે તેઓ કહે છે કે અમો શીઆહ છીએ પણ છઠા ઇમામ ઇમામે જાઅફરે સાદીક અ૦ના ફરઝંદ હઝરતે ઇસમાઇલને ઇમામ ગણી તેઓની ઓલાદમાં બીજા ઇમામો ગણે છે, પણ હઝરતે ઇમામે જાઅફરે સાદીક અ૦ની હયાતીમાં જનાબે ઇસમાઇલ ખુદાની રહમતે પહોંચ્યા છે જેમકે દુરરેબેબહામાં એ બાબત અમોએ લખી છે, ઉપરાંત જેઓ ઇસમાઇલી હેવાનો દાવો કરે છે તેઓ છ ઇમામ સુધી આપણુને મળતા હોવાનો ઇકરાર કરે છે તો હાલ આપણે જેટલા આ અમાલ નમાઝ રોઝા હજ ઝીયારત વી૦ કરીએ છીએ તે તમામ છઠા ઇમામ ઇમામે જાઅફરે સાદીક અ૦ના ફરમાન મુજબ છે, તો એ ઇમામનુ ફરમાન ઇસમાઇલીયોને પણ માંનવુ લાઝીમ છે, અને ઇમામો છે તે હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસતફા સ૦ના ફરમાન પ્રમાણે ઉમ્મતને ચલાવનારછે.

ઈસ્લામી કીતાબો વી૦ નું ટુંક લીષ્ટ.

૧ કુરઆને શરીફની ઉમદા તફસીર અસલ અરબી ખુશનુમ આયતો તેની પાછળ તેજ આયતો ગુજરાતી શોભીતા મોટા હરફમાં તથા તરજુમો તે પછી તફસીર તાવીલ વી૦ વી૦ થી ભરપુર મોટા ૨૬૦૦ પેજમાં કે જે રોયલ ૮ પેજી ૫૨૦૦ પેજ થયાં તેના દસ દસ સીપારાના ૩ ભાગ છે. પાકા પુંઠા સાથે પોસ્ટેજ રજીસ્ટર સુધ્ધાં પહેલાભાગના રૂ ૧૨) તે પછી દરેક ભાગના રૂ૧૦) ત્રણે ભાગના ૩૩૦ આફ્રીકા વી૦ માટે પાંચ ભાગ કર્યા છે પોસ્ટેજના તથા બે પુંઠાના રૂ.૪) વધારે કુલ રૂ ૩૪) હીંદુસ્તાનના પાંચ ભાગના રૂ.૩૧)

૨ અમ્માનો પારો જેની અંદર ૩૭ સુરા છે, પહેલે અરબી ખુશનુમા હરફોમાં આયતો અને તેની પાછળ તેજ આયતો ગુજરાતી મોહટા શોભીતા ટાઇપમાં તેની નીચે ગુજરાતીમાં તરજુમો અને તે પછી તેના તફસીર છે હદીઓ રૂ૧ાા પોસ્ટેજ ૦)≡ આફ્રીકાના ૦ા=

૩ તોહફતુસ્સાએમીન, માહે રમઝાનના રોઝાની ફઝીલત અ-અમાલ ઝીયારત દોઆઓ, **જવશને કબીર** ગુજરાતીમાં તરજુમા સાથે, હીકાયતો નસીહતો મસાએબ વી૦ વી૦ ૩૦ વાએઝની ૩૦૦ પેજની રૂ૨) પોસ્ટેજ ૦)≡ આફ્રીકાના ૦ા= પાંચ જાતની રંગીન સાહી ચામડાની પુંઠાની બહુજ ભારે કાગળવાળીના રૂ૪) પોસ્ટેજમાફ.

૪ હદીકએ શહાદત જેમાં ઉરદુ શીરીન ભાષા ગુજરાતી મોટા હરફમાં ૪૦ મજલીસોછે પાકા પુંઠાની મોટા કદની રૂ૧ાા ઉંચા કાગળ વાળી કીંમત રૂ૨) પોસ્ટેજ ૦)≡ા આફ્રીકાના ૦ા-

૫ રાહેનજાત માસીક ચોપાન્યું ઉમદા ઉમદા દીન ઈસ્લામની બાબતો હીકાયતો હદીસો કીસ્સા વી૦ થી ભરપુર ૩૨ પેજમાં નીકળે છે જેનું ૧૪ મું વરસ ચાલે છે વરસ ૧ ના અગાઉથી રૂ ૨)

૬ નુરેઇમાન બે માસીક ચોપાન્યું ઇમામે હુસયન અ૦ ની મુસીબતની રીવાયતો મરસીયા તથા સલામ વી૦ તથા મોઅજીઝા ફઝાએલ વી૦ ૩૨ પેજમાં ૧૨ મું વરસ ચાલે છે, વરસે રૂ ૧) આફ્રીકા ૧)≡ **રાહેનજાત** ન લીએ તેનો રૂ૦ા વધારે.

૭ મેઅરાજુસ્સઆદાહ જેમાં રૂહની બીમારીયો, તે થવાનાં કારણ, તેમ તેને દફે કરવાના ઇલાજ અકલી દલીલો હદીસો વી૦ થી એવા અસરકારક લખ્યા છે કે તે પ્રમાણે અમલ કરે તો ફીરીસ્તા ખસલત થઇ જાય. ભાગ ૧ લો પોસ્ટેજ સાથે રૂ૧ાા= આફ્રીકા ૧ાાા

૮ રાહેનજાત ૪થી રૂ૧) ૯ રાહેનજાત ૯મી રૂ૧) ૧૦ રાહેનજાત ૧૨મી રૂ૨)

૧૧ રાહેનજાત ૧૩ મી કીતાબ રૂ૨)

૧૨ અહવાલુન્નીસા ખાસ ઓરતોના અહવાલમાં કીસ્સા હીકાયતો સારી નરસી ઓરતોના અહવાલ, ઓરત મરદના અરસપરસ હક, બચ્ચું હમલમાં રહે ત્યાંથી તે મોટી ઉમરનું થાય ત્યાં સુધીની તરબીયત પરવરીશનું બયાન. મસાએલ વી૦ ની પોસ્ટેજ સુધાં રૂ ૧ા~ આફ્રીકા વી૦નો રૂ ૧ાા

૧૩ દુર્રેઅહુ પંજેતને પાક નવ ઇમામ ગણી ૧૪ માઅસુમ અ૦ ના મોઅજીઝા ફઝાએલ વીલાદત શહાદત વી૦ ના અહવાલની પોસ્ટેજ સુધાં રૂ ૧ા~ આફ્રીકા વી૦ રૂ ૧ાા

૧૪ મખઝનુલ મસાએલ જેમાં ખુદાની વહદાનીયત સાબેતી અદાલત, ઇમામત, નબુવ્વત, ઇલમ, વઝુ, ગુસલ નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમસ, તથા મઇયતને લગતી કફન, દફન, ગુસલ નમાઝ વી૦ વી૦ ની બાબતો ઉંચા કાગળ વાળીનો રૂ ૧) હલકા કાગળ વાળીનો રૂ૦ાા કાચા પુઠા વાળીરૂ૦ાા=પોસ્ટેજ ૦)~ આફ્રીકાના રૂ૧

૧૫ મહરેમુનાર ૬૦ રસુલે ખુદાસ૦ ના ૭૫ મોઅજીઝા પોસ્ટેજ સુધાં ૦ા–ાા આફ્રીકા ૦ા=

૧૬ વઝાઈફ જેની અંદર જાત જાતની બીમારી, બલા, ઝાલીમોના ઝુલમ દુર થવા, માલ દોલત મળવા કરજ અદા થવા, હાજતો પુરી થવાની દોઆ નમાઝ અમલ ખુદાના ૯૯ ઇસમની ખાસીયત વીરદ અને કેટલીક આયતો અને સુરા પોસ્ટેજસુધાં ૦ા–ાા આફ્રીકાનો રૂ૦ા=

૧૭ અહકામુલ મવારીસ વારસા વીશે રૂ૦ા પો. ~ાા આ. ૦)~

૧૮ ઊમદા મોઅજીઝો–મરસીયાના ગુજરાતીમાં તરજુમા સાથે એક મોમીના છોકરીને જનાબે ફાતેમાએ ઝીનાના તોહમતમાંથી બચાવવી. કીંમત ૦)~ ગમે તેટલા લીઓ પોસ્ટેજ ૦)ા

૧૯ ઝાદુલઆખેરત ૧૦ મજલીસની રૂ૦ાા~ આફ્રીકાના રૂ ૦ાાા

૨૦ બહરેગમ ૧૦ મરસીયા પોસ્ટેજ સાથે રૂ૦ાાા આફ્રીકા રૂ૦ા–

૨૧ નહરેગમ ૭૫ નવહા ૧૦ સલામ પાંચ મુનાજાત દોરૂદ વી૦ વી૦ રૂ ૦ાાા આફ્રીકાનો રૂ ૦ા–

૨૨ રવનકે માતમ ૩૬ નવહાની ૦)~

૨૩ સો હીકાયત રસીક અને નસીહત ભરેલી કી૦)~ાા આફ્રીકારૂ૦ા

૨૪ રૂબાઇયાત ૨૦૦ ૦)~ પો.૦)ાા

૨૫ માબાપના હકની કીતાબ રૂ૦ા આફ્રીકા રૂ૦ાા

૨૬ બીલોહર અને યુઝાસુફનો રસીક કીસ્સો રૂ૦ા આફ્રીકાનો રૂ૦ાાા

૨૭ સોબુતે શહાદત મીરઝા હૈરત ઇમામે હુસયન અ૦ની શહા-
શહાદતનો ઇનકાર કરે છે, તેના રદમાં રૂ૦। પોસ્ટેજ ૦)॥ આફ્રીકા ૦)–
૨૮ તઅીમઅનસારીનો સ્હીક કીસ્સો રૂ૦।
૨૯ તવરેતના ૪૦ સુરાનો તરજુમો ૦)≡ પોસ્ટેજ ૦)॥
૩૦ નુરૂલઐાયુન યાસીન, તબારક, વી૦ સાત સુરા અરબી તથા
ગુજરાતી હરફોમાં, શબ્દી તરજુમા સાથે કીંમત રૂ૦।– આફ્રીકાના ૦।=
૩૧ મેઅરાજનામા મેઅરાજનો અહવાલ ૦)≡
૩૨ નેઅમત ગોશ્ત ખાવા શીકાર કરવા હલાલ કરવા વી૦ની ૦)=
૩૩ તઅવીઝે અઅઝમ બલા અને આફતોથી બચવાનું તાવીઝ,
જેમાં સાત સુરા મક્કા વી૦ના નકશા છે. ૦)–॥ ગમે તેટલાં લીયે પો. ૦)॥
૩૪ ચઉદમાઅસુમ અ૦ના નામનું ઝાડ ૦)॥ ગમે તેટલાં લ્યો પો ૦)॥
૩૫ હ૦ અલી અ૦ નુ બાજુબંધ ૦)॥ અને ૦)– ના ૩ પો. ૦)॥
૩૬ ખયબરની લડાઇ ૦)– પોસ્ટેજ ગમે તેટલી લીયો ૦)॥
૩૭ ઇસ્લામી તારીખ્યું તારીખો સાથે ખુદાના ઇસમ પણ જેવા
થાય રાખે ત્યાંથી શેતાન ભાગે અને બરકત થાય કીંમત રૂ૦।
૩૮ મરકી દુર થવાની મુનાજાત કીંમત એક પૈસો પો. ૦)॥
૩૯ શાદીનામા (લગન) મોટા હરફમાં લાલ રૂશનાઇથી છાપેલા
ઉંચા ફારમ. ૦)= પો. ૦)॥
૪૦ જંગે બીરૂલ અલમ ૦)–॥ આફ્રીકાના ૦)≡
૪૧ તાલીમુન્નીસા ભાગ ૧–૨ જો કીં. રૂ૦।॥ આફ્રીકા ૦।–
૪૨ તાલીમુન્નીસા ભાગ ૩-૪ થો ૦।॥ આફ્રીકા ૦।–
૪૩ એ મરસીયાની બયાઝ ૦)– પો. ૦)॥
૪૪ નુરેહીદાયત કલમો કલમાના માઇના નમાઝ વઝુ ગુસલ વી૦ની
મફત પો ૦)॥

૪૫ હદીકએ શીઆહ એમાં શીઆહ મઝહબ હ૦ આદમઅ૦
થીજ છે તેની સાબેતી, અને અહલેબૈતના બહુજ ઊમદા ફઝાએલ
અને બની ઊમય્યહ તથા બની અબ્બાસીયોમાંના ખલીફાઓ વી૦નો
ટુંક અહવાલ. કીંમત પોસ્ટેજ સુધાં રૂ૧। આફ્રીકાનો રૂ૧।=

૪૬ તોહફતુ ઝ્ઝાએરીન ઇમામે હુસેન અ૦ તથા ઇમામે
રેઝા અ૦ તથા ખુરાસાન મક્કા મદીનાની ઝીયારતની ફઝી-
લતની ઊમદા ઊમદા હદીસો કરબલાના રસ્તાનું મુસાફરીના સામાન
તોર, કરનટીન, ચલણ વી૦ નું બયાન, મક્કા, મદીના, નજફ કરબલા,
કાઝમૈન, સામરા, ખુરાસાન વી૦માંના રોઝા મુબારકના નકશા, ઝીયારત
વી૦ વી૦ કીમત ૦।॥= પોસ્ટેજ ૦)– આફ્રીકા રૂ૦।

☞ પાછલાં સર્વે લીસ્ટ રદ છે. સન ૧૩૨૪ હી૦

લ૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ.

અમદાવાદ—પાચપત્તી.